ન્યાયાલોક

: પ્રકાશક :
દિવ્ય દર્શન ટ્રસ્ટ
ધોળકા

મહોપાધ્યાય
શ્રી યશોવિજયજી ગણિવર

૪૦૨૬

ન્યાયવિશારદ-ન્યાયાચાર્ય-મહામહોપાધ્યાયશ્રી યશોવિજય ગણિવર વિરચિત
ભાનુમતી (સંસ્કૃત ટીકા)-પ્રીતિદાયિની (ગુર્જર) વ્યાખ્યા યુકત

ન્યાયાલોક

દિવ્યાશિષ

વર્ધમાનતપોનિધિ ન્યાયવિશારદ સંઘહિતચિંતક ગચ્છાધિપતિ આચાર્યદેવેશ સ્વર્ગસ્થ
શ્રીમદ્ વિજય ભુવન ભાનુ સૂરીશ્વરજી મહારાજ

પ્રેરક-પ્રોત્સાહક

સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય
જયઘોષ સૂરીશ્વરજી મહારાજ

ભાનુમતી (સંસ્કૃત) ટીકાકાર - પ્રીતિદાયિની (ગુર્જર) વ્યાખ્યાકાર - સંપાદક

પદ્મમણિતીર્થોદ્ધારક મુનિરાજ શ્રીવિશ્વકલ્યાણવિજયજી મહારાજના શિષ્ય
મુનિ યશોવિજય

:- પ્રકાશક :-
દિવ્ય દર્શન ટ્રસ્ટ
૩૬, કલિકુંડ સોસાયટી,
ધોળકા. જિ. અમદાવાદ.
પીન - ૩૮૭૮૧૦ ફોન - ૨૨૨૬૬.

- પ્રાપ્તિસ્થાન :-
૧, પ્રકાશક
૨, ભરતકુમાર ચતુરદાસ શાહ
કાલુશીપોલ, કાળુપુર,
અમદાવાદ-૧.

હે ભુવનભાનુ સૂરિરાયા..
વંદન હો તુજ પાયા..

શ્રી ધનંજયભાઈ જૈન રચિત ગુરુગુણ ગીત.

(રાગ : હે ત્રિશલાના જાયા.)

પ્રેમસૂરિના જાયા, ભુવનભાનુ સૂરિરાયા..

વર્ધમાન - તપ તપીને જેણે, નિર્મળ કીધી કાયા..
હે ભુવનભાનુ સૂરિરાયા ! વંદન હો તુજ પાયા.. ૧.
સૂરિ પ્રેમનું ગૌરવવંતુ શિષ્યપણું જે પામ્યા..
એ ગુરુચરણકમળસેવનમાં, મસ્તાના બની જામ્યા.
પ્રેમસૂરીશ્વર ગુરુવર કેરી કૃપા અનેરી પાયા..
હે ભુવનભાનુ સૂરિરાયા! વંદન હો તુજ પાયા.. ૨.
જ્ઞાન ધ્યાન ને ત્યાગ - વિરાગે, આપ સૂરિવર ! મોટા;
એક જ નાદ ગજાવ્યો તેં તો વિષય - કષાય છે ખોટા...
અજ્ઞાને અથડતા અમને શિવપુરપંથ બતાયા..
હે ભુવનભાનુ સૂરિરાયા ! વંદન હો તુજ પાયા..૩.
શાસ્ત્રબોધને પરિવહંતી અમીરસ ઝરતી વાણી;
એ વાણી સુણાવી તાર્યા કેઈ ભવિજન પ્રાણી..
અંગે અંગે આવી વસજો, તુજ સમ તપની માયા.
હે ભુવનભાનુ સૂરિરાયા ! વંદન હો તુજ પાયા..૪.
તપ સંયમ ને જ્ઞાનયોગનો સંગમ તુજમાં લાધ્યો..
ક્રિયા મહીં અપ્રમાદ ગ્રહીને, શિવપુર મારગ સાધ્યો,
ઘોર તપસ્યા તેં આરાધી તોડી કાયા- માયા..
હે ભુવનભાનુ સૂરિરાયા! વંદન હો તુજ પાયા..૫.
શત - દ્વય ઉપર પચાસ જેના,શિષ્ય પ્રશિષ્યો સોહે,
ત્યાગ - તપે નિરત મુનિગણને નિરખી જન - મન મોહે..
સંઘ સકળમાં આપ પ્રભાવે જિન - ઉત્સવ મંડાયા..
હે ભુવનભાનુ સૂરિરાયા! વંદન હો તુજ પાયા..૬.
દિવસભરે સૂરિ! આપ કરંતા ભવિજન બહુ ઉપકારા...
અંધારી - રાતે તુજ કલમે, અવિરત ચિંતન ધારા..
'દિવ્યદર્શને' સમ્યગ્દર્શન અમૃતના ઘુંટ પાયા..
હે ભુવનભાનુ સૂરિરાયા! વંદન હો તુજ પાયા..૭.
તુમ દરિશણથી ઝાંખી થાવે, પૂર્વ ઋષિઓ કેવા?
અણગાર મહા એ વક્રાણુની યાદ આપે સૂરિદેવા.
કલિકાલે પણ જે સૂરિરાયા કલ્પતરુની છાયા
હે ભુવનભાનુ સૂરિરાયા! વંદન હો તુજ પાયા..૮.
કોટિ કોટિ વંદન મારા, પ્રેમ થકી દિલ ધરજો;
ભવસાગરમાં ડૂબતી નૈયા હે સૂરિવર ! ઉદ્ધરજો.
ભક્તજનોને ભવ ભવ મળજો મનહરણી તુજ માયા..
હે ભુવનભાનુ સૂરિરાયા ! વંદન હો તુજ પાયા..૯.
બે હજાર ને ઓગણપચાસે, ચૈત્ર વદિ તેરસમાં
રાજનગરમાં સ્વર્ગે સીધાવ્યા, પરમ સમાધિ રસમાં
અશ્રુ છલકતી આંખે આજે, ચરણે શીશ ઝુકાયા..
હે ભુવનભાનુ સૂરિરાયા! વંદન હો તુજ પાયા..૧૦
પ્રેમ ધરીને પ્રણમે આજે, સંઘ સકળ તુજ પાયે.
ગુણ તમારા ગ્રહવા કાજે, 'પ્રેમકેતુ' ગુણ ગાયે..
યુગ યુગ સુધી અમ અંતરમાં, જીવો હે ગુરુરાયા !
હે ભુવનભાનુ સૂરિરાયા! વંદન હો તુજ પાયા..૧૧.

સ્વ. તારક પ્રગુરુદેવ શ્રીમદ્‌વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજને
સાદર - સવિનય - સબહુમાન
શ્રદ્ધાંજલિ

ભવદીયં ભવદ્‌ભ્યઃ સમર્પયામિ

આપનો શિશુ યશોવિજય

પ્રથમ આવૃત્તિ - ૬૦૦ નકલ • સર્વાધિકાર શ્રમણપ્રધાન શ્રીશ્વેતાંબરમૂર્તિપૂજક જૈન સંઘને સ્વાધીન મૂલ્ય • રૂા. ૧૭૦ - ૦૦

ટાઈપ સેટીંગ : **પાર્શ્વ કોમ્પ્યુટર્સ**, ચોથો માળ, સ્વાગત કોમ્પલેક્ષ, મહેતા ચવાણા માર્ટની બાજુમાં, પુષ્પકુંજ, માર્ગીનગર, અમદાવાદ-૮. ફોન નં. (ઓ.) ૩૨૫૯૮૬. (ઘ.) ૩૬૬૩૨૯.

નોંધ :- દાર્શનિક અધ્યયનપ્રિય જૈન સાધુ-સાધ્વીજી ભગવંતને આ ગ્રન્થ ભેટ મળી શકશે.

જિનશાસનની શાન મહાન વિભૂતિ

·જૈનજ્યોતિર્ધર

: જન્મ :
ચૈત્ર વદ - ૬
વિ.સં. ૧૯૬૭
તા. ૧૯-૪-૧૯૧૧
અમદાવાદ.

: દીક્ષા :
પોષ સુદ -૧૨
વિ.સં. ૧૯૯૧
તા. ૧૬-૧-૧૯૩૫
થાણાસ્મા

: ગણીપદ :
ફાગણ સુદ-૧૧
વિ.સં. ૨૦૧૨
પુના

: પંન્યાસપદ :
વૈશાખ સુદ - ૬
વિ.સં. ૨૦૧૫
સુરેન્દ્રનગર

: આચાર્યપદ :
માગસર સુદ -૨
વિ.સં. ૨૦૨૯
તા. ૭-૧૨-૧૯૭૨
અમદાવાદ.

: ૧૦૦ ઓળી પૂર્ણાહુતિ :
આસો સુદ - ૧૫
વિ.સં. ૨૦૨૬
કલકત્તા

: ૧૦૮ ઓળી સમાપન :
વિ.સં. ૨૦૩૫
લાલબાગ-મુંબઈ

: દીક્ષાપર્યાય :
૫૮ વર્ષ

: ઉંમર :
૮૩ વર્ષ

: સ્વર્ગવાસ :
ચૈત્રવદ - ૧૩
વિ.સં. ૨૦૪૯
તા. ૧૯-૪-૧૯૯૩
અમદાવાદ.

પ.પૂ. વર્ધમાનતપોનિધિ સકલસંઘહિતચિંતક ન્યાયવિશારદ ગચ્છાધિપતિ
સ્વ. તારક પ્રગુરુદેવ શ્રીમદ્ વિજય ભુવન ભાનુ સૂરીશ્વરજી મહારાજાને
સાદર - સવિનય - સબહુમાન
શ્રદ્ધાંજલિ
भवदीयं भवदभ्यः समर्पयामि

આપનો શિશુ
યશો વિજય.

પ્રકાશકીય વક્તવ્ય

પરમપૂજ્ય ન્યાયવિશારદ વર્ધમાનતપોનિધિ સંઘહિતચિંતક ગચ્છાધિપતિ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબની પાવન પ્રેરણાથી પ્રારંભાયેલ તથા તેઓશ્રીના જ દિવ્ય આશિષથી હાલ પાગ શાસ્ત્રીય પ્રકાશનો કરી રહેલ અમારી સંસ્થા દ્વારા આજે પરમ ઉપકારી પૂજ્યપાદ આરાધ્ય ગુરુદેવશ્રીના ભાનુવિજયજી એવા મુનિપાગાના નામથી ગર્ભિત એવી ભાનુમતી (સંસ્કૃત ટીકા) તથા પ્રીતિદાયિની (ગુજરાતી વ્યાખ્યા) થી સુશોભિત પ્રસ્તુત ન્યાયાલોક પુસ્તક પુષ્પનું વિજ્ઞ વાંચકવર્ગ સમક્ષ પ્રકાશન થતાં અમે અપૂર્વ આનંદની અનુભૂતિ કરી રહ્યા છીએ. તેમ જ આંશિક ઋણમુક્તિનો અનુભવ કરી રહ્યા છીએ.

મહામહોપાધ્યાય ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજય મહારાજાએ રચેલ મૂળ ગ્રંથ (ન્યાયાલોક) અનેક ઉપયોગી વાદસ્થલોથી અલંકૃત હોવા છતાં ચિરકાળથી અધ્યયન - અધ્યાપનના ક્ષેત્રથી લગભગ વિખુટો પડી ગયો હોવાનું એક કારણ છે નવ્યન્યાયની ગૂઢ - પારિભાષિક પદાવલીનો શ્રીમદ્‌જીએ કરેલો પ્રત્યેક પંક્તિમાં ભરપૂર ઉપયોગ. આથી જ અમૂલ્યનિધાનતુલ્ય પ્રસ્તુત પ્રકરણના અવલોકનાદિમાં ન્યાયાદિ દર્શનના પ્રારંભિક અભ્યાસુ કંઈક ખચકાટનો અનુભવ કરતા હતાં. પાઠકવર્ગના આ ખચકાટને દૂર કરવા તેમ જ પ્રસ્તુત ગ્રંથરત્નને વ્યાપક રીતે અધ્યયન - અધ્યાપનના ક્ષેત્રમાં લાવવા માટે પ્રસ્તુત મૂળ ગ્રંથની એવી વ્યાખ્યાની ખૂબ આવશ્યકતા હતી કે જેમાં મૂલકારશ્રીના આશયને બાધ ન આવે તથા વાચકવર્ગની બુદ્ધિમાં સરળતાથી જચી જાય તે રીતે નવ્યન્યાયના પારિભાષિક પદોની દૃષ્ટાંત સાથે છણાવટ કરવામાં આવી હોય અને એ વ્યાખ્યાના માધ્યમથી પરિકર્મિત થયેલ બુદ્ધિ દ્વારા શ્રીમદ્‌જીના અન્ય ગ્રંથોને વાચક વર્ગ સ્વયં વાંચી શકવા સમર્થ બને. આ આવશ્યકતાની પરિપૂર્તિ માટે વિદ્વાન મુનિશ્રી યશોવિજયજી મહારાજે ભાનુમતી નામની સંસ્કૃત ટીકા તેમ જ પ્રીતિદાયિની નામની ગુજરાતી વિશદ વ્યાખ્યા બનાવવાનો પ્રશંસનીય પ્રયત્ન કરેલ છે. તેમના પ્રયત્નની આવશ્યકતા, આવકાર્યતા, અનુમોદનીયતાનો ખ્યાલ અભ્યાસુ વાચકવૃંદને બન્ને વ્યાખ્યાઓના અવલોકનથી અનિવાર્ય રીતે મળી જશે. આવા ઉપયોગી મહત્ત્વપૂર્ણ કઠિન દાર્શનિક ગ્રંથની સંસ્કૃત અને ગુજરાતી વ્યાખ્યા પ્રસ્તુત કરવા બદલ તેમ જ તેના પ્રકાશનનો અમૂલ્ય લાભ અમારી સંસ્થાને આપવા બદલ મુનિશ્રીનો અમે અભાર માનીએ છ એ. તેમ જ આશા રાખીએ છીએ કે તેઓ આ રીતે કઠિન ગ્રંથોની વ્યાખ્યા - વિવેચન કરવા દ્વારા મહોપાધ્યાયજી મહારાજના સાહિત્યને સમૃદ્ધ અને સ્પષ્ટ કરી પ્રાથમિક દાર્શનિક અભ્યાસુ વાચકવર્ગના પઠનયોગ્ય બનાવે તથા તે શાસ્ત્રીય ગ્રંથોના પ્રકાશનનો લાભ અમારી સંસ્થાને આપવા ઉદારતા દાખવે. શ્રી હરિભદ્રસૂરિજીકૃત ષોડશકગ્રંથની મહોપાધ્યાય યશોવિજયગણિવરશ્રીરચિત યોગદીપિકા ટીકા ઉપર મુનિશ્રી યશોવિજયજી રચિત કલ્યાણકંદલી (સંસ્કૃત) ટીકા અને રતિદાયિની (ગુજરાતી) વ્યાખ્યા સહિત ષોડશક ગ્રંથનું પ્રકાશન ટુંક સમયમાં કરવા અમારી ધારણા છે.

પ્રસ્તુત મહત્ત્વપૂર્ણ ગ્રંથ તેમ જ તેની બન્ને વ્યાખ્યાઓના મુદ્રણ આદિ કાર્યમાં કોઈ ક્ષતિ ન રહી જાય તે માટે વ્યાખ્યાકાર મુનિશ્રીએ પ્રુફરિડિંગ વગેરેમાં પૂરતો પ્રયાસ કરેલ છે. છતાં મુદ્રણાદિમાં છદ્મસ્થતામૂલક કોઈ ત્રુટિ દૃષ્ટિગોચર થાય તો તેનું પરિમાર્જન કરવા અપેક્ષિતવર્ગને અમારી પ્રેમપૂર્ણ પ્રાર્થના છે. ગ્રંથના કમ્પોઝ, મુદ્રણ આદિ કાર્યને સર્વાંગ સુંદર બનાવવા પાર્શ્વ કોમ્યુટર્સવાળા અજયભાઈ, વિમલભાઈ તથા સંજયભાઈએ નિષ્ઠાથી પરિશ્રમ કરેલ છે. તે બદલ તેઓ પાગ અવશ્ય ધન્યવાદને પાત્ર છે.

પ્રાન્તે, અધિકારી જિજ્ઞાસુ મુમુક્ષુ વાચકવૃંદ આ ગ્રંથરત્નનું સમ્યક્ અધ્યયન કરીને કદાગ્રહવિષમુક્ત બની મુક્તિપંથે પ્રગતિપૂર્વક પ્રયાણ કરે એજ એક મંગલકામના.

લિ. **દિવ્યદર્શન ટ્રસ્ટના ટ્રસ્ટી**
કુમારપાળ વિ.શાહ
ભરતભાઈ સિ.શાહ
મયંકભાઈ વગેરે.

સ્વ. ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત વિજય **મેરુપ્રભસૂરીશ્વરજી** મ.સા.ના મંગળ આશીર્વાદથી તેમજ પૂજ્યપાદ આચાર્ય ભગવંત વિજય **દેવસૂરીશ્વરજી** મ.સા. તેમજ પૂ. આચાર્ય ભગવંત વિજય **હેમચંદ્રસૂરીશ્વરજી** મ.સા.ના સદુપદેશથી

-: સંપૂર્ણ સૌજન્ય :-

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી

શ્રી વિજયામૃતસૂરીશ્વરજી જ્ઞાનમંદિર, દોલતનગર, બોરિવલી (ઈસ્ટ) મુંબઈ - ૪૦૦૦૬૬.

ટીકાકારના હૃદયોદ્‌ગાર

'વર્ષોથી લાખો લોકોને બાઈબલનો ઉપદેશ આપનાર પાદરીના હૈયામાં બાઈબલના વચનો વાસ્તવમાં વસ્યા છે કે નહીં ?' તેની પરીક્ષા કરવા યુવકે સામેથી આવી રહેલ પાદરીના ગાલે સટાક કરતો એક તમાચો માર્યો; જેનો પ્રતિકાર કરવાના બદલે પાદરીએ પોતાનો બીજો ગાલ નાસ્તિક યુવાન સામે ધરી દીધો. પેલા યુવાને ફરી બમણા બળથી એક થપ્પડ પાદરીના બીજા ગાલ પર મારી, જેના વળતા જવાબમાં પાદરીએ જડબાતોડ મુક્કો એવા જોરથી પેલા નટખટી યુવાનના મોઢા પર લગાવ્યો કે તે જમાનાવાદી યુવાનની બત્રીશી પડી ગઈ. યુવાને પાદરીને પ્રશ્ન કર્યો —> 'કોઈ તમારા એક ગાલ પર તમાચો મારે તો તમે તમારો બીજો ગાલ તેને ધરજો' આવા ઈશુખ્રીસ્તના ઉપદેશને તમે શું ભૂલી ગયા ? શું તમે બાઈબલને બેવફા બન્યા ?

પ્રત્યુત્તરરૂપે પાદરી પ્રકાશ્યા —> પાગ, કોઈ બીજા ગાલ ઉપર તમાચો મારે તો શું કરવું ? એનો કોઈ ખુલાસો બાઈબલમાં નથી કરેલ. માટે હું બાઈબલને સંપૂર્ણતયા વફાદાર જ રહ્યો છું !!! પેલો યુવાન આભો બની ગયો. અવાચક થઈ ગયો.

ઉપરોક્ત રમુજી પ્રસંગમાંથી એટલો બોધપાઠ તો અવશ્ય લેવા જેવો છે કે શાસ્ત્રના માત્ર શબ્દાર્થને હઠાગ્રહથી વળગી રહેનાર ક્યારેક પાદરીની જેમ શાસ્ત્રની એકાંતે આશાતના કરવાનું ઘોર પાપ કરી બેસે છે. ભવભીરુ મુમુક્ષુ આવી ગોઝારી અને ગંભીર ભૂલ કરી ન બેસે તે માટે સૂરિપુરંદર **શ્રીહરિભદ્રસૂરિજી મહારાજાએ ઉપદેશપદ** શાસ્ત્રમાં પદાર્થ-વાક્યાર્થ-મહાવાક્યાર્થ-ઐદંપર્યાર્થના ક્રમે શાસ્ત્રની વ્યાખ્યા કરવાની બહુ જ સુંદર અને સચોટ પદ્ધતિ બતાવેલી છે. બુદ્ધિના આઠ ગુણોમાં પાગ ઉહાપોહનો નિર્દેશ **યોગદૃષ્ટિસમુચ્ચય** વગેરે ગ્રંથોમાં મળે છે. શ્રદ્ધાને કેન્દ્રસ્થાનમાં રાખીને શાસ્ત્રીય પદાર્થવિષયક જિજ્ઞાસા અને પૂર્વોત્તરગ્રંથાનુસંધાનપૂર્વક અનેક શાસ્ત્રોને ધ્યાનમાં રાખીને તેના અકાટ્ય - ત્રિકાલઅબાધિત સમાધાનની ગુરુગમથી પ્રાપ્તિ-આ પ્રક્રિયાને ચાલના-પ્રત્યવસ્થાન એવી પારિભાષિક પદાવલી દ્વારા **અનુયોગદ્વારસૂત્રની** ટીકામાં વર્ણવેલી છે. ગાયને ગોવાળ વ્યવસ્થિત રીતે દોહે તો જ ગાય પૂરતું દૂધ આપે તેમ શાસ્ત્ર ભાગતાં શિષ્ય જેટલા વ્યસ્થિત રીતે વધુ પ્રશ્નો કરે તેટલું ગુરુ પાસેથી વધુ જ્ઞાન મેળવી શકે. એટલું જ નહિ, ક્યારેક તો શાસ્ત્ર ભાગતાં ભાગતાં ગુરુને જીતી લેવાની ઈચ્છાથી પાગ શિષ્ય વક્ર પ્રશ્નોની એવી ઝડી ગુરુ ઉપર વરસાવે કે શાસ્ત્ર ભાગતાં-ભાગાવતાં ગુરુ-શિષ્ય વચ્ચે હરિફાઈનું વાતાવરાગ સર્જાય - એવું પાગ સંભવી શકે - એમ [1]**અષ્ટસહસ્રીતાત્પર્યવિવરાગમાં** મહોપાધ્યાયજીએ સ્પષ્ટ રીતે બતાવેલ છે. તે પાગ મનનીય છે. તેથી ભાગાવનારે પૂછાતા પ્રશ્નોથી અકળાઈ જવાની જરૂર નથી, તેમજ ભાગનારે પ્રશ્ન પૂછવામાં સંકોચ રાખવાની જરૂર નથી. આ પદ્ધતિથી પઠન-પાઠન વર્તમાનમાં તો અતિઆવશ્યક જણાય છે. સૂરિવર **શ્રીસિદ્ધસેનદિવાકરજીએ** તો [2]**સંમતિતર્ક** ગ્રંથમાં ત્યાં સુધી વાત કહેલ છે કે સ્વ-પરદર્શનના શાસ્ત્રોનો યથાર્થ બોધ થયા વિના સમ્યગ્‌દર્શન પાગ સંભવી શકતું નથી, સમ્યક્ ચારિત્રની તો ક્યાં વાત કરવી ?[3] વ્યવહારથી ચારિત્ર પાળવા છતાં નિશ્ચયથી ચારિત્રના શુદ્ધ ફળને તેઓ અનુભવી શકતા નથી. શાસ્ત્રોના તાત્ત્વિક રહસ્યાર્થને યથાર્થ રીતે પરિણમાવ્યા વગર મળેલ ઉપલક શાસ્ત્રબોધ, પદવી, શિષ્યપરિવાર, પ્રસિદ્ધિ વગેરે સ્વપરના તારક નહિ પાગ મારક બની જાય છે અને પોતે જિનશાસનનો વૈરી બની જાય છે.- એવો ઉલ્લેખ[4] **ઉપદેશમાલા, સંમતિતર્ક,** ૧૨૧ ગાથાનું સ્તવન વગેરે અનેક સ્થાને મળે છે. મહર્ષિ **પતંજલિ** ઉત્તમ તત્ત્વને પામવા આગમ, અનુમાન અને યોગાભ્યાસ દ્વારા પ્રજ્ઞાને પરિશુદ્ધ કરવાની વાત જણાવે છે[5]. કેવલ શ્રદ્ધા અંધ છે તો કેવલ તર્ક પાંગળો (પંગુ) છે. તે બન્નેનું યથોચિત મિલન થાય તો જ તાત્ત્વિક ધર્મનગરપ્રાપ્તિ શક્ય બને. આ રીતે અનેક શાસ્ત્રસંદર્ભ દ્વારા એટલું તો નિશ્ચિત થાય છે કે શાસ્ત્રકાર મહર્ષિઓના આશયને સમજવા, શાસ્ત્રના તાત્પર્યાર્થ-રહસ્યાર્થ-ગૂઢાર્થ-ઐદંપર્યાર્થને સમ્યક્ રીતે ઓળખવા, નૈશ્ચયિક સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ-શુદ્ધિ-વૃદ્ધિઅર્થે, શાસ્ત્ર અને શાસ્ત્રકારોની આશાતનાથી બચવા શાસ્ત્રીય તત્ત્વવિષયક મર્મવેધી જિજ્ઞાસા-પ્રશ્ન વગેરે મનમાં ઉદ્‌ભવવા એ અનિવાર્ય રીતે ઈચ્છનીય છે. તો જ તારક તીર્થંકર-ગાગધર ભગવંતોને સંમત રહસ્યાર્થની ઉપલબ્ધિ શક્ય છે. માટે —> શાસ્ત્રીય વાતોમાં **'નનુ નચ'** ના કરાય, પ્રશ્ન-દલિલ ન થઈ શકે, 'બાબાવાક્યં પ્રમાગં' <— આવી ભ્રમાગાઓથી વેગળા રહેવાની જરૂર છે. સત્યનિષ્ઠતા અને સત્યાગ્રહ બન્ને વચ્ચે રાજા ભોજ અને ગાંગુતૈલી જેટલું અંતર છે. શાસ્ત્રના શબ્દાર્થ માત્રને વળગી રહેવું તે જડતા છે, જેને સુધારેલી

---

૧. चालनारूपव्याख्यानभेदे तत्र शिष्याणां विजिगीषुतापा अपि सम्भवात् । यथा यथा वामं वामेन वर्तें तथा तथा सूत्रमर्थं तदुभयं वा लभे इत्यादेः केशि-प्रदेशिसम्बन्धे प्रसिद्धत्वात् । अष्टसहस्रीतात्पर्यविवरण - पृ. १२७. श्लो. ७।

૨. नियमेण सद्दहंतो छक्काए भावओ न सद्दहइ । हंदी अपज्जवेसु वि सद्दहणा होइ अविभत्ता ॥ सं.त.३/३८ ।

૩. चरण-करणप्पहाणा ससमयपरसमयमुक्कवावारा । चरण-करणस्स सारं णिच्छयसुद्धं न याणंति ॥ सं. त. ३/६७ ।

૪. जह जह बहुस्सुओ संमओ य, सिस्सगणसंपरिवुडो य । अविणिच्छिओ य समए तह तह सिद्धंतपडिणीओ ॥ उप.माला-३२३/सं.त.३/६६

૫. आगमेनानुमानेन योगाभ्यासरसेन च । त्रिधा प्रकल्पयन् प्रज्ञां लभते तत्त्वमुत्तमम् ॥

ભાષામાં સત્યાગ્રહ કહેવાય. જ્યારે યુક્તિ અને શાસ્ત્રના સાપેક્ષ સમ્યક્ સમન્વય દ્વારા નિશ્ચિત થયેલ ગૂઢાર્થને પામવો -પકડવો તે સત્યનિષ્ઠતા છે. [1]શાસ્ત્ર અને યુક્તિના અપેક્ષિત યથાર્થ જોડાણ દ્વારા જ સંપૂર્ણ અર્થબોધ થઈ શકે છે. શાસ્ત્રના માત્ર શબ્દાર્થનું જ્ઞાન ક્યારેય તાત્ત્વિક ઐદંપર્યાર્થને જગાડવી ન શકે. માટે તો શ્રીહરિભદ્રસૂરિમહારાજે **योगबिंदु** ગ્રન્થમાં —> **हस्तस्पर्शसमं शास्त्रं** <— (૩૧૬) એવું જગાડવેલ છે. ટૂંકમાં, શંકા-કુશંકારૂપી ઝેરથી બુદ્ધિને દૂષિત થતી અટકાવવા માટે તેને શાસ્ત્રીય શ્રદ્ધાનું કવચ પહેરાવવાની જેટલી આવશ્યકતા છે તેટલી જ આવશ્યકતા બુદ્ધિને પ્રશ્ન-દલિલ-જિજ્ઞાસા-ઉહાપોહથી પરિકર્મિત કરવાની છે. પ્રથમના અભાવમાં જેમ મોક્ષમાર્ગભ્રષ્ટતા દૂષણ છે. તેમ દ્વિતીયના અભાવમાં મોક્ષમાર્ગપ્રગતિશૂન્યતા, (વાસ્તવમાં) મોક્ષમાર્ગપ્રાપ્તિરહિતતા દૂષણ છે. શ્રદ્ધાની જેમ જિજ્ઞાસા-ઉહાપોહ-યુક્તિ-તર્કનું પણ સ્વસ્થાનમાં મહત્ત્વ હોવાના લીધે જ ચરણકરણાનુયોગ વગેરેથી દ્રવ્યાનુયોગને સ્વતંત્ર પાડેલ છે. અને દૃષ્ટિવાદમાં પણ દ્રવ્યાનુયોગપ્રધાન હોવાના લીધે ૧૪ પૂર્વોનો અલગ વિભાગ શ્રી ગણધર ભગવંતોએ રાખેલ છે. યુક્તિ-તર્ક-ઉહાપોહથી બુદ્ધિને પરિકર્મિત કરવાની કેટલી આવશ્યકતા છે ? તેનો વિજ્ઞ વાચકવર્ગને સ્પષ્ટ રીતે ખ્યાલ આવી ગયો હશે. તે માટે ન્યાયશાસ્ત્રનો-ન્યાયદર્શનનો અભ્યાસ પણ તેટલો જ જરૂરી છે. વર્તમાનકાલમાં જિનશાસન પર થઈ રહેલ કાઉન્ટનથિયરી, ગુરુત્વાકર્ષણવિષયક ન્યુટનથિયરી, સાપેક્ષવાદ(કે જેને સ્યાદ્વાદની સાથે કોઈ નિસ્બત નથી)વિષયક આઈનસ્ટાઈનથિયરી, ચંદ્રલોકગમન વગેરે આધુનિક વિજ્ઞાનવાદના બાહ્ય આક્રમણોના સચોટ નિરસન માટે; તેમજ વિપશ્યના, નિશ્ચયાભાસવાદ, આગુવ્રત, પ્રેક્ષાધ્યાન વગેરે આંતરિક હુમલાઓથી જિનશાસનની લાજ રાખવા માટે તથા હિરિયન્ના, પરમેનાઈડિઝ, રેલ્મહોલ્ટસ, હેરેક્લાઈટ્સ, કાન્ટ, ડેમોક્રિટ્સ, લોસેન, વેબર, સ્પિનોઝા, શોપનહાર, હિગેલ, આભારોઈસ, ઓગસ્ટિન વગેરે પશ્ચિમી પરદેશી વિદ્વાનો દ્વારા થઈ રહેલ સ્યાદ્વાદના ખંડનનું ખંડન કરવા માટે પણ ન્યાયનું અધ્યયન-અધ્યાપન અતિ આવશ્યક છે. કમ સે કમ પેલા પાદરીની જેમ શાસ્ત્ર જોડે અન્યાય થઈ ન જાય તે માટે પણ ન્યાયનું પરિશીલન મહત્ત્વપૂર્ણ છે. આનો ગંભીરવિચાર થવો જરૂરી છે. [2]પ્રત્યેક સમકિતદૃષ્ટિ પાસે પ્રજ્ઞાપનીયતા અને દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાનો ક્ષયોપશમ હોય જ છે; જે ન્યાયના, તર્કશાસ્ત્રના અભ્યાસ દ્વારા બળવાન બને છે. માટે કોઈ પણ સમકિતિ 'અમારો ન્યાયના અભ્યાસ માટેનો ક્ષયોપશમ નથી' આવો બચાવ ન કરી શકે. અન્યથા યોગ્યતારૂપે રહેલ દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાનો (દૃષ્ટિવાદ = સ્યાદ્વાદ) નાશ થતાં સમ્યગ્દર્શન જ ચાલ્યું જાય. હા, યોગ્ય રીતે ભણાવનાર વ્યક્તિ તે માટે જરૂર અપેક્ષિત બને. બાકી સપ્તભંગી, સકલાદેશ, વિકલાદેશ, નય, નિક્ષેપ, પ્રમાણ, દ્રવ્યાનુયોગ વગેરેની તાત્ત્વિક સમજણ વિના કે તેના રહસ્યાર્થને સમજવાની તાલાવેલી વિના સમ્યગ્દર્શનનો યોગ-ક્ષેમ કેવી રીતે સંભવે ? તાત્ત્વિક ધર્મ સૂક્ષ્મબુદ્ધિગમ્ય છે અને બુદ્ધિની સૂક્ષ્મતા-તેજસ્વિતા લાવવા ન્યાયનો અભ્યાસ અતિઆવશ્યક છે.

श्रीमद्जीनुं संस्कृत साहित्य

'મહોપાધ્યાયજી' એવા હુલામણા નામથી ન્યાયવિશારદ શ્રીમદ્ યશોવિજયજી ગણિવર્ય જૈનેતર વિદ્વાનોમાં તથા આબાલ-વૃદ્ધ જૈનોમાં સુપ્રસિદ્ધ છે. તેમનું જીવનકવન અન્યત્ર અનેક સ્થાને ઉપલબ્ધ હોવાથી તે વિશે અહીં પ્રતિપાદન કરવું અનિવાર્ય જણાતું નથી. પ્રાચીન જૈનાચાર્યપ્રદર્શિત ભેદાભેદ વગેરેનું ખંડન કરીને તથા પૂર્વકાલીન સ્યાદ્વાદીના દાર્શનિક સિદ્ધાંતોની વિરુદ્ધ ન્યાયસિદ્ધાંતોનું સ્થાપન કરીને તત્ત્વચિંતામણિકાર ગંગેશ ઉપાધ્યાયે પ્રાચીન જૈનન્યાયને જર્જરિત કરેલ હોવાથી મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે નવ્યન્યાયની પરિભાષામાં પ્રાચીન જૈનન્યાયના સિદ્ધાંતોનું તાત્પર્ય બતાવી, તેમાં પરિષ્કાર કરી અનેક નવીન યુક્તિ - પ્રયુક્તિ દ્વારા તેને પુનર્જીવન આપવાનું ભગીરથ કાર્ય કર્યું. શ્રીમદ્જીએ સંસ્કૃત - પ્રાકૃત - અપભ્રંશ (દ્રવ્યગુણપર્યાયરાસ, ટબાર્થ વગેરે) -ગુજરાતી સાહિત્ય દ્વારા આપણી ઉપર મહત્ત્વપૂર્ણ અમૂલ્ય ઉપકાર કરેલ છે. તેઓશ્રીએ સેંકડોની સંખ્યામાં સંસ્કૃતગ્રંથરચના કરેલ હોવા છતાં આપણા દુર્ભાગ્યને લીધે તેઓશ્રીએ બનાવેલ પ્રમારહસ્ય ત્રિસૂત્र्यालोक, वादरहस्य, मंगलवाद વગેરે ગ્રંથોના તો વર્તમાનમાં દર્શન પણ થતા નથી. તિઙન્વયોક્તિ, જ્ઞાનાર્ણવ, પ્રતિમાસ્થાપનન્યાય, વૈરાગ્યકલ્પલતા, બૃહત્સ્યાદ્વાદ-રહસ્ય વગેરે શ્રીમદ્જીના ગ્રંથો મળે છે, તો પણ અપૂર્ણ - ત્રુટક મળે છે. છતાં પણ વર્તમાનમાં સંપૂર્ણ ઉપલબ્ધ મહત્ત્વપૂર્ણ એવું મહામહોપાધ્યાયજીનું સંસ્કૃત સાહિત્ય સમર્પિના તારાઓની જેમ મુખ્યતયા ૭ વિભાગમાં વહેંચી શકાય તેમ છે —> (૧) પૂર્વાચાર્યોના મૂળગ્રંથ ઉપર ટીકાત્મક સાહિત્ય, જેમ કે સ્યાદ્વાદકલ્પલતા, (લઘુ) સ્યાદ્વાદરહસ્ય, ષોડશક ટીકા વગેરે. (૨) જૈનેતર દર્શનકારોના ગ્રંથો ઉપર સમીક્ષાત્મક વિવેચન, જેમ કે પાતંજલયોગદર્શનભાષ્યટિપ્પણી વગેરે. (૩) સ્વરચિત મૂલગ્રંથ ઉપર ટીકાત્મક રચના, જેમ કે નયામૃતતરંગિણી, ઉપદેશરહસ્યટીકા, ભાષારહસ્યવિવરણ, અધ્યાત્મમતપરીક્ષાવૃત્તિ, પ્રતિમાશતકવૃત્તિ આદિ. (૪) અન્યકૃત ટીકા ઉપર ઉપટીકાસ્વરૂપ ગ્રંથનિર્માણ, જેમ કે અષ્ટસહસ્રીતાત્પર્યવિવરણ વગેરે. (૫) કેવલ પદ્યાત્મક સંસ્કૃત

---

१. आगमश्चोपपत्तिश्च सम्पूर्णमर्थदर्शनम् । अतीन्द्रियाणामर्थानां सद्भावप्रतिपत्तये ॥

२. यश्च सम्यग्दृष्टिः क्षायोपशमिकज्ञानयुक्तो यथाशक्ति रागादिनिग्रहपरः तस्य दृष्टिवादोपदेशिकी संज्ञा दंडकवृत्ति - श्लो. ४४

વાઙ્મય, જેમ કે અધ્યાત્મસાર, અધ્યાત્મોપનિષદ્ વગેરે. (૬) સ્વદર્શનના અન્ય ગ્રંથકારથી ગ્રંથિત ગ્રંથો ઉપર સંક્ષિપ્ત ટિપ્પણાત્મક સાહિત્ય જેમ કે ધર્મસંગ્રહટિપ્પણ વગેરે (૭) ગદ્યાત્મક સ્વતંત્ર પ્રકરણ સર્જન, જેમ કે આત્મખ્યાતિ, વાદમાલા, પ્રમેયમાલા વગેરે. પ્રસ્તુત સમવિધવિભાગમાંથી સાતમાં વિભાગમાં ન્યાયાલોક ગ્રંથનો સમાવેશ કરી શકાય તેમ છે.

ટીકા ઉદ્ભવબીજ

વિ.સં. ૨૦૪૨ ની સાલમાં દાદર-આરાધનાભવનમાં ચાતુર્માસ દરમ્યાન મારે પૂજ્યપાદ વિદ્યાગુરુદેવશ્રી જયસુંદરવિજયજી મહારાજ (હાલમાં પંન્યાસપ્રવર) પાસે તત્ત્વચિંતામણિ ગ્રંથનો તેમજ પંડિતવર્ય હરિનારાયણમિશ્રજી પાસે વાક્યપદીય ગ્રંથનો અભ્યાસ ચાલતો હતો, તે ગાળા દરમ્યાન સંપૂર્ણાનંદ-સંસ્કૃત-વિશ્વવિદ્યાલય-વારાણસીના ન્યાય-વૈશેષિકવિભાગના અધ્યક્ષ બદરીનાથ શુક્લ પૂજ્યપાદ સ્વ.દાદાગુરુદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના દર્શન-વંદનાર્થે ઈલાબ્રીજ-બોમ્બે એક સમાહના ગાળા માટે આવેલા. તેથી પૂજ્યપાદ દાદાગુરુદેવશ્રીએ પંડિતપ્રવર પાસેથી દાર્શનિક પદાર્થોને સ્પષ્ટ કરવાની ચાવી મેળવવા મને દાદરથી ઈલા-બ્રીજ બોલાવીને નયોપદેશ ગ્રંથનો અભ્યાસ પંડિતવર્ય પાસે શરૂ કરાવ્યો. તેમ જ સંઘ-સમુદાય વગેરેની અનેક જવાબદારી વચ્ચેથી પોતાનો અમૂલ્ય સમય કાઢીને દાદાગુરુદેવશ્રીએ પણ મને બાકીના સમયમાં ન્યાયાલોક ગ્રંથ ભણાવવાનું શરૂ કર્યું. ન્યાયવિશારદશ્રીએ બનાવેલ પ્રસ્તુત ગ્રંથની અત્યંત ક્લિષ્ટ પંક્તિઓ ન્યાયવિશારદ ગુરુદેવશ્રી એટલી સરળતાથી સાહજીક રીતે સ્પષ્ટ કરતાં કે આ ન્યાયનો ગ્રંથ ઈતિહાસ જેવો રસપ્રદ લાગવા માંડ્યો. મારું એટલું એક સૌભાગ્ય અને સદ્ભાગ્ય સમજું છું કે આરાધ્યપાદ દાદાગુરુદેવશ્રી પાસે અભ્યાસ કરવાની સૌપ્રથમ (અને સર્વ અંતિમ) તક એક સમાહ જેટલા સમય માટે સંયમજીવનમાં તે ગાળા દરમ્યાન હું મેળવી શક્યો. પર્યુપાસનીય પ્રગુરુવર્યશ્રીની પ્રવાહબદ્ધ પ્રતિપાદનશૈલી પામરને પણ પરમતા પમાડનાર હોય તેવી અનુભૂતિ થવા લાગી અને તે વખતે દિલમાં ઉઠે ઉઠે એવી એક ઊર્મી ઉદ્ભવી કે પૂજ્યપાદ દાદાગુરુદેવશ્રી જે શૈલીથી ન્યાયાલોક ગ્રંથની પ્રત્યેક પંક્તિઓને સ્પષ્ટ કરે છે તેવી શૈલીમાં કોઈ ટીકા કે વિવેચના પ્રસ્તુત ગ્રંથ ઉપર રચાય તો અભ્યાસુને કેટલી સહાયતા અને સંતોષ મળે ! આ ભાવનાના બીજારોપણને ભવિષ્યમાં અંકુરિત-પુષ્પિત-ફલિત કરવાનું મારું તો કોઈ ગજું ન હતું. પરંતુ ગતવર્ષ દરમ્યાન પરમારાધ્યપાદ દાદાગુરુદેવશ્રીના સ્વર્ગવાસ થયા બાદ, તેઓશ્રીના મારા પર થયેલા ઉપકારોનું યત્કિંચિત્ ઋણ વાળવા તેઓશ્રીના નામથી સંલગ્ન એવી ટીકા ન્યાયાલોક પર લખવાની ભાવના તેઓશ્રીની જ દિવ્યકૃપાથી દૃઢ બની, જેના ફલસ્વરૂપે ન્યાયાલોક ગ્રંથ ઉપર ભાનુમતી (સંસ્કૃતટીકા) નું સર્જન થઈ ગયું. તેઓશ્રીના જ દિવ્ય આશિષથી નિર્મિત થયેલ આ કૃતિ તેઓશ્રીને સમર્પિત કરતાં આજે હું અપૂર્વ આનંદનો અને આંશિક ઋણમુક્તિનો અનુભવ કરી રહ્યો છું.

ન્યાયાલોકગ્રંથની વ્યાપકતા

અન્ય શાસ્ત્રકાર પરમર્ષિઓ સ્વરચિત નવ્ય શાસ્ત્રમાં મુખ્યતયા સાક્ષીપાઠરૂપે પૂર્વાચાર્યોના ગ્રંથોનો અને વચનોનો અવસરે અવસરે ઉલ્લેખ કરતાં હોય છે. મહોપાધ્યાયજી મહારાજે શાસ્ત્રરચના કરતાં પ્રાચીન પ્રણાલિકાને ટકાવી રાખી તેમજ તેમાં પોતાની એક આગવી અનોખી શૈલીનો ઉમરો એ કર્યો કે તેઓશ્રીએ સ્વરચિત ગ્રંથોની પણ પંક્તિઓનો સંવાદરૂપે ઉલ્લેખ કે વિવક્ષિત વિષયને વિસ્તારથી સમજવા માટે સ્વકૃત અન્ય ગ્રંથનો નામનિર્દેશ અવસરે અવસરે બેધડક રીતે છૂટથી કરેલ છે. સેંકડો શાસ્ત્રોના સર્જક બહુશ્રુત મહનીય મહોપાધ્યાયજીની આ અનોખી નૂતન શૈલીનું પરિશીલન કરવામાં આવે તો 'તેઓશ્રીએ કયા ક્રમથી કયા કયા શાસ્ત્રોની રચના કરી હશે'? તેનો અંદાજ વર્તમાનકાલીન વિદ્વાનોને મળી શકે છે. મહામહોપાધ્યાયજી મહારાજે સ્વવિરચિત જે જે ગ્રંથોનો અન્ય ગ્રંથોમાં ઉલ્લેખ કર્યો છે, તેમાં સૌથી વધારે..વ્યાપક નામનિર્દેશ સ્યાદ્વાદરહસ્ય ગ્રંથ પછી પ્રસ્તુત ગ્રંથનો જ છે,- આવું મારું મંતવ્ય છે. આ મંતવ્યની પ્રામાણિકતા સૂચવતા ઉપાધ્યાયજી મહારાજના જ અતિદેશ વચનોને નિહાળીએ. જુઓ

૧, *अधिकं न्यायालोकादवसेयम् ।*	*(स्याद्वादकल्पलता - स्तबक-૧ - कारिका, ૧૦ मुक्तिसुखवादः)*
૨, *अधिकं स्याद्वादरहस्य - न्यायालोकयोरवसेयम् ।*	*(स्याद्वादकल्पलता स्तबक-૧ कारिका-૪૨ - अनुमितेर्मानसत्वखण्डनम्)*
૩, *अधिकं न्यायालोके ।*	*(स्याद्वादकल्पलता स्तबक-૧ कारिका - ૮૮ - प्रत्यक्षस्वरूपमीमांसा)*
૪, *इति स्पष्टं न्यायालोके ।*	*(स्याद्वादकल्पलता - स्तबक-૧ कारिका-૧૦૬-कायव्यूहनिरासः)*
૫, *अधिकं न्यायालोकादौ ।*	*(स्याद्वादकल्पलता - स्तबक -૩ कारिका ૩૪ आत्मविभुत्वापाकरणम्)*

૬, ઃદ્રષ્ટવ્યં જ્ઞાનાર્ણવ - સ્યાદ્વાદરહસ્ય ન્યાયાલોકાદૌ । (સ્યાદ્વાદકલ્પલતા સ્તબક -૪ કારિકા ૬૬ ચાક્ષુષકારણતાવિમર્શઃ)
૭, ઃદ્રષ્ટવ્યં ન્યાયાલોકે । (વ્યાર્ણવશબ્દવ્યાર્ણવશિકા - ૩૭/૭ - મૃત્તિકાસૂક્ષ્મસંબંધઃ)
૮, ઃદ્રષ્ટવ્યમસ્મત્કૃત-ન્યાયાલોકાદૌ । (ઃદ્રષ્ટઃસહસ્રીતાત્પર્યવિવરણ - પૃ.૧૧૨ કેવલજ્ઞાનાદેઃ કાલાઽનાશ્યતાવિચારઃ)
૯, ઃદ્રષ્ટવ્યં ન્યાયાલોકે । (નયરહસ્ય પૃષ્ઠ ૮૨)

આ ઉપરાંત અવ્યક્ત રીતે પણ પ્રસ્તુત ગ્રંથનો નિર્દેશ શ્રીમદ્જીએ **'इति अन्यत्र विस्तर..'** આવું કહેવા દ્વારા અનેક ગ્રંથમાં કરેલ છે. જેમ કે સ્યાદ્વાદકલ્પલતા - સ્તબક - ૩ (શ્લો. ૯, પૃષ્ઠ ૬૩, અસંબદ્ધમાં અયસ્કાન્તદ્રષ્ટાન્તથી કાર્યજનકતા નિરૂપણ સ્યાદ્વાદકલ્પલતા સ્તબક - ૪ (શ્લોક - ૩૮ ભાવાત્મક અભાવવાદ પૃષ્ઠ - ૮૩) વગેરે. આના દ્વારા પ્રસ્તુત ગ્રંથની વ્યાપકતાનો ખ્યાલ આવી શકે છે.છતાં પણ સાંપ્રતકાલે આ ગ્રંથરત્ન અધ્યયન - અધ્યાયન ક્ષેત્રમાં લુપ્તપ્રાયઃ હોવાનું એક કારણ મહોપાધ્યાયજી મહારાજની ધારદાર કલમથી થયેલો નવ્યન્યાયના ક્લિષ્ટ પારિભાષિક પદોનો પ્રચુર પ્રમાણમાં પ્રયોગ છે. આથી પ્રસ્તુત ગ્રંથના અધ્યયનમાં અભ્યાસુને સહાયતા મળે તે માટે ભાનુમતી (સંસ્કૃત) ટીકા ઉપરાંત ગુજરાતી વિવેચનની આવશ્યકતા હતી. તેથી સંસારીપણે નાનીબહેન મુમુક્ષુ પ્રીતિકુમારીના નામથી ગર્ભિત 'પ્રીતિદાયિની' ગુજરાતી વ્યાખ્યાનો પણ પ્રસ્તુત પુસ્તકમાં સમાવેશ કરવામાં આવેલ છે.

न्यायालोक व्युत्पत्ति

'नीयते = याथात्म्येन परिच्छिद्यते वस्तुतत्त्वं अनेन इति न्यायः ।' આ વ્યુત્પત્તિ મુજબ ન્યાયશબ્દ યુક્તિ, તર્ક ઈત્યાદિ અર્થમાં પ્રસિદ્ધ છે. ગૌતમીયદર્શનાનુસાર પંચાવયવી અનુમાનપ્રયોગને 'ન્યાય' કહે છે. પદાર્થસિદ્ધિ માટે ઠેર ઠેર પંચાવયવી અનુમાનપ્રયોગનો પ્રધાનતયા આશ્રય કરવાના લીધે ગૌતમીયસંપ્રદાય 'ન્યાયદર્શન' શબ્દથી પ્રસિદ્ધ થયેલ છે. આન્વીક્ષિકીવિદ્યા અર્થમાં પણ 'ન્યાય' શબ્દ પ્રચલિત છે. ન્યાયશબ્દનો અર્થ ઉદાહરણ અથવા કોઈ ઘટના પણ થાય છે. દા.ત. દશાર્ણભદ્રન્યાય (ષોડ. ૮/૩). આ અર્થમાં ન્યાયશબ્દનો પ્રયોગ 'ન્યાયોક્તિકોશ' 'લૌકિકન્યાયાંજલિ' વગેરે ગ્રંથના નામમાં પણ થયેલ છે. સામાન્ય લોકમાં 'ન્યાય' = પક્ષપાતરહિતતા અથવા તટસ્થતા કે પ્રામાણિકતા ઈત્યાદિ પ્રસિદ્ધ છે. ન્યાયાધીશે આપેલ નિષ્પક્ષ ફેંસલાને પણ ન્યાય કહે છે. તેમ જ વ્યાકરણશાસ્ત્રસંબંધી કેટલીક સ્વીકૃત મર્યાદાઓ કે જેનો સૂત્રોમાં ઉલ્લેખ ન થયો હોય પણ આડકતરી રીતે બતાવેલ હોય- દા.ત. અપવાદસૂત્ર ઉત્સર્ગબાધક છે- વગેરે, તેને પણ ન્યાય કહે છે. ન્યાયશબ્દનો એક અર્થ નીતિ પણ થાય છે (જુઓ ષોડશક ૧૫/૧૬ ટીકા). બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે પોતાની જાતિ માટે વિહિત વ્યાપાર પણ ન્યાય કહેવાય છે (જુઓ ષોડશક ૧૩/૧૫). વિશુદ્ધ વ્યવહારને પણ ન્યાય કહે છે. **ધર્મબિંદુવૃત્તિમાં 'न्यायेन = शुद्धमानतुलोचितकलाव्यवहारादिरूपेण'** (૧/૩) આવી વ્યાખ્યા કરી છે. ન્યાયશબ્દનો એક અર્થ પ્રકાર, પદ્ધતિ પણ થાય છે. (જુઓ ન્યાયાલોક પૃ.૧૯૨). નિયમ અર્થમાં પણ ન્યાયશબ્દ વપરાય છે (ષોડશક ૬/૧૫). દાર્શનિક જગતમાં ન્યાયશબ્દ તે તે દર્શનમાં /સંપ્રદાયમાં પણ રૂઢ છે. મુખ્યયા ગૌતમીયન્યાય, બૌદ્ધન્યાય, જૈનન્યાય આ રીતે ક્રમશઃ અક્ષપાદ સંપ્રદાય (નૈયાયિકદર્શન), બૌદ્ધમત અને જૈનદર્શન માટે વ્યવહાર થાય છે. યોગાનુયોગ પ્રસ્તુત ત્રણેય દર્શનમાં ગૌતમ નામના અલગ અલગ મહનીય મહર્ષિ થઈ ગયા છે, જે ત્રણેય દર્શનમાં ક્રમશઃ ગૌતમ મહર્ષિ, ગૌતમબુદ્ધ, ઈન્દ્રભૂતિ ગૌતમસ્વામી આ રીતે પ્રસિદ્ધ છે. પ્રસ્તુત ત્રણેય વિભૂતિ અલગ અલગ છે. ગૌતમીયન્યાય (નૈયાયિક દર્શન) માં પ્રાચીન કાલમાં થનાર વાત્સ્યાયન, ઉદયનાચાર્ય વગેરે પ્રાચીન નૈયાયિક તરીકે પ્રસિદ્ધ છે તથા તેઓના ઉત્તરકાલવર્તી ગંગેશ ઉપાધ્યાય, વર્ધમાન ઉપાધ્યાય, રઘુનાથ શિરોમણિ વગેરે નવ્ય નૈયાયિક રૂપે જાણીતા છે. બૌદ્ધદર્શનમાં દિઙ્નાગ, અર્ચટ, જ્ઞાનશ્રીમિત્ર, ધર્મકીર્તિ વગેરે પ્રાચીન બૌદ્ધન્યાયના વિદ્વાન તરીકે પ્રસિદ્ધ છે. મોક્ષાકરગુપ્ત વગેરે નવ્ય બૌદ્ધન્યાયના પુરોગામી કહી શકાય. જૈનન્યાય (દર્શન)માં શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિજી, શ્રીમલ્લવાદીસૂરિજી, શ્રીશાંતિસૂરિજી, શ્રીવાદિદેવસૂરીજી આદિ જૈનાચાર્યો પ્રાચીન જૈન ન્યાયના પ્રસ્થાપક - પ્રવાહક કહેવાય છે. તથા મહોપાધ્યાય યશોવિજય ગણિવર્ય નવ્ય જૈનન્યાયના પુરસ્કર્તા તરીકે જાણીતા અને માનીતા છે. **न्याये न्यायस्य वा प्रकाशकत्वात् आलोक इवेति** આ વ્યુત્પત્તિથી ન્યાયસંબંધી પ્રકાશ (જ્ઞાન) પાથરવાના લીધે પ્રસ્તુત પ્રકરણનું ન્યાયાલોક યથાર્થ = ગુણનિષ્પન્ન નામ છે.

न्यायालोक विषयविमर्श

ન્યાયાલોક શબ્દના અર્થ મુજબ ન્યાયવિશારદ મહોપાધ્યાયજીએ ન્યાયાલોકમાં મુખ્યતયા **ગૌતમીય ન્યાયદર્શન તથા બૌદ્ધ**

ન્યાયસંપ્રદાયના સર્વથાએકાંતગર્ભિત સિદ્ધાન્તોની વિસ્તૃત સમાલોચના- સમીક્ષા દ્વારા જૈનન્યાય પર પ્રકાશ (=આલોક) પાથર્યો છે. પ્રસ્તુત પ્રકરણને શ્રીમદ્‌જીએ ત્રણ પ્રકાશ (વિભાગ) માં પ્રસ્તુત કરેલ છે. શ્રીમદ્‌જીએ પ્રથમ પ્રકાશમાં મોક્ષમાં જ્ઞાન-સુખના પ્રતિપાદનથી ગર્ભિત મુક્તિવાદનું આલેખન કર્યું છે. વર્તમાનમાં દ્વાત્રિંશદ્‌દ્વાત્રિંશિકા (૩૧મી બત્રીશી), સ્યાદ્વાદકલ્પલતા (પ્રથમ સ્તબક) વગેરેમાં પ્રસ્તુત મુક્તિવાદ ઉપલબ્ધ થાય છે. ત્યાર બાદ (પૃષ્ઠ ૪૯ થી પૃષ્ઠ ૮૪ સુધી) આત્માને વિભુ = સર્વવ્યાપી માનનાર નૈયાયિકના મતનું (આત્મવિભુત્ત્વવાદનું) વિસ્તારથી ખંડન કરવામાં આવેલ છે. જેમાં પ્રાસંગિક રીતે શબ્દમાં દ્રવ્યત્વની સિદ્ધિ (પૃષ્ઠ ૫૧ થી પૃષ્ઠ ૬૪), સાવયવ આત્માનો કથંચિત્ નાશ (પૃ.૭૧) વગેરે દર્શાવેલ છે. પ્રથમ પ્રકાશમાં તૃતીય વાદસ્થલ છે આત્મસિદ્ધિ. તેમાં પ્રાચીન નાસ્તિક મતનું ખંડન કરી શરીર, ઈન્દ્રિય, મન વગેરેથી ભિન્ન એવા આત્માની સિદ્ધિ કરવામાં આવેલ છે. (પૃષ્ઠ ૮૫ થી પૃષ્ઠ ૧૨૫). તેમ જ લાઘવથી શરીરને જ્ઞાનસમવાયીકારણ માનનાર તથા અનુમિતિને માનસપ્રત્યક્ષાત્મક માનનાર નવીનનાસ્તિક (=ઉચ્છૃંખલ નૈયાયિક) મતનું પણ સચોટ નિરસન (પૃષ્ઠ ૧૨૬ થી પૃષ્ઠ ૧૪૬) કરવામાં આવેલ છે. આ વિષય આત્મખ્યાતિ, સ્યાદ્વાદરહસ્ય (મધ્યમ - તૃતીય ખંડ) તેમ જ સ્યાદ્વાદકલ્પલતા (પ્રથમ સ્તબક)વગેરે ગ્રંથોમાં વર્તમાનમાં ઉપલબ્ધ છે. પ્રથમ પ્રકાશમાં ચતુર્થ વાદસ્થલ છે જ્ઞાન-પરપ્રકાશખંડનવાદ. નૈયાયિકમતે જ્ઞાન પરત: (=સ્વોત્તરકાલીન અનુવ્યવસાયથી) પ્રકાશ્ય છે. પૃષ્ઠ ૧૪૭ થી પૃષ્ઠ ૧૬૧ સુધી નૈયાયિક સંમત (પૂર્વપક્ષ)વિવેચન કરી પૃષ્ઠ ૧૬૬ થી પૃષ્ઠ ૧૮૭ સુધી વિસ્તારથી જ્ઞાન સ્વત: પ્રકાશ્ય છે- તે વાતની સિદ્ધિ કરવામાં આવેલ છે.આ રીતે પ્રથમ પ્રકાશમાં ચાર વાદસ્થલોનું શ્રીમદ્‌જીએ હૃદયંગમ રીતે વર્ણન કરેલ છે.

દ્વિતીય પ્રકાશમાં પણ કુલ ચાર વાદસ્થલ છે, જે સ્યાદ્વાદકલ્પલતા વગેરેમાં પણ આલેખિત છે. અહીં પ્રથમ વાદસ્થલ છે જ્ઞાનાદ્વૈતખંડન. બૌદ્ધસંપ્રદાયમાં માધ્યમિક, સૌત્રાન્તિક, વૈભાષિક, યોગાચાર- આ રીતે કુલ ચાર મત છે. તેમાંથી યોગાચાર બૌદ્ધ વિદ્વાન જ્ઞાનથી ભિન્ન બાહ્ય ઘટ, પટ વગેરે પદાર્થના અસ્તિત્વને માન્ય કરતાં નથી (પૃષ્ઠ ૧૯૬ થી પૃષ્ઠ ૨૦૩). શ્રીમદ્‌જીએ તાર્કિક રીતે જ્ઞાનાતિરિક્ત બાહ્ય અર્થની સિદ્ધિ કરી વિજ્ઞ નવાદી યોગાચારમતનું ખંડન કરેલ છે. (પૃષ્ઠ ૨૦૩ થી પૃષ્ઠ ૨૧૨ સુધી). આ વિષય સ્યાદ્વાદકલ્પલતા (ચતુર્થ સ્તબક), ન્યાયખંડખાદ્ય વગેરે ગ્રંથમાં સાંપ્રતકાલે પ્રાપ્ય છે. દ્વિતીયવાદ સ્થલ છે સમવાયનિરસનવાદ. નૈયાયિકમતે ગુણ-ગુણી, અવયવ-અવયવી વગેરે વચ્ચે સંબંધીક્યાતિરિક્ત સમવાય સંબંધ માનવામાં આવેલ છે. તત્ત્વચિંતામણિ તેમ જ તેની આલોકટીકાને શ્રીમદ્‌જીએ નજરે સામે રાખીને સમવાયનું ખંડન કરેલ છે (પૃષ્ઠ ૨૧૩ થી પૃષ્ઠ ૨૬૯ સુધી). તૃતીય વાદસ્થલ છે ચક્ષુઅપ્રાપ્યકારિતાવાદ. નૈયાયિક વગેરેના મતે વિષયદેશ પર્યન્ત જઈને આંખ વિષયનો સાક્ષાત્કાર ઉત્પન્ન કરે છે. અર્થાત્ ચક્ષુ ઈન્દ્રિય પ્રાપ્યકારી છે. સ્યાદ્વાદરત્નાકર, રત્નાકરાવતારિકા વગેરે ગ્રંથોના આધારે તેમ જ નવીન યુક્તિઓ બતાવીને શ્રીમદ્‌જીએ ચક્ષુ ઈન્દ્રિયને અપ્રાપ્યકારી = વિષયદેશ સુધી ગયા વિના જ યોગ્યદેશમાં રહેલ વસ્તુના પ્રત્યક્ષને ઉત્પન્ન કરનાર બતાવી છે. (પૃષ્ઠ ૨૩૭ થી પૃષ્ઠ ૨૫૬ સુધી) હકીકતમાં પ્રસ્તુત ચક્ષુઅપ્રાપ્યકારિત્વવાદ મુખ્યવાદસ્થલ નથી, પરંતુ સ્યાદ્વાદરહસ્ય વગેરે ગ્રંથની જેમ અહીં પણ સમવાયનિરસનવાદમાં પ્રાસંગિક રીતે જ તે શ્રીમદ્‌જીને અભિમત છે. તેથી જ ચક્ષુઅપ્રાપ્યકારિત્વસિદ્ધિ પછી પુન: સમવાયસાધક નવીન યુક્તિઓનું ખંડન શ્રીમદ્‌જીએ કરેલ છે (પૃષ્ઠ ૨૫૭ થી પૃષ્ઠ ૨૬૯ સુધી) તથા અવયવ-અવયવી વગેરે વચ્ચે ભેદાભેદનું સ્થાપન કરેલ છે, (પૃષ્ઠ ૨૭૦ થી પૃષ્ઠ ૨૭૬) અંતિમવાદ સ્થલ છે અભાવવાદ. (પૃષ્ઠ ૨૭૭ થી પૃષ્ઠ ૩૧૨ સુધી) નૈયાયિકમતે અભાવ અધિકરણથી અતિરિક્ત = ભિન્ન છે. લાઘવસહકારથી અભાવને અધિકરણસ્વરૂપ સિદ્ધ કરી સ્યાદ્વાદરત્નાકરદર્શિત રીત મુજબ વ્યવહારનય અને ઋજુસૂત્રનયથી ધ્વંસ અને પ્રાગભાવનું નિરૂપણ કરીને પ્રમાણ દ્વારા તેને દ્રવ્ય-પર્યાયઉભયાત્મક બતાવેલ છે.તેમ જ પ્રભાકર મિશ્ર મતાનુસાર શુદ્ધાધિકરણબુદ્ધિસ્વરૂપ અભાવને બતાવી તેનું ખંડન કરેલ છે. (પૃષ્ઠ ૩૧૩ થી પૃષ્ઠ ૩૧૮ સુધી) પ્રસ્તુત વાદસ્થલનો ઉપસંહાર કરતાં જ્ઞાનાદ્વૈતનયાનુસાર પ્રભાકરમિશ્રમતને સંમતિ પણ આપેલી છે. (પૃષ્ઠ ૩૧૯)

શ્રીમદ્‌જીએ તૃતીય પ્રકાશમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરે ૬ દ્રવ્ય તેમજ પર્યાયનું સંક્ષિપ્ત નિરૂપણ કરેલ છે. પ્રસ્તુત પ્રકરણમાં પ્રથમ પ્રકાશ કરતાં દ્વિતીય પ્રકાશનું પ્રમાણ અલ્પ છે. તેમ જ દ્વિતીય પ્રકાશ કરતાં તૃતીય પ્રકાશનું પરિમાણ અલ્પ છે. અલ્પતમ કદવાળા તૃતીય પ્રકાશમાં પણ શ્રીમદ્‌જીએ અતિરિક્તકાલવાદી અને પર્યાયાત્મક કાલવાદીના મતનું નિરૂપણ કરેલ છે.(પૃ.૩૨૭) તથા લોકાકાશના પ્રત્યેક આકાશપ્રદેશમાં એક - એક કાલાણુનો સ્વીકાર કરનાર દિગંબરમતનું નિરૂપણ અને નિરાકરણ કરવાનું શ્રીમદ્‌જી ચૂકી નથી ગયા (પૃ.૩૨૯) પર્યાયના પ્રતિપાદનનો અતિદેશ શ્રીમદ્‌જીએ સ્યાદ્વાદરહસ્ય ગ્રંથના નિર્દેશ દ્વારા કરી તૃતીય પ્રકાશની અને તેની સાથે પ્રસ્તુત પ્રકરણની સમાપ્તિ કરેલ છે (પૃ.૩૩૨). 'ગાગરમાં સાગર' ઉક્તિને ચરિતાર્થ કરનાર પ્રસ્તુત પ્રકરણના પ્રત્યેક પ્રમેયોનો વિસ્તૃત પરિચય મેળવવા માટે વિજ્ઞ વાચકવર્ગ વિષયમાર્ગદર્શિકાનું અવલોકન કરી શકે છે. અહીં તો અતિસંક્ષેપમાં વિષયનિર્દેશ કરવામાં આવેલ છે.

प्रतिपरिचयादि

પં. મોતીવિજયજી મહારાજ જ્ઞાનભંડારમાં રહેલી પ્રસ્તુત મૂળ ગ્રંથની હસ્તલિખિત પ્રતની એક કોપી પરમપૂજ્ય પંન્યાસપ્રવર **પ્રદ્યુમ્નવિજયજી** ગણિવર્યશ્રી દ્વારા મને પ્રાપ્ત થયેલી, જેની અહીં હ.પ્ર. એવી સંજ્ઞા રાખવામાં આવેલી છે. તેમાં કુલ ૨૬॥ પૃષ્ઠ છે. પ્રત્યેક પૃષ્ઠ ઉપર પ્રાયઃ કુલ ૩૨ પંક્તિ છે. ૨૭ મા પૃષ્ઠના આગળના ભાગમાં ૧૩ મી પંક્તિમાં મૂલ ગ્રંથ સમાપ્ત થાય છે. લખાણ કદ ૧૦॥'' x ૨૨॥'' છે. અક્ષરો સુવાચ્ય છે. પરંતુ અનેક સ્થળે અશુદ્ધિઓ ઘણી રહેલી છે. તેમ જ પાઠાંતરો પણ ઘણા છે. આ ઉપરાંત ટીકાના સર્જન-સંપાદન કાળ દરમ્યાન મૂળ ગ્રંથની એક મુદ્રિત પ્રત પણ મારી પાસે હતી જેના કુલ ૧૮ પૃષ્ઠ હતા અને પ્રત્યેક પૃષ્ઠ ઉપર પ્રાયઃ આગળ પાછળ થઈને કુલ ૩૬ પંક્તિઓ છે, જેની અહીં મુ. સંજ્ઞા રાખવામાં આવેલ છે. તેમ જ **'न्यायालोकः तपोगच्छाचार्य-श्रीमद्विजय-नेमिसूरिविरचितविवृतिसमेतः'** આવા શિર્ષકવાળી શ્રીજૈનગ્રંથપ્રકાશક સભા રાજનગરથી પ્રકાશિત સટીક મુદ્રિતપ્રત પણ લેખનકાળ દરમ્યાન મારી પાસે વિદ્યમાન હતી. તેમાં તત્ત્વપ્રભા ટીકા મુદ્રિત છે. તે પ્રતની અહીં ને . સંજ્ઞા રાખેલ છે. બન્ને મુદ્રિત પ્રતો પ્રાયઃ શુદ્ધ હોવા છતાં કેટલાક સ્થાને અશુદ્ધ છે. કેટલાક સ્થાને તો હસ્તલિખિત પ્રત અને બન્ને મુદ્રિત પ્રતો પણ અર્થનો અનર્થ કરે તેવી અશુદ્ધ છે. તેવા સ્થાને ઉપાધ્યાયજી મહારાજના અન્ય ગ્રંથની અને અન્ય દર્શનકારોના તદ્વિષયક ગ્રંથની સહાય લઈને મેં અપેક્ષિત શુદ્ધ પાઠનો ઉલ્લેખ આ પુસ્તકમાં કરેલ છે. બીજી મહત્ત્વની વાત એ છે કે શ્રીમદ્જીએ પ્રસ્તુત ન્યાયાલોક ગ્રંથમાં અલગ અલગ વાદ સ્થલોના વિસ્તારથી નિરૂપણ માટે ૬ સ્થાનમાં (જુઓ પરિશિષ્ટ ૧) સ્યાદ્વાદરહસ્ય ગ્રંથને જોવાની ભલામણ કરી છે. તત્ત્વપ્રભા ટીકાની રચના પૂર્વે સ્યાદ્વાદરહસ્ય ગ્રન્થ અનુપલબ્ધ હોવાથી તત્ત્વપ્રભા ટીકામાં અનેક સ્થાને પરિષ્કાર-પરિમાર્જન-સંસ્કરણ-સંવર્ધન આદિની આવશ્યકતા હતી. તેમ જ ઘણા સ્થલે મૂળ ગ્રંથનું વિવેચન તત્ત્વપ્રભા ટીકામાં ન કરેલ હોવાથી તેની પૂર્તિ માટે, અધૂરી વ્યાખ્યાની સ્પષ્ટતા માટે તેમ જ મૂલગ્રંથના અશુદ્ધ પાઠોના આધારે થયેલ વિપરીત વ્યાખ્યાના સંમાર્જન માટે ન્યાયાલોક ગ્રંથ ઉપર અન્ય સંસ્કૃત ટીકાની આવશ્યકતા મને જણાઈ અને તેની પરિપૂર્તિ માટેનો આ એક નમ્ર પ્રયાસ છે.

વ્યાખ્યાદ્વયસર્જનકાલ દરમ્યાન મૂળ ગ્રંથની અમુક અતિક્લિષ્ટ પંક્તિઓ મગજમાં સ્પષ્ટ ન થાય કે ઉપલક દૃષ્ટિથી મૂલ ગ્રંથમાં પૂર્વાપર અનુસંધાનનો અભાવ જણાય કે સૂક્ષ્મતાથી વિચારતાં પૂર્વાપર વિરોધ જેવું લાગે અથવા તો સ્થૂલબુદ્ધિથી વિચારતાં પ્રસ્તુત મૂલગ્રંથની પંક્તિનો શ્રીમદ્જીના અન્યગ્રંથો સાથે વિરોધ લાગે ત્યારે લેખન કાર્ય સ્થગિત કરીને હું **'श्रीनयविजयविबुधपद-सेवकाय नमः'** આ પદનો જાપ કરવા બેસી જતો અને માળા પૂરી થતાં કે બીજે દિવસે સવારે એ મૂંઝવણને ન્યાયવિશારદજી બહુ જ પ્રેમાળતાથી દૂર કરી મારા ઉલ્લાસને વધારતાં હોય-એવી પ્રતીતિ વ્યાખ્યાદ્વયસર્જનકાલ દરમ્યાન ઘણીવાર થયેલ છે. જાણે કે મારા માધ્યમથી ખુદ શ્રીમદ્જી જ આ કાર્ય કરી રહ્યા હોય અને હું તારની જેમ વિજળીને પસાર થવાનું માધ્યમ બન્યો હોઉં- આવી સાનુબંધ પ્રતીતિ સર્જનકાલ દરમ્યાન થતી રહી છે. ત્રીજા પ્રકાશના અંતે ન્યાયાલોક ગ્રંથની પ્રશસ્તિમાં શ્રીમદ્જીએ જણાવેલ ૫ નંબરના શ્લોકને (જુઓ પૃષ્ઠ ૩૩૩) છેલ્લા ૭ વર્ષથી હું એક વિશિષ્ટ આદરથી ગદ્ગદ્ભાવે યાદ કરતો આવ્યો છે. અને આ લેખનકાળ દરમ્યાન તો તે હવે કાયમ માટે હૃદયાંકિત જ બની ગયેલ છે.તે શ્લોક દ્વારા શ્રીમદ્જી દ્વારા સ્વમુખે મળેલ અભિવાદન અને આશિષને હું મારી અંગત મિલકત સમજું છું. અસ્તુ !

જેમ જેમ પ્રસ્તુત ગ્રંથનો અભ્યાસ વિદ્વાન વર્ગમાં વધતો જશે તેમ તેમ જૈનદર્શન પ્રત્યે વાચકવર્ગની શ્રદ્ધા-આદર બહુમાનમાં કલ્પનાતીત હરણફાળ વેગે વધારો થશે- એવી શ્રદ્ધા છે.વ્યાખ્યાદ્વયની રચના દ્વારા વિજ્ઞ વાચકવર્ગને પ્રસ્તુત ગ્રંથના ભાવાર્થને સમજવામાં હું નિમિત્ત બન્યો હોઉં તો તેમાં પ્રભાવ શ્રીમદ્જીનો અને ઉપકારી ગુરુવર્ગ વગેરેનો જ છે.

હજારથી વધુ ગ્રંથોના અધ્યયન પછી બહુ જ વિચારપૂર્વક તેમજ પૂર્વોત્તર ગ્રન્થઅનુસન્ધાનસહિત સંસ્કૃત-ગુજરાતી વ્યાખ્યાની મેં રચના કરેલ છે. તેમ જ પુફરિડિંગ, ગ્રંથસેટીંગ વગેરે જવાબદારીને અદા કરતી વખતે પણ વ્યાકરણની દૃષ્ટિએ તેમ જ પદાર્થનિરૂપણની દ્રષ્ટિએ બન્ને વ્યાખ્યાનું સંશોધન સાવધાનીથી કરેલ છે. તેથી બન્ને વ્યાખ્યા સહસા અવિશ્વાસનું સ્થાન નહિ બની શકે. છતાં પણ તેમાં અનાભોગાદિ કારણે અશુદ્ધિ રહી ગઈ હોય તો વિદ્વાનોને મારી પ્રાર્થના છે કે મારી ઉપર અનુગ્રહ કરી તેઓ બન્ને વ્યાખ્યાગ્રંથનું સંપૂર્ણ સૂક્ષ્મ અવલોકન કરી અથવા તો પરિશિષ્ટ ૨ અને ૩ માં બતાવેલ નોંધ મુજબ તે તે સ્થાનનું નિરીક્ષણ કરી ત્રુટીઓ મને જણાવે, જેથી દ્વિતીય આવૃત્તિ વખતે તે અશુદ્ધિઓનું પુનરાવર્તન ન થાય.

उपकारसंस्मरण.

ભાનુમતી - પ્રીતિદાયિની વ્યાખ્યાદ્વયનિર્માણ અને તેનાથી યુક્ત પ્રસ્તુત ગ્રંથના સંપાદનમાં આ મહાપુરુષોનો અમૂલ્ય ઉપકાર અવશ્ય સ્મરણીય છે.

—> ન્યાયવિશારદ વર્ધમાનતપોનિધિ સંઘહિતચિંતક ગચ્છાધિપતિ આચાર્યદેવેશ સ્વ. દાદાગુરુદેવ શ્રીમદ્‌વિજય **ભુવનભાનુ સૂરીશ્વરજી** મહારાજા, જેમની દિવ્યકૃપા મને સમ્યગ્‌જ્ઞાન આદિ સદ્‌યોગોની આરાધનામાં સતત ઉલ્લસિત કરી રહી છે.

—> પરમપૂજ્ય સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય **જયઘોષસૂરીશ્વરજી** મહારાજા, જેમની નિઃસ્વાર્થ સહાય તેમ જ યોગ્ય માર્ગદર્શન દ્વારા મારા સંયમજીવનની પુષ્ટિ-શુદ્ધિ - વૃદ્ધિ થઈ રહી છે.

—> શાસનપ્રભાવક વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય **હેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજા, જેમણે પોતાના પ્રાણની પરવા કર્યા વિના મને સંયમરત્નનું દાન કર્યું.

—> સૌમ્યસ્વભાવી પરમપૂજ્ય પંન્યાસપ્રવર શ્રી **પ્રદ્યુમ્નવિજયજી** ગણિવર્ય, જેઓની સહાયથી મને ન્યાયાલોક મૂળગ્રંથની હસ્તલિખિત પ્રતની એક નકલ પ્રાપ્ત થઈ.

—> સર્વતોમુખીપ્રતિભાસંપન્ન વિદ્યાગુરુદેવ પ.પૂ. પંન્યાસપ્રવર **શ્રી જયસુંદર વિજયજી** ગણિવર્ય, જેઓએ નિઃસ્વાર્થભાવે વ્યુત્પત્તિવાદ, સામાન્યનિરુક્તિ, અધિકરણપ્રકરણ, તત્ત્વચિંતામણિ વગેરે ઉચ્ચ-ઉચ્ચતર-ઉચ્ચતમ ન્યાયગ્રંથો ભણાવીને તથા અભ્યાસમાર્ગદર્શન વગેરે દ્વારા મારા ઉપર અનન્ય અવિસ્મરણીય ઉપકારો કરેલા છે.

—> પરમોપકારી સદાપ્રસન્ન ભવોદધિતારક ગુરુવર્યશ્રી **વિશ્વકલ્યાણવિજયજી મહારાજ**, જેમની અવિરત પાવન નિશ્રામાં આખ્યાદ્વયસર્જન તેમ જ પ્રસ્તુત ગ્રંથનું સંપાદન થયેલ છે.

—> ઉપરોક્ત સદ્‌ગુરુવર્યો અને અધિકૃત વડીલ સંયમીઓ વગેરેની જબ્બરદસ્ત કૃપા દ્વારા આખ્યાદ્વયસહિત પ્રસ્તુત ગ્રંથના સંપાદનથી જે પુણ્ય નિર્માણ થયેલ હોય તેના દ્વારા તેમ જ પ્રસ્તુત ગ્રંથના પઠન - પાઠન દ્વારા વિશ્વકલ્યાણ અને વિશ્વમંગલની આપક શુભકામના સાથે વિરમું છું.



ગુરુપાદપદ્મરેણુ

મુનિ યશોવિજય

મહા સુદ. ૧ વિ.સં.૨૦૫૦ ઘોડેગાંવ (મહારાષ્ટ્ર).

विषयमार्गदर्शिका

विषय	पृष्ठ
[1]नैयायिक संमत मोक्षनी समीक्षा	२
[2]**मुक्तिवादारम्भः**	३
जयदेवमिश्रमतनिरासः	३
सर्वज्ञोक्तमुक्तिसिद्धि-वर्धमान उपाध्याय	४
वर्धमानमत अप्रयोजकतादोषग्रस्त	५
संसारित्वेन मोक्षकारणता- नैयायिक	६
मुक्तिवादद्वात्रिंशिकासंवादः	६
आत्मख्याति-तत्त्वचिन्तामणि-न्यायलीलावती-संवादावेदनम्	७
भव्यत्व मोक्षकारणताअवच्छेदक-स्याद्वादी	७
मंद कोटिना शमादि विशिष्ट शमादिना प्रापक	८
भव्यत्वनिश्चयेऽध्यात्ममतपरीक्षादिसंवादाविष्कारः	८
महानिशीथवचनेऽन्योन्याश्रयनिराकरणम्	९
नैयायिकमते मोक्ष पुरुषार्थना उच्छेदनी आपत्ति	१०
तथाभव्यत्वपरिपाकमीमांसा	१०
अर्थसमाजसिद्धत्वविचारः	११
चरमदुःखध्वंस स्वरूप मोक्ष मानवामां समस्या	११
मुक्ति विशिष्टदुःखसाधनध्वंसस्वरूप नथी.	१२
तत्त्वचिन्तामणिकारमतखण्डनम्	१२
तत्त्वचिन्तामणिसंवादः	१३
प्रागभावमां पण जन्यता मान्य	१३
मोक्ष आत्यन्तिक दुःखप्रागभावस्वरूप छे-प्रभाकर	१३
प्रभाकरमान्य मुक्तिनुं निराकरण	१४
न्यायसूत्रसंवादः	१४
तत्त्वचिन्तामणिसंवादः	१४
दुःखध्वंस अथवा दुःखअत्यन्ताभावरूप मोक्ष अमान्य	१५
दुःखध्वंससन्तोम पण मुक्ति नथी	१५
परमात्मामां आत्माना लयस्वरूप मुक्ति-त्रिदंडिमत	१६
वेदान्ततत्त्वविवेकटीकाविवरणसंवादः	१६
उदयनमतनिरसनम्	१७
निरुपप्लव चित्तसंतति = मुक्ति - विज्ञानवादी	१७

विषय	पृष्ठ
बौद्धसंमत मुक्ति असंगत	१८
सुगतमतनिरासे स्याद्वादकल्पलता-सम्मतितर्कसंवादः	१८
ईश्वरप्रत्यभिज्ञाकारिका-पारमात्मिकोपनिषद्-वचननिराकरणम्	१९
मुक्ति स्वातन्त्र्य स्वरूप	१९
प्रकृति अने तेना विकारोनो लय ए ज	
मुक्ति - सांख्य	१९
अग्रिमचित्तानुत्पादसहित पूर्वचित्तनाश = मुक्ति-बौद्ध	२०
न्यायकुसुमाञ्जलि-नवमुक्तिवादसंवादः	२०
[1]**न्यायसूत्र-[2]भाष्य-[3]वार्तिक-[4]तात्पर्यटीकासंवादः**	२१
आत्मज्ञानस्वरूप मुक्ति-चार्वाक	२१
नित्यनिरतिशय सुखनी अभिव्यक्ति = मुक्ति-मीमांसक	२२
नित्य सुख प्रमाणथी असिद्ध-नैयायिक	२२
वाक्यैकवाक्यताविमर्शे जैमिनिसूत्रसंवादः	२३
सुखत्वने उपलक्षण बनावी अभेदान्वय-मीमांसक	२३
वाक्यैकवाक्यता समर्थन	२४
सुख-ब्रह्माऽभेदमीमांसा	२४
शाश्वतसुखसमीक्षा	२५
नित्यसुखाभिव्यक्तिने मुक्ति मानवामां विपदा	२५
सुखत्वानवगाही सुखानुभव-मीमांसक	२५
तुल्यत्वविमर्शे मुक्तावलीमञ्जूषाकारमताऽऽवेदनम्	२६
तौतातिततन्त्रतर्जने स्याद्वादकल्पलता-न्यायवार्तिक-मुक्तिवादद्वात्रिंशिकासंवादावेदनम्	२७
मीमांसक मतमां गौरव-नैयायिक	२७
केवल आत्मस्वरूप मुक्ति-वेदान्ती	२८
वेदान्तिमतखण्डने द्वात्रिंशद्द्वात्रिंशिका-प्राचीन-मुक्तिवादसंवादः	२८
शैलेशीकरणस्य ज्ञानयोगपराकाष्ठात्वे शास्त्रवार्ता-समुच्चयसंवादः	२९
सर्वकर्मक्षय = मुक्ति- स्याद्वादी	२९
कायव्यूहकल्पना अप्रामाणिक	२९

१. गुजरातीं अक्षरमां मूणग्रंथनो प्रीतिदायिनी (गुजरातीं व्याख्या) मां विषयनिर्देश जाणवो.

२. संस्कृत अक्षरमां भानुमती (संस्कृत टीका) ना विशेष विषयोनो उल्लेख समजवो.

विषय	पृष्ठ
गङ्गेश-कालीपदशर्म-गदाधर-भासर्वज्ञमतचर्वणम्	३०
निशीथपीठिकाचूर्णिसंवादेन तत्त्वार्थाधिगम-सूत्रपरिष्कारः	३१
मुक्ति परमानंदस्वरूप - જૈન	३१
प्रशमसुखेच्छा वैराग्यनाशक नथी - જૈન	३१
गदाधरोदयन-गङ्गेशमतव्यपोहः	३१
मुक्तेः पञ्चविधत्वप्रकाशनम्	३२
विषयसुखेच्छाविच्छेद = वैराग्य	३३
मणिकारस्योन्मत्तताऽऽवेदनम्	३४
'दुःखं मा भूत्' इतीच्छाविचारः	३५
दुःखाभाव क्षणभर वेद्य छे- चिंतामणिकार-	३५
स्याद्वादकल्पलताविरोधपरिहारः	३६
किरणावलीरहस्यसंवादेन मणिकृन्मतनिरासः	३७
वाक्यभेद आपत्तिनो परिहार	३७
मुक्तिमां एक सुख-दुःखोभयाभावनी सिद्धि	३७
शरीर विना पण मोक्षमां सुख-स्याद्वादी	३८
न्यायलीलावतीकार-न्यायभाष्यकारमतनिराकरणम्	३८
जन्यस्याऽपि मुक्तिसुखस्याऽनाश्यत्वसमर्थनम्	३९
जन्यत्वस्वरूपविमर्शे सामान्यलक्षणाजागदीशी-काशिकानन्दीसंवादः	४०
दिनकरीयवृत्तिनिराकरणे मुक्तावलीप्रभासंवादद्योतनम्	४१
अपेक्षाबुद्धिनाशे पक्षताजागदीशीगङ्गासंवादविद्योतनम्	४२
न्यायवार्तिकव्यपोहः	४३
अपेक्षाबुद्धिनाशे मुक्तावलीमञ्जूषाकृन्मताऽऽविष्कारः	४४
मोक्ष अखंडज्ञान संतानस्वरूप छे- ऋजुसूत्रनय	४५
योग्यविभुविशेषगुणनाश्यत्वविचारे सामान्यलक्षणागा-दाधरीसंवादसमर्थनम्	४५
सम्मतितर्कटीकासंवादावेदनम्	४६
मुक्तावलीकृन्मतनिरासः	४७
कर्मक्षयाविर्भूत सुखसंवेदन = मोक्ष- संग्रहनय	४७
शरावादेः सावृतप्रदीपपरिणतिकारणता	४८
ऊर्ध्वगतौ व्याख्याप्रज्ञप्तिप्रभृतिसंवादद्योतनम्	४९
आत्मा विभुद्रव्य छे- नैयायिक	४९
आत्मा शरीरपरिमाण छे- स्याद्वादी	५०
वाचस्पतिमिश्रमतनिरासः	५०
शब्द गुण नथी-स्याद्वादी	५१

विषय	पृष्ठ
शब्द गतिमान छे-स्याद्वादी	५२
शब्दान्तरआरंभवादथी श्रवणप्राप्ति-नैयायिक	५३
बदरीनाथशुक्ल-नृसिंहमतविद्योतनम्	५३
बाणादि द्रव्यमां क्षणिकत्वापत्ति- स्याद्वादी	५४
तारमन्दशब्दैक्यस्थापनम्	५४
आकाश श्रोत्र नथी-स्याद्वादी	५५
शब्दने आकाशगुण मानवामां गौरव-स्याद्वादी-५५	
द्रव्यप्रत्यक्ष प्रत्ये योग्यताविशेष कारण-स्याद्वादी	५६
मुक्तावलीमञ्जूषाकारमतनिरासः	५६
तामसेन्द्रियतर्जनम्	५७
ईंद्रियान्तराग्राह्यग्राहकत्व ईन्द्रियान्तरत्वसाधक-स्याद्वादी	५७
श्रोत्रेन्द्रिय द्रव्यग्राहक छे જ - स्याद्वादी	५७
शब्दद्रव्यत्वबाधक हेतुपंचक-प्राचीन नैयायिक	५८
शब्दद्रव्यत्वबाधक पांच हेतुनुं निराकरण	५९
शब्दस्य द्रव्यत्वसाधनेऽभिनवयुक्तिनिकुरम्बप्रदर्शनम्	५९
शब्द पवनगुण छे- उच्छृंखल नैयायिक	६०
शब्द पवनगुण नथी- स्याद्वादी	६१
महत्त्व-अल्पत्वाश्रय होवाथी शब्द द्रव्य छे-स्याद्वादी	६२
स्वतन्त्रमतानुगामि-रामरुद्रभट्टमतनिरासकनृसिंह-मतनिरसनम्	६२
शब्देऽल्पत्वाद्युपचारसमीक्षा	६३
એકत्वादि संख्याना योगथी शब्दमां द्रव्यत्वसिद्धि	६४
ज्ञानाश्रय विभु नथी	६४
स्वाश्रयसंयोगसंबंधथी अदृष्ट क्रियाजनक नथी	६५
अव्याप्यवृत्तित्वस्य नानास्वरूपाऽऽवेदनम्	६५
सम्मतितर्कटीका-स्याद्वादरत्नाकरसंवादोपदर्शनम्	६६
अयस्कान्तदृष्टान्तमीमांसा	६७
श्येनयज्ञस्थलीय हिंसा आत्मविभुत्वनी असाधक	६८
नित्यमहत्त्व आत्मवैभवसाधक-नैयायिक	६९
महत्त्वत्रैविध्यविमर्शः	६९
मनोवैभवाऽऽपादनम्	७०
नित्यमहत्त्व आत्मवैभवसाधक नथी-स्याद्वादी	७०
अपकर्ष बहुत्वकार्यताअनवच्छेदक	७०
नित्यमहत्परिमाण आत्मामां असंभवित - स्याद्वादी	७१
न्यायभूषणकारमतनिराकरणम्	७१

विषय	पृष्ठ
ब्रह्महत्यामीमांसा	७२
विशिष्टनाशस्याऽविशिष्टावस्थानाऽविरोधित्वसमर्थनम्	७३
परिमाण બદલવા છતાં આત્મા નિત્ય- સ્યાદ્વાદી	७३
द्रव्य-पर्याय उत्पत्तिविचार	७३
सावयवत्व उत्पत्तिसाधक छे के नहीं ?	७४
घटादिनी कपालादिथी उत्पत्ति अस्वीकार्य	७५
કથંચિત્ આત્મનાશ માન્ય	७५
आत्मख्यातिसंवादोपदर्शनम्	७५
सम्मतितर्कादिसंवादेन आत्मध्वंससमालोचनम्	७६
એકાન્તે असत्नी उत्पत्ति अशक्य	७६
नैयायिकसंमत द्रव्यनाशप्रक्रिया विचारणा	७७
क्रियादिविरहेऽपि नाशसम्भवसमर्थनम्	७७
आत्मखण्डनस्याऽनेकान्तवादेऽङ्गीकारः	७८
आत्मामां मूर्तत्वप्रसंग मीमांसा	७८
आत्मखंडन मान्य-स्याद्वादी	७९
ज्ञानादि व्याप्यवृत्ति - स्याद्वादी	७९
न्यायभूषणकारमतनिरासः	७९
मुक्तावलीदिनकरीयवृत्तिकृन्मतसमीक्षणम्	८०
बौद्धमतेऽनुस्युतप्रत्ययानुपपत्तिः	८१
જ્ઞાનાદિ અવ્યાપ્યવૃત્તિ નથી	८१
ધર્મકીર્તિવચન અનુપપત્તિ	८२
આત્માને શરીરવ્યાપી માનવામાં લાઘવ	८२
आत्मगतक्रिया अविभुत्वसाधक-प्राचीन जैनाचार्य	८३
आत्मतत्त्वविवेककृन्मतनिराकरणम्	८३
'यो यत्रैवोपलभ्यमानगुणः...' इतिनियमे परिष्कारोपदर्शनम्	८४
આત્મા શરીરવ્યાપી જ છે	८४
સ્વતંત્ર આત્મા નથી- નાસ્તિક	८५
आत्मा देहभिन्न द्रव्य छे - स्याद्वादी	८६
अनुमान स्वतंत्र प्रमाण छे - स्याद्वादी	८६
सामान्यलक्षण-स्वलक्षणस्वरूपप्रकाशनम्	८७
બૌદ્ધદર્શનानुसार पदार्थनुं स्वरूप	८७
संवादअभिमान કલ્પના અયોગ્ય	८७
सम्भावनापरीक्षणम्	८८
દૃષ્ટસાધર્મ્યથી अनुमानाप्रामाण्यसाधन दुष्कर-जैन	८८

विषय	पृष्ठ
तत्त्वचिन्तामणिसंवादावेदनम्	८९
न्यायकुसुमाञ्जलिसंवादाऽऽवेदनम्	९०
वादिदेवसूरिवचनपरिष्कारः	९१
तत्त्वचिन्तामणिरहस्यसंवादः	९२
अनुमिति संभावनास्वरूप नथी- स्याद्वादी	९२
प्रत्यक्षप्रामाण्य नास्तिकमतमां असंगत	९२
आत्मख्यातिविचारः	९२
नव्यनास्तिकमतमीमांसा	९३
लोकसिद्ध अनुमान प्रामाण्यवादी नव्यनास्तिक	९४
शब्दस्य स्वातन्त्र्येण प्रामाण्याऽऽवेदनम्	९४
भूतचैतन्यवादिमतमीमांसा	९५
નાસ્તિકને પ્રશ્ન કરવાનો અધિકાર નથી.	९५
શરીર ચૈતન્યआश्रय નથી	९५
शास्त्रवार्तासमुच्चय-सांख्यसूत्र-विष्णुपुराण-योगशास्त्रवृत्तिसंवादः	९३
शक्तिरूपे प्रत्येक भूतमां चेतना अस्तित्व विचार	९६
अनभिव्यक्तिनी व्याख्या नास्तिकमते असंगत	९७
કાયાકાર પરિણામનો અભાવ આવરણ નથી.	९७
કાલભેદથી ભિન્ન ભિન્ન પરિણામ નાસ્તિક	९८
આત્મા લોકસિદ્ધ	९९
असदुत्पत्तिविचारविमर्शः	९९
ચેતના ભૂતકાર્ય નથી	९९
ભૂતમાં सत्पदार्थजनन स्वभावकल्पना જ संगत-स्याद्वादी	१००
स्याद्वादकल्पलतासंवादः	१००
पूर्वोत्तरभावेनाऽवस्थिताः परमाणव एव स्थूलत्वम्	१०१
खाद्यकादिदृष्टान्तभावना	१०२
स्वस्वरूपमात्र भूतभेदक न होई शके- स्याद्वादी	१०२
કાર્યભેદથી સ્વભાવભેદની આશંકા	१०२
पित्रादीनां न विलक्षणचैतन्योत्पादने सामर्थ्यम्	१०३
સ્વભાવભેદ પ્રયોજક કાર્યભેદ અસિદ્ધ	१०३
संस्थानादिभेदथी पण भिन्नस्वभावता असंभव	१०३
अतद्व्यावृत्तिद्वारा घटादिमां चैतन्यापत्तिवारण अशक्य	१०३
ચૈતન્ય દેહધર્મ નથી- અનેકાંતવાદી	१०४
अचैतन्यप्रयोजक प्रागभाव કે આત્માનો અભાવ ?	१०५
દેહ ચેતન નથી - જૈન	१०६

विषय	पृष्ठ
नास्तिकमते वासनासङ्क्रमाऽसम्भवः	१०६
प्रदीपदृष्टान्तविचारः	१०७
वृश्चिकोदाहरणविमर्शः	१०८
विलक्षण भावोमां कार्यकारणभावनी विचारणा	१०८
शरीरने चैतन्याश्रय मानवामां दोषप्रदर्शन	१०९
चैतन्यनाशकविचारः	१०९
एकत्वावमर्शस्वरूपपर्यालोचनम्	११०
निमित्तनाशस्योपादेयनाशकताविचारः	१११
उपयोग चैतन्यजनक छे- स्याद्वादी	१११
अहंप्रत्यय आत्मसाधक- जैन	११२
नानाशास्त्रानुसारेणोयोगस्य ज्ञानादिनिमित्तत्वोपपादनम्	११२
सम्मतितर्कटीकाकारवचन विमर्श	११३
'घटमहं जानामी' तिप्रतीति मीमांसा	११३
'अहं कृशः' प्रतीति अप्रामाणिक	११८
अहन्त्वस्य सुखादिसामानाधिकरण्यम्	११९
'मारुं शरीर' वाक्यथी शरीर अने आत्मामां भेदनी सिद्धि	११६
'ममायमात्मा' इतिप्रयोगस्य यादृच्छिकता	११६
कार्मणशरीर अने आत्मानी अनुमानथी सिद्धि	११७
शरीर ज्ञानसमवायिकारण- नव्यनास्तिक	११७
शरीरस्यानतिरिक्तत्वसाधनम्	११९
नव्यनास्तिकमते मननो स्वीकार	१२०
अनुमिति मानसप्रत्यक्ष छे - नव्यनास्तिक	१२०
रसादीनामचाक्षुषत्वाद्युपपादनम्	१२०
शरीरआत्मावादीमते प्रत्यासत्तिलाघव	१२१
उत्कट रूप अने महत्त्व स्वतंत्र रीते प्रत्यक्ष कारण- नव्यनास्तिक	१२२
आधुनिकव्याख्यानिरासः	१२२
संयोगसन्निकर्षाऽकल्पनलाघवम्	१२३
नव्यनास्तिकमतपरिहार	१२३
देहात्मवादमां प्रतिषेध व्यवहार असंगत	१२४
स्वतंत्र संयोगप्रत्यासत्ति आवश्यक	१२४
लौकिकसन्निकर्षकारणतावादसंवादः	१२५
अनुमान स्वतंत्र प्रमाण छे - स्याद्वादी	१२६
नव्यनास्तिकना कार्यकारणभावमां व्यभिचार	१२७

विषय	पृष्ठ
अप्रामाण्यज्ञानजिने आहार्यभेदनो कार्यता अवच्छेदक धर्ममां प्रवेश असंभव-अनेकांतवादी	१२७
सम्भावनाया निरसनम्	१२७
अनुमितित्वस्य परामर्शजन्यतावच्छेदकत्वसमर्थनम्	१२९
कार्यताअवच्छेदकमां अप्रामाण्यज्ञानाभावना प्रवेशनी शंका-निराकरण	१२८
स्वोत्तरत्वपदार्थमीमांसा	१३०
संस्कारेऽतिव्याप्तिव्यपोहप्रयासः	१३१
स्वव्यंसाधारणपदनी लक्षण	१३२
व्याप्यधर्मेण व्यापकधर्मान्यथासिद्धिद्योतनम्	१३३
अप्रामाण्यज्ञानाभाव स्वतंत्र कारण नथी- अनेकांतवादी	१३४
अनुव्यवसायसिद्ध अनुमितित्व असंगत	१३५
मधुरानाथमतसमीक्षा	१३५
सम्बन्धगौरवस्य सदोषत्वस्थापनम्	१३६
એतदुत्तरानुमितित्व ज्ञ એतत्परामर्शकार्यता अवच्छेदक - अनेकांतवादी	१३६
अनुमिति मानसप्रत्यक्ष छे - नव्यनास्तिक	१३६
लौकिकविषयतादिविध्यविमर्शः	१३७
अनुमितिने मानसप्रत्यक्ष मानवामां लाघव नव्यनास्तिक	१३८
भिन्नविषयकानुमितेः क्षणविलम्बोक्तिः	१३८
ઈચ્છાઉત्तरકालीनભિન્ન માનસમાં વૈજાત્યકલ્પના - નવ્યનાસ્તિક	१३९
अनुमित्यादिकालीनानुमित्यादिविचारः	१८०
विशेषणतावच्छेदकप्रकारकज्ञानकार्यताविचारः	१८२
स्मृतित्वव्याप्य जातिविशेषनी कल्पना-नव्यनास्तिक	१४१
अनुमितिनो मानस प्रत्यक्षमां अंतर्भाव अशक्य- नैयायिक	१४२
अनलादेः भोगविषयत्वोपादनम्	१४२
मानसानुमितौ उच्छृङ्खलोपस्थित्यापत्तिः	१४२
पुनर्मानसानुमितिशङ्का	१४४
मानसत्व मानसेतरसामग्रीनुं प्रतिबध्यताअवच्छेदक	१४४
उत्तेजकत्वपदार्थप्रकाशनम्	१४५
अनुमितेर्मानसत्वखण्डने स्याद्वादरहस्यसंवादः	१४६
ज्ञाननी स्वप्रकाशतानुं खंडन- दीर्घपूर्वपक्ष	१४७

विषय	पृष्ठ
त्रिपुटीप्रत्यक्षथी स्वप्रकाशत्वसिद्धि अशक्य- नैयायिक	१४८
ईदंत्वविशिष्ट वैशिष्ट्यनुं भान स्वप्रकाशपक्षे असंभवित - नैयायिक	१४९
व्यवसायस्यार्थमात्रविषयत्वं गङ्गेशमते	१४९
तुल्यवित्तिवेद्यत्वसमालोचनम्	१५०
ज्ञानभान विना पण आत्मानुं भान शक्य - परतः प्रकाशवादी	१५०
ईन्द्रियसन्निकर्ष विना ज्ञानप्रत्यक्ष कई रीते ? परतः प्रकाशवादी	१५०
जयदेवमिश्रमते प्रत्यक्षजनकविषयताद्योतनम्	१५१
लौकिकप्रत्यक्षविषयतायाः प्रत्यक्षजनकतास्थापनम्	१५२
पूर्वोक्त नियममां दोष - पक्षधरमिश्र	१५२
ज्ञान मनोग्राह्य छे - परतः प्रकाशवादी	१५३
पक्षधरमिश्रवचनसमीक्षणम्	१५३
लौकिकप्रत्यक्षविषयता ईन्द्रिययोग्यताअवच्छेदक - परप्रकाशवादी	१५४
विशेषणोपलक्षणमीमांसा	१५५
शिवादित्यमिश्रमतनिरासः	१५६
जयदेवमिश्रोक्तिमीमांसा	१५७
अनुगतरूपे ईन्द्रिययोग्यता असंभव-त्रिपुटीप्रत्यक्षवादी	१५७
ज्ञान-ईच्छादिवृत्ति जातिविशेष असिद्ध- त्रिपुटीप्रत्यक्षवादी	१५८
मिश्रमतनिरास	१५८
क्षणिकत्वपदार्थमीमांसा	१५८
ससम्बन्धिपदार्थप्रतिपादनम्	१५९
निर्विकल्पक ज्ञानने मानसयोग्य मानवामां लाघव- त्रिपुटीप्रत्यक्षवादी	१६०
अनवस्थादि उभयपक्षे तुल्य-नैयायिक	१६१
अखण्डभेदहेतुताऽनङ्गीकारः	१६१
स्व-परप्रकाशे प्रतिबन्दिद्योतनम्	१६२
प्रत्यक्षत्वमां जातिस्वरूपताभंग-नैयायिक	१६३
अभिनवसाङ्कर्यद्योतनम्	१६३
भ्रममां दोषनिरपेक्षता अमान्य-नैयायिक	१६३
ज्ञानसामग्रीअन्यताअवच्छेदक मात्र ज्ञानत्व परप्रकाशवादी	१६४
धर्मांशे स्वभावादेव भ्रमप्रामाण्यम्	१६४
वित्तेरवश्यवेद्यत्वविचारः	१६५

विषय	पृष्ठ
ज्ञानमां ज्ञानवेद्य-नियमनो भंग - नैयायिक	१६५
ज्ञान स्वप्रकाश छे - उत्तरपक्ष	१६६
स्वप्रकाशपक्षमां अन्योन्याश्रय दोष असंभव	१६७
आलोकटीकाकारजयदेवमिश्रमतनिरासः	१६७
मीमांसकसम्मतस्वप्रकाशत्वद्योतनम्	१६८
स्वप्रकाशपक्षमां अनन्ताकारता आपत्तिनो परिहार	१६८
परप्रकाशमतमां ज्ञाननुं प्रत्यक्ष असंभवित	१६८
ज्ञानमां वर्तमानकालीनत्वज्ञाननी असंगति	१६९
वर्तमानत्वविचारः	१७०
तत्त्वचिन्तामणिकारमतनिराकरणम्	१७१
'मयि घटज्ञानं' अनुभवमां व्यवसायप्रत्यक्षनी अनुपपत्ति-दर्शन	१७१
व्यवसायान्तरनी उत्पत्तिनी कल्पना मिथ्या	१७२
स्याद्वादकल्पलतासंवादद्योतनम्	१७२
विशिष्टवैशिष्ट्यबुद्धिमीमांसा	१७३
'विशेष्य विशेषणं...' ईत्यादि रीते ज्ञानप्रत्यक्षनुं वारण	१७३
नरसिंहकार ज्ञान-तत्त्वचिंतामणिकार	१७४
प्रकाशटीकाकार-रुचिदत्तमिश्राभिप्रायाविष्करणम्	१७४
नरसिंहाकारज्ञानमीमांसायां बदरीनाथशुक्लमत - विद्योतनम्	१७५
तत्त्वचिंतामणिकारमतनिरास	१७५
नैयायिकमतमां स्याद्वादप्रवेश	१७६
तृतीयपक्षाणभावी ज्ञानने द्वितीयपक्षाणभाविज्ञानग्राहक मानवामां आपत्ति अने परिहार	१७७
कर्तृत्व-कर्मत्व-क्रियात्वनुं भान ज्ञानमां शक्य छे स्याद्वादी	१७७
जयदेवमिश्र-बदरीनाथशुक्लमताविष्करणम्	१७७
चिन्तामणिकारमतापाकरणम्	१७८
स्वप्रकाशपक्षमां ज्ञानमां प्रवर्तकता अबाधित	१७८
'अत्र प्रमेयं' ज्ञानमां प्रवर्तकता आपत्तिनो परिहार	१७८
प्रवृत्ति प्रत्ये मुख्यविशेष्यतासंबंधथी ज्ञानहेतुतानुं निराकरण	१७९
'तत् रजतं इदं द्रव्यं' इति ज्ञाने प्रवर्तकत्वापादनम्	१७९
प्रवृत्तिहेतुताविचारविमर्शः	१८०

विषय	पृष्ठ
ज्ञाने आकारद्वयाभ्युपगमः	१८१
જ્ઞાનસ્વપ્રકાશવાદમાં ગૌરવ આપત્તિનો પરિહાર	१८१
જ્ઞાનને મનોગ્રાહ્ય માનવામાં ગૌરવ	१८२
અન્યથાખ્યાતિ સ્યાદ્વાદીને માન્ય	१८२
स्याद्वादरत्नाकरादिसंवादविद्योतनम्	१८२
रुचिदत्तमिश्रमतनिराकरणम्	१८३
જ્ઞાન આત્મવેદ્ય છે	१८३
પ્રત્યક્ષવિષયતામાં ઈન્દ્રિયસન્નિકર્ષનિયામકતાનું ખંડન	१८४
સાક્ષાત્કારવિષયતાનિયામક જ્ઞાનાવરણઅપગમ	१८४
चिन्तामणिकार-प्रकाशकृन्मतव्यपोहः	१८४
स्वप्रकाशके भगवत्साक्षात्कारे लौकिकविषयताङ्गीकारः	१८५
माने स्वपरप्रकाशकशक्तिद्वयाभ्युपगमः	१८६
अभेदे विशेष्यविशेषणभावस्येव स्वप्रकाशकत्वस्य सङ्गतिः	१८७
ચાક્ષુષાદિવિષયતા ઈન્દ્રિયસન્નિકર્ષથી અનિયમ્ય	१८७
અનન્યપદાર્થમાં વિષય-વિષયીભાવનું સમર્થન	१८८
સ્વવિષયત્વ સ્વવ્યવહારશક્તત્વરૂપ નથી	१८८
प्रभाकरमिश्रमतनिरसनम्	१८८
शक्तिस्वीकारमीमांसा	१८९
ઈચ્છાદિમાં પણ સ્વવિષયકત્વ મુખ્ય છે - સ્યાદ્વાદી	१८९
મીમાંસકસંમત શક્તિ અન્યોન્યાશ્રયગ્રસ્ત	१८९
પ્રત્યક્ષઅજનક પણ પ્રત્યક્ષવિષય બની શકે	१९०
गङ्गेश-जयदेवमिश्र-रुचिदत्तमिश्रमताऽऽवेदनम्	१९०
શક્તિવિશેષ ઈન્દ્રિયગ્રાહ્યતાઅવચ્છેદક-અનેકાંતવાદી	१९०
जयदेवमिश्र-गङ्गेशमतापाकरणम्	१९१
વાસુદેવસાર્વભૌમમત નિરાકરણ	१९१
સ્વસંવેદનપક્ષમાં અનવસ્થાપરિહાર	१९२
प्रकाशकृन्मतनिराकरणम्	१९२
आलोककृन्मतनिरासः	१९३
આદ્યશુદ્ધજ્ઞાનવિષયક માનસ સાક્ષાત્કારની અનુપપત્તિનો પરિહાર	१९३
પ્રત્યક્ષત્વનું જાતિસ્વરૂપ ન હોવું ઈષ્ટ-જૈન	१९४
અહંવિષયકત્વાંશમાં અપ્રત્યક્ષત્વાપત્તિનો પરિહાર	१९४
अनुमितेः स्वांशे साक्षात्कारत्वम्	१९४
વ્યાપ્તિજ્ઞાનકાર્યતામાં તત્પક્ષકત્વાદિનિવેશ આવશ્યક-જૈન	१९५
સ્પષ્ટતાનામક વિષયતા એ જ પ્રત્યક્ષત્વ	१९६

विषय	पृष्ठ
प्रमाणसुन्दरग्रन्थसंवादः	१९६
प्रत्यक्षभिज्ञायाः परोक्षत्वोपगमबीजाविष्करणम्	१९७
અસ્પષ્ટતાનિયામક વિચારણા	१९७
द्वितीयः प्रकाशः	
જ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધ-પૂર્વપક્ષ	१९८
ज्ञानात् प्राक् अर्थस्याऽसत्त्वम्	१९९
पूर्वापरकालीननीलादेर्भिन्नत्वस्थापनम्	२००
સન્તાનભેદસ્વીકારપક્ષે અનવસ્થા-જ્ઞાનાદ્વૈતવાદી	२००
અર્થ અને જ્ઞાનમાં ગ્રાહ્ય-ગ્રાહકભાવ અસ્વીકાર્ય - યોગાચાર	२०१
જ્ઞાનઅભેદ જ્ઞાનવિષયતાનો નિયામક-વિજ્ઞાનવાદી	२०२
નીલાદિ ઈન્દ્રિયજન્ય-જ્ઞાનાદ્વૈતવાદી	२०२
જ્ઞાન કરતાં અર્થ ભિન્ન છે - ઉત્તરપક્ષ	२०३
सहोपलभ्भस्य ज्ञानाद्वैतबाधकत्वोक्तिः	२०३
વિજ્ઞાનવાદમાં નિર્વિભાગ જ્ઞાનની આપત્તિ	२०४
ઉપલબ્ધિલક્ષણપ્રાપ્તિનું વિવેચન	२०४
યોગ્યઅનુપલબ્ધિ જ અભાવસાધક-અનેકાંતવાદી	२०५
उपलम्भात् प्रागर्थस्य सत्त्वम्	२०५
योग्यत्वनिर्वचनेऽभिनवप्रकारप्रदर्शनम्	२०६
ચિત્રજ્ઞાન વિજ્ઞાનવાદમાં અસંભવ-સ્યાદ્વાદી	२०६
प्रतिभाससाङ्कर्यापादनम्	२०७
વિજ્ઞાનવાદમાં પ્રવૃત્તિ અસંગત-જૈન	२०८
वासनाया अघटमानत्वम्	२०८
माध्यमिकमतनिरासः	२०९
વિજ્ઞાનવાદીમતમાં શૂન્યવાદ આપત્તિ	२०९
જ્ઞાનાદ્વૈતમતે મુક્તિ અને સંસારમાં અભેદાપત્તિ	२१०
ગૌતમબુદ્ધમાં અસર્વજ્ઞતાની આપત્તિ	२११
योगशास्त्रवचनविचारविमर्श	२११
प्रमाणवार्तिकसमालोचना	२१२
સ્વપ્રકાશવાદમાં કટોકટીના આક્ષેપ-પરિહાર	२१२
સમવાયવાદ પ્રારંભ	२१३
સમવાયસાધક અનુમાનમાં વ્યભિચાર	२१४
किरणावलीकाराऽऽलोककृन्मतद्योतनम्	२१४
पक्षबाहुल्यलाघवस्याऽनुपादेयतावीजावेदनम्	२१५
લાઘવથી સમવાયસિદ્ધિ અસંગત	२१५

विषय	पृष्ठ
પ્રમાણસમાહાર કરતાં પ્રમેયસમાહાર દુર્બલ	૨૧૬
સંબંધગત એકત્વ-અનેકત્વમાં લાઘવ અવતાર- નૈયાયિક	૨૧૭
जयदेवमिश्र-कृष्णवल्लभ-बदरीनाथशुक्लोक्ति निराकरणम्	૨૧૭
लाघव-गौरवमीमांसा	૨૧૮
લાઘવકલ્પનામાં બે દ્રવ્યો વચ્ચે સમવાયસ્વીકાર આપત્તિ-જૈન	૨૧૮
जयदेवमिश्रोक्तिनिरासः	૨૧૯
अवच्छेदकताया अतिरिक्ताऽनतिरिक्तवृत्तित्वर- हस्यस्फोरणम्	૨૨૦
વિષયભેદની સિદ્ધિમાં લાઘવ અપ્રયોજક - અનેકાંતવાદી	૨૨૦
વિશિષ્ટબુદ્ધિમાં સંબંધઅવિષયકત્વની આપત્તિ	૨૨૦
સંબંધજન્યત્વનો સાધ્યતામાં પ્રવેશ-નૈયાયિક	૨૨૧
बदरीनाथशुक्लमतप्रकाशनम्	૨૨૧
सम्बन्धत्वस्य जन्यतानवच्छेदकत्वे मिश्रसम्मतिः	૨૨૨
किञ्च एवं सति मोक्षस्य समानाधिकरणदुःखप्रागभावाऽसहवृत्तेर्दुःखध्वंसस्वरूपत्वे तस्य पुरुषार्थताऽपे व्याहता, अतीतदुःखध्वंसस्य सिद्धत्वात्, अनागतदुःखस्य ध्वंसायेतुमशक्यत्वात् । **अतीतदुःखवत् वर्तमानदुःखस्यापि** पुरुषप्रयत्नं विनैव **स्वत एव नाशात् अपुरुषार्थत्वम्** ।

अस्तु वा वर्तमानदुःखस्य स्वोत्तरोत्पन्नातिशेषगुणनाश्यत्वं तथापि तत्र न तत्त्वज्ञानादेः कश्चित् व्यापार इत्यपुरुषार्थत्वापत्तेर्दुर्वारैव । तथा च न कश्चित्पुरुषः तदर्थं व्यापरेदेवेति स्यादतोदेन आशयः ।

ननु पुरुषप्रयत्नाधीनप्रायश्चित्तजन्ये दुरितध्वंसे यथा पुरुषप्रयत्नापेक्षा तथा पुरुषप्रयत्नाधीन-दुःखहेतूच्छेदसंपाद्ये दुःखोच्छेदे पुरुषप्रयत्नाऽपेक्षाऽनापत्तिरेवेति न पुरुषव्यापारानुपपत्तिरित्याशङ्क्याऽपाकर्तुमुपन्यस्यति - **न च हेतूच्छेद** इति । तत्रैवासे हेतुमाह **तथा सति** = दुःखहेतूच्छेदगोचरपुरुषप्रयत्नाभ्युपगमे सति **दुःखानुत्पादस्य** = दुःखप्रागभावस्य **प्रयोजनत्वप्रसङ्गात्** । हेतूच्छेदस्य सुख-दुःखाभावेतरत्वेन स्वतोऽपुरुषार्थत्वात् अनागतानुत्पादमुद्दिश्य क्रियमाणत्वात्तु दुःखप्रागभावस्य पुरुषार्थत्वापत्त्या प्रभाकरमतप्रवेशप्रसङ्ग इत्यजां

એટલે જ તથાભવ્યત્વ. તે તે દેશ-કાળ (ચરમાવર્ત) વગેરેનો સંપર્ક થયે છતે તથાભવ્યત્વનો પરિપાક થાય છે. તે તે દેશ-કાળ વગેરેની પ્રાપ્તિ જેવા પ્રકારના જીવસ્વભાવની અપેક્ષા રાખે છે. આ વિષયમાં વિશેષનિરૂપણ યોગબિન્દુ વગેરે ગ્રંથોમાં શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ વગેરેએ કરેલ છે. અહીં જે કહેવાયું છે તે તો માત્ર દિશાસૂચન છે.

❋❋ નૈયાયિક મતે મોક્ષપુરુષાર્થના ઉચ્છેદની આપત્તિ ❋❋

किञ्च० । વળી, બીજી વાત એ છે કે મોક્ષને સમાનાધિકરણદુઃખપ્રાગભાવાઽસહવૃત્તિ દુઃખધ્વંસ સ્વરૂપ માનવામાં આવે તો મોક્ષપુરુષાર્થના ઉચ્છેદનું કલંક નૈયાયિકના કપાળે ચોંટશે. એનું કારણ એ છે કે જે રીતે અતીતકાલીન દુઃખ પુરુષપ્રયત્ન વિના જ નષ્ટ થયેલ છે તે જ રીતે વર્તમાનકાલીન દુઃખ પણ પુરુષપ્રયત્ન વિના જ સ્વયં નાશ પામી જશે. આ રીતે પુરુષપ્રયત્નથી સાધ્ય ન હોવાથી દુઃખધ્વંસ સામાન્ય પુરુષાર્થ પણ નથી થઈ શકતો. તો પછી તેને મોક્ષસ્વરૂપ ચરમ પુરુષાર્થ માનવાની કલ્પના તો કઈ રીતે કરી શકાય? જો નૈયાયિક એમ કહે કે —>દુઃખના ઉચ્છેદમાં પુરુષવ્યાપારની સાક્ષાત્ અપેક્ષા હોવાથી દુઃખઉચ્છેદમાં પણ દુઃખહેતુઉચ્છેદક દ્વારા પુરુષપ્રયત્નની અપેક્ષા સરાસર એ રીતે હોઈ શકે છે, જે રીતે પુરુષપ્રયત્નસાપેક્ષ પ્રાયશ્ચિત્ત દ્વારા પ્રાયશ્ચિત્તાધીન પાપનાશમાં પુરુષપ્રયત્નની અપેક્ષા હોય છે આથી દુઃખધ્વંસમાં પુરુષાર્થત્વની અનુપપત્તિ નથી. <— તો આ વાત વ્યાજબી નથી. કારણ કે દુઃખધ્વંસ જો દુઃખસાધનધ્વંસદ્વારા પુરુષપ્રયત્નસાપેક્ષ હશે તો દુઃખધ્વંસ એ પુરુષનું પ્રયોજન બની નહિ શકે. તેવું માનવામાં આવે તો દુઃખની અનુત્પત્તિ અથવા દુઃખસાધનનો ધ્વંસ એ જ પુરુષનું પ્રયોજન બની જશે, કારણ કે પુરુષપ્રયત્નથી સાક્ષાત્ જે વસ્તુ સમ્પાદિત થાય તે જ પુરુષનું પ્રયોજન બની શકે છે.

दुःखसाधनध्वंसस्यैव वा प्रयोजनत्वप्रसङ्गात् । न च चरमदुःखध्वंसेऽन्वय-व्यतिरेकाभ्यां तत्त्वज्ञानस्य प्रतियोगिवद् हेतुत्वम्, प्रतियोगिनमुत्पाद्य तेन तदुत्पादनात्, पुरुषार्थसाधनतया दुःख-तत्साधनयोरपि प्रवृत्तिदर्शनादिति वाच्यम् **चरमत्वस्याऽर्थसमाजसिद्धत्वेन कार्यतानवच्छेदकत्वात् ।**

भानुमती

*निष्काशयतः उभयेनकापातः । तदुत्पादरूप प्रागभावत्वेनाऽसाध्यत्वात् फलान्तरस्याभावाच्चाऽनात्यन्तिकतया तत्रतत्कलाशय। । **दुःखसाधनध्वंसस्यैव प्रयोजनत्वप्रसङ्गात्** = पुरुषार्थत्वापत्तेः । उभयथाऽपि दुःख-ध्वंसस्याऽपुरुषार्थत्वम्, पुरुषप्रयत्नेन साक्षात् सम्पाद्यस्यैव स्वातःपुरुषार्थत्वात् । न च दुःखप्रागभाव-दुःखसाधनाद्यभयोरपि स्वतः पुरुषार्थत्वमीति वक्ष्यते (पृष्ठ ९३/१२) ।*

*नन्व् स्वात्यन्तध्वंसरूपाऽपवर्गस्य चरमदुःखध्वंसरूप मिथ्याज्ञानोच्छेदद्वारा पुरुषप्रयत्नाधीनतत्त्व-ज्ञानसाध्यत्व । तथाहि तत्त्वज्ञानात् सतासत्ख्यातिज्ञानाभावे दोषानुत्पत्तौ प्रवृत्त्यभावेऽतएवानुत्पत्तौ जन्माऽभावे चरमदुःखध्वंसो भविष्यतीत्याशयेन नैयायिकः शङ्कते **न चैतं** । वाच्यमित्यर्थकोनाऽस्यान्वयः । **चरमदुःखध्वंसे अन्वय-व्यतिरेकाभ्यां तत्त्वज्ञानस्य** अपि **प्रतियोगिवत् हेतुत्वं** सिद्धम् । **एतेन** चरमदुःखे उत्पन्ने तज्ज्ञानाः तदुच्छेदेन भविष्यति तदनुत्पादे च तत्त्वज्ञानादापे न **स्यादित्यपास्तम्,** तुल्यवत्तदुभयोरपि चरमदुःखध्वंसकारण-त्वात्, तत्त्वज्ञानेन विना चरमदुःखानुत्पत्तेः । अत एव शुकदेवस्य तत्त्वज्ञानमुत्पन्नमिति तस्य तद्ध्वंस उत्पन्नो नास्मदादीनाम् । **न च** शुकदेवे तादृशं दुःखमुत्पन्नमस्तीति तस्य तद्ध्वंसो नास्मदादीनामिति **शङ्क्यम्,** अनादौ संसारेऽस्मदादीनामप्यार्वाचीनं तत्कृतो नोत्पन्नम्? इत्यस्याऽसमाधेयत्वात् । **न च** कारणाभावस्यैव तदुपपादकत्वमिति **वक्तव्यम्** अतत्तद्व्यतिरेकाधीनेतः तत्त्वज्ञानादन्यस्याऽनन्वेष्यमाणस्याऽभावात् । मुक्तौ स ध्वंसोऽस्त्येव तस्मिन् सति न मुक्तेरस्त्येवेति चरमदुःखं मुक्त्युत्पादकोत्पाद्यम् । **न चैवं** ध्वंसार्थं तत्त्वज्ञानेन चरमदुःखमुत्पाद्यं, तदनुत्पाद्य तद्ध्वंसानुत्पादादित्युद्धिरणीयम्, **प्रतियोगिनं** चरमदुःखं **उत्पाद्य तेन** = तत्त्वज्ञानेन **तदुत्पादनात्** = चरमदुःख-ध्वंसोत्पादनात् । **न चैवं** सुगतसिंहोत्थापनासदृशं तदापतेदिति वाच्यम्, लोके हि **पुरुषार्थसाधनतया** = पुरुषप्रयोजनहेतुत्वेन दुःख-तत्साधनयोरपि **प्रवृत्तिदर्शनात्** अनागतदुःखभनाशार्थं मुद्गरादौ प्रवृत्तिदर्शनात् अनागत-दुःखध्वंसार्थमपि प्रवृत्तिरुपपद्यते इति गङ्गेशोपाध्यायाशयः[1] ।*

प्रतियोगितासम्बन्धेन ध्वंसं प्रति तादात्म्येन प्रतियोगिनो हेतुतायां ध्वंसानन्तरं ध्वंसोत्पादवारणाया-ऽवश्यस्वीकार्यत्वेऽपि चरमदुःखं प्रति तत्त्वज्ञानस्य कारणताऽनुपगमे न विनिगमनाविरहबाधकमस्ति तद्बलेन तद्धीकर्तव्यं स्यादिति दोषो मीमांसकाय्यते यद्यप्यस्ति तथापि स्फुटत्वात्तूपेक्ष्य न्यायसिद्धः प्रकाशान्तरेण तन्मतमपाकरोति **चरमत्वस्य** = कार्यतावच्छेदकतया अभिमतस्य चरमदुःखत्वरूपस्य **अर्थसमाजसिद्धत्वेन** = कल्प्यमानसामग्रीभेद-सामग्रीप्रयोज्यत्वेनेष्यमाणा हेतुतत्त्वेन **कार्यतानवच्छेदकत्वात्** इति । अतच्छेदकतासम्बन्धेन जन्यत्वं प्रति स्वरूपेण वा जन्यतावच्छेदकं प्रति अर्थसमाजसिद्धत्वं प्रतिबन्धकाभावः तादृशप्रतिबन्धकशालिनि चरमदुःखत्वे नावच्छे-दकतासम्बन्धेन जन्यता स्वरूपसम्बन्धेन वा जन्यतावच्छेदकता । अत एव नीलघटत्वं न कस्यापि कार्यतावच्छेदकम् । दुःखत्वावच्छिन्नं प्रति अधर्मत्वेन कारणतायाः कल्पनेन सकलाधर्माऽभावेनाभिमतदुःखानुत्पादात्तद् दुःखं चरमामिति गीयते । चरमदुःखध्वंसदशायां तदर्थिते आत्मनि दुःखजनकाऽधर्मरूपकारणाविरहेण दुःखानुत्पत्त्या*

નૈયાયિક :- न च च० । ભાગ્યશાળી! ચરમ દુઃખનો નાશ એ જ મોક્ષ છે અને તે ધ્વંસ તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થયા પછી ઉત્પન્ન થાય છે તથા તત્ત્વજ્ઞાન ન હોય તો ઉત્પન્ન થતો નથી. આ રીતે અન્વય-વ્યતિરેક દ્વારા સિદ્ધ થાય છે કે તત્ત્વજ્ઞાન એ ચરમદુઃખધ્વંસનું કારણ છે. જેમ ચરમ દુઃખ હોય તો ચરમ દુઃખનો નાશ થાય છે અને ચરમ દુઃખ ન હોય તો તેનો નાશ નથી થતો. આ પ્રકારના અન્વય-વ્યતિરેક દ્વારા ચરમદુઃખધ્વંસ અને ચરમ દુઃખસ્વરૂપ પ્રતિયોગી વચ્ચે કાર્યકારણભાવ સિદ્ધ થાય છે તેમ ઉપરોક્ત અન્વય-વ્યતિરેકથી ચરમદુઃખનાશ અને તત્ત્વજ્ઞાન વચ્ચે જન્યજનકભાવ નક્કી થશે. આ કાર્યકારણભાવ પ્રામાણિક હોવાથી એવુ માનવું સર્વથા યુક્તિસંગત છે કે તત્ત્વજ્ઞાન ચરમ દુઃખને ઉત્પન્ન કરીને તેના નાશનું ઉત્પાદક થાય છે, કારણ કે ચરમ દુઃખ અને તેનું જનક તત્ત્વજ્ઞાન ચરમદુઃખધ્વંસસ્વરૂપ મોક્ષપુરુષાર્થનું સાધન છે. આથી તેની સિદ્ધિ= ઉત્પત્તિ કરવા માટે પુરુષની પ્રવૃત્તિ ન્યાયસંગત છે, કારણ કે જે દુઃખ અને દુઃખસાધન પુરુષાર્થનું સાધક હોય છે, તેમાં પુરુષની પ્રવૃત્તિ દેખાય છે. ધનના અર્થી પુરુષની દુઃખબહુલ ધંધા-નોકરી વગેરેમાં પ્રવૃત્તિ સર્વવિદિત જ છે ને !

❀ चरमदुःखध्वंसस्वरूप मोक्ष मानवामां समस्या ❀

સ્યાદ્વાદી :- चरम० । પુણ્યશાળી! તમારી આ વાત બરાબર નથી, કારણ કે દુઃખગત ચરમત્વ એ અર્થસમાજ આધીન

---

१. दृश्यतां तत्त्वचिन्तामणौ अनुमानखण्डे मुक्तिवादप्रकरणे १८८ तमं पृष्ठं

किञ्चैवमन्त्यदुःखे उपान्त्यदुःखमेव हेतुः कुतो न स्यात् ?

विशिष्टदुःखसाधनध्वंस एव मुक्तिरित्यपि न; प्रायश्चित्तादावपि 'दुःखं मा भूत्' इत्युद्दिश्यैव प्रवृत्तेः दुःखानुत्पादस्यैव

भानुमती

*अर्थवशादेव तस्य स्वसमानाधिकरणदुःखाऽसमानकालीनत्वनिर्वाहात् । अर्थसमाजसिद्धस्य कार्यतावच्छेदकत्वे पुरुषान्तरीयदुःखाऽसमानकालीनदुःखध्वंसत्वादेरपि किञ्चित्कारणकार्यतावच्छेदकत्वापातात् । **एतेन** समानाधिकरणदुःखप्रागभावाऽसहवृत्तेर्दुःखध्वंसत्वेन तस्य (चरमदुःखध्वंसस्य) उद्देश्यत्वात् दुःखाऽसम्भिन्नसुखवत्, तस्य च पुरुषप्रयत्नसाध्यत्वमेवेति (त.चिं.मु.वा.पृ.१९९) **तत्त्वचिन्तामणिकारवचनमपहस्तितम्**, तथोद्देश्यत्वेऽपि तस्य अयत्नसिद्धदुःखान्तरध्वंसवत् पुरुषप्रयत्नाऽसाध्यत्वात् स्वसामग्र्या उत्पन्नस्य सतो दुःखत्वावच्छेन्नस्य भोगैकनाश्यत्वनियमात् ।*

***किञ्च, एवं** = अर्थसमाजसिद्धस्यापि चरमदुःखत्वस्य कार्यतावच्छेदकत्वोपगमे, **अन्त्यदुःखे** = चरमदुःखत्वावच्छिन्नं प्रति **उपान्त्यदुःखमेव हेतुः कुतो न स्यात्** ? अन्वय-व्यतिरेकाभ्यामेव । अतः तत्त्वज्ञानेन तस्योत्पादयितुमशक्यत्वमेव, तस्य बहिरङ्गत्वेनान्यथासिद्धत्वात् । **एतेन** अन्वयव्यतिरेकाभ्यामविधायिनः तत्त्वज्ञानादन्यस्यान्तिमप्रमाणस्याभावादिति (त.चिं.मु.वा.पृ.१९८) **तत्त्वचिन्तामणिकृदुक्तमपास्तम्**, न हि स्थाणोरयमपराधो यदेनमन्धो न पश्यति । **अत एव नवमुक्तिवादकृतो गदाधरस्य** 'अर्थसमाजस्थले हि साधकाभाव एव कार्यतावच्छेदकत्वबाधकः, उपदर्शितमुक्तित्वावच्छेन्नं प्रति तत्त्वज्ञानहेतुतायाश्च श्रुति-स्मृत्यादिसाक्षिकतया न बाधः । मा भूद् वा तत्त्वज्ञानस्य तादृशमुक्तित्वावच्छेन्नं प्रति हेतुता तथापि तदवच्छेन्ने तत्त्वज्ञानस्य प्रयोजकत्वं दुर्वारमेव, तत्त्वज्ञानं विना पापप्रवाहावच्छेदाऽसम्भवेन दुःखानुवृत्तेरावश्यकतया दुःखध्वंसे दुःखाऽसमानकालीनत्वाऽनिर्वाहादिति (नवमुक्तिवाद - पृ ८०) उक्तेरपि नो **न क्षतिकारिणी** ।*

*ननु दुःखध्वंसस्य तत्त्वज्ञानप्रयोज्यत्वेऽपि न तस्य मोक्षरूपतोपपत्तिः, 'तमेव विदित्वा अतिमृत्युमेति नान्यः पन्था विद्यते अयनाय' ( ) 'आत्मा ज्ञातव्यः न स पुनरावर्तते' ( ) इत्यादिश्रुतिबलेन तत्त्वज्ञानजन्यस्यैव मोक्षरूपत्वात् । तत्त्वज्ञानेन दुरितनाशे समृत्यादिते एव तादृशदुःखध्वंसस्य संभवनात् तत्त्वज्ञानजन्यतादृशदुरितनाशमपहाय तादृशदुःखध्वंसस्य व्यवहितस्य मोक्षरूपता वा कथमङ्गीक्रियतामिति **विशिष्टदुःखसाधनध्वंसः** = दुःखप्रागभावाऽसहवृत्तित्वविशिष्टदुःखसाधनध्वंस **एव मुक्तिः**, लोकेऽहिकण्टकादिनाशस्य वैदिके प्रायश्चित्तादौ पापनाशस्याऽनन्यगतिकतया दुःखसाधनध्वंसत्वेन पुरुषार्थत्वादिति भोगजन्ये प्रायश्चित्तजन्ये च दुःखसाधनीभूतदुरितध्वंसेऽतिप्रसङ्गभङ्गाय दुःखप्रागभावाऽसहवृत्तित्वविशेषणं **इत्यपि न** सम्यक् ।*

*दुःखप्रागभावासमानाधिकरणदुःखसाधनध्वंसापेक्षया दुःखप्रागभावस्यैव मुक्तित्वे लाघवमित्याशयेन तल्लक्षणाकरणे हेतुमाह **प्रायश्चित्तादावपीति** । पापं नाश्यतां येन तज्जन्यं दुःखं न भवतीति **'दुःखं मे मा भूदि'ति उद्दिश्यैव प्रवृत्तेः दुःखानुत्पादस्यैव प्रयोजनत्वात्**, न दुःखसाधनध्वंसस्य । पुरुषेण स्ववृत्तितयाऽर्थ्यमानत्वेन*

છે. જે દુઃખની ઉત્પત્તિ પછી અન્ય દુઃખનું સાધન પાપ વગેરે નહીં હોય તે દુઃખ જ અન્યદુઃખજનક સાધનની ગેરહાજરીને લીધે ચરમ દુઃખ બની જશે. મતલબ કે દુઃખસંપાદક સામગ્રી અલગ છે અને દુઃખગત ચરમત્વની સામગ્રી અલગ છે. અનેક સામગ્રીથી પ્રયુક્ત હોવાને લીધે ચરમદુઃખત્વ તત્ત્વજ્ઞાનનું કાર્યતાવચ્છેદક કે નાશ્યતાવચ્છેદક નહીં બને. તેથી ચરમદુઃખની ઉત્પત્તિ દ્વારા તત્ત્વજ્ઞાનમાં ચરમદુઃખધ્વંસની કારણતાનું સમર્થન થઈ નહિ શકે. એ ઉપરાંત બીજી વાત એ છે કે અંત્ય દુઃખ પ્રત્યે ઉપાન્ત્ય દુઃખ જ શા માટે કારણ ના બને? ઉપાન્ત્ય દુઃખ દ્વારા ચરમદુઃખની ઉત્પત્તિ સંભવિત હોવાથી તત્ત્વજ્ઞાનથી ચરમ દુઃખની ઉત્પત્તિનું સમર્થન કરવું ઉચિત નથી.

❀ મુક્તિ વિશિષ્ટદુઃખસાધનધ્વંસસ્વરૂપ નથી ❀

વિશિ૦ । અમુક વિદ્વાનોની માન્યતા એવી છે કે —> 'વિશિષ્ટદુઃખસાધનધ્વંસ એ જ મુક્તિ છે. દુઃખનું સાધન પાપ છે. જે કે તેનો ધ્વંસ તો દુઃખ ભોગવવા વગેરે દ્વારા પણ સંસારમાં થાય છે જ. માટે સામાન્ય દુઃખસાધનધ્વંસ એ મુક્તિ નથી, પરંતુ દુઃખપ્રાગભાવાઽસહવૃત્તિત્વવિશિષ્ટ દુઃખસાધનધ્વંસ એ મોક્ષ છે. સંસારમાં રહેલા જીવો જ્યારે દુઃખ ભોગવીને પાપ ખપાવે છે ત્યારે પણ (ભવિષ્યમાં અનેક દુઃખ આવવાના હોવાથી) તે વખતનો દુઃખસાધનધ્વંસ એ દુઃખના પ્રાગભાવનો સમાનાધિકરણ હશે. અર્થાત્ સંસારી અવસ્થામાં થનાર દુઃખસાધનવિનાશ દુઃખપ્રાગભાવાઽસહવૃત્તિત્વવિશિષ્ટ = દુઃખપ્રાગભાવસામાનાધિકરણ્યશૂન્યતાવિશિષ્ટ નહિ બની શકે. માટે તેવા દુઃખસાધનધ્વંસને મોક્ષ નહિ કહી શકાય. જે દુઃખસાધનધ્વંસ થયા પછી તે જીવને ભાવીમાં કોઈ પણ દુઃખ આવવાનું નહિ હોય તે દુઃખસાધનધ્વંસ દુઃખપ્રાગભાવાઽસહવૃત્તિતાવિશિષ્ટ બનશે, કારણ કે તે જીવમાં ત્યારે દુઃખનો પ્રાગભાવ રહેતો નથી. આથી તેવા દુઃખપ્રાગભાવાઽસમાનાધિકરણ દુઃખસાધનધ્વંસને મોક્ષ માનવો સંગત છે.' <—

ન, પ્રા૦ । પરંતુ મહોપાધ્યાયજી મહારાજ જણાવે છે કે દુઃખપ્રાગભાવાઽસહવૃત્તિત્વવિશિષ્ટ દુઃખસાધનધ્વંસને મોક્ષ માનવા

प्रयोजनत्वात् । न च तस्याऽसाध्यत्वम्; योगक्षेमसाधारणजन्यतायाः प्रागभावेऽपि सत्त्वात् ।

आत्यन्तिकदुःखप्रागभावो मोक्षः तस्य प्रतियोगिजनकाऽधर्मनाशमुखेन कृतिसाध्यत्वादित्यतिमन्दम्,

भातृमती

दुःखानुत्पादस्यैव पुरुषार्थत्वमापद्यते ।

न च तस्य = दुःखानुत्पादस्य प्रागभावस्वरूपत्वेनाऽनादितया **असाध्यत्वं** = स्वकृतिविषयत्वायोग्यत्वमिति न दुःखानुत्पादस्य प्रयोजनत्वमिति **वाच्यम्, योगक्षेमसाधारणजन्यतायाः प्रागभावेऽपि सत्त्वादिति** । अयमाशयः योगानुगतजन्यत्वं न साध्यताया व्यापकम्, प्रायश्चित्तादिविषयकप्रवृत्त्युद्देश्ये दुःखकारणीभूतदुरितादिविघटनद्वारा साध्ये दुःखानुत्पादे व्यभिचारात् । प्राप्तशरीरधनादिरक्षणस्यापि पुरुषप्रयत्नविषयत्वेन साध्यत्वात् योगक्षेमसाधारणजन्यतायाः एव साध्यताव्यापकत्वमुपगन्तव्यम् । क्षेमरूपश्च साध्यत्वं लब्धपरिरक्षणम्, सिद्धस्योत्तरकालसत्त्वनिर्वाहकत्वमिति यावत् । प्रागभावस्यापि उत्तरोत्तरकालसम्बन्धः प्रतियोग्युत्पादावरोधिनिर्वाह्यः । दुःखोत्पादावरोधे च दुःखबीजीभूताऽधर्मप्रवाहनाशहेतुरात्मतत्त्वज्ञानादिकं कार्य्याभावे कारणाभावस्य प्रयोजकत्वादिति तत्साध्यत्वं दुःखप्रागभावेऽक्षतमेव । **एतेन** प्रागभावस्यैकान्ताऽसाध्यत्वनियमोऽपि **प्रत्युक्तः** दुःखसाधनविघटनद्वारा तस्यापि कृतिसाध्यत्वात्, दुःखसाधनसमवधानदशायां कृतौ सत्यां दुःखसाधननाशे सत्यग्रिमसमये प्रागभावस्वरूपमस्ति तेन विना नास्तीत्यन्वय-व्यतिरेकयोस्तत्र सत्त्वात् । घटेऽपि कृतौ सत्यामग्रिमक्षणे तत्सत्त्वं तया विना नेत्येव कृतिसाध्यत्वम्, न तु प्रागसतोऽग्रिमक्षणे सत्त्वमुत्पत्तिः, गौरवात् । **न च** कृतिं विना न यत्स्वरूपं तत्कृतिसाध्यं प्रागभावस्वरूपं तु न तथेति **वाच्यम्,** कृतिध्वंसेऽपि घटसत्त्वेनाऽग्रिमक्षण इत्यावश्यकत्वात् । अत एव योगवत् क्षेमस्याऽनागतानिष्टानुत्पादजनकस्य परीक्षकप्रवृत्तिविषयत्वमिति व्यक्तं **तत्त्वचिन्तामणौ मुक्तिवादे** (त.चिं.मु.वा.पृ. १६९) ।

प्राभाकरास्तु आत्यन्तिकदुःखप्रागभावो मोक्षः । न च तस्याऽनादित्वेन सिद्धत्वादपुरुषार्थत्वमिति **वाच्यम्,** कदाचित् कृत्यनपेक्षित्वेऽपि **तस्य** = आत्यन्तिकदुःखप्रागभावस्य **प्रतियोगिजनकाऽधर्मनाशमुखेन** = दुःखोत्पादकदुरितप्रवाहोच्छेदद्वारा **कृतिसाध्यत्वात्,** कृत्यधीनतत्त्वज्ञानादधर्मनाशे सत्यग्रिमसमये दुःखप्रागभावस्व-

---

કરતાં દુઃખપ્રાગભાવને જ મોક્ષ માનવામાં લાઘવ છે. તથા પ્રાયશ્ચિત વગેરેમાં જે મુમુક્ષુઓ પ્રવૃત્તિ કરે છે તેમાં પણ એ જ ઉદ્દેશ હોય છે કે 'મને દુઃખ ન મળો.' અર્થાત્ દુઃખની અનુત્પત્તિને ઉદ્દેશીને પ્રાયશ્ચિત વગેરેમાં પ્રવૃત્તિ થતી હોવાને લીધે દુઃખની અનુત્પત્તિ અર્થાત્ દુઃખોત્પત્તિઅભાવ= દુઃખના પ્રાગભાવને જ પ્રયોજન =પુરુષાર્થ માની શકાય. જેને ઉદ્દેશીને પ્રવૃત્તિ થતી હોય તેને જ પ્રયોજન =પુરુષાર્થ માની શકાય. અર્થાત્ પુરુષ વડે પોતાનામાં રહેવા સ્વરૂપે જે ઈચ્છાય તે જ પુરુષાર્થ કહેવાય. આથી દુઃખપ્રાગભાવને જ પરમપુરુષાર્થ= ચરમપુરુષાર્થ= મોક્ષપુરુષાર્થ માનવો પડશે.

શંકા :- न च त० । દુઃખના પ્રાગભાવને પુરુષાર્થ માની શકાય તેમ નથી, કારણ કે દુઃખપ્રાગભાવ તો અનાદિકાલીન હોવાને લીધે સ્વતઃ સિદ્ધ છે, સાધ્ય નથી. જે સાધ્ય હોય તે પુરુષાર્થ= પ્રયોજન બની શકે. આકાશ યા વન્ધ્યાપુત્ર કોઈનું પ્રયોજન નથી બનતા. આથી દુઃખપ્રાગભાવને પુરુષાર્થ કેમ માની શકાય? જે સર્વદા સન્નિહિત જ હોય તેની પ્રાપ્તિનો અભિલાષ કઈ રીતે થઈ શકે?

❀ प्रागभावमां पण जन्यता मान्य ❀

સમાધાન :- योग० । ભાગ્યશાળી ! તમારી આ શંકા વ્યાજબી નથી. એનું કારણ એ છે કે જેની પ્રાપ્તિ થઈ શકે તેમાં જેમ જન્યતા રહે છે તેમ પ્રાપ્તના રક્ષણમાં પણ જન્યતા=સાધ્યતા= પુરુષપ્રયત્નવિષયતા રહે છે. અર્થાત્ અપ્રાપ્તની પ્રાપ્તિ જેમ પુરુષ પ્રયત્નથી સાધ્ય છે તેમ પ્રાપ્તિનું રક્ષણ પણ પુરુષપ્રયત્નથી સાધ્ય છે. યોગ અને ક્ષેમ બન્નેમાં જન્યતા = સાધ્યતા સમાન છે. દુઃખપ્રાગભાવ અનાદિ હોવાના લીધે ભલે તેની પ્રાપ્તિ પુરુષપ્રયત્નથી સાધ્ય ના બને, પરંતુ પ્રાપ્ત એવા પ્રાગભાવનું રક્ષણ કરવા સ્વરૂપ ક્ષેમ તો જરૂર પુરુષપ્રયત્નથી સાધ્ય બનશે. પુરુષ એવા પ્રકારનો પ્રયત્ન કરે જેથી અનાદિ એવા દુઃખપ્રાગભાવનો નાશ ના થાય. આથી દુઃખનો પ્રાગભાવ જરૂર પ્રયોજન = પુરુષાર્થ બની શકે છે. માટે દુઃખપ્રાગભાવને છોડી દુઃખપ્રાગભાવઅસમાનાધિકરણ દુઃખસાધનધ્વંસને મોક્ષ માનવો એ બરાબર નથી.

❀ मोक्ष आत्यन्तिक दुःखप्रागभावस्वरूप छे- प्रभाकर ❀

આત્ય० । પ્રભાકરમિશ્ર નામના મીમાંસકનું એમ કહેવું છે કે —> 'મોક્ષ એ બીજું કાંઈ નથી પરંતુ આત્યંતિક દુઃખપ્રાગભાવ એ જ મોક્ષ છે. પ્રાગભાવ અનાદિ હોવાથી સાક્ષાત્ પુરુષપ્રયત્નવિષય બની શકતો નથી, પરંતુ તેના પ્રતિયોગીના જનક અધર્મના નાશ દ્વારા એ પણ સાધ્યકોટિમાં આવી શકે છે. આશય એ છે કે દુઃખપ્રાગભાવ અનાદિસિદ્ધ હોવાથી તેની ઉત્પત્તિ = પ્રાપ્તિ એ સાધ્ય નથી.

प्रागभावस्य प्रतियोगिजनकत्वनियमेन मुक्तस्य पुनरावृत्तिप्रसङ्गात् । सहकारिविरहेण दुःखानुत्पादे तस्योत्तरावधिविधुरत्वेनात्यन्ताभावत्वप्रसङ्गात् ।

भानुमती

*रूपमस्ति, तथा विनाऽधर्मेण दुःखजननात् न प्रागभावस्वरूपमस्तीति घटत्वात् कृतिसाध्यत्वात् । व्यवस्थापेक्षया प्रागभावस्य कृतिसाध्यत्वमनुपदमेव । क्षेमसाधारणसाधनताज्ञानस्यैव च प्रवर्तकत्वम्, 'दुःखं मे मा भूत्' इत्युद्देश्यैव प्रायश्चित्तादौ वैदिके लौकिके चाहिकण्टकापनयनादौ प्रवृत्तिदर्शनात् । **न चैवं** युगपदधर्मध्वंस एव मुक्तेः, प्रागभावस्याऽनादितया विवक्षितविवेकेन तस्यैव कृतिसाध्यत्वपर्यवसानादिति **वाच्यम्,** अधर्मध्वंसस्य स्वतोऽपुरुषार्थत्वात् दुःखानुत्पादहेतुत्वेनैव तस्य प्रयोजनता वाच्या । सा च कथमसाध्यत्वे प्रागभावस्य स्यात् ? **अत एव** 'दुःख-जन्म-प्रवृत्ति-दोष-मिथ्याज्ञानानामुत्तरोत्तरापाये तदनन्तरापायादपवर्गः' (न्या.सू.१-२) इति **न्यायसूत्रमपि** सङ्गच्छते, अन्यथा मिथ्याज्ञानाद्यनुत्पादानां दुःखानुत्पादहेतुत्वेनाऽसङ्गतमेव तत्स्यादिति तदर्कणे (द्रष्टव्यतां तत्त्वचिन्तामणौ मुक्तिवादे १।१४ तमे पृष्ठे) ।*

*तत् **अतिमन्दम्** । तथाहि अस्तु प्रागभावस्य साध्यत्वं तथापि **प्रागभावस्य प्रतियोगिजनकत्वनियमेन मुक्तस्य** अपि दुःखोत्पादप्रसङ्गेन संसारे **पुनरावृत्तिप्रसङ्गात्** । विनाश्यभावस्यैव प्रागभावत्वेनाऽनाश्यत्वस्य प्रागभावत्वविरहव्याप्यत्वात् । **सहकारिविरहेण** = अधर्म-शरीरप्रभृतीनां दुःखसहकारिणामभावेन, मुक्तौ **दुःखानुत्पादे** उपपाद्यमाने तु **तस्य** = आत्यन्तिकदुःखप्रागभावस्य **उत्तरावधिविधुरत्वेन** = उत्तरकालमर्यादाशून्यत्वेन अनादिनिधनतया **अत्यन्ताभावत्वप्रसङ्गात्** । तथा च प्रागभावत्वव्याकोपो दुर्वारः । **न च** प्रतियोगिजनकनाश्यजातीयत्वेन तत्र प्रागभावव्यपदेशः, वस्तुतो नित्य एव स इति **वाच्यम्,** नित्यत्वेनाऽत्यन्ताभावरूपतया प्रागभावाव्यत्वेन नाश्यजातीयत्वाऽभावात्, प्रतियोगिजनकनाशमुखेन साध्यत्वाच्च । अपि च मुक्तेः प्रागभावस्य समानाधिकरणं भावि दुःखं न प्रतियोगि, तस्याऽभावात् भावे ताऽमुक्तत्वापातात् । नापि समानाधिकरणमतीतं वर्तमानश्च, तत्प्रागभावस्य विनष्टत्वात् । नापि व्यधिकरणम्, अन्यवृत्तेर्दुःखस्याऽन्यत्राऽत्यन्ताभावेन प्रागभावाभावात्, तस्य प्रतियोगिसमानदेशत्वात् । न च दुःखभावं प्रतियोगि, स्वपरोत्पत्तेः दुःखभावस्याऽप्रामाणिकत्वात्, तस्यात्यन्ताऽसतो नित्यानिवृत्तत्वेन तन्निवृत्तये प्रेक्षावत्प्रवृत्त्यनुपपत्तेः । अहिकण्टकादेर्नाश-प्रायश्चित्तादेः साध्यदुःखप्रागभावयोः कञ्चिन्नश्यक्षणप्रागभावस्य च समानाधिकरणमेव भावि दुःखं भक्षणश्च प्रतियोगीति ध्येयमेव **तत्त्वचिन्तामणौ** (द्रष्टव्यतां त.चिं.मु.वा.१।१५तमे पृष्ठे)*

*तदुक्तं **गदाधरेणाऽपि नवमुक्तिवादे** - 'तिर्तिशेषणदुःखप्रागभावस्य संसारदशासाधारण्यतया स्वसमानाधिकरणदुःखाऽसमानकालीनध्वंसांशेविशेष्य एतासौ मोक्षरूपो वाच्यः । तादृशश्चाऽप्रसिद्धः, मुक्तस्य दुःखानुत्पत्त्या मुक्तिदशायां तत्प्रागभावाऽसत्त्वात्, अनागतस्यैव प्रागभावप्रतियोगित्वात् (पृ.४६) ।*

પરંતુ જો દુઃખ ઉત્પન્ન થાય તો એ દુઃખપ્રાગભાવ નષ્ટ થઈ જાય. તેથી જો એ દુઃખપ્રાગભાવને ટકાવી રાખવો હોય તો દુઃખની ઉત્પત્તિને અટકાવવી જોઈએ. પાપ દુઃખજનક છે. તેથી જો દુઃખની ઉત્પત્તિનું નિવારણ કરવું હોય તો પાપનો નાશ કરવો જોઈએ. પાપ નાશ પામે તો દુઃખ ન જન્મે. દુઃખ પેદા ન થાય તો દુઃખપ્રાગભાવ ટકી રહે. આમ પુરુષપ્રયત્નવિષયીભૂત દુઃખજનક પાપનો નાશ થવા દ્વારા દુઃખપ્રાગભાવ પણ પ્રયત્નથી સાધ્ય બની શકે છે. આથી મોક્ષ આત્યંતિક દુઃખપ્રાગભાવસ્વરૂપ છે -આમ માનવું ઉચિત છે.'<--

પ્રભાકરમાન્ય મુક્તિનું નિરાકરણ

પ્રાગ૦ । પરંતુ મહોપાધ્યાય શ્રીમદ્જી જણાવે છે કે જો મુક્તિને દુઃખના પ્રાગભાવસ્વરૂપ માનવામાં આવે તો મુક્ત થયેલ જીવને ફરીથી ક્યારેક સંસારી બનવું પડશે, કારણ કે 'પ્રાગભાવ સ્વપ્રતિયોગીનો અવશ્ય જનક હોય છે' આવો નિયમ હોવાના લીધે તે દુઃખપ્રાગભાવ ક્યારેક ને ક્યારેક દુઃખ ઉત્પન્ન કરશે જ. પોતાનામાં દુઃખ જન્મવું એટલે જ પોતે સંસારી થવું. પ્રાગભાવ એ વિનાશી અભાવ છે અને પ્રાગભાવના પ્રતિયોગીની ઉત્પત્તિ જ પ્રાગભાવનો નાશ કરે છે- આ વાતની તો ન્યાયના પ્રાથમિક અભ્યાસુને પણ ખબર હોવાથી અહીં તેના વિવેચનની આવશ્યકતા નથી. જો પ્રભાકર તરફથી એમ કહેવામાં આવે કે --> 'મુક્તિમાં દુઃખનો પ્રાગભાવ તો છે જ પરંતુ એટલા માત્રથી દુઃખ ઉત્પન્ન ન થઈ શકે. દુઃખની ઉત્પત્તિ માટે દુઃખના પ્રાગભાવની જેમ પાપ, શરીર વગેરે પણ અપેક્ષિત છે. પાપ, શરીર વગેરે દુઃખસહકારી કારણોની ગેરહાજરી હોવાને લીધે મોક્ષમાં ક્યારેય પણ દુઃખ ઉત્પન્ન નહિ થાય. માટે દુઃખના પ્રાગભાવનો ક્યારેય પણ નાશ નહીં થાય. સંસારી જીવોમાં રહેલ દુઃખપ્રાગભાવ અને મુક્તિ જીવમાં રહેલ દુઃખપ્રાગભાવમાં આ જ વિશેષતા છે' <-- તો આ પણ અસંગત છે, કારણ કે જો એ દુઃખપ્રાગભાવનો સહકારીવિરહના કારણે ક્યારેય પણ મુક્તિમાં નાશ થવાનો ન હોય તો તેને દુઃખનો પ્રાગભાવ નહિ કહેવાય, પરંતુ દુઃખનો અત્યંતાભાવ કહેવો પડશે. જે સંસર્ગાભાવની આગળ કે પાછળ કોઈ પણ પ્રકારની કાલમર્યાદા ન હોય તે સંસર્ગાભાવ એ અત્યંતાભાવ કહેવાય છે. મુક્ત જીવના દુઃખપ્રાગભાવનો આદિકાળ નથી અને સહકારિવિરહને લીધે અંતકાળ પણ નથી. તેથી તેને દુઃખના અત્યંતાભાવસ્વરૂપ માનવો પડશે. આથી આત્યંતિક દુઃખપ્રાગભાવને મોક્ષ ન કહી શકાય.

अपरे तु 'दुःखेनाऽत्यन्तविमुक्तश्चरती' ( ) ति श्रुतिस्वरसादुःखात्यन्ताभाव एव मुक्तिः । दुःखसाधनध्वंस एव स्ववृत्तिदुःखस्यात्यन्ताभावसम्बन्धः । स च साध्य एवेत्याहुः । तत्र । दुःखसाधनध्वंसस्य दुःखात्यन्ताभावसम्बन्धत्वे मानाभावात् ।

दुःखध्वंसस्तोम एव मुक्तिरित्यपि वार्तम्, स्तोमस्य कथमप्यसाध्यत्वात् ।

भानुमती

अपरे तु 'दुःखेनाऽत्यन्तविमुक्तश्चरति' इतिश्रुतिस्वरसात् = दर्शितश्रुतौ मुक्तेरत्यन्ताभावत्वेन श्रवणात् **दुःखात्यन्ताभाव एव मोक्षः** = मोक्षप्रतिपादकश्रुतेरयम् । यद्यपि परदुःखात्यन्ताभावः स्वतः सिद्ध एव, स्वदुःखात्यन्ताभावः स्वात्मन्यसम्भवी, घटादावतिप्रसक्तो साध्यश्च । तथापि **दुःखसाधनध्वंस एव स्ववृत्तिदुःखस्याऽत्यन्ताभावसम्बन्धः । स च** = दुःखसाधनध्वंसः हि **साध्य एव**, यद्यपि दुःखसाधनध्वंसो न स्वतः पुरुषार्थोऽत्यन्ताभावश्च न स्वरूपतः साध्यस्तथापि विशिष्टस्य पुरुषार्थत्वं विशेषणसाध्यत्वेन विशिष्टसाध्यत्वञ्च । अहिकण्टकादिनाशस्यापि तत्तद्व्यक्तिकसाध्यदुःखात्यन्ताभावमुद्दिश्य तत्सम्बन्धत्वेनैव साध्यता **इत्याहुः** ।

तत् न समीचीनम्, दुःखानुत्पादमुद्दिश्य प्रवृत्तेः दुःखसाधनध्वंसस्य स्वतः प्रयोजनत्वे मानाभावात् । **न च** परतः प्रयोजनत्वमस्तीति **वाच्यम्**, तथापि अत्यन्ताभावस्य स्वरूपसम्बन्धेनैव वृत्तित्वेन **दुःखसाधनध्वंसस्य दुःखात्यन्ताभावसम्बन्धत्वे मानाभावात् । न च** 'दुःखसाधनध्वंसादौ अस्य दुःखस्याऽत्यन्ताभाव'इति बुद्धिव्यपदेशौ स्त इति **वाच्यम्**, तस्य समानाधिकरणदुःखाऽसमानकालदुःखाभावाऽविषयत्वेनाऽप्युपपत्तौ अतिरिक्तसम्बन्धाऽविषयत्वात् । किञ्च नाऽनागतस्ववृत्तिदुःखस्यात्यन्ताभावसम्बन्धः साध्यः, मुक्तस्याऽनागतस्ववृत्तिदुःखस्याऽनभ्युपगमात्, अभ्युपगमे वाऽमुक्तत्वापातात्, अत्यन्ताभावसम्बन्धविरोधाच्च । नाऽप्युत्पन्नस्य स्ववृत्तिदुःखस्य, तद्वृत्तेः तत्राऽत्यन्ताभावाविरोधात् तदभावस्य स्वतः सिद्धत्वात्, अतीतदुःखाभावस्याऽनुद्देश्यत्वाच्च । नापि परकीयदुःखस्यात्यन्ताभावसम्बन्धः, तस्य स्वतः सिद्धत्वादित्यधिकं **तत्त्वचिन्तामणौ** ।

किञ्च दुःखसाधनध्वंसमुखेन दुःखात्यन्ताभावस्य परमप्रयोजनत्वे तु सुषुप्त्यादिदशायां मुक्तत्वव्यवहारापत्तिरपि दुर्वारा । **न च** दुःखप्रागभावाऽभावातिरिक्तदुःखात्यन्ताभावस्य दुःखसाधनध्वंससम्बन्धेन परमपुरुषार्थत्वान्नातिप्रसङ्ग इति **वाच्यम्**, तथा सति 'दुःखसाधनध्वंससम्बन्धेन' इत्यस्य व्यर्थत्वात्, प्रतिज्ञाहान्यापत्तेश्चेति **दिक्** ।

ननु **दुःखध्वंसस्तोम एव मुक्तिः । न च** कतिपयदुःखध्वंससमूहवत्यात्मन्यतिप्रसङ्ग इति **वाच्यम्**, तत्तदात्मन्यावद्दुःखध्वंससंबलनदशायामेव तथात्वेनेष्टत्वात्, प्रतिपुरुषं दुःखध्वंसस्तोमस्य व्यक्तिकस्थानीयत्वात् तेजोऽभावे संवलितेऽन्धतमसपदप्रयोगवत् **इत्यपि वार्तम्**, तत्तदात्मन्यावद्दुःखध्वंसप्रतियोगिकोत्तौ तत्त्वज्ञानाद्युत्पत्तिपूर्वकालीनादिदुःखसमावेशेन तादृशस्य **स्तोमस्य कथमपि** तत्त्वज्ञानादिना **असाध्यत्वात्** = पुरुषप्रयत्नाऽगोचरत्वात् । किञ्च स्तोमस्याऽनतिरिक्तत्वेऽतिप्रसङ्गात्, अतिरिक्तत्वे जन्यस्य ध्वंसाऽनुत्तेः, अजन्यस्य पुरुषार्थत्वक्षतेः अन्धतमसादौ तथासम्वलने एव प्रयोगादित्यधिकं **तत्त्वचिन्तामणौ** (त.चिं.मु.वा.पृ.१९९) ।

❀ દુઃખધ્વંસ અથવા દુઃખઅત્યન્તાભાવરૂપ મોક્ષ અમાન્ય ❀

અપરે० । અન્ય વિદ્વાનોનું એવું મન્તવ્ય છે કે —> 'મોક્ષઉત્તરકાળમાં જીવ દુઃખથી અત્યન્ત વિમુક્ત રીતે વર્તે છે' આ વાતનું પ્રતિપાદન કરનાર શ્રુતિના અનુસારે દુઃખોનો અત્યન્તાભાવ જ મોક્ષ છે તથા દુઃખસાધનોનો ધ્વંસ જ સ્વમાં વિદ્યમાન દુઃખના અત્યન્તાભાવનો 'સ્વ' ની સાથે સંબંધ છે. અર્થાત્ દુઃખસાધનધ્વંસદ્વારા સ્વવૃત્તિદુઃખનો અત્યંતાભાવ સ્વમાં રહે છે અને તે જ મોક્ષ છે. દુઃખસાધનોનો નાશ તો પુરુષપ્રયત્નથી સાધ્ય છે. આથી દુઃખાત્યન્તાભાવ નિત્ય હોવાને લીધે સ્વરૂપથી અસાધ્ય હોવા છતાં દુઃખસાધનધ્વંસસ્વરૂપ સંબંધ દ્વારા સાધ્ય હોવાથી તેમાં પુરુષાર્થત્વની અનુપપત્તિ નહિ આવે.' <—

તત્ ન० । પરંતુ આ વાત બરાબર નથી, કારણ કે 'દુઃખસાધનોનો ધ્વંસ દુઃખાત્યન્તાભાવનો સંબંધ છે' આ વાતમાં જ કોઈ પ્રમાણ નથી. અત્યન્તાભાવનો સર્વત્ર સ્વરૂપ સંબંધ જ યુક્તિસિદ્ધ છે. માટે દુઃખસાધનધ્વંસમાં દુઃખાત્યન્તાભાવના સંબંધપણાની અપ્રામાણિક કલ્પનામૂલક દર્શિત મુક્તિસ્વરૂપ પણ અપ્રામાણિક સિદ્ધ થાય છે.

❀ દુઃખધ્વંસસ્તોમ પણ મુક્તિ નથી ❀

દુઃખ० । કેટલાક વિચારકોનું એવું માનવું છે કે —> 'દુઃખધ્વંસસમૂહ જ મોક્ષ છે. દુઃખધ્વંસસમૂહનો અર્થ છે એક જીવમાં જેટલા દુઃખધ્વંસ સંભવી શકે તેટલા બધા જ દુઃખધ્વંસ. આથી કેટલાક દુઃખધ્વંસના સમૂહને લઈને સંસારી જીવમાં મોક્ષની આપત્તિ નહિ આવે. <— પરંતુ આ મત પણ બરાબર નથી, કારણ કે સમગ્ર દુઃખધ્વંસમાં તત્ત્વજ્ઞાન પૂર્વે ઉત્પન્ન થયેલા દુઃખધ્વંસનો પણ

त्रिदण्डिनस्तु आनन्दमयपरमात्मनि जीवात्मलयो मोक्ष इत्याहुः । तत्र लयो यदि एकादशेन्द्रिय-सूक्ष्ममात्रा-ऽवस्थितपञ्चभूतात्मकलिङ्गशरीरापगमस्तदा नामकर्मक्षय एव स इति कर्मक्षयरूपमोक्षवादिकक्षाप्रवेशः । यदि चोपाधिशरीरनाशे औपाधिकजीवनाशस्तदा तेन रूपेणाऽकाम्यत्वादपुरुषार्थत्वम् ।

भावानुवाद

त्रिदण्डिन इति । त्रिदण्डिनोऽत्र **भास्कराचार्य**मतावलम्बिनो वेदान्तिका ग्राह्याः । **भट्टभास्करो** हि भेदाभेदसिद्धान्तवादी, यदुक्तं **भट्टोजिदीक्षितेन वेदान्ततत्त्वविवेकटीकाविवरणे** 'भट्टभास्करस्तु भेदाभेदवेदांसिद्धान्तवादी'ति। अपरे **टङ्क-द्रमिण-गुहदेव-भारुचि-यामुनाचार्यादयोऽपि** त्रिदण्डिवेदान्तिनः श्रूयन्ते । **दक्षेण** तु 'वैष्णवेन त्रिदण्डेन न त्रिदण्डीति कथ्यते । अहंतात्मदण्डयुक्तो यः स त्रिदण्डीति कथ्यते ।। वाग्दण्डेदण्डयुक्तस्तु प्रत्यगात्मन्यवस्थितः परब्रह्मणि लीनो यः स त्रिदण्डी व्यवस्थितः ।।' इत्युक्तेर्भेदः त्रिदण्डिस्वरूपवर्णनमकारि । **आनन्दमयपरमात्मनि जीवात्मलयो मोक्ष इति** । लवणमयं व्यञ्जनमोतेवत् प्राचुर्यार्थकमयट् आनन्दप्रचुरपरमात्मनि जीवात्मलयो मुक्तिः । वस्तुतस्तु लयो विनाशः । तथा च परमात्मनिष्ठ-जीवात्मध्वंसो मोक्षः । **न चात्मनो** नित्यत्वस्य धर्मिग्राहकमानसिद्धतया कथं तद्ध्वंसाश इति **वाच्यम्,** ध्वंसाप्रतियोगित्वरूपं नित्यत्वं न तस्य धर्मिग्राहकमानसिद्धं किन्तु प्रागभावाप्रतियोगित्वरूपस्य तत्त्वज्ञानाजन्यध्वंसाप्रतियोगित्वे सत्यनुत्पन्नज्ञानत्वरूपस्य वा नित्यत्वस्य तत्र सिद्धत्वात् । **न च** तथापि तव मते परमात्म-जीवात्मनोरभेदतया परमात्मनो नित्यत्वेन तदभेदस्य नाशोऽसम्भव इति **वाच्यम्,** एकदण्डिमतेनोपाधेर्मिथ्यात्वेन ब्रह्मणि जीवाभेदस्य सर्वदैव सत्त्वेऽपि त्रिदण्डिमते तूपाधेः सत्यत्वेन मुक्तिदशायामेव ब्रह्मणि जीवस्याऽभेदः भेदश्च तस्मिन् तस्य संसारदशायामिति भेदाभेदावव्याप्यवृत्ती **इत्याहुः** ।

ननु लयो नाम किमुच्यते ? **तत्र** = तद्घटकीभूतः **लयो यदि** नाशः तदा 'नित्यं विज्ञानमानन्दं ब्रह्म' इत्यादिश्रुतौ नित्यपदस्य लक्षणैकत्वापातेः, मुख्यार्थत्वेनौतोपपतौ श्रुतौ लक्षणाभ्युपगमस्यान्याय्यत्वादीति (पृ.२३) **किरणावलीरहस्ये मथुरानाथः** प्रोक्तत्वात् । यदि च लय **एकादशेन्द्रिय-सूक्ष्ममात्रावस्थितपञ्चभूतात्मकलिङ्गशरीरापगमः** = यत्र स्पर्शन-रसन-घ्राण-नेत्र-श्रोत्र-लक्षणज्ञानेन्द्रियपञ्चक-वाक्-पाणि-पाद-पायूपस्थलक्षणक-र्मेन्द्रियपञ्चक-मनोलक्षणोभयेन्द्रियाणि पृथ्व्यादिजीवाव्याकाशलक्षणानि पञ्चमहाभूतानि सूक्ष्ममात्रया सम्भूयावस्थितानि जीवात्मनि सुख-दुःखावच्छेदकानि तेषां निवृत्तिरिष्यते त्रिदण्डिभिः **तदा नामकर्मक्षय एव सः** = लिङ्गशरीरापगमः **इति** त्रिदण्डिनां **कर्मक्षयरूपमोक्षवादिकक्षाप्रवेशः** सूदर्लिवारः ।

यदि च परमात्मजीवात्मनोरभेदेऽपि उपाधिविशेषविशिष्टस्याऽऽत्मनो जीवतया तस्यैवौपाधिकः परमात्मभेद इति भेदकोपाधिविरहे= **उपाधिशरीरनाशे औपाधिकजीवनाशः** एव जीवस्य परमात्मनि लयः, यथा घटकाशस्य घटविगमे एव महाकाशे लयः । लिङ्गशरीरावच्छेन्नस्यैवात्मनो जीवभाव इति लिङ्गशरीरनाशे लिङ्गावच्छेन्नात्मनाशस्यैव लयत्वम् । लिङ्गावच्छेन्नस्यैवात्मनो दुःखादिमत्तया विशेषणीभूतलिङ्गशरीरस्य नाशे दुःखं नोत्पत्तुमर्हति । एवञ्च

સમાવેશ થઈ જવાથી દુઃખનાશસમૂહ તત્ત્વજ્ઞાનથી સાધ્ય નહિ બને. આથી તત્ત્વજ્ઞાનપ્રાપ્તિ માટેનો મુમુક્ષુનો પ્રયત્ન નિરર્થક થવાની આપત્તિ આવશે.

❀ પરમાત્મામાં આત્માના લયસ્વરૂપ મુક્તિ-ત્રિદંડિમત ❀

ત્રિદ૦ । ત્રિદંડી વેદાન્તીનું એવું કથન છે કે --> 'આનંદમય પરમાત્મામાં જીવાત્માનો લય એ જ મોક્ષ છે. તેમનો આશય એવો છે કે પરમાત્મા આનંદમય છે. આનંદનો સાગર છે. જીવ એનો અંશ હોવા છતાં અનાદિકાળથી વિવિધ દુઃખોથી પીડિત છે. આથી તે દુઃખોથી રક્ષણ મેળવવા માટે આનંદમાં નિમગ્ન થવા આતુર છે. પરંતુ જીવાત્મા શરીરની અંદર બંધાયેલ છે. આથી જેવી રીતે બાટલીની અંદર પાણી ભરીને તે બાટલીને પેક કરી જલમય સરોવરમાં નાંખવામાં આવે તો પણ સરોવરના મુક્ત જલસમુદાયમાં તે પાણી લીન નથી થઈ શકતું, તેવી જ રીતે આનંદમય પરમાત્માના અંશસ્વરૂપ જીવ પણ આનંદમય હોવા છતાં શરીરમાં બંધાયેલ હોવાને લીધે આનંદમય પરમાત્મામાં લીન નથી થઈ શકતો. જેમ સરોવરમાં જલપૂર્ણ બાટલી ફૂટી જાય તો બાટલીનું અંદરનું પાણી સરોવરના મુક્ત પાણીમાં લીન થઈ જાય છે તેમ શાસ્ત્રોક્ત ઉપાય દ્વારા જીવ શરીરસ્વરૂપ બંધન તોડી નાખે છે ત્યારે શરીરની અંદર રહેલ જીવાત્મા પરમાત્માના આનંદસ્વરૂપમાં લીન થઈ જાય છે. આ રીતે આનંદમય પરમાત્મામાં જીવાત્માનો લય એ જ જીવાત્માની મુક્તિ છે.' <--

તત્ર૦ । પ્રકરણકાર શ્રીમદ્જી એમ જણાવે છે કે-અહીં લયનો અર્થ શું છે? એ વિચારણીય છે. જો હાથ-પગ વગેરે પાંચ કર્મેન્દ્રિય, નાક-કાન વગેરે પાંચ જ્ઞાનેન્દ્રિય, ઉભયઇન્દ્રિય એક મન તથા પાંચ તન્માત્રાના સ્વરૂપમાં રહેલ પૃથ્વી-જલ આદિ પાંચ ભૂત આ ૧૬ ના ગાઢ સ્વરૂપ લિંગ શરીરની નિવૃત્તિને જ જો જીવાત્માનો લય કહેવામાં આવે અને આવા લયને જો મોક્ષસ્વરૂપ માનવામાં આવે તો નામાન્તરથી નામકર્મનો ક્ષય જ મોક્ષસ્વરૂપ કહેવો પડશે. અને તો પછી જૈનસમ્મત કર્મક્ષયસ્વરૂપ મોક્ષ કરતાં આનો ભેદ

बौद्धास्त्वनुपप्लवा चित्तसन्ततिरपवर्गः । न च शरीरादिनिमित्तं विना नैमित्तिकसन्तानानुत्पाद इति वाच्यम्, पूर्वपूर्वविज्ञानक्षणानामेवोत्तरोत्तरविज्ञानक्षणहेतुत्वात् सुषुप्तावप्यभिभूतज्ञानाभ्युपगमात्, अविशिष्टाद् विशिष्टोत्पत्तेश्च

भानुमती

तदावेगमस्य दुःखनिवृत्तिहेतुतया पुरुषार्थत्वमक्षतमेवेत्युच्यते त्रिदण्डिभिः **तदा तेन रूपेण** = जीवनाशत्वेन रूपेण **अकाम्यत्वात्** = अन्यकामनाधीनकामनाविषयत्वशून्यत्वात् **अपुरुषार्थत्वम्** । आत्मज्ञानस्यानुद्देश्यत्वात् सुख-दुःखावच्छेदकसूक्ष्मसमाधावच्छेन्नामैवेतावतार्थेतावतार्तेन्द्रियसमुद्भूतप्रचयाधिष्ठानात्मकलिङ्गशरीरनाशाधीनजीवनाशस्य न परमप्रयोजनत्वं सङ्गतिमङ्गति । **न च** ब्रह्मणो नित्यत्वेन तदभिन्नस्याऽऽत्मनो नाशः तदा न भवति किन्तु लिङ्गशरीरस्यैव नाश इति **वाच्यम्** स्फोटैकसाक्षिहेतज्जपाकुसुमापगमे तत्प्रयुक्तौपाधिकरक्तिकाऽऽपगमवत् लिङ्ग-शरीरविनाशे सत्यात्मनि तत्प्रयुक्तजीवत्वादिनामरूपापगमोपपत्तिमशक्यत्वात्, विशेषगुणात्यन्ताभावप्रयुक्तस्य विशिष्ट-त्यन्ताभावस्यैव विशेषगुणध्वंसप्रयुक्तस्य विशिष्टध्वंसस्यापि प्रामाणिकत्वमुपपादितमस्माभिः **जयलतायामित्यधिकं** ततोऽवसेयम् ।

बौद्धास्तु अनुपप्लवा = प्रवृत्तिविज्ञानोपप्लवरहिता संहतसकलज्ञेयाकारा **चित्तसन्ततिः** = बालवृद्धविज्ञान-सन्ततिः शुद्धज्ञानक्षणपरम्परा **मुक्तिः** यथोक्तं 'चित्तमेव हि संसारो रागादिक्लेशवासितम् । तदेव तैर्विनिर्मुक्तं भवान्त इति कथ्यते' ।। इति । **चिन्तामणिकृतस्तु** 'उपप्लवः = दुःखमि'त्याहुः । **न च शरीरादिनिमित्तं विना** दण्डादिरहे घटानुत्पादवत् मुक्तौ **नैमित्तिकसन्तानानुत्पादः** = निमित्तकारणीभूतशरीरजन्य- चित्तसन्तत्यनुत्पत्तिप्रसङ्ग **इति वाच्यम्, पूर्वपूर्वविज्ञानक्षणानामेव** = स्वस्वाऽव्यवहितपूर्ववर्तिविज्ञानक्षणानामेव **उत्तरोत्तरविज्ञानहेतुत्वात्** = स्वस्वाव्यवहितोत्तरवर्तिविज्ञानक्षणजनकत्वेनाभ्युपगमात् चित्तसन्ततेः साद्यताऽनापत्तेरेव । **एतेन** निमित्तस्य शरीरादेरभावे नैमित्तिकस्य चित्तस्योत्पादापेक्षमशक्यत्वादिति (पृ.९९) **किरणावलीकृत उदयनस्य** वचनं **निरस्तम्** मृत्तिकाकालीनाचित्तं प्रति शरीरादेर्नैमित्तत्वात् । **न च** जाग्रद्दशायां तथात्वेऽपि सुषुप्तौ ज्ञानानुत्पादेन तदनन्तरं जाग्रद्दशायां विज्ञानक्षणानुत्पत्तिप्रसङ्ग **इति वाच्यम्, सुषुप्तौ अपि अभिभूतज्ञानाभ्युपगमात्** = घटाद्याकार-शून्यस्याऽहमास्पदस्य ज्ञानसन्तानस्य बौद्धमते स्वीकारात् । **न चैवं** सुषुप्त्यनन्तरं जाग्रद्दशायामपि संहतज्ञेयाकार-ज्ञानसन्तत्युत्पादप्रसङ्गः, उपादेयस्योपादानसदृशत्वनियमादिति **वाच्यम्, अविशिष्टात्** = संहतज्ञेयाकारात् ज्ञानक्षणात्

બતાવવો મુશ્કેલ હોવાથી ત્રિદંડી વેદાન્તીનો જૈનદર્શનમાં પ્રવેશ થઈ જશે. જો ત્રિદંડી તરફથી એમ કહેવામાં આવે કે --> 'શરીરોપાધિક આત્મા એ જ જીવ છે. આથી શરીરસ્વરૂપ ઉપાધિનો નાશ થવાથી ઔપાધિક જીવનો નાશ થવો એ જ જીવાત્માનો લય છે. <-- તો આ વાત બરાબર નથી, કારણ કે જીવનાશરૂપે જીવલય કામનાનો વિષય ન હોવાથી તાદૃશ જીવલયસ્વરૂપ મોક્ષ પુરુષાર્થ બની નહિ શકે. મોક્ષને તેવા સ્વરૂપે જ માની શકાય કે જે અન્યકામનાને અપરાધીન એવી કામનાનો વિષય બને. તો જ તે સ્વતઃ પુરૂષાર્થ બની શકે.

❀ निरुपप्लव चित्तसंतति = मुक्ति-विज्ञानवादी बौद्ध ❀

बौ० । બૌદ્ધદર્શનના વિજ્ઞાનવાદી સમ્પ્રદાયનો એવો મત છે કે --> 'उपप्लवथी=विषयथी शून्य चित्तसंतति = ज्ञानसंतति એ જ મોક્ષ છે. આ મતનો મર્મ એવો છે કે જ્ઞાન જ વસ્તુ છે, તેનાથી ભિન્ન જે દેખાય છે તે બધું અનાદિ વાસનાથી કલ્પિત છે. આથી જ્ઞેયનો પ્રતિભાસ મિથ્યા છે. બૌદ્ધદર્શનમાં જ્ઞાન બીજી ક્ષણે નિરન્વય નાશ પામે છે. બૌદ્ધદર્શનમાં બતાવેલ પદ્ધતિ અનુસારે સાધના કરવાથી વસ્તુતત્ત્વનો યથાર્થ બોધ થાય છે. તેનાથી જ્ઞેય અર્થની કલ્પક વાસનાનો નાશ થાય છે. આથી જ્ઞેયસંબંધથી જ્ઞાન શૂન્ય બની જાય છે. જે જ્ઞાનધારા ઘટ-પટ આદિ જ્ઞેયાકારની સાથે પ્રવાહિત હતી તે જ્ઞેયસંપર્કથી શૂન્ય થઈને વિશુદ્ધ જ્ઞાનધારાસ્વરૂપે પ્રવાહિત થાય છે. આવી વિશુદ્ધ જ્ઞાનધારાને જ અનુપપ્લવ ચિત્તસંતતિ કહેવાય છે. વિજ્ઞાનવાદી બૌદ્ધના મતે આ જ મોક્ષ છે. અહીં શંકા થાય કે --> 'જો જ્ઞાન ક્ષણિક હોય તો પછી મુક્તિમાં જે જ્ઞાનક્ષણની પરંપરા ચાલે છે તે શરીર વગેરે નિમિત્ત કારણ વિના ઉત્પન્ન કઈ રીતે થશે ? <-- તો આનું સમાધાન એ છે કે પૂર્વ પૂર્વની જ્ઞાનક્ષણો જ ઉત્તર ઉત્તર જ્ઞાનક્ષણોનું કારણ છે. જ્ઞાનક્ષણોમાં જ પૂર્વોત્તરભાવે કાર્ય-કારણભાવ સ્વીકાર્ય છે. અહીં એવી શંકા થાય કે --> 'સુષુપ્તિસમયે તો સર્વ જ્ઞાનનો અભાવ છે. તેથી નિદ્રા પછી જાગૃતિના પ્રથમ સમયે જ્ઞાન કેવી રીતે ઉત્પન્ન થશે ? સુષુપ્તિના ચરમ સમયે જો કોઈ જ્ઞાનક્ષણ હોય તો જાગૃતિના પ્રથમ સમયે જ્ઞાનક્ષણની ઉત્પત્તિ થઈ શકે <-- તો તે વ્યાજબી નથી, કારણ કે નિદ્રા સમયે પણ બૌદ્ધદર્શન અનુસારે જ્ઞાનક્ષણ પ્રવાહિત જ છે. વિશેષતા એટલી છે કે જાગૃતિસમયે જે જ્ઞાનક્ષણ પરંપરા ચાલે છે તેમાં ઘટ-પટ આદિ જ્ઞેયાકારનો ઉલ્લેખ થવાથી જાગૃતિ અવસ્થાનું જ્ઞાન અનભિભૂત કહેવાય છે. જ્યારે નિદ્રા અવસ્થામાં ઘટ-પટ આદિ જ્ઞેયાકારનો ભાસ થતો ન હોવાથી તે જ્ઞાનક્ષણપરંપરા અભિભૂત કહેવાય છે. સુષુપ્તિ પછીની અવસ્થામાં ઘટાદિ જ્ઞેયાકારથી વિશિષ્ટ એવી જ્ઞાનક્ષણ ઉત્પન્ન થાય છે. 'આવું કેમ થઈ શકે?' તેવી શંકા અસ્થાને છે, કારણ કે તથાવિધ અનાદિ શક્તિ = વાસનાને, તે સમયે ઉદ્બોધ થવાથી અવિશિષ્ટ જ્ઞાનથી વિશિષ્ટ જ્ઞાનક્ષણની ઉત્પત્તિ સંભવી શકે છે.

तथाशक्तियोगितया सम्भवात् । न च शरीराद्यनाहितातिशयस्य ज्ञानक्षणस्य कथमुत्तरज्ञानजनकत्वमिति वाच्यम्, मुक्तिप्राक्क्षणविशिष्टभावनयैवातिशयाधानादित्याहुः ।

तदसत्, अन्वयिद्रव्याभावे बद्ध-मुक्तव्यवस्थानुपपत्तेः, सन्तानस्याऽवास्तवत्वात्, अतिशयाधायकत्वेनाभिमतादेव सहकारिचक्रात् कार्योत्पत्तावेकान्त-क्षणभिदेलिमचित्तसन्ततौ मानाभावाच्चेति दिग् ।

भानुमती

विशिष्टोत्पत्तेः = ज्ञेयाकारालिङ्गितज्ञानक्षणोत्पत्तिसम्भवात् । **न चाकस्मिकत्वापत्तिरिति वाच्यम्, तथाशक्तियोगितया** = तथाविधवासनोद्बोधेन सुषुप्तिचरमज्ञानक्षणानन्तरं जाग्रद्दशायां सोपप्लवज्ञानक्षणोत्पादस्य **सम्भवात्** । न चाऽचरमसुषुप्तिविज्ञानक्षणदशायां कथं न तत्सम्भव इति वाच्यम् सोपप्लवविज्ञानक्षणकुर्वद्रूपस्याऽचरमनिद्राज्ञानक्षणे विरहेण तदा तदभावोपपत्तेः । **न च शरीराद्यनाहितातिशयस्य ज्ञानक्षणस्य** मुक्तौ **कथमुत्तरज्ञानजनकत्वं** = अग्रिमनिरुपप्लवज्ञानसन्तानोत्पादकत्वमिति **वाच्यम् मुक्तिप्राक्क्षणे** = मोक्षोत्पादाव्यवहितपूर्वक्षणावच्छेदेन तत्सन्ताने 'सर्वं शून्यं' इत्यादि**विशिष्टभावनयैव** विसभागसन्ततिपरिक्षये **अतिशयाधानात्** = निरुपप्लवचित्तसन्ततिकुर्वद्रूपोपधानात् मुक्तौ निरुपप्लवचित्तसन्ततिः निरुपप्लवैवेत्याहुः ।

तदसत् । अन्वयिद्रव्याभावे = त्रिकालानुगतात्मलक्षणाधारं विना **बद्धमुक्तव्यवस्थानुपपत्तेः** 'य एव बद्धः स एव मुच्यते'इतिनियमभङ्गप्रसंगात् । किञ्च पूर्वपूर्वविज्ञानक्षणानामेवोत्तरोत्तरविज्ञानक्षणहेतुत्वे चैत्रीयपूर्वविज्ञानक्षणस्यापि मैत्रीयोत्तरविज्ञानक्षणजनकत्वप्रसङ्गात् । **न चैकसन्ततिपतितक्षणानामेव पूर्वोत्तरभावेन हेतु-हेतुमद्भावेन** तत्साध्यत्वान्नातिप्रसङ्ग इति **वाच्यम्, सन्तानस्याऽवास्तवत्वात्** = उपचरितत्वात् । न चोपचरितेन फलप्राप्तिः सम्भवति, अन्यथा गोत्वेनोपचरितः षण्ढोऽपि पयसा पात्रीं प्रपूरयेत् । यद्वा **अवास्तवत्वात्** = असत्त्वादित्यर्थः ।

बौद्धमते 'यत् सत्तत्क्षणिकं' इति व्याप्तेः स्वीकारात् अक्षणिकस्य सतः सन्तानस्याऽसत्त्वं तन्मतानुसारेणैव न्यायप्राप्तम् । **एतेनै**कज्ञानसंताने बद्धमुक्तव्यवस्थोपपत्तिरिति **निरस्तम्** । सर्वथाऽभावीभूतस्य पूर्वक्षणस्योत्तरक्षणजननसामर्थ्याऽयोगात्, कृतनाशाऽकृताभ्यागमापातात् । किञ्च सन्तानाभ्युपगमेऽपि यदाकदाचिदेव विवक्षितज्ञानक्षणोत्पादः, न तु सर्वदेति नियमार्थमतिशयाधायकं किञ्चित्त्वया स्वीकार्यमेव । तदेव चाऽस्माकं सहकारिचक्रम्। अतोऽवश्यक्लृप्तात् बौद्धस्य **अतिशयाधायकत्वेनाभिमतात् सहकारिचक्रात् कार्योत्पत्तौ** सत्यां **एकान्तक्षणभिदेलिमचित्तसन्ततौ** = निरन्वयक्षणिकविज्ञानसन्ततौ **मानाभावाच्च** । मानाधीना हि मेयसिद्धिरिति नियमात्।

अस्तु वा यथाकथञ्चित् स्वाभिमतसन्ततिललनाकल्पना तथापि सन्ततिपतितक्षणानां पूर्वोत्तरभावेन हेतुहेतुमद्भावे संसाराऽनुच्छेदप्रसङ्गात्, सर्वज्ञज्ञानचरमक्षणस्यापि मुक्तज्ञानप्रथमक्षणहेतुत्वेन तत्सन्ततिपतितत्वात् । **न च** हेतुफलभावमात्रादेकसन्ततित्वव्यवस्था अपि तूपादानहेतुफलभावात्, न च सर्वज्ञज्ञानस्य चरमक्षण उपादानम्, आलम्बनप्रत्ययो हि सः समनन्तरप्रत्ययश्चोपादानमिति **वाच्यम्,** तुल्यजातीयस्योपादानत्वे मुक्तचित्त-सर्वज्ञज्ञानयोस्तुल्यजातीयत्वाऽनपायात् सर्वज्ञज्ञानचरमक्षणस्याऽद्यमुक्तचित्तानुपादानत्वे तस्यानुपादानस्यैवोत्पत्तेर्जागरायप्रत्ययेऽप्युपादानानुमानोच्छेदादिति व्यक्तं **स्याद्वादकल्पलतायाम्** (स्त.९ गा.४) ।

वस्तुतस्तु प्रतिक्षणमन्यान्यपर्यायभाजो ये ज्ञेयार्थाः तदपेक्षायामाश्रये च त्रिकालानुगतात्मद्रव्ये सति निरुपप्लवचित्तसन्ततौ स्वीक्रियमाणायामस्माकं पर्यायनयादेशनैव विजयते, प्रतिक्षिप्तद्रव्यस्य बौद्धसिद्धान्तस्य

न च इ॰० । —> 'મુક્તિ અવસ્થામાં તો શરીર આદિ ન હોવાથી શરીર દ્વારા કોઈ અતિશયનું આધાન જ્ઞાનક્ષણમાં નહિ થાય. તો પછી તે જ્ઞાનક્ષણ ઉત્તર જ્ઞાનક્ષણને ઉત્પન્ન કઈ રીતે કરશે?' આ સમસ્યાનું સમાધાન એ છે કે નિરુપપ્લવ ચિત્તસન્તતિસ્વરૂપ મુક્તિની અવ્યવહિત પૂર્વ ક્ષણમાં 'सर्वं शून्यं सर्वं शून्यं' આવી વિશિષ્ટ ભાવનાથી જ્ઞાન ક્ષણમાં એક પ્રકારનો અતિશય = શક્તિ ઉત્પન્ન થાય છે કે જે મુક્તિ અવસ્થામાં શરીરની ગેરહાજરીમાં પણ વિશુદ્ધ જ્ઞાનક્ષણની પરંપરાને જાળવી રાખશે. આથી વિશુદ્ધ જ્ઞાનક્ષણની સંતતિસ્વરૂપ મોક્ષ માનવો ઉચિત છે.' <—

❀ બૌદ્ધસંમત મુક્તિ અસંગત ❀

तदसत् । ગ્રન્થકાર શ્રીમદ્જી ઉપરોક્ત બૌદ્ધમતને અનુચિત કહે છે. આનું કારણ એ છે કે વિજ્ઞાનવાદી યોગાચાર બૌદ્ધના મતાનુસારે ક્ષણિક જ્ઞાનથી અતિરિક્ત ત્રિકાલ અનુગત આત્મ દ્રવ્ય ન હોવાથી બદ્ધ-મુક્ત વ્યવસ્થા ભાંગી પડશે. જે બંધાય છે તે જ મુક્ત થાય છે-આ પ્રસિદ્ધ નિયમ છે. પરંતુ બૌદ્ધમતે તો જે બંધાય છે તે વાસ્તવમાં બીજા સમયે વિદ્યમાન જ નથી. તેથી જે બંધાય છે તેને મુક્ત થવાનો સવાલ જ રહેતો નથી. અને જે મુક્ત થાય છે તે પૂર્વ સમયે ઉત્પન્ન જ થયો નહતો. તેથી તે બંધન વિના મુક્ત થયો - એમ માનવું પડશે. આ તો ભીમ ખાય અને શકુનિ સંડાસ જાય-એના જેવું થયું. અહીં બૌદ્ધ તરફથી એમ કહેવામાં આવે કે —> 'જ્ઞાન ભલે ક્ષણિક હોય પરંતુ જ્ઞાનક્ષણની પરંપરાત્મક જ્ઞાનસંતતિનો અમે સ્વીકાર કરીએ છીએ. તેથી બદ્ધ-મુક્તવ્યવસ્થાનો લોપ થવાની આપત્તિ નહિ આવે. ચૈત્રીય જ્ઞાનક્ષણ પરંપરા પૂર્વે બદ્ધ હતી અને સાધના દ્વારા જ્ઞેયાકારકલ્પક વાસનાનો ઉચ્છેદ થવાથી તે

'स्वातन्त्र्यं मुक्तिः' इत्यन्ये । तेषां स्वातन्त्र्यं यदि कर्मनिवृत्तिस्तदा सिद्धान्त एव । ऐश्वर्यं चेत् ? अभिमानाधीनतया संसारविलसितमेव तत् ।

प्रकृतितद्विकारोपधानविलये पुरुषस्य स्वरूपेणावस्थानमिति साङ्ख्यः ।

भानुमती

परमार्थतः पर्यायार्थिकनयान्तःपातित्वात् । तदुक्तं **सम्मतितर्के** *महावादिश्री***सिद्धसेना***चार्येण - 'सुद्धोऽणतणयस्स परिसुद्धो पज्जवविअप्पो' (सं.त.कां.३ गा.४८) ।*

'सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखं । ( ) इति न्यायेनाऽनादिकालेनाऽन्याधीनतया पीडितस्यात्मनः पारतन्त्र्यं बन्धः शास्त्रोक्तरीत्या **स्वातन्त्र्यं च मुक्तिः इत्यन्ये । तेषां स्वातन्त्र्यं** *= स्वातन्त्र्यपदार्थः* **यदि कर्मनिवृत्तिः तदा सिद्धान्तः** *= जैनेन्द्रसिद्धान्तः* **एव,** *जैनमते कृत्स्नकर्मविलयस्यैव मुक्तित्वाभ्युपेति वक्ष्यते (पृष्ठ २९) । यदि चाणिमा-महिमा-लघिमाद्यष्टविधलब्ध्यादिस्वरूपं* **ऐश्वर्यं** *स्वातन्त्र्यपदेनाभिमतं* **चेत्** *? तदा निरुपाधिकाणिमादिलक्षणैश्वर्याशून्ये आत्मनि आभिमानिकैश्वर्याभ्युपगमे तादृशैश्वर्यस्य* **अभिमानाधीनतया संसारविलसितमेव तत्** *= ऐश्वर्यम् । तादृशैश्वर्यस्य सांसारिकत्वेन मुक्तित्वाऽयोगादिति । तदुक्तं* **किरणावल्यामुदयनेनापि** *'ऐश्वर्यं चेत् कार्यतया तदपि साधनपरतन्त्रं क्षयि चेति दुःस्वाकरत्वाद्धेयमेवेति (पृ.२६)।* **मथुरानाथे***नापि 'ऐश्वर्यस्य मुक्तित्वे मुक्तेः स्वतः पुरुषार्थत्वानुपपत्तेः (कि.र.पृ.२१७) इति प्रोक्तम् ।* **एतेन** *'एतदेव स्वातन्त्र्यं यदतिदुर्घटकारित्वम् । (ई.प्र.)* **ईश्वरप्रत्यभिज्ञाकारिका***वचनमपाकृतम्* *तथा सति सर्वथा कृतकृत्यतावैरहेण संसारिताया वज्रलेपायितत्वात्।* **एतेन** *कर्तृत्वं नाम यत्तस्य स्वातन्त्र्यं परेबृंहितम् । इति* **पारमात्मिकोपनिषद्व***चनमपि* **निराकृतम्,** *कर्मातिक्रमेण तदसम्भवाच्चेति दिक् ।*

प्रकृति-तद्विकारोपधानविलये *इति । सत्त्व-रजस्तमोगुणात्मिका मूलप्रकृतिः न तु सत्त्वादिधर्मवती 'सत्त्वादीनामतद्धर्मत्वं तद्रूपत्वात्' (क.सू.६/३९) इत्यादि***कपिलसूत्रादि***भिस्तन्निषेधात् । मूलप्रकृतेरग्रपरिणामविशेषो बुद्धिः महदाख्यः । ततोऽहङ्कारो जायते । ततश्च ज्ञानेन्द्रियपञ्चक-कर्मेन्द्रियपञ्चक-मनः-तन्मात्रपञ्चकलक्षणः षोडशकः गणः प्रजायते । पञ्चतन्मात्राच्च पञ्च महाभूतानि प्रादुर्भवन्ति । एते सर्वे प्रकृतिविकारा उच्यन्ते ।*

જ ચૈત્રીય જ્ઞાનસંતાન મુક્ત= વિશુદ્ધ બનશે. અનુગત અતિરિક્ત આત્મદ્રવ્યનો સ્વીકાર કર્યા વિના પણ 'જે બંધાય છે તે મુક્ત થાય છે' આવો નિયમ સંગત થઈ શકે છે. <— તો આ વાત બરાબર નથી, કારણ કે બૌદ્ધમતાનુસારે જે સત્ હોય છે તે નિયમા ક્ષણિક હોય છે. જે ક્ષણિક નથી હોતું તે સત્ નથી હોતું. જ્ઞાનસંતાન તો અનેક ક્ષણો સુધી ચાલતી જ્ઞાનધારારૂપ હોવાને લીધે ક્ષણિક ન હોવાથી સત્ નથી. કાલ્પનિક જ્ઞાનસંતતિ દ્વારા બદ્ધમુક્તવ્યવસ્થાનો નિર્વાહ થવો અશક્ય છે. બીજી વાત એ છે કે અતિશયઆધાયકરૂપે જે સહકારી કારણોનો સમૂહ બૌદ્ધ વિદ્વાનોને માન્ય છે તેના દ્વારા જ જો કાર્ય ઉત્પન્ન થઈ જાય તો પછી ક્ષણિક એવી જ્ઞાનસંતતિનો સ્વીકાર કરવાની પણ કોઈ જરૂર રહેતી નથી.

❀ મુક્તિ સ્વાતન્ત્ર્યસ્વરૂપ ❀

સ્વા० । કેટલાક દાર્શનિકોનો મત એવો છે કે —> 'સ્વાતન્ત્ર્ય જ મુક્તિ છે. સંસાર અવસ્થામાં મનુષ્ય પરતંત્ર હોય છે. 'सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखं' આ ન્યાયને અનુસારે સંસારી જીવમાત્ર અનાદિકાલીન પરતન્ત્રતાથી દુઃખી છે, પીડિત છે. આથી શાસ્ત્રોક્ત સાધના દ્વારા પારતન્ત્ર્યને દૂર કરીને સ્વાતન્ત્ર્ય પ્રાપ્ત કરવું એ જ મુક્તિ છે' <— પરંતુ ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે જો સ્વાતન્ત્ર્યનો અર્થ કર્મનિવૃત્તિ માનવામાં આવે તો આ મતનો જૈનસિદ્ધાન્તમાં જ સમાવેશ થઈ જશે, કારણ કે જૈનદર્શનના સિદ્ધાન્તાનુસાર સમગ્ર કર્મોનો ક્ષય એ જ મોક્ષ છે.

ઐ० । ઉપરોક્ત દોષના ભયથી જો એમ કહેવામાં આવે કે —> 'સ્વાતન્ત્ર્ય એ સર્વકર્મનિવૃત્તિસ્વરૂપ નથી પણ ઐશ્વર્યસ્વરૂપ છે. આથી અણિમા, મહિમા, લઘિમા વગેરે અષ્ટવિધ લબ્ધિ વગેરે સ્વરૂપ ઐશ્વર્યની પ્રાપ્તિ એ જ મોક્ષપ્રાપ્તિ છે' <— તો આ વાત પણ બરાબર નથી, કારણ કે જીવમાં વાસ્તવિક ઐશ્વર્ય ન હોવાથી આભિમાનિક ઐશ્વર્ય જ માનવું પડશે. અને મુક્ત જીવને ઈશ્વરાભિમાન થશે તો તે મુક્ત કઈ રીતે કહેવાશે? કારણ કે અભિમાન એક પ્રકારનો સંસારનો જ વિલાસ છે, સાંસારિકતાનું જ એક સ્વરૂપ છે.

❀ પ્રકૃતિ અને તેના વિકારોનો વિલય એ જ મુક્તિ- સાંખ્ય ❀

પ્રકૃ० । સાંખ્યદર્શનનો મત એવો છે કે —> 'પ્રકૃતિ અને તેના વિકારસ્વરૂપ ઉપાધિનો વિલય થયે છતે પુરુષનું પોતાના સ્વરૂપમાં અવસ્થાન એ જ મોક્ષ છે. આશય એ છે કે સાંખ્યદર્શન અનુસારે પ્રકૃતિ અને પુરુષ આ બે જ કારણનિરપેક્ષ અનાદિ તત્ત્વ છે. આ બન્નેનો સંયોગ અર્થાત્ પરસ્પર ભેદનો અવિવેક= અજ્ઞાન અનાદિકાલીન છે. આ અવિવેક જ સત્ત્વ, રજસ્ અને તમસ્ આ ત્રણ ગુણોથી અભિન્નસ્વરૂપ પ્રકૃતિના ૨૩ વિકારોને ઉત્પન્ન કરે છે. જે આ પ્રમાણે છે મહત્તત્ત્વ, અહંકાર, તથા શબ્દ, રૂપ, રસ, સ્પર્શ, ગંધ નામના પાંચ તન્માત્ર = સૂક્ષ્મભૂત, શ્રોત્ર, આંખ, જીભ, ચામડી, નાક નામની પાંચ જ્ઞાનેન્દ્રિય, વાણી, હાથ, પગ, મલેન્દ્રિય, મૂત્રેન્દ્રિય નામક પાંચ કર્મેન્દ્રિય, ઉભયેન્દ્રિય મન તથા આકાશ, વાયુ, અગ્નિ, પાણી, પૃથ્વી આ પાંચ મહાભૂત, પ્રકૃતિના આ ૨૩ વિકાર, પ્રકૃતિ અને પુરુષ - આમ કુલ ૨૫ તત્ત્વ સાંખ્યસમ્મત છે. પ્રકૃતિ અને પુરુષમાં અવિવેક થવાને લીધે પ્રકૃતિના પ્રથમ વિકાર

तत्र स्वरूपावस्थानस्याऽऽत्मरूपस्याऽसाध्यत्वात्, प्रकृत्यादिप्रक्रियायां प्रमाणाभावाच्च ।

अग्रिमचित्तानुत्पादे पूर्वचित्तनिवृत्तिरित्यन्ये । तदपि तुच्छम् । अग्रिमचित्तानुत्पादस्य प्रागभावरूपस्याऽसाध्यत्वात्, चित्तनिवृत्तेरनुद्देश्यत्वाच्च ।

भानुमती

महत्तत्त्वेऽदृष्टं कृत्यादिकञ्च । पुरुषस्तु कूटस्थचैतन्यस्वरूपः पुष्करपलाशवन्निर्लेपः । जन्यधर्मानाश्रयत्वं हि कौटस्थ्यमुच्यते । बुद्धिधर्माः कृत्यादयाः बुद्धिपरिणामविशेषेणाऽहङ्कारेण पुंसि आरोप्यन्ते, तदुक्तं **गीतायां** *'अहङ्कारविमूढात्मा कर्ताऽहमिति मन्यते ।' (भ.गी.३/२७) इति । अविवेककृतोमितको बुद्ध्युपराग एव पुरुषाणां बन्धः । विवेकख्यातौ सत्यां बुद्धेर्लयेन तदनुरागेण* **पुरुषस्य स्वरूपेणाऽवस्थानं** *मुक्तिः इति* **साङ्ख्यः** *प्रोक्तवान् ।*

तच्च निर्मूलसाङ्ख्यविज्रृम्भितम्, यतः **तत्र** *= साङ्ख्यमते* **स्वरूपावस्थानस्य आत्मरूपस्य असाध्यत्वात्।** *पुरुषस्य कूटस्थनित्यत्वेन तदाभिन्नस्य स्वरूपावस्थानस्य कृत्यविषयत्वादुपचरितसाध्यत्वस्य चाप्रयोजकत्वान्न परमपुरुषार्थत्वमित्यर्थः । **प्रकृत्यादिप्रक्रियायां प्रमाणाभावाच्च । एतेन** प्रकृतेर्महांस्ततोऽहङ्कारस्तस्माद्गणश्च षोडशकः। तस्मादपि षोडशकात् पञ्चभ्यः पञ्चभूतानि ।। (सां. का.२२) इति* **सांख्यकारिका**कृत **ईश्वरकृष्णस्य** *वचनम***पाकृतम्,** *अप्रामाणिकस्योपगन्तुमशक्यत्वात् । तथाहि बुद्धेरनादित्वे विनाशानुपपत्तेः, अजन्यभावस्य ध्वंसप्रतियोगित्वाविरहात् । तथा च बुद्ध्युपहितस्यात्मनः सर्वदा अवस्थानादनिर्मोक्षः स्यात् । सादित्वे च बुद्धिधर्माऽदृष्टप्रवाहस्यापि सादितया प्रथममदृष्टवैचित्र्यादिकं न स्यात्, गत्यन्तरं तु नास्त्येव । तदुक्तं* **न्यायकुसुमाञ्जलौ उदयनेन** *'अन्यथाऽनपवर्गः स्यात्संसारोऽथवा ध्रुवः' (न्या.कु.१-१४) इति । 'असंसारः= संसाराऽवैचित्र्यमिति (नवमुक्तिवाद पृ.९६)* **नवमुक्तिवादे गदाधरः** *। अत्र तत्त्वान्तरमपि निपुणमतिभिः स्वयमूह्यानि ।*

***अग्रिमचित्तानुत्पादे** = अग्रेतनात्मविज्ञानक्षणानुत्पादे सति* **पूर्वचित्तनिवृत्तिः** *= पूर्वतनज्ञानक्षणानिवृत्तिः मुक्तिः । संसारावस्थायामतिव्याप्तिवारणाय अग्रिमेत्यादिविशेषणम्, संसारदशायां पूर्वतनज्ञानानिवृत्तौ सत्यामप्यग्रिमचेतक्षणोत्पादेन तदपाकरणात्* **इत्यन्ये** *बौद्धाः वदन्ति ।*

***तदपि तुच्छम् । अग्रिमचित्तानुत्पादस्य** मुक्तिविशेषणस्य* **प्रागभावरूपस्य** *= अग्रिमविज्ञानक्षणप्रागभावस्वरूपस्य अनादित्वेन* **असाध्यत्वात्** *= पुरुषप्रयत्नाऽगोचरत्वात् । **न च** तत्र लब्धपरिपाल्यतारूपायाः क्षेमसाधारणायाः साध्यतायाः अग्रिमविज्ञानोत्पादकावैधत्वादारा सम्भवान्न दोष इति* **वाच्यम्, चित्तनिवृत्तेः** *पुरुषप्रवृत्तेः* **अनुद्देश्यत्वात्** *स्वतः पुरुषार्थत्वानुपपत्तेः* **च** *। न हि स्वानतिरिक्तचेतक्षणानिवृत्त्युद्देशेन प्रेक्षावान् कश्चित् प्रवर्तते,*

મહત્તત્ત્વ અને પુરુષમાં અવિવેક થાય છે. સત્ત્વ, અન્તઃકરણ વગેરે શબ્દોથી પણ મહત્તત્ત્વ ઓળખાય છે અને તે જ કર્તૃત્વ અને કર્તૃત્વનિમિત્તક સર્વ ધર્મોનો આશ્રય બને છે. પુરુષમાં અવિવેક હોવાને લીધે પુરુષમાં મહત્તત્ત્વના બધા ધર્મોનું ભાન= પ્રતિભાસ થાય છે. પુરુષમાં મહત્તત્ત્વના ધર્મોનો આ અવિવેકમૂલક પ્રતિભાસ એ જ પુરુષનું બંધન છે. આ બંધનના કારણે સંસારદશામાં પુરુષ પોતાના સ્વરૂપે અવસ્થિત રહેવાને બદલે મહત્ તત્ત્વના ઔપાધિકસ્વરૂપે અવસ્થિત રહે છે. પરંતુ જ્યારે પ્રકૃતિ અને પુરુષના વિવેકનું = ભેદનું જ્ઞાન થશે ત્યારે તે અવિવેકની નિવૃત્તિ થશે. આથી અવિવેકમૂલક પ્રકૃતિના વિકારસ્વરૂપ ઉપાધિનો પણ લય થવાથી પુરુષ ઔપાધિકરૂપથી અલગ પડી પોતાના વાસ્તવિક સ્વરૂપમાં અવસ્થિત રહે છે. પુરુષનું આ સ્વરૂપઅવસ્થાન એ જ પુરુષનો મોક્ષ છે.' <—

પરંતુ ગ્રંથકાર શ્રીમદ્જી તેની સમાલોચના કરતાં કહે છે કે —> પુરુષનું સ્વરૂપાવસ્થાન આત્મસ્વરૂપ છે. અને સાંખ્યસંમત પુરુષ = આત્મા કૂટસ્થ નિત્ય છે. માટે સ્વરૂપઅવસ્થાન પણ નિત્ય થવાને લીધે અસાધ્ય= પ્રયત્નાઽવિષય બનશે. જે અસાધ્ય હોય તે પુરુષાર્થ બની શકે નહીં. તેથી સ્વરૂપઅવસ્થાનાત્મક મુક્તિ પરમપુરુષાર્થ નહીં બની શકે. બીજી વાત એ છે કે પ્રકૃતિ, મહત્તત્ત્વ વગેરેના સંબંધમાં હમણાં જે પ્રક્રિયા બતાવવામાં આવી, તેમાં કોઈ પ્રમાણ નથી. આથી અપ્રામાણિક પ્રક્રિયાના આધારે બંધ અને મોક્ષની વ્યવસ્થા યુક્તિસંગત નહીં થઈ શકે.

❀ અગ્રિમચિત્તાનુત્પાદસહિત પૂર્વચિત્તનાશ મુક્તિ - બૌદ્ધ ❀

અગ્રિ० । કેટલાક બૌદ્ધ વિદ્વાનોનું કહેવું એમ છે કે —> અગ્રિમ ચિત્તના અનુત્પાદથી વિશિષ્ટ પૂર્વ ચિત્તની નિવૃત્તિ એ જ મુક્તિ છે. કહેવાનો મતલબ એ છે કે 'ચિત્ત સ્વયં અસ્તિત્વરૂપે બંધન છે અને નાસ્તિત્વરૂપે મોક્ષ છે.' પરંતુ અહીં એ ધ્યાન રાખવું કે સામાન્યથી ચિત્તનિવૃત્તિમાત્રને મોક્ષ માની ન શકાય, કારણ કે જ્ઞાનસ્વરૂપ ચિત્ત ક્ષણિક હોવાને લીધે પ્રત્યેક સમયે સંસારદશામાં પણ પૂર્વ ચિત્તની નિવૃત્તિ થતી રહે છે. આથી સંસારદશામાં થનારી ચિત્તનિવૃત્તિમાત્રને મોક્ષ ન કહેતાં અગ્રિમ ચિત્તના અનુત્પાદથી વિશિષ્ટ પૂર્વચિત્તનિવૃત્તિ મોક્ષસ્વરૂપ છે - આમ કહેવું જોઈએ. આવું માનવાથી સંસારઅવસ્થામાં મોક્ષની આપત્તિ નહિ આવે, કારણ કે સંસારી અવસ્થામાં ચિત્તનિવૃત્તિ હોવા છતાં અગ્રિમ ચિત્તની ઉત્પત્તિ ચાલુ હોવાના કારણે અગ્રિમચિત્તઅનુત્પાદવિશિષ્ટ એવી ચિત્તનિવૃત્તિ ગેરહાજર હોય છે.' <—

તદ० । પરંતુ મહોપાધ્યાયજી આ મતની સમીક્ષા કરતાં કહે છે કે —> આ મત તુચ્છ છે. એનું કારણ એ છે કે અગ્રિમ ચિત્તના અનુત્પાદનો અર્થ છે અગ્રિમ ચિત્તનો પ્રાગભાવ. પ્રાગભાવ અનાદિ હોવાને લીધે અસાધ્ય= પુરુષપ્રયત્નનો અવિષય છે. આથી

आत्महानं मुक्तिरिति चार्वाकः, तन्न,: वीतरागजन्माऽदर्शनन्यायेन नित्यतया सिद्धस्यात्मनः सर्वथा हातुमशक्यत्वात्, आत्महानस्यानुद्देश्यत्वाच्च ।

भानुमती

अन्यथा तत्त्वहानिप्रसङ्गात् ।

आत्महानं = शरीरातिरिक्तस्यात्मनः देहध्वंसेनैव साकं ध्वंस एव **मुक्तिरिति चार्वाकः** ।

तन्न समीचीनम् । तस्यात्मनः शरीरातिरिक्तत्वेनाग्रे (पृ.९६) वक्ष्यमाणस्य हातुमशक्यत्वात् । तथाहि असतो नित्यानिवृत्तत्वात् । सतश्च तस्य ***वीतरागजन्माऽदर्शनन्यायेन नित्यतया सिद्धस्य आत्मनः सर्वथा हातुमशक्यत्वात्*** । यो हि प्रजायते स सराग एव न तु वीतरागः । रागश्च रागान्तरपूर्वक एव । तत इह जन्मन आद्यस्य रागस्य स्तन्यपानाभिलाषस्वरूपस्य रागान्तरपूर्वकत्वसिद्धौ अन्यस्य रागस्याऽसम्भवात् पूर्वजन्मसम्बन्धिरागपूर्वकत्वमनुमीयते । इत्थञ्च पूर्वजन्मसिद्धौ सत्यां पूर्वभवीयाद्यरागस्याप्येवमेव रागान्तरपूर्वकत्वसिद्धौ तत्पूर्वभवीयान्तिमरागसिद्धिः एवं ततोऽन्यप्रथमाभिलाषं पक्षीकृत्य तत्तत्पूर्विलभवसिद्ध्या आत्मनो नित्यत्वसिद्धिः। नित्यस्य सत आत्मन नाशाऽयोगात् । ततश्चशरीरविशेषत्वेनात्मनो नाशेऽपि सर्वथा तन्नाशाऽयोगात् । तदुक्तं 'वीतरागजन्माऽदर्शनात्' (न्या.सू.३/१/२४) इति ***न्यायसूत्रस्य भाष्ये वात्स्यायनेन*** 'सरागो जायते' इत्यर्थादापद्यते। अयं जायमानो रागानुबद्धो जायते, रागस्य पूर्वानुभूतविषयानुचिन्तनतं योनिः । पूर्वानुभवश्च विषयाणामन्यस्मिन् जन्मनि शरीरमन्तरेण नोपपद्यते । सोऽयमात्मा पूर्वशरीरानुभूतान् विषयान् अनुस्मरन् तेषु तेषु रज्यते । तथा चायं त्यक्तोज्झितमनोः प्रतिसन्धेः । एवं पूर्वशरीरस्य पूर्वतरेण । पूर्वतरस्य पूर्वतमेनेत्यादिनाऽनादिश्चेतनस्य शरीरयोगः अनादिश्च रागानुबन्धः इति सिद्धं नित्यत्वमिति । तदुक्तं ***न्यायवार्तिकेऽपि*** 'नित्य आत्मा वीतरागजन्मादर्शनात्। न हि कश्चिज्जातमात्रो वीतरागो जायते, वीतरागाणां जन्मादर्शनात्, सराग जायत इति गम्यते । जन्म व्याख्यातम्। ततः किं ? रागस्य पूर्वानुभूतविषयानुचिन्तनं योनिः । न च विषयावगमासमर्थेषु इन्द्रियेषु रागः सम्भवति । न च स्मृतिमन्तरेण विषयानुचिन्तनं युक्तम् । 'पूर्वानुभूतविषयप्रार्थनासङ्कल्पः अहरहर्दोहे चेत्? अथ मन्यसे न पूर्वशरीरयोगो रागादुग्यते अपि त्वहरहरुद्गग इति, न, अभिप्रायापरिज्ञानात्, नैवमभिप्रायः कारणानियमेन रागोऽपि तु पूर्वसम्बन्धप्रतिपादनं सूत्रार्थः न चाहरहरुद्गग इति ब्रुवता तत्प्रतिषेधव्यत इति किंचैदुक्तं तन्मयत्वादुद्गग इति विषयाभ्यासः खल्वयं भावनाहेतुस्तन्मयत्वमुच्यते जातिविशेषाच्च राग इति । कर्म खल्वेतं जातिविशेषस्य निर्वर्तकं तादर्थ्यात्तच्छब्दं लभते दीक्षणादिवत् (न्या. वा.पृ. ३।१२) । ***वाचस्पतिमिश्रेण न्यायवार्तिकतात्पर्यटीकायां*** 'पूर्वानुभूतविषयानुचिन्तनमिति । एकविषयः स्मृतिप्रवाहः विजातीयप्रत्ययासम्भिन्नश्चिन्तनम् । तच्चानुभवश्च पश्चाद्भवतीति अनुचिन्तनम् । न च तत्स्मृतिमन्तरेण भवति । न हि तत्र प्रवाहः प्रवाहिणं विनास्ति तदेवानुचिंतनं पूर्वानुभूतविषयप्रार्थनार्थः सङ्कल्पः प्रार्थनासंकल्पः स च पूर्वानुभूतविषय इत्यर्थः (न्या.ता.पृ.१११) इति व्याख्यातम्। प्रकरणकारो दोषान्तरमाह ***आत्महानस्य अनुद्देश्यत्वाच्च*** । न हि स्वानिष्टमुद्दिश्य मन्दोऽपि प्रवर्तते । ***एतेन*** शरीराद्यनवच्छिन्नात्मापि दुःखहेतुत्वान्नाशनीयः शरीरादिवादीति मतं ***प्रत्याख्यातम्***, आत्मनोऽनभ्युपगमे तन्नाशायोगात्, ध्वंसप्रतियोगित्वस्य सत्त्वव्याप्यत्वात्,

---

અગ્રિમચિત્તના પ્રાગભાવથી ઘટિત ઉપરોક્ત મોક્ષ પણ અસાધ્ય બની જશે. જો કોઈક પ્રકારના ચિત્તના ઉત્પાદકના અભાવ દ્વારા ચિત્તની અનુત્પત્તિ બતાવીને અગ્રિમચિત્તપ્રાગભાવમાં ક્ષેમસાધારણ સાધ્યતા અર્થાત્ પરિપાલ્યતાસ્વરૂપ સાધ્યતાની ઉપપત્તિ કરવામાં આવે તો ઉપરોક્ત દોષનું વારણ થવા છતાં પણ તેને પુરુષાર્થ નહીં માની શકાય, કારણ કે તે ચિત્તનિવૃત્તિ પુરુષપ્રવૃત્તિનું ઉદ્દેશ્ય નથી. જે પુરુષપ્રવૃત્તિનો ઉદ્દેશ્ય હોય તેમાં જ સ્વતઃ પુરુષાર્થતા આવી શકે.

આત્મહાનસ્વરૂપ મુક્તિ - ચાર્વાક

આત્મ० । નાસ્તિક શિરોમણિઓની માન્યતા એવી છે કે --> 'શરીર એ જ આત્મા છે. શરીરથી અતિરિક્ત આત્માને સ્વીકારવામાં કોઈ પ્રમાણ નથી. શરીરસ્વરૂપ આત્માનું અસ્તિત્વ એ જ સંસાર દશા છે. આથી શરીરસ્વરૂપ આત્માનો નાશ એ જ મુક્તિ છે.' <-- પરંતુ નાસ્તિક ચાર્વાકનો આ મત અત્યંત અસંગત છે, કારણ કે જે જે જન્મે છે તે તે સરાગ જ હોય છે. વીતરાગનો જન્મ થતો ક્યાંય દેખાતો નથી. રાગ એ અન્યરાગપૂર્વક હોય છે. જેમ કે ઘરનો રાગ એ ભોગસુખના રાગપૂર્વક હોય છે. રાગ એ પૂર્વવર્તી રાગનો વ્યાપ્ય હોવાથી સરાગીના આ જન્મનો પ્રથમ રાગ પણ તેની પૂર્વે અન્ય રાગની સિદ્ધિ કરે છે. પરંતુ આ જન્મમાં તો તે રાગ પ્રથમ હોવાથી તે પૂર્વનો રાગ આ જન્મસંબંધી તો સંભવી શકતો ન હોવાથી ગતજન્મના અંતિમ રાગને પોતાના પૂર્વવર્તીરૂપે સિદ્ધ કરશે. તેનો આશ્રય પૂર્વભવનો આત્મા બનશે, જેનું શરીર નષ્ટ થયેલ છે. આથી પૂર્વજન્મની સિદ્ધિ થશે. તથા આ જ રીતે ગતજન્મનો પ્રથમ રાગ પોતાના પૂર્વવર્તી રાગની સિદ્ધિ કરશે કે જે તેના પૂર્વજન્મનો અંતિમ રાગ હશે. આ રીતે ઉપદર્શિત વીતરાગજન્મઅદર્શન ન્યાયથી શરીરથી ભિન્ન અને નિત્ય એવો આત્મા સિદ્ધ થાય છે. આ રીતે આત્મા નિત્ય સિદ્ધ થાય છે. તેથી તેનો નાશ કોઈ પણ રીતે ઘટી નહીં શકે. તેથી આત્માના નાશસ્વરૂપ મોક્ષને માનવો અસંગત છે. બીજી વાત એ છે કે આત્મહીન અર્થાત્ પોતાનો નાશ કોઈનો ઉદ્દેશ્ય પણ નથી હોતો. પોતાનો નાશ કરવાના ઉદ્દેશથી કોઈ વ્યક્તિ પ્રવૃત્તિ કરે છે ? સર્વ જીવો જીવવાને ઇચ્છે છે. આ રીતે

नित्यनिरतिशयसुखाभिव्यक्तिर्मुक्तिरिति तौतातिताः । **तन्नेति नैयायिकादयः नित्यसुखे प्रमाणाभावात्** । न च **'नित्यं विज्ञानमानन्दं ब्रह्म'** (बृ.आ.३/९/२८) **इतिश्रुतिरेव तत्र प्रमाणम् न च नित्यसुखे सिद्धे ब्रह्माभेदबोधनं**

भानुमती

*तत्सत्त्वे तस्य नित्यत्वान्निवर्तनाऽसम्भवात् । **एतेन** दुःखहेतुत्वेनाऽऽत्मनो ज्ञानरूपस्य हानमेव मुक्तिरिति नव्यनास्तिकमत**मपहस्तितम्,** सुख-दुःखाभावेतरत्वेन तस्याऽपुरुषार्थत्वात्, ज्ञानरूपात्महानस्यायत्नासिद्धेः, अतिरिक्तहानरूपाऽशक्यत्वादिति ।*

नित्येति *। अत्र नित्यत्वं सुखे विशेषणं न त्वभिव्यक्तौ, तथा सति तस्याः तत्त्वज्ञानजन्यताव्याकोपेन तदर्थं योगाभ्यासादिषु प्रवृत्त्यनुपपत्तेः, मुक्तसंसारिणोरविशेषप्रसङ्गाच्च । सुखविशेषणत्वे तु तादृशसुखविषयक-साक्षात्कारस्य कादाचित्कतया न निरुक्तदोषावतारः । जीवमात्रे नित्यसुखसत्वेऽपि तत्साक्षात्कारस्तु तत्त्वज्ञानादेवेति न संसारितादृशायां तत्साक्षात्कृतेरिति भावः । निरतिशयत्वञ्च तत्त्वज्ञानग्राह्यतावच्छेदकतया सिद्धोऽखण्डधर्मीविशेषस्तादृशजातिर्विशेषो वा । **न च** तत्त्वज्ञानजन्यतावच्छेदकतया सुखसाक्षात्कारनिष्ठ एव मानसत्वव्याप्यजातिविशेषः स्वीक्रियतां लाघवादिति **वाच्यम्,** सुखनिष्ठातिशयं विना तद्विषयकसाक्षात्कारे उत्कटेच्छाविषयत्वानुपपत्तेः । तच्च वैषयिकसुखापेक्षयोत्कृष्टत्वरूपमवगन्तव्यम् । तादृशसुखस्याभिव्यक्तिरेव* **मुक्तिरिति तौतातिताः** = *तौतातितमताः वदन्ति ।*

तन्नेति नैयायिकादयः *प्रतिविदधति । तथाहि - सा हि न नित्या, मुक्त-संसारिणोरविशेषप्रसङ्गात् । नोत्पाद्या, तद्धेतुशरीराद्यभावात् ज्ञानमात्रे सुखमात्रे वा तद्धेतुत्वावधारणात् । न च संसारिदशायां शरीरादेः तद्धेतुत्वं सामान्ये बाधकाभावात् । अत एव स्वर्गादौ शरीरकल्पना । किञ्च तज्जनकं न तावदात्ममनोयोगः; तस्याऽदृष्टादीतरापेक्षस्याऽजनकत्वात् । विषयमात्राऽपेक्षणे तु संसारिदशायामपि तदभिव्यक्तिप्रसङ्गः । नापि योगजो धर्मः सहकारी, तस्योत्पन्नभावत्वेन विनाशित्वेऽपवर्गानिवृत्त्यापत्तेः । न च तज्जन्याभिव्यक्तिरनन्ता, तस्या अप्यत एव नाशात् । **न च** तत्त्वज्ञानात् सवासनामिथ्याज्ञाननाशे दोषाभावेन प्रवृत्त्याद्यभावाद्धर्माधर्मयोरनुत्पादे प्राचीनधर्माधर्मक्षयात् दुःखसाधनशरीरादेर्नाशस्यैव तद्धेतुत्वात्तस्याऽजनन्त्येनाभिव्यक्तिप्रवाहोऽप्यनन्त इति* **वाच्यम्,** *शरीरं विना तदनुपपत्तेः तस्य तद्धेतुत्वे मानाभावाच्च । **न च** मोक्षार्थिप्रवृत्तिरेव तत्र मानमिति* **वाच्यम्, नित्यसुखे प्रमाणाभावात् । न चैति** । *अस्य द्वितीयवाक्यपदेन सहान्वयो बोध्यः ।* **'नित्यं विज्ञानमानन्दं ब्रह्म'** *(३/९/२८) इति* **श्रुतिरेव** = **बृहदारण्यकोपनिषद्वचनमेव तत्र** = *नित्यसुखे* **प्रमाणम् । न चेयं** *श्रुतिः परमात्मपरेति,* **वक्तव्यम्,** *परमात्मनो बन्धवत् मोक्षाभावात्। **न च** धर्मादृते कथं तत्र सुखमिति* **शङ्कनीयम्** *वाजपेयादेर्जन्यत्रिजातीयाऽपूर्वाणां विजातीयस्वर्गहेतुत्वकल्पनात् सामान्यतो धर्मत्वेन सुखत्वेन च कार्यकारणभावात्, 'यद्धर्मावच्छिन्नयोः कार्यकारणभावः स तत्सामान्ययोरपी'तिन्यायस्याऽप्रयोजकत्वात् । 'ईश्वरो न सुखवान् सुखसामग्रीविरहादे'ति प्राचीननैयायिकानुमानस्य 'ईश्वरः सुखवान् सुखवत्त्वेन वेदबोधितत्वादिति श्रुतिसाचिव्यप्रबलानुमानेन बाधितत्वात्। धर्मधर्मिभावाद्यकल्पनेन लाघवात् नित्यसुखाऽभिन्नेश्वरसिद्धिः, गुणस्य साश्रयकत्वव्याप्तौ मानाभावादिति तौतातितानुकृतम् ।*

न च नित्यसुखे सिद्धे *सति* **ब्रह्माऽभेदबोधनं** = *नित्येश्वराभेदभानं,* **तद्बोधने** = *नित्यब्रह्माऽभेदबोधनो*

આત્મવિનાશ પુરુષપ્રવૃત્તિનો ઉદ્દેશ્ય જ નથી બનતો તો પછી તેને પરમપુરુષાર્થ કહેવું એ તો અતિસાહસ છે. તે વિવેકસ્વરૂપ ચક્ષુના અભાવને સૂચવે છે.

❀ નિત્ય નિરતિશય સુખની અભિવ્યક્તિ = મુક્તિ-મીમાંસક ❀

નિત્ય० । મીમાંસાદર્શનનો મત એવો છે કે 'વિષયેન્દ્રિય સમ્પર્કથી ઉત્પન્ન થવાવાળા સુખથી ભિન્ન સુખ પણ હોય છે કે જે નિત્ય અને નિરતિશય હોય છે. નિરતિશયનો અર્થ એવો છે કે અતિશયથી શૂન્ય, જેનાથી અધિક બીજું ન હોય, જે સર્વશ્રેષ્ઠ હોય. આવા સુખની અભિવ્યક્તિ-આવા અનાદિ-અનંત-મહત્તમ સુખનો પ્રત્યક્ષ અનુભવ એ જ મોક્ષ છે.

❀ નિત્યસુખ પ્રમાણથી અસિદ્ધ- નૈયાયિક ❀

तन्ने० । પરંતુ આના વિરોધમાં નૈયાયિક વગેરે વિદ્વાનોનું મંતવ્ય એવું છે કે નિત્ય સુખની સિદ્ધિમાં કોઈ પ્રમાણ ન હોવાથી તેનાથી ઘટિત મુક્તિ પણ અપ્રામાણિક છે. અપ્રામાણિક પદાર્થથી ઘટિત વસ્તુ પ્રામાણિક કઈ રીતે હોઈ શકે?

મીમાંસક :- न च नि० । 'नित्यं विज्ञानं आनन्दं ब्रह्म' આ શ્રુતિ = વેદવચનથી જ નિત્ય સુખની સિદ્ધિ થાય છે, કારણ કે એનાથી નિત્ય એવા આનંદ = નિત્ય સુખ સાથે બ્રહ્મઅભેદનું સાક્ષાત્ પ્રતિપાદન થયેલ છે.

નૈયાયિક:- न च नित्यसु० । જો નિત્ય સુખ સિદ્ધ થશે તો તેની સાથે બ્રહ્મ = વિશુદ્ધ આત્માના અભેદનું ભાન થશે, કારણ કે પ્રમાણથી અસિદ્ધની સાથે કોઈ વાસ્તવિક વસ્તુનો અભેદ અન્વય થઈ શકતો નથી. પરંતુ નિત્ય સુખની સિદ્ધિ તો નિત્ય બ્રહ્મતત્ત્વ સાથે અભિન્નત્વરૂપે તે ભાસે તો જ થઈ શકે. મતલબ એવો છે કે નિત્ય સુખ જેવી કોઈ ચીજ પ્રમાણથી સિદ્ધ થાય તો નિત્ય એવા

तद्बोधने च नित्यसुखसिद्धिरिति परस्पराश्रय इति वाच्यम् स्वर्गत्वमुपलक्षणीकृत्य स्वर्गविशेषे यागकारणताबोधवत् सुखत्वमुपलक्षणीकृत्य सुखविशेषे ब्रह्माभेदोपपत्तेः, यद्वा नित्यं सुखं बोधयित्वा तत्र ब्रह्माभेदोऽपि विधिनैव बोध्यते,

भानुमती

च नित्यसुखसिद्धिः इति *प्रकृते ज्ञातौ* ***परस्पराश्रयः*** *स्वग्रहसापेक्षग्रहसापेक्षग्राहकत्वात्* ***इति*** *नैयायिकेन* ***वाच्यम्,*** ***स्वर्गत्वं*** *= स्वर्गत्वबोधकपदं* ***उपलक्षणीकृत्य*** *= स्वार्थबोधकत्वे सति स्वेतरार्थबोधकत्वरूपं कृत्वा* ***स्वर्गविशेषे*** *= स्वर्गत्वव्याप्यतैजात्यावच्छेन्नं प्रति* ***यागकारणताबोधवत्*** *। अयं भावः 'स्वर्गकामो यजेत' इति श्रुत्या यागस्य स्वर्गहेतुताबोधनात् स्वर्गत्वेन रूपेण स्वर्गसामान्यं प्रति यागहेतुतौकल्पने दानादिजन्यस्वर्गे व्यभिचारापातात् स्वर्गत्वं विहाय दानादिजन्यतावच्छेदकव्यावृत्तं स्वर्गत्वव्याप्यं यदतैजात्यं तदवच्छेन्नं प्रति यथा यागकारणता गृह्यते तथैव 'नित्यं विज्ञानमानन्दं ब्रह्म' इति श्रुत्या सुखस्य ब्रह्माभेदबोधनात् ब्रह्मणो नित्यत्वेनाऽयोग्यतयाऽनित्यं सुखं विहाय* ***सुखत्वं*** *= सुखत्वबोधकपदं* ***उपलक्षणीकृत्य सुखविशेषे*** *= जन्यसुखव्यावृत्त सुखत्वव्याप्यं यदतैजात्यं तदवच्छेन्ने* ***ब्रह्माभेदोपपत्तेः*** *।*

केचित्तु *- 'स्वर्गम्प्रति दर्शस्य यथा कारणता तथा यागान्तरस्यापि । न च सर्वस्यापि वैकल्पिकत्वेन कारणता ववक्रणक - व्रीहिकरणकयागयोरिव, किन्तु स्वर्गत्वावान्तरतत्तज्जातिविशेषावच्छेन्नस्वर्गविशेषम्प्रत्येव कारणत्वं दर्शादीनां तत्तज्जातिरूपेण च स्वर्गविशेषस्य नोपस्थितिर्येन च स्वर्गत्वसामान्येनोपस्थितिर्न तेन रूपेण दर्शादीनेष्टकारणतातिरूपकल्पनमिति यथा स्वर्गत्वस्योपलक्षणत्वमेव तदुपलक्षितस्वर्गविशेषोनिरूपितैव यागकारणता श्रुत्या प्रतीयते । स्वर्गत्वस्योपलक्षणत्वादेव न कार्यतावच्छेदकत्वेन भानं तथाविधस्य चावान्तरजाति-विशेषस्यानुपस्थितत्वेनैव न तत्त्वेन भानं किन्तु कार्यमात्रस्य स्वर्गविशेषस्य तथा प्रकृतेऽपि सुखत्वेनोपल-क्षितसुखविशेष एव ब्रह्माभेदबोधनमिति* ***व्याख्यानयन्ति । तच्चिन्त्यम् ।***

नन्वेवं सति शाब्दबोधे विलम्बः स्यात् । न च स इष्टः इत्याशङ्कायां तौतातिता वदन्ति- ***यद्वा*** *दर्शितश्रुत्यादौ* ***नित्यं सुखं बोधयित्वा तत्र*** *= उपस्थिते नित्यसुखे* ***ब्रह्माऽभेदोऽपि विधिनैव*** *= प्रोक्तश्रुत्यैव* ***बोध्यते । अत एव*** *शब्दशक्त्याऽनुपस्थापितस्य तदतिशेषस्य भानं कथं ? श्रुतौ लक्षणाया अनङ्गीकारादित्युक्तावपि* ***न क्षतिः,*** *सुखे नित्यत्वस्य शक्त्यैव भानात् ।* ***एतेन*** *उपजननापायवतोः ज्ञानसुखयोः 'अहं जानामि', 'अहं सुखी'ति भिन्नत्वेनानुभूयमानयोर्ब्रह्माभेदबोधने प्रत्यक्षबाध इति* ***प्रत्युक्तम्,*** *अन्यत्र प्रत्यक्षस्य बलवत्त्वेऽप्यत्रातीन्द्रियस्थले श्रुतेरेव बलवत्त्वात् ।* ***न चैवं*** *प्रथमं सुखमुद्दिश्य नित्यत्वं बोधयित्वा ब्रह्म उद्दिश्य सुखाभेदस्य बोधने मुख्यप्रकार-तावच्छेदकरूपेतमुख्यविशेषणतावदणवत्त्वेन* ***वाक्यभेदः*** *प्रसज्येतेत्यारेकणीयम्,* ***सुखमुद्दिश्यैव*** *नित्यत्वस्य ब्रह्माभेद-स्य च विधातुमिष्टत्वेन* ***वाक्यैकवाक्यत्वात्*** *। एकवाक्यत्वञ्च साकाङ्क्षत्वे सति एकार्थप्रतीपपादितपरत्वम् । साकाङ्क्षत्वे सति एकार्थमुख्यविशेष्यकप्रतीपपादितप्रयोजकत्वमिति तदर्थः । प्रमाणञ्चात्र* ***जैमिनिसूत्रमपि*** *- 'अर्थैक्यादेकं वाक्यं*

બ્રહ્મતત્ત્વ સાથે તેનો અભેદાન્વયબોધ થઈ શકે અને નિત્ય બ્રહ્મતત્ત્વ સાથે સુખનો અભેદાન્વયબોધ થાય તો જ નિત્ય એવા બ્રહ્મતત્ત્વથી અભિન્ન હોવાને લીધે નિત્યસુખની = સુખમાં નિત્યત્વની સિદ્ધિ થઈ શકે. એક બીજાની પ્રસિદ્ધિ = જ્ઞાન માટે પરસ્પરના જ્ઞાનની અપેક્ષા હોવાથી અહીં પરસ્પરાશ્રય દોષ આવશે. આવી સ્થિતિમાં બેમાંથી એકની પણ સિદ્ધિ નહિ થઈ શકે. જ્યાં સુધી સુખમાં નિત્યત્વની સિદ્ધિ નહિ થાય ત્યાં સુધી બ્રહ્મતત્ત્વ સાથે તેનો અભેદાન્વયબોધ નહિ થઈ શકે અને જ્યાં સુધી નિત્યબ્રહ્મતત્ત્વનો સુખ સાથે અભેદાન્વયબોધ નહિ થાય ત્યાં સુધી સુખમાં નિત્યત્વની સિદ્ધિ નહિ થઈ શકે. આથી પરસ્પરાશ્રયતા સ્પષ્ટ જ છે. પરસ્પરાશ્રયને માથે કાંઈ શીંગડા નથી ઉગતા કે જેથી તે રીતે તેની સિદ્ધિ થઈ શકે.

સુખત્વને ઉપલક્ષણ બનાવી નિત્ય સુખમાં આત્માનો અભેદાન્વય - મીમાંસક

મીમાંસકઃ- સ્વ० । અરે ! આ પરસ્પરાશ્રયને રવાના કરવો એ તો ચપટીનો ખેલ છે. એ પૂર્વે અમે અહીં કેવો અન્વયબોધ માનીએ છીએ? ને સમજવા એક દૃષ્ટાંતને જરા શાંતિથી સમજી લઈએ. જેમ કે **'स्वर्गकामो यजेत'** આ વાક્ય દ્વારા યજ્ઞમાં સ્વર્ગની કારણતાનું ભાન થતાં સ્વર્ગત્વઅવચ્છેદેન = સ્વર્ગસામાન્ય = સકલ સ્વર્ગ પ્રત્યે યજ્ઞને કારણ માનતાં દાન-તપ વગેરે દ્વારા મળનારા સ્વર્ગમાં વ્યતિરેક વ્યભિચાર આવવાથી સ્વર્ગત્વને છોડીને વિજાતીય સ્વર્ગત્વને, કે જે સ્વર્ગત્વજાતિનું વ્યાપ્ય છે અને દાનાદિજન્ય સ્વર્ગમાં રહેતું નથી, કાર્યતાવચ્છેદક બનાવી તાદૃશ વિજાતીયસ્વર્ગત્વઅવચ્છિન્ન = સ્વર્ગવિશેષ પ્રત્યે યજ્ઞમાં કારણતાનું ભાન થાય છે. અહીં સ્વર્ગત્વવાચકપદ એ ઉપલક્ષણ = પરિચાયક હોવાથી સ્વર્ગત્વને છોડીને સ્વર્ગત્વવ્યાપ્ય જાતિવિશેષને યજ્ઞકાર્યતાઅવચ્છેદક માની શકાય છે. તે જ રીતે **'नित्यं विज्ञानमानन्दं ब्रह्म'** આ વેદવચન દ્વારા સુખની જોડે બ્રહ્મતત્ત્વના અભેદાન્વયબોધનું ભાન થતાં બ્રહ્મતત્ત્વ નિત્ય હોવાથી બ્રહ્મતત્ત્વ સાથે અભેદાન્વય બોધ કરવા માટે અનિત્ય સુખ અયોગ્ય બની જાય છે. તેથી સુખત્વવાચક પદને ઉપલક્ષણ = પરિચાયક બનાવી અનિત્ય સાંસારિક સુખને છોડીને અનિત્યસુખવ્યાવૃત્ત સુખત્વવ્યાપ્ય જાતિવિશેષથી વિશિષ્ટ સુખવિશેષમાં બ્રહ્મતત્ત્વનો અભેદાન્વયબોધ ઘટી શકશે. આ રીતે બ્રહ્મતત્ત્વનો સુખ સાથે અભેદાન્વયબોધ માનવામાં સુખમાં નિત્યત્વસિદ્ધિની આવશ્યકતા જ નથી રહેતી. તો પછી પરસ્પરાશ્રય દોષનો પગપેસારો કેવી રીતે થશે ?

न च वाक्यभेदो वाक्यैकवाक्यत्वात्, न चानन्दमित्यत्र नपुंसकलिङ्गत्वानुपपत्तिः, छान्दसत्वात्, न चानन्दं ब्रह्मणो रूपं तच्च मोक्षे प्रतिष्ठितमिति भेदपरषष्ठ्यनुपपत्तिः; 'राहोः शिर' इतिवदभेदेऽपि षष्ठीदर्शनादिति वाच्यम्

भानुमती

साकाङ्क्षत्वेद् विभागे स्यात्' ( ) इति । तादात्म्यसम्बन्धेन नित्यत्वविशेष्टसुखविशेष्यकबोधस्य ब्रह्मविशेष्टसुख-विशेष्यकबोधस्य च मिथः साकाङ्क्षत्वेनैकार्थमुख्यविशेष्यकप्रतिपत्तिरूपत्वाद्वाक्यैकवाक्यतानिर्वाह इति तौतातिता-भिप्रायः ।

***न चो**क्तश्रुत्या नित्यसुख-ब्रह्मणोरभेदोपगमे **'आनन्दं' इत्यत्र नपुंसकलिङ्गत्वानुपपत्तिः**, मत्वर्थीयाऽच्प्रत्य-यान्ततयाऽऽनन्दपदेनाऽऽनन्दवत्त्वस्य बोधनीयत्वात् इति **वक्तव्यम्, छान्दसत्वात्** = 'व्यत्ययो बहुलं' (३/१/८५) इति **पाणिन्यनुशासन**परिप्राप्तवैदिकच्छन्दोनियमादित्यर्थः । अन्यथा 'आनन्दो ब्रह्मे'ति व्यत्ययात्-इत्यादिश्रुत्यन्यथानुपपत्तेः । 'गुणे शुक्लादयः पुंसि नृणिलिङ्गास्तु तद्वति' (अ.को.१-१-१७) इति **अम-रकोश**वचनानुशासनं तु वैदिकान्यप्रयोग एवेति द्रष्टव्यम् ।*

***न च** आनन्द-ब्रह्मणोरैक्ये **'आनन्दं ब्रह्मणो रूपं तच्च मोक्षे प्रतिष्ठितं' ( ) इति भेदपरषष्ठ्यनुपपत्तिः**, ततश्च 'घटस्य रूपं' इत्यत्र यथा घटरूपयोर्भेदः सिध्यति तथाऽऽनन्दब्रह्मणोरपीति नैयायिकेन **वक्तव्यम्, 'राहोः शिरः'**, 'तैलस्य धारा', 'ममात्मा' **इतिवदभेदेऽपि षष्ठीदर्शनात्** । न च राहुशिरसोरभेदः षष्ठ्या बाधितो भवति। अत्रापि आनन्दमिति छान्दसं नपुंसकलिङ्गम् । **ब्रह्मणः** = आत्मनः **रूपं** = स्वरूपं **तच्च मोक्षे** = मोक्षसमये **प्रतिष्ठितं** = साक्षात्कृतं अभिव्यक्तिमापादितमिति यावत् । अतो नित्यनिरतिशयसुखाभिव्यक्तिरेव मुक्तिरिति श्रुतिसिद्धमिति तौतातितभट्टाशयः ।*

मीमांसकः- यद्वा० । અથવા એમ પણ કહી શકાય કે ઉપરોક્ત શ્રુતિવાક્ય નિત્ય સુખનો બોધ કરાવી તે જ શ્રુતિવચન નિત્ય સુખમાં બ્રહ્મઅભેદનું પણ ભાન કરાવશે. ઉપદર્શિત શ્રુતિવચન જ બન્ને કાર્ય કરાવશે. તેથી કોઈ પ્રકારના કાલક્ષેપનો પણ અવકાશ નહીં રહે.

નૈયાયિક :- न च वा० । જો સુખમાં નિત્યત્વનું પ્રથમ ભાન કરાવી બ્રહ્મતત્ત્વમાં સુખનો અભેદાન્વય બોધ કરવામાં આવે તો નિત્યત્વ અને સુખાભેદ સ્વરૂપ બે પ્રકાર = વિશેષણ અને સુખ અને બ્રહ્મ સ્વરૂપ બે વિશેષ્ય જ્ઞાત થવાને લીધે વાક્યભેદ = વાક્યદ્વય દોષ આવશે. બે મુખ્ય પ્રકારતાથી નિરૂપિત બે મુખ્ય વિશેષ્યતાનું ભાન થવું એ જ વાક્યભેદનું લક્ષણ છે. આથી 'नित्यं विज्ञानं...' શ્રુતિમાં વાક્યભેદ દોષ દુર્વાર બનશે. આ તો બકરું કાઢતાં ઊંટ પેઠું !

❁ वाक्यैकवाक्यता समर्थन ❁

મીમાંસક :- वाक्यै० । ના, વાક્યભેદની અહીં કોઈ શક્યતા નથી. કારણ કે અમે સુખમાં જ નિત્યત્વનું અને બ્રહ્મઅભેદનું ભાન માનીએ છીએ. એક જ મુખ્ય વિશેષ્યમાં સાકાંક્ષ અનેક વિશેષણનું ભાન માનવામાં વાક્યૈકવાક્યતા જળવાઈ રહેવાથી વાક્યભેદદોષ નથી રહેતો. સાકાંક્ષ એકાર્થમુખ્યવિશેષ્યક બોધનું નિર્વાહક હોવું તે જ વાક્યૈકવાક્યતા. પરસ્પર સાકાંક્ષ એવા અનેક વિશેષણોનું એક મુખ્ય વિશેષ્યમાં ભાન જે વાક્ય દ્વારા થાય તે વાક્યમાં વાક્યૈકવાક્યતા રહે છે; જે અહીં અબાધિત હોવાને લીધે વાક્યભેદ વિલીન થઈ જાય છે. વાક્ય ભેદાતું નથી, તૂટી નથી જતું. વાક્યની અખંડિતતા અબાધિત રહે છે.

નૈયાયિક :- न चा० । જો બ્રહ્મ અને આનંદનો અભેદ હોય અર્થાત્ બ્રહ્મ આનંદસ્વરૂપ હોય તો 'आनन्दो ब्रह्म' આ રીતે આનન્દપદ પ્રથમ વિભક્તિવાળું હોવું જોઈએ, કારણ કે આનંદશબ્દ જ્યારે ગુણવાચક હોય ત્યારે પુંલિંગમાં જ આવે. પરંતુ તે અહીં નપુંસકલિંગમાં છે. તેથી ફલિત થાય છે કે આનન્દપદ અહીં ગુણવાચક નથી પરંતુ ગુણિવાચક છે. અર્થાત્ બ્રહ્મ આનંદસ્વરૂપ નથી પરંતુ આનંદવાન્ છે. તેથી બ્રહ્મ અને આનંદ વચ્ચે ભેદ સિદ્ધ થવાને લીધે બન્ને વચ્ચે અભેદાન્વય નહીં થઈ શકે. અભેદાન્વય કરવો હોય તો 'आनन्दो ब्रह्म' આ રીતે આનન્દપદનો પુંલિંગમાં પ્રયોગ જોઈએ.

મીમાંસક :- छा० । ભાગ્યશાળી! લૌકિક શાસ્ત્રોના નિયમો વૈદિક શાસ્ત્રોમાં લાગુ પડતા નથી. આ માટે પાણિનિએ પણ 'व्यत्ययो बहुलम्' આવું સ્વતન્ત્ર સૂત્ર બનાવેલ છે. તેથી આનંદશબ્દ નપુંસકલિંગવાળો હોવા છતાં તેને ગુણવાચક માની શકાય છે. આથી બ્રહ્મ અને આનંદ વચ્ચે અભેદાન્વય બોધ સુરક્ષિત રહેશે.

નૈયાયિક :- જો બ્રહ્મ અને આનંદ વચ્ચે અભેદ હોય તો 'आनन्दं ब्रह्मणो रूपं तच्च मोक्षे प्रतिष्ठितं' અર્થાત્ 'આનંદ એ બ્રહ્મતત્ત્વનો ધર્મ છે કે જે મોક્ષમાં પ્રતિષ્ઠિત છે.' અહીં ભેદપરક ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ થયેલ છે તે નહિ ઘટે. જે બે પદ વચ્ચે ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ હોય છે તે બે પદના અર્થમાં જરૂર ભેદ હોય છે. જેમ 'चैत्रनुं धन' અહીં ચૈત્ર અને ધન વચ્ચે ભેદ રહેલો છે. તે જ રીતે 'આનંદ બ્રહ્મનો ધર્મ છે.' અહીં પણ બ્રહ્મ અને આનંદ વચ્ચે ભેદ સિદ્ધ થાય છે. તે બે વચ્ચે અભેદ માનવામાં આવે તો ભેદબોધક ષષ્ઠી વિભક્તિ અનુપપન્ન બની જાય.

મીમાંસક :- राहो० । જો બે પદ વચ્ચે ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ થયેલો હોય તે બે પદના અર્થ વચ્ચે ભેદ જ હોય આવી

आत्मनोऽनुभूयमानत्वेन नित्यसुखस्याप्यनुभवप्रसङ्गात्, सुखमात्रस्य स्वगोचरसाक्षात्कारजनकत्वनियमात् ।

न चाऽऽत्माभिन्नतया सुखमनुभूयत एव, सुखत्वं तु तत्र नानुभूयते देहात्माभेदभ्रमवासनादोषात्, आत्यन्तिकदुःखोच्छेदरूपव्यञ्जकाभावाद्वा । यत्तु सुखानुभवसामग्र्या एव सुखत्वानुभवसामग्रीत्वमिति नोक्तोपपत्तिरिति,

भानुमती

यत्तु *'नित्यं विज्ञानमानन्दं ब्रह्म' इति श्रुतेः आनन्दादेर्विशेषस्याऽऽत्मनो नित्यतां बोधयति, विशेषत्वनत्वयोरपरतायाः औत्सर्गिकतया असति बाधके त्यागाऽयोगादिति विशेषणस्यानन्दस्य नित्यत्वे सैव प्रमाणमिति ।* ***तच्चिन्त्यम्*** *। तथा सति ततो नित्यज्ञानस्यापि सिद्धिप्रसङ्गात् । न च तौतातितानां तदनुमतम्, वेदान्तिनामेव यथाश्रुतताद्दशश्रुतिबलात् ज्ञानसुखात्मकस्य परमात्मनः सिद्धेरित्यत्र विस्तरः ।*

नित्यनिरतिशयसुखाभिव्यक्तिलक्षणाया मुक्तेः निरासाय नैयायिको हेतुमाह ***आत्मनः*** *संसारदशायां* ***अनुभूयमानत्वेन*** *तदाभिन्नस्य* ***नित्यसुखस्यापि अनुभवप्रसङ्गात्*** *= संसारदशायामपि आभिव्यक्तिकप्रसङ्गात्,* ***सुखमात्रस्य*** *= सुखत्वावच्छिन्नस्य* ***स्वगोचरसाक्षात्कारजनकत्वनियमात्,*** *तदननुभवे वाऽऽत्मनोऽपि अननुभवो न स्यादिति* ***तत्त्वचिन्तामणिकारः*** *(त.चि.मु.वा.पृ.१८१) ।* ***एतेन*** *नित्यमतिशयितसुखमेवापवर्गो नाम्नवादिति* ***स्वतन्त्रमतमपि प्रत्याख्यातम्*** *।*

वस्तुतः ब्रह्माऽभिन्नैकान्तनित्यसुखज्ञानस्याऽऽभिव्यक्तिरूपस्य नित्यत्वमेव, 'नित्यं विज्ञानमानन्दं ब्रह्म' इति श्रुत्या ज्ञानसुखयोरभेदबोधनात् । ततश्चैकान्ततः सुखस्य नित्यत्वे संसारदशायामपि तदाभिव्यक्तिप्रसङ्गस्य दुर्वारित्वमेवेति व्यक्तं ***स्याद्वादकल्पलतायाम्*** *। तदुक्तं* ***वात्स्यायनेनापि न्यायभाष्ये*** *- 'यथा मुक्तस्य नित्यं सुखं तत्संवेदनहेतुश्च, संवेदनस्य तूपरमो नास्ति, कारणस्य नित्यत्वात् तथा संसारस्थायीति । एवं च सति धर्माधर्मफलेन सुख-दुःखसंवेदनेन साहचर्यं गृह्येतेति (न्या.सू.१/१/२ भा.पृ.३७) ।*

*नैयायिकाः तौतातितशङ्कामावेदयन्ति - **न चेति** । अस्य मूलग्रन्थे वाच्यमित्यनेन अन्वयः । **आत्माऽभिन्नतया सुखं** = नित्यसुखं **अनुभूयते** = आभिव्यक्तीक्रियत **एव, सुखत्वं तु तत्र** = आत्माभिन्ननित्यसुखे **नानुभूयते** । तौतातिता अत्र हेतुमाहुः **देहात्माभेदभ्रमवासनादोषात्** । आनित्यज्ञानरूपतदाभिव्यक्तेः देहात्माभेदभ्रमजनकसंस्कारदोषाभासाध्यत्वोपगमेन आद्यबौद्धैकादेर्दुःखपङ्कैकानिमग्नसंसारदशायां न तत्र सुखत्वानुभव इति तौतातिताशयः ।*

नन्वेवमपि तादृशसंस्कारशून्यानां उत्पन्नतत्त्वज्ञानानां योगिनां देहदशायां तदाभिव्यक्तेः दुर्वारित्याशङ्कायामन्यहेतुमाहुः ***आत्यन्तिकदुःखोच्छेदरूपव्यञ्जकाभावाद् वेति*** *। आत्माभिन्ननित्यसुखे सुखत्वप्रकारकाभिव्यक्तेः स्वसमानाधिकरणदुःखप्रागभावाऽसमानकालीनदुःखध्वंसव्यङ्ग्यत्वान्न देहदशायां योगिनामपि तत्र सुखत्वानुभव इति तौतातितात्पर्याभिप्रायः ।*

तत्त्वचिन्तामणिकृत्मङ्गेश्वरमतमपाकर्तुमुपक्षिपति - यत्त्विति *। तन्नेत्यनेनास्यान्वयः ।* ***सुखानुभवसामग्र्याः*** *= सुखविशेष्यकलौकिकमानससाक्षात्कारसामग्र्याः* ***एव सुखत्वानुभवसामग्रीत्वमिति*** *। यद्यपि लौकिकविषयता-*

કોઈ રાજાજ્ઞા નથી. જે બે પદાર્થ વચ્ચે અભેદ હોય તેના વાચક પદો વચ્ચે પણ ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ દેખાય છે. જેમ કે 'राहोः शिरः' અર્થાત્ 'રાહુનું માથું'. રાહુ એ હકીકતમાં માથાથી કોઈ અલગ ચીજ નથી. રાહુ મસ્તકસ્વરૂપ જ છે. મસ્તકથી અભિન્ન હોવા છતાં જેમ 'રાહુનું માથું' એવો ષષ્ઠીવિભક્તિથી ઘટિત પ્રયોગ થાય છે તેમ આનંદ અને બ્રહ્મ વચ્ચે અભેદ હોવા છતાં પણ એવો છઠ્ઠી વિભક્તિવાળો વાક્યપ્રયોગ થઈ શકે છે. છઠ્ઠી વિભક્તિનો અર્થ માત્ર સંબંધ છે, નહિં કે ભેદ સંબંધ કે અભેદ સંબંધ. આથી બ્રહ્મ અને નિત્ય આનંદ વચ્ચે અભેદ અબાધિત છે. નિત્ય અને ઉત્કૃષ્ટ એવો આનંદ મોક્ષમાં અભિવ્યક્ત થાય છે. માટે મુક્તિ એ નિત્ય નિરતિશય આનંદની અભિવ્યક્તિસ્વરૂપ છે - એવું માનવું બરોબર છે.

❀ नित्यसुखाभिव्यक्तिने मुक्ति मानवामां विपदा ❀

નૈયાયિકઃ- સુખને એકાંતે નિત્ય માનવામાં આવે અને આત્માથી એકાંતે અભિન્ન માનવામાં આવે તો સંસારઅવસ્થામાં આત્માનો અનુભવ થાય છે તે કારણસર નિત્ય સુખનો પણ અનુભવ પણ થવો જોઈએ. આત્મા અને નિત્ય સુખ મિથઃ અભિન્ન હોવાથી આત્માનો સાક્ષાત્કાર થતાં નિત્ય સુખનો સાક્ષાત્કાર થવો ન્યાયપ્રાપ્ત છે. 'સર્વ સુખ પોતાના સાક્ષાત્કારના જનક હોય છે' આવો નિયમ હોવાથી નિત્ય સુખની અભિવ્યક્તિ = અનુભૂતિ સર્વદા થવી જોઈએ.

❀ सुखत्वानवगाही सुखानुभव - मीमांसक ❀

મીમાંસક :- આત્મા નિત્ય સુખથી અભિન્ન હોવાને લીધે આત્માનુભવ સમયે આત્માથી અભિન્ન એવા સુખનો પણ અનુભવ થાય છે જ. પરંતુ આત્માથી અભિન્ન નિત્ય સુખમાં સુખત્વનું ભાન નથી થતું. આનું કારણ એ છે કે સંસારી જીવોમાં શરીર અને આત્મામાં અભેદનો ભ્રમ દુઃખાનુભવ કરાવે છે. એથી 'હું દુઃખી છું' એવું ભાન સંસારી જીવોને થાય છે. અભેદભ્રમના સંસ્કાર જ્યાં સુધી નાબુદ ન થાય ત્યાં સુધી આત્માનો અનુભવ થવા છતાં પણ તેમાં સુખત્વનું ભાન થતું નથી. પ્રતિબન્ધક હોય ત્યાં સુધી :

तत् न, सुखविशेष्यक-दुःखाभावत्वादिप्रकारकभ्रमदशायां सुखत्वाननुभवादिति वाच्यम्, आत्मसुखयोरभेदे सुखत्वस्यात्मत्वतुल्यव्यक्तिकत्वेनात्मत्वान्यजातित्वासिद्धेः । किञ्च दुःखमप्येवं सुखं स्यात्, 'सर्वं खलु इदं ब्रह्म' इति श्रुत्या आनन्दमयब्रह्माऽभेदबोधनात्, सुखत्वेनाननुभवस्य चोक्तरीत्योपपत्तेः

भानुमती

सम्बन्धेन सुखानुभवं प्रति मनसः स्वसंयुक्तसमवेतत्वसम्बन्धेन हेतुत्वं सुखत्वानुभवं प्रति तु तस्य स्वसंयुक्त-समवेतसमवेतत्वसंसर्गेण कारणता तथापि सुख-सुखत्वयोः समानाधिकरण्येनाऽपि तदुभयसामान्याधिकरण्यमुक्तं **मणिकृतेति** न विरोधः । **इति** हेतोः **न उक्तोपपत्तिः** = सुखत्वावच्छिन्नसुखानुभवसङ्गतेरिति ।

तौतातितेता तदर्कते- **तत् न** समीचीनम्, **सुखविशेष्यक-दुःखाभावत्वादिप्रकारकभ्रमदशायां** = दुःखाभाव-त्वादिना सुखानुभवे **सुखत्वाननुभवात्** = सुखत्वप्रकारितावैरहात् । **एतेन** सुखविशेष्यितायाः सुखत्वप्रकारिता-व्याप्यत्वानियमोऽप्रामाणिक **इत्यावेदितम्** ।

नैयायिकः तात्रैरासे हेतुमाह- **आत्मसुखयोः** = आत्म-सुखपदप्रतिपाद्ययोः **अभेदे** स्वीक्रियमाणे सति **सुखत्वस्य आत्मत्वतुल्यव्यक्तिकत्वेन** = आत्मत्वाश्रयेतराश्रयकत्वशून्यत्वे सति आत्मत्वाश्रयाश्रयकत्वेन आत्मत्वाव्याप्यजातित्वाऽसिद्धेः तुल्यव्यक्तिकत्वस्य जातिबाधकत्वात्, घटत्व-कलशत्वस्थले तथा दृष्टत्वात् । तुल्यत्वं तुल्यव्यक्तिकत्वं, तच्च स्वाभेदजात्याश्रयव्यक्तिकोनिष्ठसंख्याऽन्यूनाधिरिक्तसंख्याकव्यक्तिकत्वं, स्वसमानाधिक-रण्यान्योन्याभावप्रतियोगितानवच्छेदक-स्वाभेदजातेसमानाधिकरण्यान्योन्याभावप्रतियोगितानवच्छेदकत्वरूपं स्वव्याप्यत्व-स्वव्यापकत्वस्वाभेदतैतादितरसम्बन्धेन जातितोविशेषत्वरूपं वेति **मुक्तावलीमञ्जूषाकारः । किञ्च दुःखमपि एवं** निरुक्तरीत्या **सुखं स्यात् 'सर्वं खल्विदं ब्रह्म' ( ) इति श्रुत्या आनन्दमयब्रह्माभेदबोधनात्** सर्वस्य नित्यानन्दाभेदब्रह्माऽभेदत्वे सर्वान्तर्गतस्य दुःखस्याऽपि ब्रह्मरूपता स्यात् । दुःखस्य ब्रह्माभेदत्वे सिद्धे सुखाभेदत्वासिद्धेः 'नित्यं विज्ञानमानन्दं ब्रह्म' इति श्रुत्या ब्रह्मणो नित्यानन्दस्वरूपत्वासिद्धेः तदाभेदस्य तदाभेदाभेदत्वानियमात् । **न चैवं** दुःखस्यानुभूयमानत्वेन तदाभेदस्य सुखस्याप्यनुभवप्रसङ्गे दुःखभागस्य स्वगोचरसाक्षात्कारजनकत्वानियमादिति **वाच्यम्,** दुःखाभेदतया सुखमपि संसारदशायामनुभूयत एव, सुखत्वं तु तत्र नानुभूयते । **न च** सुखत्वेन तदनुभवः स्यादिति **वक्तव्यम्, सुखत्वेन** सुखाऽभेदेन दुःखस्य **अननुभवस्य च** = हि **उक्तरीत्योपपत्तेः** = 'देहात्माभेदभ्रमवासनादोषात् न तत्र दुःखत्वमनुभूयत' इत्यस्योपपादकस्य जागरूकत्वात्सर्वं चतुरस्रं स्यादिति नैयायिकाभिप्रायः ।

કેવી રીતે થઈ શકે ? અથવા એમ પણ કહી શકાય કે નિત્ય સુખ તો સર્વદા સન્નિહિત જ છે. પરંતુ તેના વ્યંજકની ગેરહાજરી હોવાના લીધે સુખત્વનો અનુભવ થતો નથી. તેનું વ્યંજક છે આત્યંતિક દુઃખવિનાશ. સંસારદશામાં દુઃખમાં સબડતા જીવમાં આત્યંતિક દુઃખધ્વંસ ક્યાંથી સંભવે ? એક દુઃખ જાય ત્યારે બીજા અનેક દુઃખોની પરંપરા તૈયાર જ હોય છે. જ્યારે ભવિષ્યમાં એક પણ દુઃખ આવવાનું નહીં હોય એવી અવસ્થામાં એ જીવમાં રહેલ દુઃખધ્વંસ નિત્ય સુખને વ્યક્ત કરશે. ત્યારે તેમાં સુખત્વનો અનુભવ કરવા જીવ સમર્થ બને છે.

વસ્તુ० । અહીં એવી શંકા થાય કે --> સુખના અનુભવની સામગ્રી એ જ સુખત્વના અનુભવની સામગ્રી છે. એથી સંસારી અવસ્થામાં આત્માનો અનુભવ થતાં અનુભૂયમાન નિત્ય સુખમાં સુખત્વનું ભાન પણ અવશ્ય થઈ જ જશે. માટે 'આત્માથી અભિન્ન નિત્ય સુખ અનુભવાતું હોવા છતાં તેમાં સુખત્વનું ભાન દોષના કારણે અથવા વ્યંજકઅભાવના લીધે સંસારદશામાં નથી થતું' આ વાત અનુપપન્ન બની જશે. <-- તો આ બરાબર નથી, કારણ કે સુખમાં જ જ્યારે દુઃખાભાવત્વનો ભ્રમ થાય ત્યારે અર્થાત્ સુખ જ્યારે દુઃખાભાવસ્વરૂપે ભાસે ત્યારે સુખમાં સુખત્વનું ભાન નથી થતું. માટે 'સુખ અને સુખત્વ-બન્નેના સાક્ષાત્કારની સામગ્રી એક જ છે.' આ નૈયાયિક માન્યતા બરાબર નથી. માટે નિત્ય નિરતિશય સુખની અભિવ્યક્તિને મુક્તિ માનવી યુક્ત છે.

નૈયાયિક :- આત્મસુ० । મીમાંસક મહાશય ! તમારી આ વાત બરાબર નથી, કારણ કે આત્મા અને સુખને અભિન્ન માનવામાં આવે તો આત્મત્વ જાતિ અને સુખત્વ જાતિ પણ પરસ્પર અભિન્ન થઈ જવાને લીધે આત્મત્વથી ભિન્ન સુખત્વજાતિ જ અસિદ્ધ બની જશે. વ્યક્તિઅભેદ એ જાતિબાધક છે. જે બે ધર્મોના આશ્રયમાં અભેદ જ હોય તે બન્ને જાતિ બની ન શકે. પરંતુ બેમાંથી એક જ જાતિ બની શકે. જેમ ઘટત્વના આશ્રયથી અભિન્નમાં રહેવાને લીધે કલશત્વ જાતિ નથી તેમ આત્મત્વના આશ્રયથી અભિન્ન આશ્રયમાં રહેવાને લીધે સુખત્વ સ્વતંત્ર જાતિ સિદ્ધ નહીં થઈ શકે. બીજી વાત એ છે કે આ રીતે માનવામાં તો દુઃખ પણ સુખ બની જશે; કારણ કે 'સર્વં ખલુ ઇદં બ્રહ્મ' આ શ્રુતિ દ્વારા સર્વ અંતર્ગત દુઃખ પણ બ્રહ્મસ્વરૂપ સિદ્ધ થાય છે કે જે બ્રહ્મ સુખાત્મક છે. અહીં એવી શંકા થાય કે --> 'દુઃખ એ સુખસ્વરૂપ હોય તો દુઃખનો દુઃખત્વસ્વરૂપે જ અનુભવ કેમ થાય છે ? સુખત્વરૂપે અનુભવ કેમ થતો નથી ? <-- તો એનું સમાધાન એવું આપી શકાય છે કે દુઃખ એ સુખથી અભિન્ન હોવાથી દુઃખના અનુભવ વખતે દુઃખાભિન્ન સુખ પણ અનુભવાય જ છે. સુખત્વનો તેમાં અનુભવ ન થવાનું કારણ એ છે કે દેહાત્માના અભેદ ભ્રમના સંસ્કારસ્વરૂપ દોષ ઉપસ્થિત છે. તેથી

'सिद्धार्थत्वेन नेयं श्रुतिः स्वार्थे प्रमाणमि'ति चेत् ? प्रकृतेऽपि तुल्यम् । किञ्च सुखत्वानुभवसामान्ये न मिथ्याज्ञानवासना दोषः, अनित्यसुखेऽपि सुखत्वाननुभवप्रसङ्गात् किन्तु नित्यसुखत्वानुभवे आत्मनि सुखत्वानुभवे चेति गौरवम् । तस्मात् 'आनन्दं ब्रह्म' इति मत्वर्थीयाऽच्प्रत्ययान्तेनानन्दवत्त्वं बोध्यते, न तु तदभेद इति ।

भानुमती

ननु ***सिद्धार्थत्वेन*** *= विध्यर्थीनिराकाङ्क्षार्थप्रतिपादकत्वेन* ***न इयं*** *= 'सर्वं खल्विदं ब्रह्म' इति* ***श्रुतिः स्वार्थे*** *= सर्वाभेदब्रह्मतत्त्वे* ***प्रमाणम्,*** *विध्यर्थे एव श्रुतेः प्रमाणत्वात् इति न दुःखस्य सुखत्वप्रसङ्ग इति चेत् ?*

'यत्त्वोभयोः समो दोषः परिहारस्तयोः समः' इति न्यायेनैवाऽत्र नैयायिक आह- ***प्रकृतेऽपि तुल्यम्*** *। तथापि शक्यते ह्येवं वक्तुं सिद्धार्थत्वेन 'नित्यं विज्ञानं आनन्दं ब्रह्म' इति श्रुतिः न नित्यानन्दाभेदब्रह्मपदार्थे प्रमाणम्। अतो न तस्या नित्यसुखे प्रामाण्यम् । अत एव ब्रह्मणः सुखात्मकताऽपि न प्रामाणिकी ।*

किञ्च *नित्यानन्दाभेदब्रह्मस्वीकारे* ***सुखत्वानुभवसामान्ये*** *= सुखत्वसाक्षात्कारमात्रं प्रति* ***न मिथ्याज्ञानवासना दोषः*** *= प्रतिबन्धिका* ***अनित्यसुखेऽपि*** *= सांसारिकसुखेऽपि* ***सुखत्वाननुभवप्रसङ्गात्,*** *प्रतिबन्धकसत्त्वे कार्याऽयोगात् ।* ***किन्तु*** *मिथ्याज्ञानवासनायाः* ***नित्यसुखत्वानुभवे*** *= नित्यसुखमात्रवृत्तिवैजात्यसाक्षात्कारं प्रति* ***आत्मनि सुखत्वानुभवे*** *= आत्मविशेष्यक-सुखत्वप्रकारकसाक्षात्कारं प्रति* ***च*** *प्रतिबन्धकत्वं तौतातितैः वक्तव्यम् इति प्रतिबध्यतावच्छेदकदौर्लभ्यापातेन तौतातितमते गौरवं दुर्वारमेव ।* ***तस्मात् 'आनन्दं ब्रह्म' इति मत्वर्थीयाऽच्प्रत्ययान्तत्वेन आनन्दवत्त्वं*** *ब्रह्मणि* ***बोध्यते न तु तदभेद इति ।***

किञ्च तौतातितमतेऽनित्यज्ञानरूपाया नित्यानेरतिशयसुखाभिव्यक्तेः दोषाभावसाध्यत्वे तस्या नाशानियमेन मुक्तस्य पुनरावृत्तिप्रसङ्गः । तदाभिव्यक्तिप्रवाहस्य च शरीरादिहेत्वपेक्षां विनाऽनुपपत्तेः उपपत्तौ वा एकस्या एव तदाभिव्यक्तेः दोषाभावजन्यायाः सुखस्य च तादृशस्य तावद्दुरमवस्थानौचित्यादिति व्यक्तं ***स्याद्वादकल्पलतायाम् । न्यायवार्तिककारो***ऽपि *'शरीरादयो नित्यसुखस्योपलब्धेः प्रतिबन्धका भवन्तीति न (तत्कर्महीति), शरीरादीनामुपभोगार्थत्वात्, नित्यशरीरादिप्रसङ्गात्च्च । यथा मुक्तस्य नित्यं सुखं कल्प्यत एवं शरीरादयोऽपि नित्याः कल्पयितव्याः (न्या.सू. १/१/२२ वा.) इति प्राह ।*

वस्तुतस्तु नित्यसुखाभिव्यक्तिरूपाया मुक्तेः घटकीभूतं नित्यत्वं अनन्तत्वं चेतदा स्याद्वादिनां सम्मतमेव, सिद्धसुखस्य साद्यपर्यवसितत्वाभिधानात्, तस्य च मुक्तावाभिव्यक्तेः । यदि च मुक्तिसुखे नित्यत्वं अनादित्वलक्षणमभ्युपगम्यते तथापि अस्माकमेष नयोऽस्तु, संसारदशायां कर्मच्छन्नस्यापि सुखस्य द्रव्यार्थतया शाश्वतात्मस्वाभाव्यात्तादित्याशयेन ***मुक्तिवादद्वात्रिंशिकायाम् ।***

દુઃખને સુખસ્વરૂપ માનવું પડશે.

મીમાંસક :- સિદ્ધા૦ । 'सर्वं खलु इदं ब्रह्म' આ શ્રુતિ સિદ્ધાર્થપરક છે. અર્થાત્ વિધ્યર્થથી નિરાકાંક્ષ એવા અર્થની પ્રતિપાદક છે. માટે સર્વની સાથે બ્રહ્મના અભેદ સ્વરૂપ પોતાના અર્થના પ્રતિપાદન કરવામાં તે શ્રુતિ પ્રમાણ નથી. માટે સર્વાન્તર્ગત દુઃખને સુખસ્વરૂપ થવાની આપત્તિને અવકાશ નહીં રહે.

નૈયાયિક :- પ્રકૃ૦ । તો પછી 'नित्यं विज्ञानमानन्दं ब्रह्म' આ શ્રુતિને પણ સિદ્ધાર્થપરક માની શકાય છે, કારણ કે તે પણ વિધ્યર્થથી નિરાકાંક્ષ એવા અર્થની પ્રતિપાદક છે. શ્રુતિ તો વિધિઅર્થમાં પ્રમાણ હોવાથી નિત્ય સુખમય બ્રહ્મ અર્થના પ્રતિપાદન કરવામાં ઉપરોક્ત શ્રુતિને પ્રમાણ નહીં કહેવાય. આથી નિત્ય સુખની સિદ્ધિ દુર્લભ બની જશે. તો પછી નિત્ય નિરતિશય સુખની અભિવ્યક્તિને મુક્તિ કઈ રીતે કહી શકાશે?

❀ मीमांसकमतमां गौरव - नैयायिक ❀

કિઞ્ચ૦ । બીજી વાત એ છે કે જો નિત્ય સુખનો સ્વીકાર કરવામાં આવે અને બ્રહ્મતત્ત્વને સુખસ્વરૂપ માનવામાં આવે તો સવાલ એ ઉપસ્થિત થાય છે કે મિથ્યા જ્ઞાનની વાસના કોની પ્રતિબંધક બનશે ? કોઈ પણ સુખત્વપ્રકારક અનુભવ = સાક્ષાત્કાર પ્રત્યે તો તેને પ્રતિબંધક માની નહીં શકાય, કારણ કે તેમ માનવામાં આવે તો સંસારદશામાં અનિત્ય સુખમાં પણ સુખત્વનો સાક્ષાત્કાર નહીં થઈ શકે. મિથ્યા જ્ઞાનના સંસ્કાર સ્વરૂપ ઉપસ્થિત પ્રતિબંધકના પ્રતિબધ્યતાઅવચ્છેદકસ્વરૂપ સુખત્વસાક્ષાત્કારત્વથી આક્રાન્ત હોવાના લીધે મિથ્યાજ્ઞાનીઓને અનિત્ય સુખમાં સુખત્વનો સાક્ષાત્કાર નહીં થઈ શકે. તેથી સુખત્વપ્રકારકસાક્ષાત્કારને છોડીને નિત્યસુખત્વસાક્ષાત્કાર પ્રત્યે અને આત્મામાં સુખત્વપ્રકારક અનુભવ પ્રત્યે મિથ્યાજ્ઞાનસંસ્કારને પ્રતિબંધક માનવા પડશે. તો જ 'સંસારદશામાં નિત્યસુખત્વનું ભાન નથી થતું'- તેની સંગતિ થઈ શકશે અને આત્મામાં સુખને બદલે સુખત્વનું ભાન નથી થતું તેની પણ ઉપપત્તિ થઈ શકશે. પરંતુ આ રીતે દ્વિવિધ પ્રતિબધ્ય-પ્રતિબન્ધકભાવને સ્વીકારવાનું ગૌરવ મીમાંસકમતમાં દુર્વાર બનશે. માટે બ્રહ્મને આનન્દસ્વરૂપ માનવાના બદલે આનંદવાન્ = આનંદાશ્રય માનવામાં લાઘવ છે. આથી જ 'आनन्दं ब्रह्म' અહિં મત્વર્થીય અચ્ પ્રત્યય આનંદપદને લગાડવામાં આવેલ છે. માટે બ્રહ્મતત્ત્વ આનંદવાન્ છે, નહીં કે આનંદસ્વરૂપ = આનંદાઽભિન્ન - આમ સિદ્ધ થાય છે. આથી નિત્ય નિરતિશય સુખની અભિવ્યક્તિને મુક્તિ નહીં માની શકાય-આ પ્રમાણે મીમાંસક પ્રત્યે નૈયાયિકનું કહેવું છે.

एतेन अविद्यानिवृत्तौ विज्ञानसुखात्मकः केवलात्माऽपवर्गोऽस्तीति वेदान्तिमतं निरस्तम्, ज्ञानसुखात्मकब्रह्मणो नित्यत्वे मुक्तसंसारिणोरविशेषापातात्, तादृशात्मनः कृत्यसाध्यत्वाच्च । न चाविद्यानिवृत्तिरेव पुरुषार्थः, अविद्याया असत्त्वेन नित्यनिवृत्तत्वात्, अनिर्वचनीयतायाश्चाऽनिर्वचनीयत्वादिति ।

आलुमती

एतेनेति आत्मनः सुखादिभिन्नत्वेन । अस्य चार्थो निरस्तमित्यनेनान्वयः । यादृशोपाध्यवच्छेन्नस्य ब्रह्मणोऽविशुद्धरूपता तादृशोपाधेरेवाविद्येति तन्निवृत्तेः स्वतः प्रयोजनत्वाविरहेऽपि दुःखनिवृत्तिनिदानतया गौणप्रयोजनत्वं दुरपवादमेवेति **वेदान्तिमतम्** ।

आत्मनः सुखादिज्ञानाश्रयत्वेन विज्ञानसुखात्मकस्याऽऽत्मनोऽपवर्गत्वं **निरस्तम्** । किञ्च तदभेदोपगमे ज्ञानादेः क्षणिकत्वेन तदभिन्नस्य ब्रह्मणोऽपि क्षणिकत्वापातेः दुर्वारः । **न च** ब्रह्मणो नित्यत्वेन विज्ञानादेरपि तदभिन्नतया नित्यत्वमिति **साम्प्रतम्, ज्ञानसुखात्मकब्रह्मणो नित्यत्वे मुक्तसंसारिणोरविशेषापातात्,** संसारावस्थायामविद्यायाः सत्त्वेऽपि ब्रह्मणः पूर्वापरावस्थायामविशेषात् । **तादृशात्मनः** = विज्ञानसुखाद्यात्मकस्यात्मनः नित्यत्वेन **कृत्यसाध्यत्वाच्च** मोक्षस्याऽपुरुषार्थत्वापातेः । कण्टकतत्क्षामीकरन्यायेन भ्रमादेवात्र प्रवृत्तेरिति तु भ्रान्तत्वमेवेदं वक्तुं शोभत इति व्यक्तं **द्वात्रिंशद्द्वात्रिंशिकायाम् । न च अविद्यानिवृत्तिरेव पुरुषार्थः,** तस्या दुःखनिवृत्तिनिदानत्वेन परम्परया प्रयोजनत्वादिति **वाच्यम्, अविद्यायाः** = अविद्यापदप्रतिपाद्यायाः **असत्त्वेन** खरशृङ्गवत् **नित्यनिवृत्तत्वात्।**

ननु अविद्यायाः न सर्वथाऽसत्त्वम्, तस्याः विक्षेपावरणशक्तिकल्पस्वभावत्वायोगात् । विक्षेपशक्तिसहकारेण सा लिङ्गादिब्रह्माण्डान्तजगत्कारणमायेका, आवरणशक्तिसहकारेण च साऽनन्तःकरणप्रच्छादनद्वारा स्वरूपप्रमाविरोधिनीति। तच्च शक्तिद्वयं अविद्यायाः स्वाभाविकं नीयत इति न तस्याः नित्यनिवृत्तत्वम् । नापि सा सर्वथा सती, ब्रह्मण इव तस्या अपि नाशायोगात्, 'नाभावो विद्यते सतः' इति वचनात् । नापि तस्याः सदसत्त्वं, विरोधात् । अतः तस्या अनिर्वचनीयत्वमेवेति **चेत् ? न,** अविद्यानिष्ठायाः **अनिर्वचनीयतायाः अनिर्वचनीयत्वात्** । अनात्मत्वेऽपि तस्या अनिर्वचनीयाविद्यास्वीकारो न प्रामाणिकः । किञ्चाविद्या नाम आत्मनि शरीराभेदाग्रहेऽज्ञानं पदार्थान्तरं वा? उभयथापि सुख-दुःखाभाव-तत्साधनेतरत्वेन तन्निवृत्तेरपुरुषार्थत्वात्, उत्पन्नतत्त्वज्ञानिनः शुकादेः शरीरदुःखभोगदशायामपि अविद्यानाशसत्त्वात् मुक्तत्वप्रसङ्गाच्चेति व्यक्तं **प्राचीनमुक्तिवादे** ।

❀ કેવલ આત્મસ્વરૂપ મુક્તિ - વેદાન્તી ❀

વેદાન્તી : એતેન० । અવિદ્યાની નિવૃત્તિ થયા બાદ જ્ઞાન-સુખસ્વરૂપ કેવળ આત્મા જ અપવર્ગ = મોક્ષ છે. આશય એ છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ અને સુખસ્વરૂપ છે. તેમ જ એકાન્ત નિત્ય છે. એકમાત્ર આત્મતત્ત્વની જ પારમાર્થિક સત્તા છે. આત્મા અનાદિકાળથી અવિદ્યાથી ઉપહિત છે. અવિદ્યાનો અર્થ છે માયા - અજ્ઞાન કે જે સત્ત્વ, રજસ્, તમસ્ આ ત્રણે ગુણોથી અભિન્ન છે. તે ત્રિકાલઅબાધ્યરૂપમાં સત્ નથી તથા શશશૃંગ વગેરેની જેમ કાલમાત્રથી અસંબદ્ધસ્વરૂપ સર્વથા અસત્ પણ નથી. આત્માની જેમ સત્ રૂપે કે શશશૃંગ વગેરેની જેમ અસત્ રૂપે નિર્વાચ્ય ન હોવાથી અનિર્વચનીય છે. તે અવિદ્યાના કારણે જ આત્માના નિત્યજ્ઞાન-સુખાત્મક વાસ્તવિક સ્વરૂપનો બોધ ન થતાં તેના અવાસ્તવિક નામાદિસ્વરૂપે જગતનો બોધ થાય છે. આ રીતે અવિદ્યાસ્વરૂપ ઉપાધિ એ જ આત્માનું બંધન છે, આ બંધનના કારણે જ આત્મા બધા કુકર્મોનું ભાજન બને છે. જ્યારે પુણ્યપુંજના પરિપાકથી સદ્ગુરુનો સત્સંગ થયા બાદ તેમની કૃપાપૂર્વક વેદાન્તઉપદેશથી આત્માને પોતાના વાસ્તવિક સ્વરૂપનો બોધ થશે ત્યારે અવિદ્યાની નિવૃત્તિ થવાથી જ્ઞાન-સુખમય કેવળ આત્મા જ અવસ્થિત રહેશે. આત્માની આ સ્થિતિ જ તેની મોક્ષકાલિક સ્થિતિ બનશે.

નૈયાયિક :- નિરસ્તં જ્ઞા० । આ વાત બરાબર નથી, કારણ કે જ્ઞાનસુખાત્મક બ્રહ્મસ્વરૂપ આત્મા જ જો મોક્ષ હોય તો મુક્ત અને સંસારીમાં કોઈ ભેદ નહીં રહે. આનું કારણ એ છે કે ઉપર્યુક્ત મુક્તિ નિત્ય હોવાને લીધે સંસારદશામાં પણ રહેશે. તેથી સંસારી જીવને મુક્તથી ભિન્ન કહેવું અસંભવ બની જશે. આથી મોક્ષપુરુષાર્થનો પણ ઉચ્છેદ થવાની આપત્તિ આવશે, કારણ કે જ્ઞાન-સુખાત્મક બ્રહ્મસ્વરૂપ આત્મા નિત્ય હોવાના લીધે કૃતિ = પુરુષપ્રયત્નથી સાધ્ય નથી. જે નિત્ય છે તેની ઉત્પત્તિ માટે કોઈ પ્રયત્નની આવશ્યકતા ન હોવાથી મોક્ષ અપુરુષાર્થ બની જશે. પુરુષની અભિલાષાનો વિષય મોક્ષ નહીં બની શકે. અહીં જો વેદાન્તી તરફથી એમ કહેવામાં આવે કે —> 'ફલતઃ ઉપરોક્ત આત્મા એ જ મોક્ષ નથી પરંતુ અવિદ્યાનિવૃત્તિસ્વરૂપ ઉપરોક્ત આત્મા મોક્ષ છે. આત્માને અનાદિ કાળથી જે અવિદ્યા વળગેલી છે તેની નિવૃત્તિ આત્માસ્વરૂપ જ છે અને તે પુરુષાર્થ બની શકે છે. તેથી આત્મત્વેન આત્મા ભલે કૃતિસાધ્ય ન હોય પરંતુ આત્માસ્વરૂપ અવિદ્યાનિવૃત્તિને પુરુષાર્થ માનવામાં કોઈ બાધ નથી. તે પુરુષપ્રયત્નથી સાધ્ય જ છે. તેમ જ સંસારદશામાં અવિદ્યાની નિવૃત્તિ ન હોવાથી સંસારીને મુક્ત કહેવાની આપત્તિ પણ નહીં આવે' <— તો આ વાત બરાબર નથી, કારણ કે અવિદ્યા

अत्रोच्यते - **कृत्स्नकर्मक्षय एव मुक्तिः तस्यैवानेकान्तभावनाजनिततत्त्वज्ञानोपबृंहितशैलेशीकरणरूपप्रयत्नसाध्यत्वात्।** न च **भोगादेव कर्मक्षयः तत्त्वज्ञानादपि कायव्यूहद्वारा तत्तच्छरीरोपभोग्य- कर्मोपभोगेनैवादृष्टक्षयाभ्युपगमादिति** वाच्यम्,

भानुमती

तत्त्वतस्तु अविद्या न पदार्थान्तरं, मानाभावात्, किन्तु अहष्टापराभिधानं कर्म एव विद्यावैरोध्यतया अविद्येत्युच्यते । कर्मव्यक्तीनां सादित्वेऽपि तत्प्रवाहस्यानादितया अविद्याया अनादित्वाप्रवाहः तथा च सकलाविद्यानिवृत्तेरेवापवर्गत्वमित्याशयेन स्याद्वादिभिः **अत्र उच्यते कृत्स्नकर्मक्षय एव मुक्तिरिति** *। न च तस्याऽपुरुषार्थत्वापत्तेः,* **तस्य** *= सकलकर्मनाशस्य* **एव अनेकान्तभावनाजनिततत्त्वज्ञानोपबृंहितशैलेषी-करणरूपप्रयत्नसाध्यत्वात्** *। विभज्यवाद-स्याद्वाद-हष्टिरेवाद्यापराभिधानानेकान्तवादगोचरभावनया जनितेन तत्त्वज्ञानेनोपोद्बलितो यः शैलेशीकरणस्वरूपः प्रयत्नविशेषः ततः साध्यत्वादित्यर्थः । **न च** शैलेशीकरणस्य प्रयत्नरूपताऽसिद्धेति* **वाच्यम्** *तस्य निवृत्तिरूपत्वात्मकत्वाभ्युपगमात् । इदमुक्तभावधेयम् मृत्तिकाजीवकाया: शैलेश्या: ज्ञानावस्थात्मकत्वमेवेति तत्त्वज्ञानादेवापवर्गाधिगम इति फलितम् । तदुक्तं* **शास्त्रवार्तासमुच्चये श्रीहरिभद्रसूरिवरैः** *'ततः स सर्वविद् भूत्वा भवोपग्राहिकर्मणः । ज्ञानयोगात् क्षयं कृत्वा मोक्षं प्राप्नोति शाश्वतम् ।। (९/२७) ज्ञानयोगस्य योगीन्द्रैः पराकाष्ठा प्रकीर्तिता । शैलेशीसंज्ञितं स्थैर्यं ततो मृत्तिरसंशयम् । । (९/२३)*

नैयायिकशङ्कामाह **न चेति** *वाच्यमित्यनेनान्वेति । शैलेशीकरणरूपप्रयत्नाच्च कृत्स्नकर्मक्षयः किन्तु लाघवात् भोगादेव कर्मक्षयः 'अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम्' (ब्र.उत्त. ४/८१/१९) इति* **ब्रह्मवैवर्तपुराण-**वचनात्। **न च** *'ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुतेऽर्जुन' ( ) इति* **भगवद्गीता**वचनात् *तत्त्वज्ञानसाध्यता कर्मक्षयेऽनावश्यकेति* **शङ्कनीयम्, तत्त्वज्ञानादपि कायव्यूहद्वारा** *= स्वकर्मभोगार्थं योगिद्वारा युगपत्कल्पितेन कायसमूहेन* **तत्तच्छरीरोपभोग्यकर्मोपभोगेन** *= शूकर-सिंह-देव-नारकादिशरीरोपभोग्यकर्मफलानुभवेन* **एव अदृष्टक्षयाभ्युपगमात्** *= सकलपुण्यपापावेदनाशस्वीकारादिति । यथाऽग्नेरिन्धनाशे भस्मनि: च परस्परहेतुता तथा ज्ञानस्यापि कर्मावेदनाशे इति सूचनायैव ज्ञानस्याग्नित्वेनोल्लेख इति* **वाच्यम्** *। तात्पर्यमाह -*

પરમાર્થથી અસત્ હોવાથી શશવિષાણની જેમ નિત્ય નિવૃત્ત છે. તેથી ન તો અવિદ્યાનિવૃત્તિ પુરૂષપ્રયત્નથી સાધ્ય બનશે કે ન તો મુક્તિસ્વરૂપ બનશે. જે વાસ્તવિક હોય તેની નિવૃત્તિ માટે પ્રયત્ન કરવાનો હોય. અવિદ્યા તો કલ્પિત છે. તેથી તેની નિવૃત્તિ પ્રયત્નસાધ્ય કેવી રીતે બને ? 'અવિદ્યા સત્ પણ નથી અને અસત્ પણ નથી પરંતુ અનિર્વચનીય છે' આ વેદાન્તીની માન્યતા પણ નિર્મૂલ છે, કારણ કે અનિર્વચનીયતાની વ્યાખ્યા થવી જ મુશ્કેલ છે. અવિદ્યાગત અનિર્વચનીયતા પણ અનિર્વચનીય હોવાથી કેવા સ્વરૂપે અવિદ્યાની નિવૃત્તિ થવી ? એ અદ્યાવધિ અનિર્ણિત જ છે અને રહેશે. આથી વેદાન્તીસંમત મુક્તિ પણ અસંગત છે - એમ ફલિત થાય છે.

❀ सर्वकर्मक्षय = मुक्ति - स्याद्वादी ❀

સ્યાદ્વાદી :- अत्रो० । વાસ્તવમાં તો સકલ કર્મનો ક્ષય એ જ મુક્તિ છે. એ જ પરમ પ્રયોજન છે. અનેકાંત ભાવનાથી ઉત્પન્ન થયેલ તત્ત્વજ્ઞાનથી પરિપક્વ બનેલ શૈલેશીકરણસ્વરૂપ આત્મપ્રયત્નથી સર્વકર્મક્ષય સાધ્ય હોવાના લીધે તે પરમ પુરૂષાર્થ બની શકે છે. ચાર ઘાતિ કર્મનો ક્ષય થવાથી ૧૩મા ગુણસ્થાનકે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા બાદ જીવનના અંતે શૈલેષીકરણ દ્વારા બાકીના ચાર અઘાતિ કર્મોનો નાશ થાય છે. શૈલેશીકરણ એ તત્ત્વજ્ઞાનની પરાકાષ્ઠાસ્વરૂપ છે. તેથી કહી શકાય કે અંતે તત્ત્વજ્ઞાનથી સર્વ કર્મોનો નાશ થાય છે.

નૈયાયિક :- न च भो० । વાસ્તવમાં ભોગવવાથી જ કર્મનો ક્ષય થાય છે. કર્મોને ભોગવ્યા વિના આત્માને કર્મોથી છૂટકારો મળી શકતો નથી. તત્ત્વજ્ઞાનથી પણ જે કર્મક્ષયની વાત શાસ્ત્રમાં આવે છે તેનો અર્થ પણ એવો જ છે કે યોગી તત્ત્વજ્ઞાનના પ્રભાવથી એક સાથે ડુક્કર, ખચ્ચર, મચ્છર વગેરે અનેક શરીરની રચના કરે છે જેને શાસ્ત્રીય પરિભાષામાં કાયવ્યૂહ કહે છે. આ કાયવ્યૂહદ્વારા ડુક્કર, ખચ્ચર વગેરેના શરીરથી ભોગવી શકાય તેવા કર્મોને જીવ ભોગવે છે. આ રીતે તે તે શરીરયોગ્ય કર્મોને ભોગવીને જ જીવના કર્મોનો નાશ થાય છે. આથી તત્ત્વજ્ઞાન થયા પછી પણ કાયવ્યૂહ દ્વારા બાકીના કર્મોને ભોગવવાથી જ કર્મનો ક્ષય થાય છે - એવું અમે માનીએ છીએ. માટે જ્ઞાનયોગથી કર્મક્ષય અમને મંજૂર નથી.

❀ कायव्यूहकल्पना अप्रामाणिक ❀

સ્યાદ્વાદી : दृष्ट० । એક સાથે એક જીવને એક ઔદારિક શરીર હોય તેમ દેખાય છે. તેથી યોગી પુરુષ અનેક ભવોમાં ભોગવી શકાય તેવા કર્મોને માત્ર એક જ ભવમાં ભોગવવા એક સાથે અનેક શરીરની રચના કરે છે એવી કલ્પના કરવી તે દૃષ્ટથી વિપરીત કલ્પના છે. પ્રત્યક્ષાનુસારે - પ્રમાણાનુસારે કલ્પના કરવી ઉચિત કહેવાય. તથા જીવ પોતાનો માનવદેહ જ્યાં સુધી ન છોડે ત્યાં સુધી ડુક્કર, ખચ્ચર વગેરેના શરીરની ઉત્પત્તિ થઈ ન શકે, કારણ કે પૂર્વતન માનવદેહ એ નૂતન ભૂંડશરીર વગેરેનો પ્રતિબંધક છે. માટે યોગી તત્ત્વજ્ઞાન

दृष्टविपरीतकल्पनप्रसङ्गात्, मनुजादिशरीरसत्त्वे शूकरादिशरीरानुत्पत्तेः भोगतत्त्वज्ञानादीनामेकशक्तिमत्त्वेन कर्मनाशकत्वौचित्यात् । उपभोगादेव कर्मक्षयेऽपरकर्मनिमित्तव्यापारात् प्रचुरतरकर्माजनेऽनिर्मोक्षप्रसङ्गाच्च । तत्त्वज्ञानस्य त्वागामिकर्मानुत्पाद इव सञ्चितकर्मनाशेऽपि सामर्थ्यम्, यथा भाविशीतस्पर्शानुत्पादसमर्थस्योष्णस्पर्शस्य

भात्मती

दृष्टविपरीतकल्पनप्रसङ्गादिति । *एकदैकस्यात्मनः एकस्यैवौदारिक-शरीरस्य इष्टत्वात् तद्विपरीतस्यैकस्यैवात्मन एकदाऽनेकौदारिकशरीरस्वीकारस्य कल्पनस्य प्रापतेरित्यर्थः । भोगेनैव कर्मणां नाशे नानाभवभोग्यकर्मणामेकभवे भोक्तुमशक्यत्वमेव । **मनुजादिशरीरसत्त्वे शूकरादिशरीरानुत्पत्तेः** । **एतेन** 'यौगपद्यञ्च कायानां तज्जनककर्मस्वभावात् तपःस्वभावाद् वेति' (त.चिं.ईश्वरानुमाने पृ.१९३) इति **मणिकार**वचनं **निराकृतम्**, प्रौदारिकदेहं प्रति एकजीवकर्तृकौदारिकशरीरान्तरस्य प्रतिबन्धकत्वात् । देवादीनां तु वैक्रियशरीरादेर्कर्मोदयमाहात्म्यादेकदा नानाशरीरश्रवणोपपत्तेः ।*

एतेन *सर्वं कर्म भोगजन्यनाशप्रतियोगि कर्मत्वात् भुक्त-भुज्यमानकर्मवदिति* **कालीपदशर्म**वचनं **निराकृतम्**, *प्रायश्चित्तादेनाश्ये कर्मणि बाधात् ।*

तदुक्तं **भोग-तत्त्वज्ञानादीनां** = *भोगतत्त्वज्ञान-प्रायश्चित्त-कर्मनाशास्पर्श-कीर्तनप्रभृतीनां* **एकशक्तिमत्त्वेन नाशकत्वौचित्यात्** = *कर्मनाशजनकत्वस्य न्याय्यत्वात् तृणारणिप्रभृतीनामेकशक्तिकत्वेनानलजनकतावत्* । **एतेन** *भोगोपाहितादृष्टनाशत्वस्य भोगजन्यतावच्छेदकतया व्यभिचारानवकाशादिति (न.मु.वा.पृ.६३)* **नवमुक्तिवादकृतो गदाधरस्य** *वचनमपाकृतम्*, *नानाकार्यकारणभावकल्पनागौरवात् ।*

यत्तु मणिकृता *'कर्मणो भोगनाश्यत्वेऽपि ज्ञानस्य कर्मनाशकत्वम्, भोगस्य तत्त्वज्ञानव्यापारत्वादिति' (त.चिं.ईश्वरा. पृ.१९९) गदितं* **तन्न** *चारु, न हि भोगः तत्त्वज्ञानव्यापार इति श्रुतौ श्रुतम्, तेन विनापि तदुत्पत्तेः । तदुक्तं* **किरणावलीरहस्ये मथुरानाथेनापि** *तत्त्वज्ञानस्य भोगाजनकतया भोगस्य तदुद्धारत्वासम्भवात् (पृ. ४५) इति* **उपभोगादेव कर्मक्षये** *स्वीक्रियमाणे तु* **अपरकर्मनिमित्तव्यापारात्** = *कर्मान्तरजनकव्यापारात्* **प्रचुरतरकर्मार्जने** = *अपूर्वपुष्कलकर्मोपार्जने* **अनिर्मोक्षप्रसङ्गाच्च** । **न च** *तत्त्वज्ञानस्यागामिकर्मानुत्पादे सामर्थ्यात् नायं दोषः । अत एव तत्त्वज्ञानात् कायव्यूहकल्पना शास्त्रकृतामिति* **वक्तव्यम्, यतः तत्त्वज्ञानस्य तु आगामिकर्मानुत्पादे इव सञ्चितकर्मनाशेऽपि सामर्थ्यम् । यथेति** *स्पष्टम् ।*

तदुक्तं **सम्मतितर्कटीकायां** *यदेवाऽऽगामिकर्मप्रतिबन्धे समर्थं सम्यग्ज्ञानादि तदेव सञ्चितक्षयेऽपि पारिकल्पयितुं युक्तमिति (सं.त.कां.१.पृ.६३०) । अत एव-यथा 'शीते पाथसि पीते तृषा शाम्यतीत्यत्र जलपानस्यापि तृषोपशमहेतुत्वं स्वारसतः प्रतीयते, 'भिद्यते हृदयग्रन्थि'रित्यत्रापि तत्त्वज्ञानस्याऽऽदृष्टादिनाशकत्वं प्रतीयते'-(आ.त.वि.टी.पृ.) इति* **बौद्धाधिकारदीधितौ रघुनाथशिरोमणिभिः** *प्रतिपादितम् । **एतेन** आत्मनो वै शरीराणि बहूनि मनुजेश्वर । प्राप्य योगबलं कुर्यात् तैश्च कृत्स्नां महीं चरेत् ।। भुञ्जीत विषयान् कैश्चित् कैश्चिद्घोरं तपश्चरेत् । संहरेच्च पुनस्तानि सूर्यस्तेजोगणानिव' ।। इति* **न्यायसारादिसिद्धान्तैः निरस्ताः**, *दृष्टत्यागादृष्टान्तरभ्युपगमापातात्च । **अनेन** 'तपःप्रभावादेव तत्त्वज्ञानानुत्पादेऽपि कायव्यूहसम्भवादिति' (त.चिं. ईश्वरानुमाने पृ.१९३)*

વગેરેના મહિમાથી કાયવ્યૂહ = વિજાતીય દેહસમૂહની રચના કરે છે-તે વાત વ્યાજબી નથી. વસ્તુસ્થિતિ એવી છે કે ક્યારેક પ્રાયશ્ચિત વગેરે દ્વારા પણ તે કર્મોનો નિકાલ કરે છે. માટે ભોગ, તત્ત્વજ્ઞાન, પ્રાયશ્ચિત્ત વગેરેમાં એક શક્તિવિશેષની કલ્પના કરવી જરૂરી છે. તેથી એક શક્તિમત્ત્વેન = શક્તિવિશેષવિશિષ્ટ હોવા રૂપે ભોગ, તત્ત્વજ્ઞાન વગેરેને કર્મનાશક માનવા ઉચિત છે. જો ભોગથી જ કર્મનો નાશ માનવામાં આવે તો તે તે કર્મોને ભોગવતાં પૂર્વસંચિત કર્મસ્વરૂપ નિમિત્તના વ્યાપારથી નવા નવા પ્રચુર કર્મોની ઉત્પત્તિ થયે રાખશે. આ રીતે તો જીવનો ક્યારેય મોક્ષ નહિ થાય. અનાદિકાળથી દરેક જીવો કર્મોને પ્રત્યેક સમયે ભોગવે છે જ, છતાં બધા જીવોનો કર્મોથી છૂટકારો નથી થયે-એ હકીકત છે. માટે માત્ર ભોગવવાથી જ કર્મનો નિકાલ થાય છે એમ માનવું યોગ્ય નથી.

નૈયાયિક : સામાન્ય જીવો કર્મોને ભોગવતાં ભલે નવાં કર્મ બાંધે. પરંતુ યોગી પુરુષ કાયવ્યૂહથી કર્મોને ભોગવશે તો પણ નવા કર્મોને ભેગાં નહિ કરે, કારણ કે તેના તત્ત્વજ્ઞાનમાં એવું સામર્થ્ય છે કે જૂના કર્મ ભોગવવા છતાં નવા કર્મ ઉત્પન્ન થવા ન દે. આ જ યોગીના તત્ત્વજ્ઞાનનો મહિમા છે.

સ્યાદ્વાદી : તત્ત્વ૦ । તત્ત્વજ્ઞાનમાં જેમ આગામી કર્મની ઉત્પત્તિને અટકાવવામાં સામર્થ્ય છે, તેમ પૂર્વે ભેગાં કરેલા કર્મોનો નાશ કરવાની પણ તાકાત છે. જે રીતે ઉષ્ણ સ્પર્શમાં નવા શીત સ્પર્શની ઉત્પત્તિને અટકાવવાનું સામર્થ્ય છે તેની સાથે સાથે જૂના શીત સ્પર્શનો નાશ કરવાનું પણ સામર્થ્ય છે. તે જ રીતે ઉપરોક્ત વાત સંગત થઈ શકે છે. માટે માત્ર ભોગવવાથી જ કર્મનાશ થાય છે - એવું માનવું અસંગત છે તત્ત્વજ્ઞાનથી પણ કર્મનો ક્ષય થઈ શકે છે. માટે મોક્ષ નહીં થવાની આપત્તિને અવકાશ નથી રહેતો. આથી મોક્ષને ઉદ્દેશીને પ્રવૃત્તિનો ઉચ્છેદ પણ નહીં થાય. મોક્ષ અવસ્થામાં પરમાનંદના અર્થીપણાથી જ જીવની પ્રવૃત્તિ થાય છે.

पूर्वशीतस्पर्शनाशेऽपीति नाऽनिर्मोक्षः । तस्याश्च दशायां परमानन्दार्थितयैव प्रवृत्तिः । यद्वा कर्मक्षयद्वारा ज्ञानक्रियासाध्यः परमानन्द एव मुक्तिः । न हि सुखेच्छां विना प्रवृत्तिः सम्भवति प्रेक्षावताम्, चिकित्सादावपि दुःखध्वंसनियतसुखार्थितयैव प्रवृत्तेः । न चैवं सुखस्थलेऽपि दुःखाभावार्थितयैव प्रवृत्तिरित्यविनिगमः; तत्र दुःखध्वंसस्यानावश्यकत्वात्, तदत्यन्ताभावादेरसाध्यत्वात् । किञ्च दुःखाभावदशायां 'सुखं नास्ती'ति ज्ञानं प्रवृत्तिप्रतिबन्धकम्, सुखहानेरनिष्टत्वेन

भानुमती

*तत्त्वचिन्तामणि*कृदुक्तं **निरस्तम्,** व्यर्थकल्पनागौरवात् ।

किञ्च दुःखाभावोऽपि न पुरुषार्थः सुखस्यापि हानेः तुल्यायव्ययत्वात् । न च बहुतरदुःखालुप्तेच्छतया सुखरूपापि प्रेक्षावद्हेयत्वमिति वाच्यम्, आवश्यकत्वेन दुःखस्यैव हेयत्वात्, सुखस्य निरुपधीच्छाविषयत्वादित्याशयेनाह **तस्याश्च दशायां** = मोक्षावस्थायां **परमानन्दार्थितयैव** प्रेक्षावतां मुमुक्षूणां **प्रवृत्तिः** । अनेन तस्य पुरुषार्थत्वमपि प्रदर्शितम् । सकलकर्मक्षय-परमानन्दयोः समव्याप्तत्वाच्च कृत्स्नकर्मक्षयस्यानुपादेयत्वापत्तेः ।

वस्तुतस्तु कृत्स्नकर्मक्षयस्य मुक्तिहेतुत्वात् कारणे कार्योपचारात् **तत्त्वार्थाधिगमसूत्रे** 'कृत्स्नकर्मक्षयो मोक्षः' (त.सू.१०/३) इत्युक्तम् । तदुक्तं **निशीथपीठिकाचूर्णौ** अपि 'कृत्स्नकर्मक्षयहेतुकः मोक्षः' ( ) इति । **श्रीहरिभद्रसूरिभिरपि अष्टकप्रकरणे** - कृत्स्नकर्मक्षयान्मोक्षो जन्ममृत्युजरादेर्जगतः । सर्वबाधाविनिर्मुक्त एकान्त सुखसङ्गतः ।। (३२/१) इत्युक्तम् । **धम्मपदे**ऽपि-निब्बानं परमं सुखं (ध.प.१५/८) इति प्रोक्तम् । प्रकरणकारोऽपि प्रकृते मुक्तिस्तु संवेदानकदमयी एवेत्याशयेनाह **यद्वा कर्मक्षयद्वारा ज्ञानक्रियासाध्यः परमानन्दः एव मुक्तिः** । प्रभाकर-नैयायिकमुक्तरपेक्षया भट्टमीमांसक-वेदान्तिमुक्तौ सुखलाभस्यार्थिकत्वम् । बौद्ध-चार्वाकमुक्तौ त्वात्मनोऽत्यन्तोच्छेदस्यार्थिकत्वम् । ते चापि भाक्ता इति स्याद्वादिसंमतमुक्तिस्वरूपपर्यालोचनेन स्वयमेव भावनीयम् । प्रेक्षावत्प्रवृत्त्यन्यथानुपपत्तेरेव सिद्धौ सुखे प्रमाणम् । **न हि सुखेच्छां विना प्रवृत्तिः सम्भवति प्रेक्षावताम् । न च** क्षुदादिदुःखानिवृत्त्यर्थमन्नपानादिप्रवृत्तिवदुपपत्तेरिति **वक्तव्यम्,** तत्रापि सुखार्थमेव प्रवृत्तेः, अन्यथाऽस्वादुपरित्याग-स्वादुपादानानुपपत्तेः, अन्यथा तिक्षेषाभावेन कारणातिक्षेषस्याप्रयोजकत्वात् । न हि वमनाशार्थी कांस्यपात्रात् सुवर्णपात्रमवलम्बेन वमनाशं प्रति विलम्बते । **न च** चिकित्सास्थलीयप्रवृत्तिवदुपपत्तेरिति **शङ्कनीयम् चिकित्सादावपि दुःखध्वंसनियतसुखार्थितयैव** = दुःखजनकत्वात्तदिच्छासाधनाभावे-भावेसुखार्थितयैव **प्रवृत्तेः**। **न च एवं** = चिकित्सादौ सुखार्थितया प्रवृत्त्युपपादने, **सुखस्थलेऽपि दुःखाभावार्थितयैव प्रवृत्तिः** = स्यात् **इति** = हेतोः **अविनिगम** इति **वाच्यम्; तत्र** = सुखस्थले **दुःखध्वंसस्यानावश्यकत्वात्** = अकल्पनात्वात् न दुःखध्वंसार्थितया प्रवृत्तेः सम्भवति । नापि दुःखप्रागभावार्थितया दुःखात्यन्ताभावार्थितया वा प्रवृत्तेः सम्भवति, **तदत्यन्ताभावादेः** = दुःखप्रतियोगिकप्रागभावात्यन्ताभावयोः अनादित्वेन **असाध्यत्वात्** ।

किञ्च मुक्तेः दुःखाभावात्मकत्वोपगमे **दुःखाभावदशायां 'सुखं नास्ती'ति ज्ञानं प्रवृत्तिप्रतिबन्धकम्, सुखहानेः अनिष्टत्वेन** अनिष्टसाधनतावच्छेदकप्रकारकज्ञानरूप प्रवृत्तिप्रतिबन्धकस्य सद्भावात् । **न च** सुखहानौ वस्तुतोऽनिष्टसाधनत्वेऽपीष्टसाधनताज्ञाया मुमुक्षूणां पारिव्राज्यादौ प्रवृत्तेरुपपत्तेरिति **वाच्यम्,** सानुबन्धतीव्रतीक्ष्णसुखस्य

❀ मुक्ति परमानन्दस्वरूप - जैन ❀

यद्वा० । अथवा એમ પણ કહી શકાય કે મોક્ષ પરમાનન્દસ્વરૂપ જ છે. મોક્ષનું કારણ તો જ્ઞાન અને ક્રિયા છે. સમ્યક્ જ્ઞાન અને ક્રિયા કર્મક્ષય દ્વારા પરમાનન્દસ્વરૂપ મુક્તિને ઉત્પન્ન કરે છે. કર્મક્ષય એ દ્વાર છે અને સમ્યક્ જ્ઞાન અને ક્રિયા એ દ્વારી = વ્યાપારી છે. જો મોક્ષને પરમાનન્દસ્વરૂપ ન માનવામાં આવે પરંતુ દુઃખધ્વંસસ્વરૂપ માનવામાં આવે તો વિવેકી મુમુક્ષુની સંન્યાસ વગેરેમાં પ્રવૃત્તિ જ નહીં થઈ શકે, કારણ કે સુખની ઈચ્છા વિના બુદ્ધિશાળી જીવોની પ્રવૃત્તિ થતી નથી જ.

चिकि० । અહીં એવી શંકા થાય કે --> "જે રીતે રોગમૂલક દુઃખની નિવૃત્તિ માટે ચિકિત્સા વગેરેમાં પ્રવૃત્તિ થાય છે તે જ રીતે સાંસારિક દુઃખોની નિવૃત્તિ માટે મોક્ષમાં પ્રવૃત્તિ થઈ શકે છે. આથી મોક્ષમાં સુખ ન માનવામાં આવે તો પણ મોક્ષલક્ષી પ્રવૃત્તિનો વિવેકી મુમુક્ષુ ત્યાગ નહીં કરે" <-- તો આ બરાબર નથી. કારણ કે ચિકિત્સા વગેરેમાં પણ જે પ્રવૃત્તિ થાય છે તે રોગજન્ય દુઃખની નિવૃત્તિ થયે છતે અવશ્યંભાવી ભાવી સુખ મળવાની આશાથી જ થાય છે. તેથી મોક્ષમાં સુખ માનવામાં ન આવે તો મુમુક્ષુની પ્રવૃત્તિનો ઉચ્છેદ થવાની આપત્તિ જડબેસલાક બની જશે.

न चै० । --> "જો ચિકિત્સાસ્થલે દુઃખનિવૃત્તિના બદલે સુખની પ્રાપ્તિની આશાથી પ્રવૃત્તિ થાય છે-એવું માનવામાં આવે તો સુખપ્રાપ્તિસ્થળમાં પણ કહી શકાય કે ત્યાં દુઃખાભાવની ઈચ્છાથી જ પ્રવૃત્તિ થાય છે, નહીં કે સુખપ્રાપ્તિની કામનાથી. આ બે વાતમાંથી કઈ વાતનો સ્વીકાર કરવો અને કઈ વાતનો ઈન્કાર કરવો ? તે વિષયમાં કોઈ નિર્ણાયક તર્ક નહીં મળે કે જેના બળથી વિવાદનો નિવેડો લાવી શકાય" <-- આવી શંકા કરવી અયોગ્ય છે, કારણ કે સુખસ્થલમાં તમે દુઃખાભાવની ઈચ્છાથી પ્રવૃત્તિની આપત્તિ આપો છો. અહીં અમારે એ પૂછવું છે કે સુખસ્થલે પ્રવૃત્તિસંપાદક ઈચ્છાનો વિષય દુઃખાભાવ કયા સ્વરૂપે માન્ય છે ? (૧) દુઃખધ્વંસસ્વરૂપે (૨) દુઃખઅત્યન્તાભાવરૂપે કે (૩) દુઃખપ્રાગભાવસ્વરૂપે ? તેને દુઃખધ્વંસરૂપે તો માની ન જ શકાય, કારણ કે સુખસ્થલમાં દુઃખ

बलवदनिष्टाननुबन्धित्वस्य प्रतिसन्धातुमशक्यत्वात् । न च रागान्धतया पारदार्ये दुःखानुबन्धाप्रतिसन्धानवद्वीतरागतया सुखहानेरनिष्टत्वाप्रतिसन्धानात् न प्रवृत्तिप्रतिबन्ध इति वाच्यम् वैषयिकसुखेऽनिष्टत्वप्रतिसन्धानेऽपि मुमुक्षूणां प्रशमप्रभवसुखेऽनिष्टत्वाप्रतिसन्धानात् । न च तदिच्छया वैराग्यव्याहतिः, दुःखद्वेषेऽपि प्रशान्तत्वव्याहतिप्रसङ्गात् ।

भानुमती

बलवदनिष्टत्वेन तद्धानौ **बलवदनिष्टाननुबन्धित्वस्य प्रतिसन्धातुमशक्यत्वात् ।**

न च *विवेकिनां सुखमात्रलिप्सूनां* **रागान्धतया** *बहुतरदुःखानुविद्धं सुखमुद्दिश्य 'शिरो मादेयं यादे जाते, जातु' इति कृत्वा* **पारदार्ये दुःखानुबन्धाप्रतिसन्धानवत्** = *दुःखपरम्पराऽनुबोधवत् मुमुक्षूणां* **वीतरागतया** = *विरक्ततया* **सुखहानेः अनिष्टत्वाप्रतिसन्धानात्** = *अनौपयिकत्वानवधारणात्* **न प्रवृत्तिप्रतिबन्धः** = *संन्यासादौ विरक्तानामपि प्रशमप्रभवसुखरूपाभीष्टत्वात्, अनुभवसिद्धं खल्वेतत् । **एतेन** वैषयिकसुखवत् प्रशमसुखे विरक्तानामनिष्टत्वावगमोक्तिरपि* **निराकृता** *वेदितव्या,* **वैषयिकसुखे** *बहुतरदुःखानुविद्धे* **अनिष्टत्वप्रतिसन्धानेऽपि मुमुक्षूणां प्रशमप्रभवसुखे अनिष्टत्वाप्रतिसन्धानात् । एतेन** *विवेकिनामतु बहुतरदुःखानुविद्धतया सुखे नोत्कटराग इति तदभावेऽपि नोत्कटद्वेष इति बलवद्द्वेषाविषयसाधनत्वस्यैव प्रवृत्तिविरोधितया मोक्षोपाये न प्रवृत्त्यनुपपत्तिरिति (न.मु.वा.पृ.२६)* **नवमुक्तिवादकृतो गदाधरस्योक्तिरपि प्रतिक्षिप्ता,** *वैषयिकसुखस्य बहुतरदुःखानुविद्धत्वेऽपि प्रशमप्रभवसुखस्याऽतथात्वेन मृतौ तदभावे उत्कटद्वेषसम्भवेन मोक्षोपाये प्रवृत्त्यनुपपत्तेः । तदुक्तं* **न्यायभूषणे** *'दुःखाविनाभावित्वं तु वैषयिकस्यैव सुखस्ये'ति (पृ.५९१) ।* **एतेन** *बहुतरदुःखानुविद्धतया सुखस्यापि प्रेक्षावद्द्वेषत्वात्तन्मध्यविषसंपृक्तान्नभोजनतुल्यसुखवादोऽपि (पृ.२१७)* **किरणावलीकृत उदयनस्य** *वचनमपास्तम् । **न च** मृतेः परमानन्दरूपत्वे* **तदिच्छया** = *प्रशमप्रभवसुखाभिलाषेण प्रवृत्तौ मुमुक्षूणां* **वैराग्यव्याहतिः** *इति* **वाच्यम्,** *असंगानुषक्तेऽपि सुखेच्छाया विरहात् तदबाधात् । न चैवं* **दुःखद्वेषेऽपि** *मुमुक्षूणां* **प्रशान्तत्वव्याहतिप्रसङ्गात्** *समानाधिकरणदुःखप्रागभावासहवृत्तिदुःखध्वंसस्य मृतिकत्वपक्षेऽपि तुल्यमेतत् । न चैवं 'मोक्षे भवे च सर्वत्र निःस्पृहो मुनिसत्तमः । ( ) इति वचनव्याघातापात इति शङ्कनीयम् क्षायिकज्ञानादिदशायां मुमुक्षूणामुत्तरक्षणवर्तिनीप्रवृत्तौ प्रशमसुखेच्छाया विरहेऽपि क्षायोपशमिकज्ञानादिदशायां प्राथमिकप्रवृत्तौ प्रशमसुखकामनाया अवश्यम्भावात् । अतः मुमुक्षूणां प्राथमिकप्रवृत्त्यनुरोधेन मृतिकदशायां परमानन्दानुभवोऽवश्यमङ्गीकर्तव्यः । तदुक्तमेतत्प्रकरणकृद्भिरेव* **मुक्तिवादद्वात्रिंशिकायां** *'परवैराग्ये (सति) प्रवृत्तिकरणयोः तयोः (= सुखेच्छा-दुःखद्वेषयोः) निवृत्तेः अपरवैराग्ये च गुणवैतृष्ण्यस्यैवाभावाद् गुणहानेरनिष्टत्वाप्रतिसन्धानानुपपत्तेर्गुणहानेरनिष्टत्वे प्रतिसंहिते प्रवृत्त्यनुपपत्तौ तत्संस्कारतोऽप्यसङ्गप्रवृत्तेर्दुर्वचत्वादिति । (द्वा.द्वा.३१/२८)*

मौनेकान्तमतमपाकर्तुमाह- **एतेनेति** *प्रशमप्रभवसुखकामनाया वैराग्यव्याघातानावहत्वेनेति । अस्य निरस्तामित्यनेनान्वयः । साम्प्रतन्तु* **तत्त्वचिन्तामणौ अनुमानखण्डे मुक्तिवादे** *'यतु योगार्हदसाध्यानेरतिशयानन्दमयीं जीवन्मुक्तिमुद्दिश्य प्रवृत्तेः कारणत्वादात्यन्तिकदुःखाभावरूपां मृतिमासादयतीति मतं, तद्म, परममृतेरपुरुषा-*

અનુપસ્થિત હોવાથી દુઃખધ્વંસ ત્યાં અનાવશ્યક છે. તેથી દુઃખધ્વંસની ઈચ્છાથી ત્યાં પ્રવૃત્તિ માનવી સંગત નથી. પેટ ભરીને પેંડા ખાધા પછી નૂમ થઈને દુઃખના ધ્વંસની ઈચ્છાથી ઘઉંને કોણ ગ્રહણ કરે ? ભાવી દુઃખનો તો ધ્વંસ થઈ શકતો નથી. દુઃખના અત્યંતાભાવની કે પ્રાગભાવની ઈચ્છાથી પણ સુખસ્થળે પ્રવૃત્તિ થવી અશક્ય છે, કારણ કે અત્યંતાભાવ અને પ્રાગભાવ અનાદિકાલીન હોવાથી અસાધ્ય છે, અસાધ્યને ઉદ્દેશીને વિવેકીની પ્રવૃત્તિ ન થાય.

કિઞ્ચ० । વળી, બીજી વાત એ છે કે મનુષ્યને સુખની હાનિ કોઈ પણ પરિસ્થિતિમાં ઈષ્ટ નથી. આથી એને જ્યારે એવું ભાન થશે કે 'મોક્ષ દુઃખાભાવસ્વરૂપ હોવાને લીધે મોક્ષદશામાં સુખ નથી' તો પછી તેની મોક્ષસાધનામાં પ્રવૃત્તિ કેવી રીતે થશે ? કારણકે સુખહાનિ અનિષ્ટ હોવાના લીધે કોઈ પણ ભોગે સહ્ય નથી અને સુખહાનિસ્વરૂપ મોક્ષમાં બલવાન્ અનિષ્ટની અનનુબંધિતા= અપ્રાપકતાનું ભાન પણ અશક્ય છે. જો સુખહાનિમાં ઈષ્ટસાધનતાનું જ્ઞાન થાય કે બલવદનિષ્ટાનનુબંધિતાનું ભાન થાય તો જ વિવેકીની પ્રવૃત્તિ તેમાં થઈ શકે છે. પરંતુ તે અસંભવિત જ છે. આથી મોક્ષને દુઃખનાશ-સુખાભાવ-ગુણાભાવસ્વરૂપ માનવામાં આવે તો મુમુક્ષુની દીક્ષા વગેરેમાં પ્રવૃત્તિનો ઉચ્છેદ થવાની આપત્તિ આવશે.

પ્રશમસુખેચ્છા વૈરાગ્યનાશક નથી -જૈન

अथ 'स एवायं शरो यो व्याधेन क्षिप्तः' इत्यादि**प्रत्यभिज्ञानात् बाणादौ** = पूर्वापरकालीनशरादौ **एकत्वकल्पनासिद्धेः न अयं** = पूर्वपूर्वसजातीयक्षणप्रभवबाणादिकरणकलक्ष्यवेधादिर्गोचर **उपगमः** = अभ्युपगमो **युक्तः** इति **चेत् ? न, शब्देऽपि** अनुपदमेव वक्ष्यमाणात् **प्रत्यभिज्ञानात् एकत्वसिद्धिः** = अभेदसिद्धेः **किं काकेन भक्षिता** ? प्रत्यभिज्ञानमेवाह - **स एवेति** । सुगमम् ।

ननु दूरत्वनैकट्याभ्यां **तारमन्दादिभेदेन भेदे** = शब्दभेदे **ध्रुवे** = निश्चिते **साजात्यमेव** = पूर्वापरकालीनशब्दगतजात्यभेद एव **प्रत्यभिज्ञाविषयः** । अयं नैयायिकाभिप्रायो तत्समीपस्थस्य श्रोतुः शब्दे तारत्वमतभासते तत्दूरस्थस्य च श्रोतुः शब्दे मन्दत्वमेव प्रतिभासते । तारत्व - मन्दत्वयोः विरुद्धधर्मयोरन्धकारप्रकाशवदेकत्रासमावेशात्तत्राश्रयशब्दभेदः सिध्यतीति तत्स्थले जायमानस्य 'स एवायं शब्दो यो देवदत्तोच्चारित' इति प्रत्यभिज्ञानस्य विषयः पूर्वापरकालीनशब्दजात्यभेदो न तु पूर्वापरकालीनशब्दव्यक्तत्वभेदः । तदेतत् सर्वत्र शब्दादिवर्णयोरपि प्रत्यभिज्ञायाः पूर्वापरकालीनशब्दगतजात्यभेद एव गोचर इति **चेत्** ?

प्रकरणकारस्तन्निरसायाह- **न, तथापि यत्र** शब्दे **नोक्तभेदः** = न तारत्व-मन्दत्वादिभेदनिश्चितो भेदः **तच्छब्दस्य** 'स एवायं गकारः' इत्यादिप्रत्यभिज्ञया **एकत्वनियमात्** = व्यक्त्यभेदसिद्धेः शब्दस्याऽऽशुक्षयित्वपक्षे

❀ બાણાદિ દ્રવ્યમાં ક્ષણિકત્વાપત્તિ- સ્યાદ્વાદી ❀

ઉત્તરપક્ષ :- ન, ઓ. । ઓ નૈયાયિક મહાશય ! તમારી આ વાત વ્યાજબી નથી, કારણ કે શબ્દને ક્ષણિક માનવા છતાં જે રીતે તે પોતાના ઉત્પત્તિસ્થાનથી દૂરના સ્થલમાં પણ પોતાનું કાર્ય (શ્રવણાદિ) કરે છે તે જ રીતે - ધનુષ્યથી છૂટનાર બાણને પણ ક્ષણિક માની અન્ય અન્ય સજાતીય બાણની ઉત્પત્તિના ક્રમથી નવીન બાણ દૂરસ્થ લક્ષ્યની સાથે સંબદ્ધ થઈ વેધસ્વરૂપ કાર્ય કરે છે એમ માની શકાય છે. આથી બાણને પણ સ્થિર માનવાનાં બદલે ક્ષણિક માનવાની આપત્તિ આવશે. જો ધનુષ્યથી છૂટું પડનાર બાણ અને લક્ષ્યના વેધ કરનાર બાણમાં ઐક્યની પ્રત્યભિજ્ઞા થવાથી બાણની ક્ષણિકતા અસ્વીકાર્ય કરશો તો શબ્દની ક્ષણિકતા પણ માન્ય નહિ થઈ શકે, કારણ કે પૂર્વાપરકાલીન શબ્દમાં પણ ઐક્ય સાધક પ્રત્યભિજ્ઞાને કોઈ કાગડો થોડો ખાઈ ગયો છે ? 'જે બાણ ભાથામાંથી કાઢીને ફેંકેલું તે જ બાણે લક્ષ્ય એવા હરણનો વેધ કરેલ છે' આ પ્રત્યભિજ્ઞાની જેમ 'જે શબ્દ ચૈત્ર બોલેલો તે જ આ શબ્દ છે, જે સંભળાઈ રહ્યો છે' આ પ્રત્યભિજ્ઞા પણ જાગૃત છે. તેથી ચૈત્રના કંઠથી ઉત્પન્ન થયેલ શબ્દ અને શ્રૂયમાણ શબ્દમાં અભેદ માનવાની આપત્તિ નૈયાયિકના પક્ષમાં આવશે.

—> 'શ્રોતાથી દૂર રહેલ વક્તાનો શબ્દ મન્દ હોય છે અને નિકટ રહેલ વક્તાનો શબ્દ તાર = તીવ્ર હોય છે. આથી તાર, મંદ વગેરે ભેદથી નિકટસ્થ અને દૂરસ્થ શબ્દમાં ભેદ નિર્વિવાદ સિદ્ધ હોવાથી અભેદઅવગાહી પ્રત્યભિજ્ઞાને વ્યક્તિઅભેદવિષયક નહિ માનતાં જેમ વ્યક્તિસાજાત્યવિષયક માનવામાં આવે છે. તે જ રીતે અન્યત્ર સર્વત્ર સજાતીયઅભેદ દ્વારા શબ્દગોચર પ્રત્યભિજ્ઞાની ઉપપત્તિ થઈ શકે છે. સજાતીયઅભેદનો અર્થ એ છે કે પૂર્વોચ્ચરિત શબ્દનો સજાતીય એવો શબ્દ શ્રૂયમાણ = સંભળાય છે. અર્થાત્ 'કંઠોક્ત શબ્દ અને શ્રૂયમાણ શબ્દમાં અભેદ નથી, પરંતુ તે બન્નેમાં રહેલ કત્વ વગેરે જાતિમાં અભેદ છે.' આવું પ્રત્યભિજ્ઞાથી સિદ્ધ થશે. માટે દર્શિત પ્રત્યભિજ્ઞા દ્વારા શબ્દમાં સ્થૈર્યની સિદ્ધિ નહીં થાય' <— આવું કદાચ નૈયાયિક દ્વારા કહેવામાં આવે તો પણ જ્યાં તાર, મન્દ વગેરે ભેદ નથી હોતા અને છતાં 'ચૈત્રે બોલેલો શબ્દ જ હું સાંભળું છું' આવી પ્રત્યભિજ્ઞા થાય છે ત્યાં તો પૂર્વાપરકાલીન ચૈત્રોચ્ચરિત શબ્દ અને શ્રૂયમાણ શબ્દ વચ્ચે અભેદ માનવો જ પડશે. આ રીતે જ્યાં પૂર્વાપરકાલીન શબ્દમાં વ્યક્તિઅભેદ સિદ્ધ થશે ત્યાં તો ને શબ્દને દ્રવ્ય માનવામાં ન આવે તો દૂરસ્થ વક્તાના કંઠથી શ્રોતાના કાન સુધી પહોંચવું શબ્દને ભારે મુશ્કેલ થઈ જશે, કારણ કે દ્રવ્યમાં જ ગતિ ક્રિયા સંભવી શકે છે. વળી, બીજી વાત એ છે કે વક્તાથી દૂરસ્થ શ્રોતાને શબ્દ મંદ સંભળાય છે અને સમીપસ્થ શ્રોતાને શબ્દ તીવ્ર લાગે છે. ત્યાં પણ શ્રોતાને આવી પ્રત્યભિજ્ઞા તો થાય જ છે કે 'વક્તા તો તીવ્ર શબ્દને બોલે છે પણ તે જ શબ્દ દૂર જતાં મંદ પડી

श्रोत्रप्राप्तेर्दुर्घटत्वात्, 'तार एव शब्दो दूरे मन्दो जात' इत्यनुभवादेकस्यैव तारमन्दादिपरिणतिभेदाभ्युपगमाच्च । अपि च श्रोत्रमपि नाकाशं बाधिर्याद्यभावप्रसङ्गात् किन्तु मूर्तमेवेति न तस्य शब्दो गुणः ।

किञ्च शब्दस्याकाशगुणत्वे सर्वस्य सर्वशब्दग्रहणापत्तिः श्रोत्रसमवायाविशेषात्, तत्पुरुषीयकर्णशष्कुल्यवच्छिन्नसमवायसम्बन्धावच्छिन्नाधारतायास्तत्पुरुषीयशब्दग्रहं प्रति हेतुत्वे महागौरवात्, द्रव्यत्वे तु संयोगेनैव श्रोत्रेण

भानुमती

शब्दस्य निष्क्रियत्वेन **श्रोत्रप्राप्तेः दुर्घटत्वात्** श्रवणं न स्यात् ।

तस्तुतस्तु तारमन्दादिभेदेन शब्दभेदोऽप्यसिद्ध एव, **'तार एव शब्दो दूरे मन्दो जात' इत्यनुभवादेकस्यैव** शब्दस्य कालभेदेन **तार-मन्दादिपरिणतिभेदाभ्युपगमाच्च,** परिणामभेदेऽपि रक्तताद्दशपटस्थैव परिणामिनः तस्य सर्वथाऽभेदात् । अत एतान्त्रिश्रेण्यां तिश्रेण्यां ता मिश्राणामेव परघातवासितानामेव च शब्दद्रव्याणां श्रवणाभ्युपगमेऽपि न क्षतिः । न च क्षणैकत्वं शब्दस्य प्रत्यभिज्ञायां बाधकम्, तत्र मानाभावात्, शब्दजनकशब्दस्य कार्यशब्देन शब्दजन्यशब्दस्य च कारणशब्दनाशेन नाशकल्पनो गौरवात् उच्चारितशब्दस्य श्रोत्रदेशाऽऽगमनकल्पनास्त्रौतौचित्याच्च, अन्यथा कर्त्रादीतोऽशेषलौकिकप्रत्यक्षानुपपत्तेश्चेत्यधिकं **स्याद्वादकल्पलतायाम्** । (शा.स.स्त.१० । का. ३६, पृष्ठ १६०) ।

अपि च श्रोत्रमपि नाकाशं बाधिर्याद्यभावप्रसङ्गात्, मूर्तेनाऽमूर्तोपघातानुग्रहायोगात् । **किन्तु** श्रोत्रमपि **मूर्तमेवेति न तस्य** = गगनस्य **शब्दो गुणः** । अतः पूर्वोक्तानुमाने (दृश्यतां ४९ तमे पृष्ठे) दृष्टान्तस्य साधनवैकल्यं तज्जलेपायितमेव ।

किञ्च शब्दस्याकाशगुणत्वे सर्वस्य पुरुषस्य **सर्वशब्दग्रहणापत्तिः** = सर्वतत्कर्णजन्यसकलशब्दश्रावणप्रसङ्गः, **श्रोत्रसमवायाऽविशेषात्** = शब्दत्वावच्छेदेन आकाशलक्षणश्रोत्रायोगिकसमवायप्रतियोगिकत्वस्य तुल्यत्वात् । **न च** विषयतासम्बन्धेन तत्पुरुषीयशब्दग्रहं प्रति तत्पुरुषीयकर्णशष्कुल्यवच्छेदेनसमवायसम्बन्धावच्छेदेनाधारतानिरूपितायाधेयतायाः सांसर्गिकविधया कारणत्वाभ्युपगमाद्न मैत्रीयकर्णशष्कुल्यवच्छेदेन वर्तमानस्य शब्दस्य चैत्रादिना ग्रहणप्रसङ्गः, तच्छब्दनिष्ठाधेयतानिरूपकाधारतायाः चैत्रीयकर्णशष्कुल्यवच्छेदेनसमवायसम्बन्धावच्छेदकत्वादिति **वक्तव्यम्, तत्पुरुषीयकर्णशष्कुल्यवच्छिन्नसमवायसम्बन्धावच्छिन्नाधारतायाः** = तत्पुरुषीयकर्णशष्कुल्यवच्छेदेन समवायसंसर्गेणावच्छेदिका = नियन्त्रिकया आधारतया निरूपितायाः आधेयतायाः, लौकिकविषयतासम्बन्धेन **तत्पुरुषीयशब्दग्रहं** = तत्पुरुषसमवेतं शब्दगोचरश्रावणप्रत्यक्षं **प्रति** संसर्गरूपेण **हेतुत्वे** कल्प्यमाने **महागौरवात्** । शब्दस्य **द्रव्यत्वे तु संयोगेनैव श्रोत्रेण ग्रहणोपपत्तौ** शब्द-शब्दत्वयोर्ग्रहं प्रति

ગયો, ધીમો પડી ગયો' આથી માનવું પડશે કે ઉચ્ચરિત શબ્દ અને શ્રૂયમાણ શબ્દ વચ્ચે તો અભેદ જ છે. માત્ર, તાર, મંદ વગેરે પરિણામ બદલાયેલા છે. તીવ્રતા, મંદતા વગેરે ભિન્ન-ભિન્ન પરિણતિ એક જ શબ્દની છે - એવું અમે માનીએ જ છીએ. જેમ પરિણામ બદલવા છતાં રક્તતાદશાવાળો ઘટ શ્યામઅવસ્થાવાળા ઘટથી અભિન્ન છે તેમ તીવ્રતા, મંદતા વગેરે પરિણામ બદલવા છતાં પરિણામી શબ્દની અભિન્નતા અબાધિત જ છે.

❀ આકાશ શ્રોત્ર નથી- સ્યાદ્વાદી ❀

અપિ. । વળી, બીજી વાત એ છે કે શ્રોત્ર ઇન્દ્રિય પણ આકાશસ્વરૂપ નથી, કારણ કે આકાશ અમૂર્ત હોવાથી મૂર્ત પદાર્થ વડે તેનો ઉપઘાત ન થઈ શકવાથી કાનમાં ક્યારેય બહેરાશ વગેરે નહિ થવાની આપત્તિ આવશે. અમૂર્ત આકાશને પત્થર મારો તો જેમ નુકશાન થતું નથી તેમ કાનને આકાશસ્વરૂપ માનતાં કાનમાં સળી વગેરે નાંખવાથી બહેરાશ કેવી રીતે થઈ શકે ? માટે કાનને પણ મૂર્ત માનવું પડશે, જેથી શબ્દ આકાશનો ગુણ નહીં બની શકે. વળી, શબ્દને આકાશનો ગુણ માનવામાં આવે તો આકાશ સર્વવ્યાપી હોવાના લીધે સર્વ વ્યક્તિને સર્વ શબ્દ સંભળાવાની આપત્તિ આવશે, કારણ કે દરેક પુરુષના આકાશસ્વરૂપ શ્રોત્રનો સમવાય તો નૈયાયિક મતાનુસાર દરેક શબ્દમાં સમાન જ છે. આકાશ અને સમવાય બન્ને નિત્ય અને એક હોવાથી સર્વત્ર સમાન છે. તેથી પ્રત્યેક શબ્દમાં શ્રોત્રસમવાય સમાન હોવાથી દરેકને દરેક શબ્દના શ્રાવણ પ્રત્યક્ષની આપત્તિ અપરિહાર્ય બનશે.

❀ શબ્દને આકાશગુણ માનવામાં ગૌરવ - સ્યાદ્વાદી ❀

તત્પુ. । ઉપરોક્ત આપત્તિના નિરાકરણ માટે નૈયાયિક દ્વારા જો એમ કહેવામાં આવે કે —> 'તે તે પુરુષના શબ્દગોચર શ્રાવણ પ્રત્યક્ષ પ્રત્યે અમે કેવળ શ્રોત્રસમવાયને કારણ નથી માનતા, પરંતુ તત્ તત્ પુરુષીય કર્ણશષ્કુલીથી અવચ્છિન્ન = વિશિષ્ટ એવા સમવાય સંબંધથી અવચ્છિન્ન = નિયંત્રિત આધારતાથી નિરૂપિત આધેયતાને સંસર્ગરૂપે તત્ તત્ પુરુષીય શબ્દપ્રત્યક્ષનું કારણ માનીએ છીએ. જ્યારે ચૈત્રના કર્ણવિવરથી વિશિષ્ટ આકાશમાં શબ્દ હશે ત્યારે તે શબ્દનું મૈત્રને પ્રત્યક્ષ થવાની આપત્તિ નહીં આવે, કારણ કે ત્યારે તે શબ્દમાં રહેલી આધેયતાની નિરૂપક આધારતા મૈત્રીય કર્ણવિવરથી વિશિષ્ટ એવા સમવાય સંબંધથી અવચ્છિન્ન = નિયંત્રિત નથી, પરંતુ ચૈત્રીય કર્ણવિવરથી વિશિષ્ટ સમવાય સંબંધથી અવચ્છિન્ન = નિયંત્રિત છે. આથી શબ્દને વિભુ આકાશ દ્રવ્યનો ગુણ માનવામાં આવે તો પણ સર્વ વ્યક્તિને સર્વ શબ્દોના શ્રાવણ પ્રત્યક્ષની આપત્તિને અવકાશ નહીં રહે.' <— તો આ વાત અસંગત છે, કારણ કે તત્ તત્ પુરુષના શબ્દપ્રત્યક્ષ પ્રત્યે ઉપરોક્ત કારણતા માન્ય કરવામાં આવે તો તત્ તત્ પુરુષ બદલી જતાં કારણતા પણ બદલવી

ग्रहणोपपत्तौ लाघवम् ।

शब्दस्य मूर्तत्वे तत्साक्षात्कारो न स्यात्, विषयतया मूर्तप्रत्यक्षत्वावच्छिन्नं प्रति समवायेनोद्भूतरूपवत्त्वस्य हेतुत्वादिति चेत् ? न, द्रव्यप्रत्यक्षत्वावच्छिन्नं प्रति योग्यताविशेषस्यैव हेतुत्वात् । स च व्यावृत्तिविशेषो शक्तिविशेषो वेत्यन्यदेतत् ।

भानुमती

समवाय-समवेतसमवाययोः प्रत्यासत्तित्वाकल्पनात् **लाघवम्,** घट-पटत्वयोः प्रत्यक्षं प्रति चक्षुःसंयोग-संयुक्तसमवायाभ्यामेव शब्द-शब्दत्वयोः साक्षात्कारसम्भवात् । अत एव च प्रत्यपादि **श्रीभद्रबाहुस्वामिभिः आवश्यकनिर्युक्तौ** - 'पुट्ठं सुणेइ सद्दं (आ.नि.श्लो. ९) इति ।

ननु किं शब्दस्याऽमूर्तत्वमङ्गीक्रियते आहोस्वित् मूर्तत्वं ? इति स्म राजहंसयूथमुपतिष्ठते शब्दद्रव्य-त्वपक्षमानसरोवरे । तत्राद्यो न विद्योतते विद्वत्पर्षदि, सर्वस्य सर्वशब्दग्रहापत्तेः चक्षुर्ग्राह्यतापत्तेश्च । नापि द्वितीयः, **शब्दस्य मूर्तत्वे** = सावच्छेदपरिमाणवत्त्वे, **तत्साक्षात्कारो न स्यात्, विषयतया** = लौकिकविषयतासंबन्धेन **मूर्तप्रत्यक्षत्वावच्छिन्नं प्रति समवायेनोद्भूतरूपवत्त्वस्य हेतुत्वात्** = पृथक्कारणत्वात्, शब्दे चोद्भूतरूपादेरहात्। आत्मादिप्रत्यक्षे व्यभिचारवारणाय 'मूर्ते'त्युपादानम् । इन्द्रियपिशाचादिप्रत्यक्षवारणायोद्भूतेति ग्रहणम् । एवं लौकिक-कविषयतया मूर्तसमवेतनोचरप्रत्यक्षं प्रति स्वसमवायिसमवेतत्वसम्बन्धेनोद्भूतरूपस्य कारणत्वात् श्रोत्रसंयुक्तस-मवायेन शब्दत्व-कत्वादिप्रत्यक्षानापत्तेः । ततः शब्द-शब्दत्वादिप्रत्यक्षानुरोधेन समवाय-समवेतसमवाययोः पृथक्प्र-त्यासत्तित्वकल्पनमावश्यकमेव । तथा च न शब्दस्य द्रव्यत्वसिद्धिरिति चेत् ?

स्याद्वादी तान्निराकरोति - **नेति** । मूर्तप्रत्यक्षत्वावच्छिन्नं प्रत्युद्भूतरूपकारणतायां मीमांसकानुसारिभिरेव निरस्तत्वात्, मूर्तप्रत्यक्षत्वस्य कार्याकार्यवृत्तितया कार्यतानवच्छेदकत्वात् । मूर्तलौकिकप्रत्यक्षत्वापेक्षया च द्रव्यानिष्टलौकिकविषयतया चाक्षुषत्वस्यैव लाघवेनोद्भूतरूपकार्यतावच्छेदकत्वौचित्यात् । लौकिकविषयतया **द्रव्यप्रत्यक्षत्वावच्छिन्नं** = जन्यद्रव्यसाक्षात्कारमात्रवृत्तिवैजात्यावच्छिन्नं **प्रति** द्रव्यानिष्टलौकिकविषयतासम्बन्धे-नानित्यप्रत्यक्षमात्रवृत्तिवैजात्यावच्छिन्नं प्रति वा **योग्यताविशेषस्यैव** योग्यतारूपविशेषत्वेन विषयस्यैव वा **हेतु-त्वात्** शब्दसाक्षात्कारो निरबाधः, शब्दस्य योग्यतारूपविशेषाश्रयत्वात् । **स च** = योग्यतारूपविशेषश्च **व्यावृत्तिविशेषः** = अयोग्यभेदरूपविशेषः **शक्तिविशेषो वेत्यन्यदेतत्** । अत्रयोन्याश्रयप्रतिक्षेपार्थमत्र कल्पान्तरे वाकारेण प्रकरण-कृतोपन्यस्तः । श्रोत्रेण द्रव्यान्तरस्यानाग्रहणश्च योग्यताविशेषशून्यत्वादीति । तथा च संयोगेनापि शब्दस्य द्रव्यत्व-सिद्धिः । **एतेन** शब्दस्य सावयवत्वेऽनित्यतायत-तन्नाशादिकल्पनागौरवादीति (मु.मं.पृ.३६७) **मुक्तावलीमञ्जूषा-**कारोक्तिः **निरस्ता,** प्रमाणपदवृत्तिसमये सिद्ध्यसिद्धिभ्यां व्याघातेन फलमुखस्य तस्यादोषत्वात् । **अत एव** 'जन्यत्वे सत्यनेकद्रव्य-समवेतत्वाभावेन द्रव्याभिन्नत्वसाधनासम्भवात्, शब्दस्यानेकद्रव्यसमवेतत्वाभावश्च तदाश्रयानेक-द्रव्यकल्पने गौरवप्रसङ्गादेव सिद्ध्यति' (मु.मं.पृ.३६६) इत्यपि **पद्मभिरमवचनमपाकृतम्,** कर्णबाधिर्य-शीर्ष-

---

पडशे. घटक बदलतां तेनाथी घटित पाग अवश्य बदली जाय छे. आथी अनेकविध कारणतानो स्वीकार करवानी आपत्ति आवशे अने उपरोक्त कारणताअवच्छेदक धर्मनुं शरीर पाग महाकाय छे. आवुं महागौरव मान्य ना थई शके. आना करतां तो उचित ए छे के शब्दने आकाशनो गुण मानवाना बदले द्रव्य मानी श्रोत्र द्वारा संयोग संबंधथी ज तेनुं श्रावण प्रत्यक्ष मानवामां आवे. आवुं मानवानो फायदो ए छे के शब्दना लौकिक प्रत्यक्ष प्रत्ये समवायसन्निकर्ष अने शब्दत्व, कत्व, खत्व वगेरेना लौकिक साक्षात्कार प्रत्ये समवेतसमवाय सन्निकर्षने कारण मानवानी जरूर न पडवाथी लाघव थाय छे. आथी शब्दने आकाशनो गुण मानवाना बदले द्रव्यात्मक मानवो व्याजबी छे.

नैयायिक :- शब्दस्य. । जो शब्दने मूर्त द्रव्य मानवामां आवे तो संयोग संबंधथी तेनुं प्रत्यक्ष थई नहि शके. आनुं कारण ए छे के विषयतासंबंधथी उत्पन्न थनार मूर्तपदार्थविषयक लौकिक प्रत्यक्ष प्रत्ये समवाय संबंधथी उद्भूत रूप कारण बने छे. अर्थात् उद्भूतरूपवाळा मूर्त = अविभु द्रव्यनुं ज प्रत्यक्ष थई शके छे. जे मूर्त द्रव्यमां उत्कट रूप नथी होतुं तेनुं लौकिक प्रत्यक्ष थतुं नथी. जेम के ईन्द्रिय, पिशाच वगेरे. शब्दने मूर्त द्रव्य माननार स्याद्वादीने शब्दमां उत्कट रूप मान्य नथी. आथी ज संयोग संबंधथी कान द्वारा शब्दनुं लौकिक प्रत्यक्ष नहि थई शके. अेक पाग कारणनी गेरहाजरीमां कार्यनी उत्पत्ति थई ना शके. आथी श्रोत्रसंमवायने ज शब्दप्रत्यक्षनो कारणताअवच्छेदक संबंध मानवो जरूरी छे, नहीं के श्रोत्रसंयोगने. फलतः शब्द पाग गुणात्मक सिद्ध थई जशे.

❀ द्रव्यप्रत्यक्ष प्रत्ये योग्यताविशेष कारण - स्याद्वादी ❀

स्याद्वादी :- न, द्र. । मूर्तप्रत्यक्ष प्रत्ये उत्कटरूपमां हेतुता मानवाना बदले द्रव्यचाक्षुष प्रत्ये ज उत्कटरूपने कारण मानवुं उचित छे. द्रव्यप्रत्यक्ष प्रत्ये तो योग्यताविशेष ज कारण छे. आ योग्यताविशेष घटादिनी जेम शब्दमां पाग रहेल छे. आथी शब्द द्रव्यनुं प्रत्यक्ष थवामां कोई वांधो नथी. द्रव्यसाक्षात्कारकारणीभूत योग्यताविशेष व्यावृत्तिविशेषरूप = अयोग्यभेदविशेषस्वरूप छे के शक्तिविशेषस्वरूप? आ अेक अलग वात छे. पाग तेमां द्रव्यप्रत्यक्षकारणता अबाधित छे - आटलुं निश्चित छे.

'श्रोत्रेन्द्रियव्यवस्थापकत्वेन शब्दस्याम्बरगुणत्वसिद्धिरि'ति तु मन्दम्, इन्द्रियान्तराग्राह्यग्राहकत्वस्यैव भिन्नेन्द्रियत्वव्याप्यत्वात् तत्र गुणप्रवेशस्य गौरवकरत्वात् ।

इत्थञ्च श्रोत्रेन्द्रियं रूपस्पर्शाग्राहकबहिरिन्द्रियत्वात् रसनवदिति निरस्तम्,

भानुमती

लक्ष्यत्वादेपातनाद्यन्यथानुपपत्तेस्तस्यानेकद्रव्यसमवेतत्वासिद्ध्या हेतोः स्वरूपासिद्धत्वादीति **दिक्** ।

श्रोत्रेन्द्रियव्यवस्थापकत्वेन = श्रोत्रस्य चक्षुराद्यतिरिक्तेन्द्रियत्वसाधकत्वेन **शब्दस्य** गुणत्वसिद्धौ पारिशेषन्यायेन **आम्बरगुणत्वसिद्धिः** । तथाहि शब्दो द्रव्यसमवेतः गुणत्वात् रूपवदित्यनुमानेन शब्दस्य द्रव्यसमवेतत्वे सिद्धे शब्दो न स्पर्शवद्विशेषगुणोऽनेनसंयोगासमवायिकारणकत्वाभावे सति अकारणगुणपूर्वकप्रत्यक्षत्वात् सुखवत् । शब्दो न दिक्कालमनसां गुणः, विशेषगुणत्वात् रूपवत् । नात्मविशेषगुणः, बहिरिन्द्रियग्राह्यत्वात् रूपवत्। इत्थञ्च प्रसक्तप्रतिषेधेन शब्दस्याकाशगुणत्वं सिध्यति । यदि शब्दस्य गुणत्वं न स्यात्, न स्यादेव तर्हि कर्णशष्कुल्यवच्छेन्नाकाशस्वरूपश्रोत्रस्यातिरिक्तेन्द्रियत्वं, तत्रेन्द्रियान्तराऽग्राह्य-स्वग्राह्यगुणाभावात्, इन्द्रियान्तराग्राह्यगुणग्राहकत्वस्यैव भिन्नेन्द्रियत्वव्यवस्थापकत्वादीति **तु मन्दम्, इन्द्रियान्तराग्राह्यग्राहकत्वस्यैव** = स्वाभिन्नेन्द्रियाग्राह्यगोचरलौकिकप्रत्यक्षजनकतावच्छेदकधर्मवत्त्वस्यैव भिन्नेन्द्रियत्वव्याप्यत्वात् । **तत्र** = इन्द्रियान्तरत्वव्याप्ये **गुणप्रवेशस्य गौरवकरत्वात्** । = इन्द्रियान्तराग्राह्यग्राहकत्वत्वाऽपेक्षया इन्द्रियान्तराग्राह्यगुणग्राहकत्वत्वस्य गुरुतया व्याप्यतावच्छेदकत्वेन व्याप्यत्वासिद्धिप्रसङ्गादीति । इन्द्रियान्तराग्राह्यस्य शब्दस्य ग्राहकत्वन्तु श्रोत्रेऽबाधितमेवेति तस्यातिरिक्तेन्द्रियत्वमप्यबाधितमेव । **न चैवं** सति तौतातितांभ्रमततामसेन्द्रियासिद्धिप्रसङ्ग इति **वक्तव्यम्** आलोकादिरपेक्षचक्षुषैव तमोग्रहसम्भवादित्यादिकं **स्याद्वादरहस्ये** तत्टीकायाञ्चास्मत्कृतायां **जयलतायां** द्रष्टव्यम् ।

इत्थञ्च = इन्द्रियान्तराग्राह्यग्राहकत्वस्येन्द्रियान्तरत्वव्याप्यत्वप्रतिपादनप्रकारेण च । अस्याणो निरस्तमित्यनेनान्वयः । **श्रोत्रेन्द्रियमिति** पक्षनिर्देशः । **द्रव्याग्राहकमिति** । द्रव्यगोचरलौकिकप्रत्यक्षजनकत्वाभावस्य साध्यत्वम् । हेतुमाह - **रूपस्पर्शाग्राहकबहिरिन्द्रियत्वात्** । इन्द्रियत्वादित्युक्ते मनसि व्यभिचारः, तस्मात्तद्व्याग्राहकत्वादीति बहिरित्युक्तम् । तथापि घ्राणस्पार्शनजनकस्पर्शनेन्द्रियेण व्यभिचारः स्यादिति स्पर्शग्राहकेत्युक्तम् । तथापि घ्राणचाक्षुषजनकचक्षुरिन्द्रिये व्यभिचाररस्यादिति रूपाग्राहकत्वमुपादत्तम् । यद्यपि चक्षुषि रूप-स्पर्शोभयाग्राहक- द्रव्याग्राहकत्वं नास्ति तथापि रूप-स्पर्शान्यतराऽग्राहकबहिरिन्द्रियत्वस्य हेतुतावच्छेदकत्वाभिप्रायेण तात्पर्यमिति न दोषः । दृष्टान्तमाह - **रसनवदिति** । यथा रूपस्पर्शान्यतराऽग्राहकबहिरिन्द्रियत्वेन रसनस्य न द्रव्याग्राहकत्वं तथैव श्रोत्रस्यापि द्रव्याग्राहकत्वासिद्ध्या शब्दस्य द्रव्यत्वे श्रोत्रस्य शब्दाऽग्राहकत्वं स्यादित्याशय

❀ ईन्द्रियांतराग्राह्यग्राहकत्व ईन्द्रियान्तरत्वसाधक- स्याद्वादी ❀

श्रोत्रे. । अन्य नैयायिक विद्वानोनुं એવું કથન છે કે —> 'શબ્દને દ્રવ્ય માનવા જતાં શ્રોત્રમાં ઈન્દ્રિયત્વની સિદ્ધિ નહિ થઈ શકે, કારણ કે અન્ય ઈન્દ્રિયથી અગ્રાહ્ય ગુણનું ગ્રાહકત્વ = ગ્રહજનકત્વ = પ્રત્યક્ષકારણત્વ જ કૃત્રિમ ઈન્દ્રિયથી ભિન્ન ઈન્દ્રિયત્વનું વ્યાપ્ય અને વ્યવસ્થાપક છે. શબ્દને જો ગુણ માનવામાં ન આવે તો શ્રોત્રમાં ઈન્દ્રિયાંતરથી = અન્ય ઈન્દ્રિયથી અગ્રાહ્ય ગુણનું ગ્રાહકત્વ નહિ આવી શકે. પણ શ્રોત્રમાં ઈન્દ્રિયત્વ તો નૈયાયિક અને સ્યાદ્વાદી બન્નેને માન્ય છે. આથી શ્રોત્રમાં ઉભયસંમત ઈન્દ્રિયત્વની અન્યથાઅનુપપત્તિથી સ્વભિન્નેન્દ્રિયગ્રાહ્ય એવા શબ્દને ગુણ માની, તેના ગ્રાહકત્વસ્વરૂપ અતિરિક્તઈન્દ્રિયત્વસાધક ધર્મને શ્રોત્રમાં માનવો પડશે. આ રીતે શબ્દને ગુણ માનવો અનિવાર્ય છે. પૃથ્વી આદિનો ગુણ તો શબ્દ થઈ શકતો નથી. આથી પારિશેષન્યાયથી શ્રાવણપ્રત્યક્ષગોચર શબ્દને આકાશનો જ ગુણ માનવો પડશે.' <—

મન્દમ્. । પણ આ કથન મંદબુદ્ધિનું પ્રદર્શન છે, કારણ કે ભિન્નઈન્દ્રિયત્વનો વ્યાપ્ય કેવલ ઈન્દ્રિયાન્તરાગ્રાહ્યગ્રાહકત્વ ધર્મ જ છે. તેમાં ગુણનો પ્રવેશ કરી ઈન્દ્રિયાન્તરાગ્રાહ્યગુણગ્રાહકત્વ ધર્મને તેનો વ્યાપ્ય = સાધક કહેવામાં વ્યાપ્યતાઅવચ્છેદક ધર્મમાં ગૌરવ દોષ આવશે. જેના ફલરૂપે વ્યાપ્યત્વાસિદ્ધિ દોષ નૈયાયિકના પક્ષમાં આવશે. લઘુરૂપે વ્યાપ્તિ જ્યાં સંભવિત હોય ત્યાં ગુરુરૂપે વ્યાપ્તિનો સ્વીકાર કરતાં વ્યર્થ વિશેષગુણનો વ્યાપ્યતાઅવચ્છેદક ધર્મ શરીરમાં પ્રવેશ થવાથી તે ગુરુભૂત ધર્મ વ્યાપ્યતાઅવચ્છેદક બની નથી શકતો. આ વ્યાપ્યત્વાસિદ્ધિ દોષ કહેવાય છે. માટે ઈન્દ્રિયાન્તરાગ્રાહ્યગ્રાહકતાને જ અતિરિક્તઈન્દ્રિયત્વનું વ્યાપ્ય માનવું ઉચિત છે. આથી શબ્દ ગુણસ્વરૂપ ન હોય તો પણ શ્રોત્રમાં અતિરિક્તઈન્દ્રિયત્વની સિદ્ધિ મુશ્કેલ નથી, કારણ કે ઈન્દ્રિયાંતરથી = નયન વગેરેથી અગ્રાહ્ય એવા શબ્દના પ્રત્યક્ષની હેતુતા = ગ્રાહકતા તો કર્ણમાં છે જ. આમ શબ્દને દ્રવ્ય માનવા છતાં કર્ણને ચક્ષુ વગેરેથી ભિન્ન ઈંદ્રિય માની શકાય છે.

❀ श्रोत्रेन्द्रिय द्रव्यग्राहक छे ज - स्याद्वादी ❀

इत्थञ्च श्रो. । આ રીતે ઈન્દ્રિયાન્તરાગ્રાહ્યગ્રાહકત્વ જ ઈન્દ્રિયાન્તરત્વવ્યાપ્ય હોવાથી શ્રોત્રમાં દ્રવ્યાત્મક શબ્દની ગ્રાહકતા દ્વારા ઈન્દ્રિયત્વની સિદ્ધિ થવાથી અહીં એવું કહેવું કે —> શ્રોત્રેન્દ્રિય દ્રવ્યગ્રાહક = દ્રવ્યવિષયક લૌકિક સાક્ષાત્કારની જનક નથી, કારણ કે તે રૂપ કે સ્પર્શની અગ્રાહક બહિરિન્દ્રિય છે. જે બહિરિન્દ્રિય રૂપ યા રસની ગ્રાહક ના હોય તે દ્રવ્યગ્રાહક પણ નથી હોતી, જેમ કે જીભ. શ્રોત્રાત્મક બાહ્ય ઈંદ્રિય પણ રૂપ-સ્પર્શાન્યતરની ગ્રાહક નથી. આથી જ તે પણ દ્રવ્યગ્રાહક નથી. આથી શબ્દને દ્રવ્ય માનવા જતાં તેમાં

अप्रयोजकत्वात्, द्रव्यग्रहप्रयोजकप्रत्यासत्त्यभिधानेन तद्विरहरूपविपक्षबाधकतर्कानुत्थानात् ।

इत्थञ्च शब्दो न पौद्गलिकः स्पर्शशून्याश्रयत्वात्, अतिनिबिडप्रदेशप्रवेशनिर्गमयोरप्रतिघातात्, पूर्वं पश्चाच्चावयवानुपलब्धेः सूक्ष्ममूर्तान्तराप्रेरकत्वात्, गगनगुणत्वाच्चेति हेतवो निरस्ता वेदितव्याः,

भानुमती

आक्षेपकृतः ।

तन्निरासे हेतुमाह —> **अप्रयोजकत्वात्** = *व्यभिचारशङ्कानिवर्तकानुकूलतर्काविरहात् ।* **न च** *श्रोत्रेन्द्रियस्य द्रव्यात्मकशब्दग्रहणे द्रव्यान्तरग्रहणप्रसङ्गस्यैव बाधकत्वमिति* **वाच्यम्,** *द्रव्यान्तरस्य श्रोत्राऽयोग्यत्वस्योक्तत्वात् । (दृश्यता १६ तमे पृष्ठे) ।* **न च** *द्रव्यग्राहकप्रत्यासत्तेरविरहादेव श्रोत्रस्य रसनस्येव द्रव्यग्राहकत्वासम्भव इति* **वक्तव्यम्, द्रव्यग्रहप्रयोजकप्रत्यासत्त्यभिधानेन** = *लाघवसहकारेण स्वसंयोगलक्षणायाः द्रव्यग्रहप्रयोजिकायाः प्रत्यासत्त्याः पूर्वं प्रतिपादनेन* **तद्विरहरूपविपक्षबाधकतर्कानुत्थानात्** = *श्रोत्रनिष्ठत्वेन द्रव्यग्राहकप्रत्यासत्त्या अप्रसिद्धिरूपो यो विपक्षबाधकतर्कः तस्यासम्भवात् । साध्यावैकल्यञ्च दृष्टान्तः, स्यादवादीभिरस्माभिः सर्वेष्वेवेन्द्रियेषु द्रव्यग्राहकत्वस्य स्वीकृतत्वात् स्वसंयोगलक्षणद्रव्यग्राहकप्रत्यासत्तेरविशेषादिति व्यक्तमेव* **तत्त्वार्थटीकायाम् ।** **अत एव** *चक्षुर्मनःस्पर्शनेन्द्रियाण्येव द्रव्यग्राहकाणीत्येकान्तोऽपि* **प्रत्याख्यातः,** *सम्भिन्नश्रोतोलब्धिवर्तामेवेन्द्रियेषु व्यभिचारात्तेत्यधिकं* ***मत्कृतजयलतायाम् ।***

इत्थञ्च = *निरुक्तरीत्या शब्दस्य द्रव्यत्वे सिद्धे सति च । अस्य निरस्ता इत्यनेनाऽयोऽन्वयः । जरन्नैयायिक-संमतप्रयोगपञ्चकमपाकर्तुमाहेत्याह -* **शब्दो न पौद्गलिकः** = *पुद्गलपरिणामः* **स्पर्शशून्याश्रयत्वात्** *गगनपरिमाणवत् । स्पर्शशून्याश्रयत्वञ्च स्पर्शरहितसमवायिकारणकत्वस्वरूपमवगन्तव्यम्, तेन कालैकत्वादिशेषगुणादिना स्पर्शरहिताश्रयकत्वमादाय न घटादौ व्यभिचारप्रसङ्गः । शब्दसमवायिकारणस्याकाशस्य स्पर्शशून्यत्वेन न हेतोः स्वरूपासिद्धत्वमिति प्राचामाशयः । द्वितीयहेतुमाह -* **अतिनिबिडेति** । *घटादेः पौद्गलिकस्य सतोऽतिनिबिडप्रदेशादुद्गमनागमनयोः प्रतिघातो दृष्टः । तदतिक्रमाच्चशब्दस्यापौद्गलिकत्वमिति प्राचीननैयायिकाशयः । तृतीयहेतुमाह* **पूर्वं पश्चाच्चावयवानुपलब्धेरिति** । *घटादेः पौद्गलिकस्योत्पादात्पूर्वं विनाशादनु चावयवा उपलभ्यन्त इति दृष्टम् । शब्दोत्पादादर्वाक् तज्ज्ञानानन्तरञ्च तदवयवानुपलब्धेस्तस्याऽपौद्गलिकत्वमिति नैयायिकाभिप्रायः । चतुर्थहेतुमाह -* **सूक्ष्मेति** । *पुस्तकादेः पौद्गलिकस्य गमनागमनाभ्यां सूक्ष्ममूर्तादिमूर्तद्रव्यस्य प्रेरणं दृष्टचरं शब्दगमनागमनाभ्यां तु न तथा तत्प्रेरणमिति व्यापकानुपलब्धेराऽपि शब्दपौद्गलिकत्वं प्रतीषेद्धुं भवतीति शैवाशयः । पञ्चमहेतुमाह* **गगनगुणत्वाच्चेति** । *गगनपरिमाणादिस्थले निरुक्तव्याप्तेः सिद्धत्वेनाम्बरगुणत्वान्न शब्दस्य पौद्गलिकत्वमिति प्राचीननैयायिकाभिप्रायः ।*

શ્રોત્રેન્દ્રિયગ્રાહ્યત્વ, અસંભવિત બની જશે. પરંતુ કાન દ્વારા શબ્દનો સાક્ષાત્કાર થાય છે - એ તો સર્વવિદિત છે આમ શબ્દમાં પ્રસિદ્ધ શ્રોત્રજન્યપ્રત્યક્ષવિષયતાની અનુપપત્તિના બલથી શબ્દમાં દ્રવ્યત્વ બાધિત થાય છે. <— અયોગ્ય છે, કારણ કે આ અનુમાનમાં વિપક્ષબાધક તર્ક નથી. રૂપ-સ્પર્શાન્યતર અગ્રાહક બાહ્ય ઈંદ્રિય હોવા છતાં કાનમાં શબ્દાત્મક દ્રવ્યની ગ્રાહકતા હોય તો શું વાંધો છે ? આવી વ્યભિચારશંકાનો નિવર્તક કોઈ તર્ક નૈયાયિકપક્ષમાં નથી. વિપક્ષબાધક તર્ક ના હોય તો વિવક્ષિત હેતુ દ્વારા સાધ્યની સિદ્ધિ કેવી રીતે થઈ શકે ?

જો નૈયાયિક એમ કહે કે —> 'શ્રોત્રેન્દ્રિયમાં દ્રવ્યગ્રાહક પ્રત્યાસત્તિ નથી પણ ગુણગ્રાહક પ્રત્યાસત્તિ છે. દ્રવ્યગોચર લૌકિક સાક્ષાત્કારની પ્રયોજક પ્રત્યાસત્તિ ન હોવા છતાં પણ જો કર્ણેન્દ્રિયમાં દ્રવ્યગ્રાહકતા માનવામાં આવે તો તો દ્રવ્યગ્રહપ્રયોજકપ્રત્યાસત્તિથી શૂન્ય જીભથી પણ દ્રવ્યનું પ્રત્યક્ષ થવા લાગશે. આથી શ્રોત્રેન્દ્રિયની દ્રવ્યગ્રાહકતાને વિશે દ્રવ્યલૌકિકપ્રત્યક્ષપ્રયોજક પ્રત્યાસત્તિની અસિદ્ધિસ્વરૂપ વિપક્ષ-બાધક તર્કની ઉપસ્થિતિથી રૂપ-સ્પર્શગ્રાહક બાહ્યઈન્દ્રિયત્વ હેતુથી કર્ણઈન્દ્રિયમાં દ્રવ્યગ્રાહકતાની સિદ્ધિ નિરાબાધ છે.' <— તો આ પણ બોગસ છે. કારણ કે દ્રવ્યાત્મક શબ્દના લૌકિક સાક્ષાત્કારમાં પ્રયોજક સંયોગનામક પ્રત્યાસત્તિનું કર્ણ ઈંદ્રિયમાં લાઘવસહકારથી પ્રતિપાદન પૂર્વે થઈ ગયેલ છે. આથી શ્રોત્રમાં દ્રવ્યગ્રાહક પ્રત્યાસત્તિની અસિદ્ધિસ્વરૂપ વિપક્ષબાધક તર્કની સિદ્ધિ જ અસંભવ બને છે. આથી નૈયાયિકદર્શિત અનુમાનમાં અપ્રયોજકત્વ દોષ તદવસ્થ રહેવાથી તે અનુમાન શ્રોત્રમાં દ્રવ્યાત્મક શબ્દની ગ્રાહકતાનાં બાધક બની શકતું નથી. આથી શબ્દમાં દ્રવ્યત્વની સિદ્ધિ પણ અબાધિત જ છે — એમ ફલિત થાય છે.

❀ शब्दद्रव्यत्वबाधक हेतुपंचक - प्राचीननैयायिक ❀

પૂર્વપક્ષ :- इत्थञ्च श० । શબ્દ પૌદ્ગલિક નથી, કારણ કે તે સ્પર્શશૂન્યમાં રહે છે. જેનો આશ્રય સ્પર્શરહિત હોય તે પૌદ્ગલિક ન હોય. જેમકે જ્ઞાનાદિ (૧). આ રીતે અતિનિબિડ સ્થાનમાં પણ શબ્દના ગમન - આગમનનો પ્રતિઘાત ન થવાથી શબ્દ પૌદ્ગલિક નથી. જે પૌદ્ગલિક હોય તેના જવા-આવવામાં અત્યંત નક્કર ભીંત વગેરે પ્રતિબંધક બને છે, જેમ કે પૌદ્ગલિક પત્થરની ગતિ-આગતિમાં ભીંત પ્રતિબંધક બને છે. શબ્દ તો એકદમ નક્કર ભીંત વગેરેને ભેદીને પણ આવ-જાવ કરે છે. આથી તે પૌદ્ગલિક ન હોઈ શકે (૨). તથા શબ્દની ઉત્પત્તિ પૂર્વે અને વિનાશ પછી તેના અવયવની ઉપલબ્ધિ ન થવાથી તે પૌદ્ગલિક નથી. જે પૌદ્ગલિક હોય છે તેની ઉત્પત્તિની પૂર્વે અને નાશ પછી તેના અવયવની પ્રાપ્તિ થાય છે, જેમ કે પટ. પટજન્મ પૂર્વે અને વિનાશ પછી તેના અવયવ

भाषावर्गणादेस्तदाश्रयस्य स्पर्शवत्त्वेन स्पर्शशून्याश्रयत्वस्यासिद्धेः, भित्त्यादिकमुपभिद्य प्रसर्पिणा मृगमदादिद्रव्येण द्वितीयस्यानैकान्तिकत्वात्, तृतीय-चतुर्थयोश्चोल्कादिना धूमादिना च तथात्वात्, पञ्चमासिद्धतायास्तु प्रदर्शितत्वादिति ।

भानुमती

स्पर्शशून्याश्रयत्वादित्यस्य निरासे हेतुमाह - ***भाषावर्गणादेः तदाश्रयस्य*** *= शब्दपरिणामाधारस्य* ***स्पर्शवत्त्वेन स्पर्शशून्याश्रयत्वस्य*** *प्रथमहेतोः* ***असिद्धेः*** *= स्वरूपासिद्धेः, पुद्गलस्य स्पर्शवत्त्वनियमात्, अन्यथा तत्पुद्गलेषु सदैव स्पर्शानुद्भवप्रसङ्गात् । न चैतदभिमतमनियतारम्भवादे । तत्र स्पर्शस्य सत्त्वादेव आकस्मिकोत्पन्नशब्दप्रतिहतं शिलीध्रलकुड्यादिकं डोलायते, दीर्यते शीर्यते च । हठात् स्फुटन्ति च श्रवणपुटेषु घटमानाः स्निग्धाषोण्डाः वोशेष्य तथा नयनगोलकाण्ड विघटितदशायां भ्रमन्ति पतन्ति च । स्पृश्यते चानुभवसिद्धैः सूक्ष्मदर्शीभिरदूरदेशपरिप्लुष्टनवसशतघ्नीनिपतनजन्मा निष्ठुरतरो निर्हादः कर्षीञ्जेव देहमभिधावन् । अतः शब्दस्य स्पर्शवत्त्वमवश्यमेष्टव्यम् । स च स्पर्शः क्वचिदुद्भूतः क्वचिच्चानुद्भूतः । भाषाद्रव्येषु शीतोष्णादिस्पर्शप्रतिघातजन्यत्वं मत्कृत* ***मोक्षरत्नाते*** *ऽवसेयम् ।*

द्वितीयहेतुनिरासकरणमाह - ***भित्त्यादिकमुपभिद्य प्रसर्पिणा मृगमदादिद्रव्येण*** *द्वितीयस्य आतोनोबेऽप्रदेशप्रतेशनिर्गमयोरप्रतिघातलक्षणस्य हेतोः* ***अनैकान्तिकत्वात्*** *= व्यभिचारात् । मृगमदादौ जोबेऽकुड्यादिकं भित्त्वा गमनागमनयोरप्रतिघातस्य सत्त्वेऽपि पौद्गलिकत्वाभावस्य विरहेण व्यभिचाराच्च ततः शब्दस्याऽपौद्गलिकत्वासिद्धेः । आतोनोबेऽतरप्रदेशे प्रसर्पणानङ्गीकारस्तूभयत्र तुल्ययोगक्षेमः । किञ्च शब्दगुणत्ववादिना क्रियारूपयोस्तत्प्रतेशनिर्गमयोरनङ्गीकारात् द्वितीयस्याऽजयतराऽसिद्धत्वं सुदुर्निवारम् ।*

तृतीय - चतुर्थयोश्च *यथाक्रमं* ***उल्कादिना धूमादिना च तथात्वात्*** *= व्यभिचारात् । उल्का-विद्युद्-द्व्यणुकादौ पूर्वं पश्चात्तावयवानुपलब्धेस्सत्त्वेऽपि पौद्गलिकत्वाभावस्य विरहादनैकान्तिकत्वम् ।* ***न च*** *योगिभिरुल्काद्यवयवाः तत्पूर्वं पश्चात्तोपलभ्यन्त एवेति* ***वाच्यम्,*** *शब्देऽपि समसमाधानत्वात् । तथा धूमोष्मप्रभादौ सूक्ष्ममूर्तान्तरप्रेरकत्वस्य सत्त्वेऽपि पौद्गलिकत्वाभावाविरहात्, तस्य स्पर्शवत्त्वात् । तदुक्तं* ***स्याद्वादकल्पलतायां*** *—> 'धूमो हि स्पर्शवान् तदभिसम्बन्धेन पांशुसम्बन्धीव चक्षुषोऽस्वास्थ्योपलब्धेः । न च तेन चक्षुःप्रदेशं प्रतिशता तत्पक्ष्ममात्रस्यापि प्रेरणं समुपलभ्यते इति । न च स्पर्शवत्त्वे शब्दस्य वायोरिव स्पार्शनप्रसङ्गः, धूमप्रभादितदनुद्भूतस्पर्शत्वादि' (स्या.क.स्त.१० - का.३६) त्यादि ।*

वस्तुतस्तु मूर्तान्तरप्रेरकत्वमपि शब्देऽस्त्येव मेघगर्जनादितो भित्त्यादिडोलनादेः प्रसिद्धत्वात् आधुनिकहतोनियन्त्रादिजन्यमहाहतोरपि पर्वतादिदारणादेरपि साम्प्रतं दृष्टत्वात्स्वरूपासिद्धिर्भागासिद्धिर्वा दुर्वारैव चतुर्थहेतौ तथापि स्फुटत्वान्न सोपदर्शितेति ***ध्येयम्*** *।*

पञ्चमासिद्धतायाः *= गगनगुणत्वहेतोः स्वरूपासिद्धत्वस्य तु 'मूर्तमेवेति न तस्य शब्दो गुणः' (पृ.११) इत्यादिना पूर्वं* ***प्रदर्शितत्वादिति*** *। न च शब्दस्य पौद्गलिकत्वमप्यसिद्धम्, 'पुद्गलपरिणामः शब्दो बाह्येन्द्रियगोचरत्वात् गन्धवादेत्यतः तत्सिद्धेरिति (स्या.र.परि. २/सू.३. पृ.३३८) व्यक्तं* ***स्याद्वादरत्नाकरे*** *।*

તંતુઓ દેખાય છે. પણ શબ્દમાં આવું નથી. આથી તે પૌદ્ગલિક નથી. (૩) તથા અન્ય સૂક્ષ્મ મૂર્ત પદાર્થનો પ્રેરક ન હોવાથી શબ્દ પૌદ્ગલિક નથી. મતલબ એવો છે કે પત્થર, પુસ્તક, પાંદડા, પંખી, પાડો વગેરે પૌદ્ગલિક પદાર્થ ગમન-આગમન કરે છે ત્યારે રજકણ, કપાસ, વાયુ વગેરે અન્ય સૂક્ષ્મ મૂર્ત પદાર્થોને તે ગતિમાન કરે છે. પણ શબ્દ તો આવ-જાવ કરતી વખતે અન્ય સૂક્ષ્મ મૂર્ત દ્રવ્યને ગતિમાન કરતો નથી. આથી જ તે પૌદ્ગલિક નથી (૪). તથા શબ્દમાં પૌદ્ગલિકત્વનો પ્રતિક્ષેપ કરનાર પાંચમો અને અંતિમ હેતુ છે ગગનગુણત્વ. જેમાં ગગનગુણત્વ હોય છે તેમાં પૌદ્ગલિકત્વ નથી હોતું, જેમ કે ગગનપરિમાણ. આકાશપરિમાણમાં ગગનગુણત્વ રહે છે. તેથી તે પૌદ્ગલિક નથી. આ રીતે શબ્દ પણ ગગનગુણ હોવાથી પૌદ્ગલિક = પુદ્ગલપરિણામ નથી (૧). આમ પાંચ હેતુ દ્વારા શબ્દમાં પૌદ્ગલિકત્વનો નિષેધ થાય છે.

શબ્દદ્રવ્યત્વબાધક પાંચ હેતુનું નિરાકરણ - સ્યાદ્વાદી

ઉત્તરપક્ષ :- નિ. । પરંતુ આ પાંચેય હેતુઓ દોષગ્રસ્ત હોવાથી શબ્દની પૌદ્ગલિકતાનો નિષેધ કરવામાં સમર્થ નથી. તે આ રીતે —> શબ્દાત્મક પરિણામના આશ્રય ભાષાવર્ગણામાં સ્પર્શ હોવાથી શબ્દમાં સ્પર્શશૂન્યાશ્રયાશ્રિતત્વ = સ્પર્શશૂન્યમાં રહેવાપણું રહેતું નથી. આથી પ્રથમ હેતુ સ્વરૂપાસિદ્ધ છે. પુદ્ગલમાત્રમાં સ્પર્શ નિયમા હોય છે. નૈયાયિકે બતાવેલ દ્વિતીય હેતુ વ્યભિચારી છે, કારણ કે કસ્તુરિ વગેરે દ્રવ્ય નક્કર ભીંત વગેરેને ભેદીને બીજી તરફ આવ-જાવ કરે છે. અર્થાત્ અત્યંત નક્કર ભીંત વગેરે દ્વારા કસ્તુરિના ગમન-આગમનમાં પ્રતિઘાત થતો ન હોવાથી હેતુ તેમાં રહે છે પરંતુ પૌદ્ગલિકતાના અભાવસ્વરૂપ સાધ્યની તેમાં ગેરહાજરી હોવાથી સાધ્યાભાવવદ્વૃત્તિત્વસ્વરૂપ વ્યભિચાર દોષ દ્વિતીય હેતુમાં લાગુ પડે છે. તેથી તે હેતુ દ્વારા શબ્દમાં પૌદ્ગલિકતાનો નિષેધ કરી શકાય નહીં. વ્યભિચારી હેતુ દ્વારા સાધ્યસિદ્ધિ થઈ ના શકે. આ રીતે શબ્દમાં પૌદ્ગલિકત્વના નિષેધ માટે પ્રાચીન નૈયાયિકે બતાવેલ પૂર્વ અને પાછળ અવયવની અનુપલબ્ધિસ્વરૂપ તૃતીય હેતુ પણ ઉલ્કા, વીજળી વગેરેમાં વ્યભિચારી છે, કારણ કે ઉલ્કા, વીજળી વગેરેની ઉત્પત્તિ પૂર્વે અને વિનાશ પછી તેના અવયવોની ઉપલબ્ધિ ન થવાથી તેમાં હેતુ રહેવા છતાં પણ તેમાં પૌદ્ગલિકત્વાભાવાત્મક સાધ્ય રહેતું નથી.

उच्छृङ्खलनैयायिकास्तु **निमित्तपवनस्यैव गुणः शब्दः । अत एव तन्नाशादेव तन्नाशः समवायिकारणनाशस्य समवेतकार्यनाशं प्रति हेतुत्वात्, कर्णसंयुक्तनिमित्तपवनसमवायाच्च तद्ग्रहः** । न च वीणा-वेणु-मृदङ्गादेरेव कुतो नायं गुणः ? इति वाच्यम्, तेषामननुगतत्वात्, निमित्तपवनस्यैवानुगतत्वेन तत्समवायिकारणत्वौचित्यात्, अन्येषां

भानुमती

यतु *पवनगतैव क्रिया शब्दे आरोप्यते (पृ.९२) इत्युक्तं* ***तन्न,*** *एवं सति कर्त्वादीनामपि पवमानगतत्वापत्त्या शब्दस्य निरुपाख्यत्वापत्तेरित्याद्येकं* ***स्याद्वादरहस्ये*** *तट्टीकायाञ्चास्मत्कृत* ***जयलता*** *भिधानायाम् ।*

दार्शनिकशृङ्खलाया उद्गताः = निर्गता नैयायिकाः = ***उच्छृङ्खलनैयायिकाः तु निमित्तपवनस्यैव*** *= शब्द-निमित्तकारणत्वेनाभिमतस्य मरुतः, एवकारेणाम्बरादिव्यवच्छेदः कृतः । शब्दनिमित्तकारणत्वेन प्राचामभिमतस्य पवमानस्यैव शब्दसमवायिकारणत्वोपगमेन शब्दस्य पवनगुणत्वमित्यर्थः ।* ***अत एव*** *= शब्दं प्रति कदाचिन्-निमित्तकारणतावच्छेदकस्य पवनस्य समवायेन शब्दं प्रति हेतुत्वकल्पनौचित्यादेव,* ***तन्नाशात्*** *= शब्दनिमित्तकारणत्वेन प्राचामभिमतस्य वस्तुतः शब्दसमवायिकारणस्यानिलस्य विनाशात्,* ***तन्नाशः*** *= शब्दध्वंसः सोपपत्तिकः, स्व-प्रतियोगितासम्बन्धेन* ***समवायिकारणनाशस्य*** *दौश्शेकांतेशेषणतया* ***समवेतकार्यनाशं प्रति हेतुत्वात्*** *। अनुभूयते हि शब्दोत्पादकानिलविमार्गाच्छब्दादेरामः । यदि च पवनस्य शब्दसमवायिकारणत्वं न स्यात्, न स्यादेवानिलविनाशाच्छब्दविनाशः । न हि निमित्तकारणसंस्थित्यधीना नैमित्तिकसंस्थितिर्भवति । अतः पवनस्य तादात्म्येनैव शब्दकारणत्वमङ्गीकर्तुमर्हति ।*

ननु शब्दस्याम्बरगुणत्वानङ्गीकारे श्रोत्रासंयुक्तसमवायात्तद्ग्रहो न स्यादित्याशङ्क्याहुः ***कर्णसंयुक्तनिमित्तपवनसमवायाच्च तद्ग्रहः*** *= शब्दलौकिकसाक्षात्कारः । कर्णसंयुक्ते निमित्तकारणत्वेन प्राचामभिमते पवनो शब्दस्य समवेतत्वात् स्वसंयुक्तसमवायप्रत्यासत्त्या श्रोत्रस्य शब्दग्राहकत्वात् स्वसंयुक्तसमवेतसमवायसन्निकर्षेण च शब्दत्व-कर्त्वादिसाक्षात्कारजनकत्वाच्च कर्णावच्छेदसमवाय-कर्णावच्छेदसमवेतसमवाययोः प्रत्यासत्तित्वकल्पना-गौरवं न वा शब्दादिप्रत्यक्षानुपपत्तेरित्युच्छृङ्खलाशयः ।*

न च *प्राच्यां मते पवनस्येव वीणादेरपि शब्दनिमित्तकारणत्वाऽविशेषात् उच्छृङ्खलमते पवनस्यैव शब्दः कुतो गुणः ?* ***वीणा-वेणु-मृदङ्गादेरेव कुतो नायं गुणः ? इति वाच्यम्, तेषां*** *= वीणा-वेणु-मृदङ्गादीनां* ***अननुगतत्वात्*** *= अनतिप्रसक्तसाधारणधर्मशून्यत्वात्, विजातीयत्वात् ।* ***न च*** *वीणात्वादेरेव तत्कारणतावच्छेदकत्वमस्त्विति* ***वाच्यम्,*** *व्यतिरेकव्यभिचारापेक्षयाऽन्वयासाधारापत्तेः ।* ***न चाव्यवहितोत्तरत्वानियमेऽपि दोष इति वाच्यम्,*** *तादृशजनार्कार्य-कारणभावकल्पने महागौरवात् । पवनस्तु न शब्दव्यभिचारी, तस्य शब्दत्वावच्छेदकाव्यवहितपूर्वक्षणावच्छेदाभा-वाऽप्रतियोगित्वात्, पवनत्वेनानुगतश्चेति* ***निमित्तपवनस्यैव*** *पवनत्वेन रूपेण* ***अनुगतत्वेन तत्समवायिकारण-त्वौचित्यात्*** *= शब्दत्वावच्छेदानिरूपित-तादात्म्यसम्बन्धावच्छेदकारणतायाः न्याय्यत्वात् ।*

तर्हि किं वीणा-वेणु-मृदङ्गादीनां शब्दकारणत्वमेव नास्ति ? इत्याशङ्क्याहुः ***अन्येषां*** *= वीणा-वेणु-

---

આમ તૃતીય હેતુ પણ વ્યભિચારી બનવાથી પૌદ્ગલિકત્વના નિષેધ માટે સમર્થ નહીં બની શકે. આ જ રીતે સૂક્ષ્મમૂર્ત્તાન્તરઅપ્રેરકત્વસ્વરૂપ ચતુર્થ હેતુ પણ ધૂમ, પ્રભા વગેરેમાં પૌદ્ગલિકત્વાભાવનો વ્યભિચારી છે. ધૂમાડો, પ્રભા, ઉષ્મા વગેરે દ્રવ્ય ગમન-આગમન કરવા છતાં સૂક્ષ્મ ધૂળ, રૂ વગેરે મૂર્ત્ત દ્રવ્યોના પ્રેરક બનતા નથી. ધૂમાડા વગેરેના જવા-આવવાથી કાગળ, ધૂળ વગેરે કાંઈ ગતિમાન થતાં નથી. આ તો સર્વજનવિદિત છે. તેથી તેમાં ચતુર્થ હેતુ રહે છે. પણ તેમાં પૌદ્ગલિકત્વાભાવ સ્વરૂપ સાધ્ય રહેતું નથી. ધૂમાડા વગેરે પૌદ્ગલિક છે - એમ નૈયાયિક વગેરે પણ માને જ છે. આથી ચોથો હેતુ પણ વ્યભિચારી બનવાથી શબ્દમાં અપૌદ્ગલિકત્વનો સાધક નહિ બને. તથા ગગનગુણત્વસ્વરૂપ પાંચમો અને અંતિમ હેતુ તો શબ્દાત્મક પક્ષમાં રહેતો જ નથી. આ વાત તો પૂર્વે બતાવી ગયા છે. પક્ષમાં હેતુ ન રહેવાથી સ્વરૂપાસિદ્ધિ દોષ લાગુ પડે છે. શબ્દમાં હેતુ જ નથી રહેતો તો પછી તે હેતુના બળથી શબ્દમાં પૌદ્ગલિકતાનો નિષેધ કઈ રીતે થઈ શકે ?

❀ શબ્દ પવનગુણ છે - ઉચ્છૃંખલ નૈયાયિક ❀

પૂર્વપક્ષ :- ન તો શબ્દ આકાશનો ગુણ છે કે ન તો શબ્દ દ્રવ્ય છે, પણ શબ્દનિમિત્તકારણરૂપે પ્રાચીન નૈયાયિકને અભિમત પવનનો જ તે ગુણ છે. આથી જ પવનના નાશથી શબ્દનો નાશ થાય છે, કારણ કે સમવાયિકારણનો નાશ સમવેત કાર્યના નાશનું કારણ છે. અહીં એવી શંકા થાય કે —> શબ્દ જો આકાશનો ગુણ ન હોય તો શ્રોત્ર દ્વારા સ્વસમવાયસંબંધથી શબ્દનું પ્રત્યક્ષ ન થઈ શકે. <— તો તે આજબી નથી, કારણ કે સ્વસંયુક્તસમવાય સંસર્ગથી શ્રોત્ર શબ્દગ્રાહક બને છે. સ્વ = કર્ણ, તેનાથી સંયુક્ત = પવન અને તેમાં સમવેત છે શબ્દ. આથી સ્વસંયુક્તસમવાય સન્નિકર્ષથી કાન શબ્દમાં રહીને ત્યાં લૌકિક વિષયતા સંબંધથી શબ્દસાક્ષાત્કાર ઉત્પન્ન કરી શકે છે. અહીં આ શંકા કે —> પ્રાચીન નૈયાયિક મતાનુસાર શબ્દના નિમિત્તકારણસ્વરૂપે અભિમત પવનનો શબ્દને ગુણ માનવો કે વીણા, વાંસ વગેરેનો ગુણ માનવો ? અહીં કોઈ વિનિગમક ન હોવાથી શબ્દને વીણા વગેરેનો જ ગુણ શા માટે ન માનવો ? <— એટલા માટે નિરાધાર છે કે વીણા, વાંસ, ઢોલ વગેરે શબ્દનિમિત્તકારણ અનનુગત છે. તેમાં કોઈ એક અનુગત = સાધારણ ધર્મ નથી, જે રૂપે તેઓમાં શબ્દસમવાયિકારણતા માન્ય થઈ શકે. જ્યારે પ્રાચીનમતાનુસાર શબ્દનિમિત્તકારણસ્વરૂપે અભિમત પવનમાં

निमित्तकारणत्वे क्लृप्तेऽपि समवायिकारणत्वाऽकल्पनात् सम्बन्धभेदेन कारणताभेदादित्याहुः ।

तदसत्, पवनगुणत्वे शब्दस्य तत्स्पर्शस्येव स्पार्शनप्रसङ्गात्, तस्य स्पार्शनप्रतिबन्धकत्वकल्पने च गौरवात् । 'शब्दे गुणस्पार्शनजनकतावच्छेदकजात्यभावान्न दोष' इति चेत् ? न, तादृशजातेरसिद्धेर्गुणचाक्षुषजनकतावच्छेदिकया साङ्कर्यादिति

भानुमती

मृदङ्गादीनां ***निमित्तकारणत्वे*** *= तृणारणिमणिन्यायेन तादात्म्यातिरिक्तसम्बन्धावच्छेन्नकारणत्वे* ***क्लृप्ते*** *= प्रमाणसिद्धे सति* ***अपि*** *तेषु* ***समवायिकारणत्वाकल्पनात्****, समवायिकारणतायाः तादात्म्यसम्बन्धावच्छेन्नत्वात्,* ***सम्बन्धभेदेन कारणताभेदात्****, पटकभेदे घटितभेदस्य न्याय्यत्वात् । **न च** शब्दस्याम्बरविशेषगुणत्वाङ्गीकारेऽम्बरसिद्धेरेव दुर्घटत्व, शब्दसमवायिकारणत्वेनैव तत्सिद्धेसम्भवादिति* ***वाच्यम्,*** *जगत्कर्तृत्वेन सिद्धादीश्वरादाकाशस्यातिरिक्तत्वोपगमात्'* ***इत्याहुः*** *।*

प्रकरणकार उच्छृङ्खलनैयायिकमतमपाकर्तुमाह - ***तदसदिति । पवनगुणत्वे शब्दस्य*** *स्वीक्रियमाणे* ***तत्स्पर्शस्येव*** *= पवनस्पर्शस्येव,* ***स्पार्शनप्रसङ्गात्*** *। यथा पवनस्पर्शस्य स्पार्शनत्वं भवति तथैव शब्दस्यापि त्वगिन्द्रियजन्यसाक्षात्कारविषयत्वं प्रसज्येत, पवनगुणत्वाऽविशेषात् । न च शब्दस्पार्शनं भवतीति व्यापकानिवृत्त्या व्याप्यानिवृत्तिसिद्धेर्नानिलगुणत्वं शब्दस्येत्युत्तरपक्षाशयः । **न च** पवनगुणत्वे सत्यपि लौकिकविषयतया स्पार्शनत्वावच्छेन्नं प्रति तादात्म्येन शब्दस्य प्रतिबन्धकत्वकल्पनान्नायं दोष इति* ***वाच्यम्, तस्य*** *= शब्दस्य* ***स्पार्शनप्रतिबन्धकत्वकल्पने च गौरवात्*** *।*

अथ ***शब्दे गुणस्पार्शनजनकतावच्छेदकजात्यभावात्*** *= स्पर्श-संख्या-परिमाणादिवृत्तेः गुणस्पार्शनजनकतावच्छेदकस्य वैजात्यस्य विरहात्* ***न*** *शब्दस्पार्शनापादानलक्षणो* ***दोषः*** *आपादकाविरहात्, सामग्र्याः कार्यजनकत्वादिति* ***चेत् ? न, तादृशजातेः*** *= गुणस्पार्शनजनकतावच्छेदकजातेः प्रमाणतः* ***असिद्धेः,*** *गुणस्पार्शनजनकतावच्छेदकतयाऽभिमतजातेः* ***गुणचाक्षुषजनकतावच्छेदिकया*** *जात्या समं* ***साङ्कर्यात्,*** *गुणचाक्षुषजनकतावच्छेदकजातिर्हि विशेषे रूपे गुणस्पार्शनजनकतावच्छेदकातिधयाऽभिमतजातेरस्त्येव, तद्वति स्पर्शे च गुणचाक्षुषजनकतावच्छेदकजातेर्वैरहात्, परिमाणादौ तूभयोरस्त्येव, परस्परव्याधिकरणयोरेकत्र समावेशस्यैव सङ्कर-*

પવનત્વ એક અનુગત અને અનતિપ્રસક્ત ધર્મ છે. આથી પવનત્વસ્વરૂપ અનુગત = સર્વપવનસાધારણ ધર્મથી પવનને શબ્દનું સમવાયિકારણ માનવું યોગ્ય જ છે. પવનમાં શબ્દકારણતા તો અવશ્યકલ્પ્ય = પ્રમાણસિદ્ધ જ છે. ફક્ત અમે પવનગત શબ્દકારણતાને નિમિત્તકારણતાસ્વરૂપ માનવાના બદલે સમવાયિકારણતાસ્વરૂપ માનીએ છીએ. આથી ગૌરવ દોષને પણ અવકાશ રહેતો નથી. અહીં એવી જિજ્ઞાસા થાય કે —> 'જે રીતે પવનમાં શબ્દકારણતા અવશ્યકલ્પ્ય છે તે જ રીતે વીણા વગેરેમાં પણ શબ્દકારણતા અવશ્યકલ્પ્ય છે જ. તો પછી વીણા વગેરેમાં રહેલ શબ્દકારણતાને સમવાયિકારણતા સ્વરૂપ કેમ માનતા નથી ? આક્ષેપ-પરિહાર તો બન્ને પક્ષે સમાન છે' <— તો તેના સમાધાનમાં એમ કહી શકાય છે કે વીણા, ઢોલ, વગેરે અનનુગત હોવાથી તેમાં શબ્દસમવાયિકારણતાની કલ્પના કરવામાં આવતી નથી. કારણતાઅવચ્છેદક સંબંધ વગેરે બદલી જતાં તેનાથી ઘટિત કારણતા પણ બદલી જાય છે તાદાત્મ્યસંબંધથી ભિન્ન સંબંધથી નિયંત્રિત શબ્દકારણતા વીણા વગેરેમાં માન્ય હોવાથી તેમાં રહેલ શબ્દકારણતાને તાદાત્મ્યસંબંધાવચ્છિન્નકારણતાસ્વરૂપ સમવાયિકારણતાત્મક માની ના શકાય. આથી 'શબ્દ પવનનો જ ગુણ છે' એમ ફલિત થાય છે.

❀ શબ્દ પવનગુણ નથી - સ્યાદ્વાદી ❀

ઉત્તરપક્ષ :- આ વાત વ્યાજબી નથી, કારણ કે જો શબ્દને પવનનો ગુણ માનવામાં આવે તો પવનના ગુણ સ્પર્શનું જેમ સ્પાર્શન પ્રત્યક્ષ થાય છે તેમ શબ્દનો પણ સ્પાર્શન સાક્ષાત્કાર થવાની આપત્તિ આવશે. આથી શબ્દને પવનગુણ માની શકાશે નહીં. અહીં એમ કહેવામાં આવે કે —> સ્પાર્શન પ્રત્યક્ષ પ્રત્યે શબ્દ પ્રતિબંધક હોવાથી શબ્દનું સ્પાર્શન પ્રત્યક્ષ નહીં થાય. <— તો આ વાત પણ અનુચિત છે, કારણ કે આ રીતે લૌકિક વિષયતા સંબંધથી ઉત્પન્ન થનાર સ્પાર્શન પ્રત્યે તાદાત્મ્ય સંબંધથી શબ્દને પ્રતિબંધક માનવામાં નવીન પ્રતિબધ્યપ્રતિબંધકભાવની કલ્પના કરવાથી ગૌરવ દોષ આવશે. કોઈ પણ દાર્શનિક શૃંખલામાં નહીં બંધાનાર નૈયાયિક દ્વારા અહીં જો એમ કહેવામાં આવે કે —> 'શબ્દમાં ગુણસ્પાર્શનજનકતાઅવચ્છેદક જાતિ ના હોવાથી તેનું સ્પાર્શન પ્રત્યક્ષ થતું નથી. આથી શબ્દને પવનનો ગુણ માનવા છતાં તેના સ્પાર્શન પ્રત્યક્ષની આપત્તિ સ્વરૂપ દોષને અવકાશ રહેતો નથી. સામગ્રી વિના કાર્ય ઉત્પન્ન ન થાય.' <— તો આ કથન અસંગત છે, કારણ કે ગુણસ્પાર્શનજનકતાઅવચ્છેદક જાતિ જ અસિદ્ધ છે. આશય એ છે કે ગુણના સ્પાર્શન સાક્ષાત્કારની કારણતાઅવચ્છેદક જાતિની સ્પર્શ વગેરેમાં કલ્પના કરવામાં આવે તો તે જ રીતે ગુણના ચાક્ષુષ પ્રત્યક્ષની કારણતાઅવચ્છેદક જાતિની રૂપ વગેરેમાં પણ કોઈ કલ્પના કરી શકે છે. તો તો પછી ગુણસ્પાર્શનજનકતાઅવચ્છેદક જાતિનું ગુણચાક્ષુષહેતુતાઅવચ્છેદક જાતિ સાથે સાંકર્ય આવશે. તે આ રીતે —> સ્પર્શનું સ્પાર્શન પ્રત્યક્ષ થાય છે, ચાક્ષુષ પ્રત્યક્ષ થતું નથી. આથી સ્પર્શમાં ગુણસ્પાર્શનજનકતાઅવચ્છેદક જાતિની હાજરી અને ગુણચાક્ષુષની કારણતાઅવચ્છેદક જાતિની ગેરહાજરી સિદ્ધ થાય છે. તથા રૂપનું ચાક્ષુષ થવા છતાં સ્પાર્શન પ્રત્યક્ષ ન થવાથી તેમાં ગુણચાક્ષુષજનકતાઅવચ્છેદક જાતિનો સદ્ભાવ અને ગુણસ્પાર્શનજનકતાઅવચ્છેદક જાતિનો અસદ્ભાવ નિશ્ચિત થાય છે. આ રીતે પરસ્પરવ્યધિકરણ = એક અધિકરણમાં ન રહેનાર ગુણસ્પાર્શનકારણતાવચ્છેદક જાતિ

दिग्, अधिकं मत्कृतस्याद्वादरहस्य-ज्ञानार्णवयोरनुसन्धेयम् ।

भानुमती

लक्षणत्वात् । किञ्चैवं पवनस्पर्शवत् शब्दस्यापि श्रावणं न स्यात् । **न च** शब्दस्य त्वाचायोग्यत्वात् तत्स्पार्शनं न भवति, श्रावणं तु निराबाधं, गुणश्रावणत्वावच्छेदं प्रति शब्दत्वेन हेतुत्वादिति **वाच्यम्,** अयोग्यत्वस्य प्रतिबन्धकत्वे विशेष्य विश्रामाद् गौरवादित्यादिकं **स्याद्वादरहस्ये**ऽस्माभिरुक्तमत्रानुसन्धेयमिति सूचनाय **दिगित्युक्तम् । अधिकं मत्कृतस्याद्वादरहस्य-ज्ञानार्णवयोरनुसन्धेयमिति** । तदुक्तं **स्याद्वादरहस्ये** 'ननु शब्दस्य द्रव्यत्वे तदेकत्वादिग्रहाय श्रोत्रसंयुक्तसमवेतसमवायस्य प्रत्यासत्तित्वे गौरवमिति **चेत् ? न,** इन्द्रियसंयुक्तसमवेतसमवायस्यैव सामान्यतः प्रत्यासत्तित्वात्, रूपस्पर्शयोः पृथगेकाश्रयकत्वेनैवाऽव्याप्याऽचाक्षुषाऽस्पार्शनैक्यनिर्वाहायतदनुरोधेन विशेष्य प्रत्यासत्तित्वाऽकल्पनात्, घ्राणादौ पृथिवीत्वादेर्मनाभावेनेन्द्रियत्वस्य जातित्वादिति (म.स्या.रह. का.११ व्याख्या)। ज्ञानार्णवस्तु सम्प्रतमपूर्ण उपलभ्यते ।

नव्यास्तु 'शब्दनिमित्तकारणत्वेन क्लृप्तस्यैवेश्वरस्यैव शब्दसमवायिकारणत्वम् । **न चे**श्वरस्य तत्र शब्दसमवायिकारणत्वं जीवस्य वेत्यत्र विनिगमनाविरह इति **वाच्यम्,** जीवस्य शब्दसमवायिकारणत्वे ज्ञानादेवच्छब्दस्यापि मानसत्वापत्तेः, अदृष्टवत्प्रतिबन्धकत्वकल्पने चातिगौरवम्, विनिगमनाविरहेण नानाजीवेषु शब्दसमवायिकारणतायां अतिरिक्तप्रतिबध्यप्रतिबन्धकभावकल्पनापत्तेः । **न च** कालादेशावादाद्यानामिवानेकम इति **वाच्यम्,** तयोरपीश्वर एवान्तर्भावेतत्वात् । **न चै**वं कर्णशष्कुलीवेवरावच्छेन्नाकाशस्य श्रोत्रत्वं न स्यादिति **वाच्यम्,** इष्टापत्तेः तथापीश्वरस्यैव श्रोत्रत्वस्वीकारादित्याहुः, **तन्न,** शब्दो नात्मविशेषगुणः बाह्येरिन्द्रियैरग्राह्यत्वादित्यनुमानेनात्मसामान्यविशेषगुणत्वाभावस्य साधितत्वेन शब्दस्येश्वरगुणत्वस्याऽत्यन्ताऽसम्भावितत्वात् ।

स्वतन्त्रास्तु वदन्ति —> मृदङ्गादीनामेव गुणश्शब्दः, प्राचीनैरपि मृदङ्गत्वादेना निमित्तकारणतायास्स्वीकारात् 'मृदङ्गे शब्द' इत्यादिप्रतीतेश्च । न हि तत्रावच्छेदकत्वं विषयः, मानाभावात्, अन्यथा तत्रावच्छेदकतारूपस्वरूपस्य सम्बन्धस्याऽन्यस्य च समवायस्य कल्पने गौरवात् ।

अथ स्वतन्त्रमते शब्दग्राहकमिन्द्रियं किं स्वरूपम् ? 'कर्णशष्कुलीस्वरूपमेव, बाधिरस्य शब्दप्रत्यक्षतावारणाय शरीरस्थदोषविशेषस्य तत्प्रतिबन्धकताकल्पनस्य सर्वमत एवावश्यकतया शष्कुलीमात्रस्य श्रोत्रत्वेऽपि तत्कल्पनाधिक्यादिरहादे'ति चेत् ? तर्हि मृदङ्गसमवेतशब्दे श्रोत्रस्य कस्सन्निकर्षः ? 'स्वसंयोगिसंयुक्तसमवाय' इति चेत् ? सन्निकर्षान्तरकल्पनागौरवादिति, **मैवम्,** तत्तदात्मन एव तदीयश्रोत्रेन्द्रियत्वोपगमात् । **न च** कर्तृत्वकरणत्वयोर्विरोधात्कथमेतदिति **वाच्यम्,** 'स्वात्मानं वेती'त्यादौ कर्तृत्व-कर्मत्वयोरिव तयोरप्यविरोधात् । इत्थञ्च केवलसमवायरूप सन्निकर्षत्वाऽकल्पनेन लाघवान्तरमपि । **न च** कर्णशष्कुलीपिधानदशायामपि शब्दप्रत्यक्षापत्तिरिति **वाच्यम्,** तथाविधाकाशस्य श्रोत्रतामतेऽपि केनापि वस्तुना व्यवधीयमानाकाशे शब्दोत्पत्तौ बाधकाभावेन तस्य तत्प्रत्यक्षप्रतिबन्धकताकल्पनायाः सिद्धान्तेऽप्यावश्यकत्वादिति स्वतन्त्रमतं परिष्कुर्वन्ति **रामरुद्रभट्टाचार्याः** (का.४९ रा.पृ.३१७) ।

तन्न, 'शब्दो न स्पर्शवद्विशेषगुणः' इत्यादानुमानेन शब्दस्य स्पर्शवद्विशेषगुणत्वाभावस्य साधितत्वात् मृदङ्गादेर्विशेषगुणत्वस्यात्यन्ताऽसम्भावितत्वादिति **मुक्तावलीप्रभाकारो नृसिंहशास्त्री** ।

तदपि न चारु, शब्दाश्रयः स्पर्शवान् बाह्येरिन्द्रियैरर्थाधारत्वात् पृथिव्यादिवदित्यनुमानेन तस्य स्पर्शवदाश्रयकत्वसिद्धेः । 'पौद्गलिकः शब्दः इन्द्रियैरर्थत्वात् रूपादिवदि' (र.प्र.४-१०) ति **रत्नाकरावतारिकायां** व्यक्तमेव । **न च** शब्दस्य द्रव्यत्वेऽनन्तसंयोगादिकल्पनागौरवमिति **वाच्यम्,** तत सामानाधिकरण्येन तत्कल्पना मम पुनरपृथग्भावेनेति प्रत्युत लाघवादिति स्पष्टमेवोक्तं **स्याद्वादरहस्ये** ।

અને ગુણચાક્ષુષજનકતાઅવચ્છેદક જાતિ પરિમાણ, સંખ્યા, સંયોગ વગેરે ગુણોમાં એક સાથે રહે છે, કારણ કે પરિમાણ, સંખ્યા વગેરે ગુણોનું સ્પાર્શન અને ચાક્ષુષ બન્ને પ્રત્યક્ષ થાય છે. પરસ્પર વ્યધિકરણ બે જાતિ આ રીતે એક અધિકરણમાં રહી જવાથી સાંકર્ય દોષ સ્પષ્ટ છે. સાંકર્ય દોષ જાતિબાધક હોવાથી ગુણસ્પાર્શનજનકતાઅવચ્છેદક જાતિ પ્રમાણથી સિદ્ધ થતી નથી. આ તો એક દિશાસૂચન સ્વરૂપ કથન છે. આથી આ વિષયનું વિશેષ અનુસંધાન કરવા જિજ્ઞાસુને સ્વરચિત સ્યાદ્વાદરહસ્ય અને જ્ઞાનાર્ણવ આ બે ગ્રંથોની ભલામણ કરીને શબ્દમાં પવનગુણત્વનિરાસસંબંધી વક્તવ્ય ગ્રંથકાર પૂર્ણ કરે છે.

શબ્દ મહત્ત્વ-અલ્પત્વાશ્રય હોવાથી શબ્દ દ્રવ્ય છે- સ્યાદ્વાદી

મહ. । મહત્ત્વ-અલ્પત્વ પરિમાણનો સંબંધ હોવાથી પાણ શબ્દ દ્રવ્ય જ છે. 'આ મોટો શબ્દ છે, આ નાનો શબ્દ છે' આવી પ્રતીતિ સર્વજનપ્રસિદ્ધ જ છે. તેથી શબ્દમાં મહત્ત્વ, અલ્પત્વ અસિદ્ધ નથી. શબ્દગત તીવ્રત્વદ્વારા તેમાં મહત્ત્વપ્રતીતિ અને શબ્દગત

महत्त्वाल्पत्वसम्बन्धाच्च शब्दो द्रव्यम् । न च तीव्रत्व-मन्दत्वाभ्यां तदुपपत्तिः, शब्दगुणत्वासिद्ध्या तयोर्गुणगत-जातित्वासिद्धेः । इयत्तानवधारणेऽपि परिमाणावधारणश्च वायाविव न विरुद्धम् ।

मन्द-तीव्रताभिसम्बन्धादल्पमहत्त्वप्रत्ययसम्भवे च मन्द-तीव्रवाहिनोर्गङ्गागिरिसरिन्नीरयोरल्प-महत्त्वप्रसङ्गात् ।

कारणगताल्पत्व-महत्त्वयोः शब्दे उपचार इत्यपि वैलक्ष्यभाषितम्, घटादावपि तथाप्रसङ्गात् ।

भानुमती

महत्त्वाल्पत्वसम्बन्धाच्च शब्दो द्रव्यम्, *'अल्पः शब्दो महान् शब्द' इति सार्वजनीनानुभवात् ।* ***न च*** *तत्कृगतमेवाऽल्पत्वं महत्त्वं वारोप्यत इति* ***वाच्यम्,*** *तत्करल्पपरिमाणत्वेऽपि शब्दे महत्परिमाणोपलब्धेः तन्महत्त्वेऽपि शब्देऽल्पत्वप्रतीतेश्च व्याभिचारात् ।* ***एतेन*** *व्यञ्जकगतमेवाऽल्पत्वादिकं शब्दे आरोप्यत इति* ***प्रत्याख्यातम्,*** *शब्दे तदुपगमे बाधकाभावाच्च ।* ***न च तीव्रत्व-मन्दत्वाभ्यां*** *= शब्दगताभ्यां तारत्व-मन्दत्वजातिभ्यां एव* ***तदुपपत्तिः*** *= महत्त्वाल्पत्वव्यपदेशोपपत्तेरिति न शब्दे परिमाणकल्पनामिति* ***वाच्यम्,*** *पूर्वोक्तरीत्या* ***शब्दगुणत्वाऽसिद्ध्या तयोः*** *= तीव्रत्व-मन्दत्वयोः* ***गुणगतजातित्वासिद्धेः*** *। तदुक्तं* ***स्याद्वादकल्पलतायां*** *- ''तारत्वादेः शब्द-गतजातित्वासिद्धेः, कत्वादिना साङ्कर्यात् । 'कत्वादेर्व्याप्यं तारत्वादिकं भिन्नमेव' इत्यस्य च दुर्वचत्वात्, 'तारत्वादेर्व्याप्यं कत्वादिकमेव भिन्नमस्तु' इत्यपि तदुक्तं शक्यत्वात्, कार्यमात्रवृत्तिजातेः कार्यतावच्छेदककत्वादेरयमेव नानातारत्वाद्यर्थवच्छेदो नानाहेतुकल्पनागौरवाच्च'' (स्या.क.स्त.१०- का.३६ पृ.१६४) इति ।* ***न चेयत्तानवधारणम-ल्पत्व-महत्त्वयोः शब्दगतत्वे बाधकमिति शङ्कनीयम्, इयत्तानवधारणेऽपि परिमाणावधारणश्च वायाविव न विरुद्धम्*** *। वायौ हीयत्तानवधारणेऽपि तदल्पत्व-महत्त्वावधारणस्य प्रसिद्धत्वात् ।* ***न च*** *तथापि तीव्रत्व-सम्बन्धान्महत्त्वप्रत्ययोऽल्पत्वप्रत्ययस्तु मन्दत्वाभिसम्बन्धादित्युपगमे किं बाधकम् ? इति* ***वाच्यम्, मन्दती-व्रताभिसम्बन्धात्*** *तथाक्रमं* ***अल्पमहत्त्वप्रत्ययसम्भवे च*** *= अल्पत्वपरिमाणप्रत्ययस्य महत्परिमाणावबोधस्य च स्वीकारे तु* ***मन्द-तीव्रवाहिनोः गङ्गा-गिरिसरिन्नीरयोः*** *तथासङ्गस्य* ***अल्प-महत्त्वप्रसङ्गात्*** *= मन्दवाहिनो गङ्गा-नीरे 'अल्पमेतत्' इति प्रत्ययोत्पत्तेः स्यात्, तीव्रवाहिनो गिरिसरिन्नीरे च 'महत्' इति प्रतीतेःप्रसङ्ग इत्यर्थः ।* ***न चाग*** *क्रियानिष्पन्नयोरेव मन्दत्व-तीव्रत्वयोः प्रत्ययः, शब्दे तु स्वगतयोरेवेति विशेष इति* ***वाच्यम्,*** *शब्देऽपि 'मन्दमायाति, तीव्रमायाति शब्द' इति क्रियानिष्पन्नयोरेव तयोः प्रतीयमानत्वात्, क्रियाधर्मस्य क्रियातत्पुरुषचारश्च नीरेऽपि दृश्यते एव, 'इदं नीरं मन्दं, इदं तीव्रम्' इति व्यक्तं* ***स्याद्वादकल्पलतायाम्*** *(स्त. १०/का.३६) ।*

'कारणगताल्पत्व-महत्त्वयोः शब्दे उपचार *इति न तत्र परिमाणं प्रामाणिकं'* ***इत्यपि वैलक्ष्यभाषितम्, घटादावपि तथाप्रसङ्गात्*** *= कारणीभूतकपालादिसमवेताल्प-महत्परिमाणारोपकल्पनापत्तेः । न च तत्राऽबाधिततत्प्र-त्ययोऽत्र तु बाधिततत्प्रतीतीतिरेत्यत्र किञ्चिद् वैलक्षण्यमकमस्तीत्यनाशीपेतालपत्व-महत्त्वोपगम एतोभयथोचितः, अस्खलत्प्रतीतेरिति । किञ्च कारणगतालपत्वाद्यभावेऽपि शब्देऽल्पत्वादिप्रतीतेः शब्दव्यञ्जकमृदङ्गादेरल्पत्वेऽपि शब्दे महत्त्वप्रतीतेश्च शब्दस्य परिमाणतत्त्वासिद्ध्या द्रव्यत्वासिद्धेरिति प्रकरणकाराशयः ।*

મંદત્વદ્વારા શબ્દમાં અલ્પત્વપ્રતીતિ થઈ શકતી નથી, કારણ કે 'શબ્દ દ્રવ્ય છે કે ગુણ ?' આ વિષય વિવાદાસ્પદ હોવાથી શબ્દમાં ગુણત્વ જાતિ જ હજુ સુધી અસિદ્ધ છે. તેથી 'તીવ્રતા, મંદત્વ ગુણગત જાતિ છે' આ પણ હજુ સુધી પ્રમાણથી સિદ્ધ થયેલ નથી. અહીં એવી શંકા થાય કે —> શબ્દમાં ઈયત્તાનું અવધારણ થતું નથી કે 'અમુક શબ્દ આટલો નાનો છે, આ શબ્દ આટલો મોટો છે' જે વસ્તુમાં પરિમાણ હોય છે તેના પરિમાણનું અવધારણ થાય છે. આમ ઈયત્તાનો નિશ્ચય ન થવો એ જ શબ્દમાં અલ્પત્વ, મહત્ત્વના અનુભવમાં બાધક છે. <— તો આ શંકાનું સમાધાન એ છે કે વાયુમાં ઈયત્તાનું અવધારણ ન થવા છતાં જેમ વાયુમાં નૈયાયિક અલ્પત્વ, મહત્ત્વ પરિમાણ માન્ય કરે છે તેમ શબ્દમાં ઈયત્તાનું અવધારણ ન થવું ઘટી શકે છે. પણ તેટલા માત્રથી શબ્દમાં અલ્પત્વ, મહત્ત્વ પરિમાણની પ્રતીતિને અપ્રામાણિક કહી ના શકાય. વળી, બીજી વાત એ છે કે મન્દતાના અભિમતસંબંધથી શબ્દમાં અલ્પપરિમાણની પ્રતીતિ માનવામાં આવે તથા તીવ્રતાના સંબંધથી શબ્દમાં મહત્ત્વપરિમાણની પ્રતીતિની સંગતિ કરવામાં આવે તો મંદવાહી અગાધ ગંગાજલમાં અલ્પત્વની અને તીવ્રવાહી છીછરા પહાડી ઝરણાઓમાં મહત્ત્વની પ્રતીતિની આપત્તિ આવશે.

—> 'શબ્દજનકમાં અલ્પના હોવાના લીધે શબ્દમાં અલ્પતાનું ભાન થાય છે અને શબ્દકારણમાં મહત્ પરિમાણ હોવાના લીધે શબ્દમાં મહત્ત્વનું ભાન થાય છે. બાકી શબ્દમાં વાસ્તવિક રીતે કોઈ પરિમાણ છે જ નહીં.' <— આ ભાષણ પણ વિલખાપણાનું સૂચક છે, કારણ કે આવું માનવામાં આવે તો એમ પણ કહી શકાય કે 'ઘટાદિના કારણનું અલ્પ પરિમાણ હોવાથી ઘટાદિમાં અલ્પ પરિમાણનું ભાન થાય છે અને કપાલાદિનું પરિમાણ મહત્ હોવાના લીધે ઘટાદિમાં મહત્ત્વનું ભાન થાય છે, બાકી ઘટાદિમાં વાસ્તવિક રીતે કોઈ પણ પરિમાણ છે જ નહીં.' આ તો પ્રતિવાદી નૈયાયિકને પણ મંજૂર નથી. માટે ઘટાદિની જેમ શબ્દમાં પણ વાસ્તવિક પોતાનું જ પરિમાણ રહેલું છે - આમ માનવું વધુ ઉચિત છે.

एकत्वादिसङ्ख्यासम्बन्धित्वाच्च गुणवत्त्वम् । आधारगतसङ्ख्यायास्तत्रोपचारे नियमादेकत्वमेव प्रतीयेत कारणगतसङ्ख्योपचारे च बहुत्वमेव ज्ञायेत । 'यथाऽविरोधं संख्योपचार'इति बालजल्पितम्, स्वयं सङ्ख्यावत्तयैवाऽविरोधादिति शब्दगुणत्वासिद्धेः सिद्धं साधनवैकल्यं दृष्टान्तस्य ।

एतेनेदमपि प्रत्युक्तं - ज्ञानं परममहत्त्वोपेतद्रव्यसमवेतं विशेषगुणत्वे सति प्रदेशवृत्तित्वाच्छब्दवदिति ।

भानुमती

एकत्वादिसङ्ख्यासम्बन्धित्वाच्च *शब्दस्य* ***गुणवत्त्वं*** *सिद्धम्, 'एकः शब्दो, द्वौ शब्दौ, बहवः शब्दा' इति प्रतीतेः ।* ***न*** *आधारसङ्ख्योपचारात् तथाव्यपदेश इति* ***वाच्यम्, आधारगतसङ्ख्यायाः तत्र*** *= शब्दे* ***उपचारे*** *= स्वाश्रयसमवेतत्वसम्बन्धेन भानोपगमे तु* ***नियमादेकत्वमेव प्रतीयेत,*** *शब्दाधारविधया नैयायिकाभिमतस्याकाशस्यैकत्वात् बहुष्वपि शब्देष्वेकत्वप्रतीति-व्यपदेशौ प्रसज्येताम् । विषयगतसङ्ख्योपचारे गगनाकाशव्योमशब्देषु बहुत्वव्यपदेशानापत्तिः, गगनलक्षणस्य विषयस्यैकत्वात् । न स्याच्च 'एको गोशब्द' इति स्वप्नेऽपि प्रतीतिः, गवापनेकत्वात् ।* ***कारणगतसङ्ख्योपचारे*** *= स्वाश्रयजन्यत्वसम्बन्धेन संख्यायाः शब्दे भानाङ्गीकारे चैकस्मिन्नपि शब्दे सर्वदा* ***बहुत्वमेव ज्ञायेत,*** *शब्दजनकानां कण्ठ-तालु-वीणा-वेणु-मृदङ्ग-भेरी-दण्ड-हस्तादीनामनेकत्वात् ।*

अथ ***यथाऽविरोधं सङ्ख्योपचारः*** *इति पदार्थेषु षट्त्ववदेकत्वादिकं बुद्धिविशेषविषयतारूपमेव वा* ***इति बालजल्पितम्, स्वयं संख्यावत्तयैव*** *= शब्दस्य संख्यासमवायित्वेनैव* ***अविरोधात्*** *स्वयं सङ्ख्याया विरहे तत्रैकत्वारोपः स्वीक्रियतां द्वित्वारोपो बहुत्वारोपो वा न कश्चिद्विरोधो विशेषो वा सम्भवति । अतो विरोधपरिहारायापि शब्दे निरुपचरितसंख्या स्वीकर्तव्यैव । इत्थञ्च घटादाविव निरुपचरितमेवैकत्वादिकं शब्दे प्रतीयात इति सार्वजनीनानुभवनिह्नवलक्षणविरोधपरिहाराय परम्परासम्बन्धेन वैलक्षण्येन वा शब्दे संख्याया अङ्गीकारस्यानौचित्यादिति* ***शब्दगुणत्वासिद्धेः*** *= शब्दे गुणत्वस्य प्रमाणतोऽसिद्धेः* ***सिद्धं साधनवैकल्यं*** *= नित्यत्वे सत्यस्मदाद्युपलभ्यमानगुणाधिष्ठानत्वलक्षणेन साधनेन वैकल्यं आकाशलक्षणस्य* ***दृष्टान्तस्य*** *(दृश्यतां ४९ तमे पत्राङ्के)*

एतेन *= दृष्टान्तसाधनवैकल्यदोषप्रतिपादनेन,* ***इदमपि*** *= अनुपदमेव वक्ष्यमाणमपि* ***प्रत्युक्तम्*** *। प्रतिवाच्यमेवावेदयति —>* ***ज्ञानमिति*** *पक्षनिर्देशः ।* ***परममहत्त्वोपेतद्रव्यसमवेतमिति*** *। विभुद्रव्यसमवेतत्वस्य साध्यता। हेतुमाह -* ***विशेषगुणत्वे सति प्रदेशवृत्तित्वादिति*** *। कर्मण्यतिव्याप्तिवारणाय गुणत्वनिवेशः । संयोगादौ*

❀ એકત્વાદિ સંખ્યાના યોગથી શબ્દમાં દ્રવ્યત્વસિદ્ધિ ❀

સ્યાદ્વાદી :- વળી, એકત્વ આદિ સંખ્યાના સંબંધથી પણ શબ્દમાં દ્રવ્યત્વની સિદ્ધિ થાય છે. કારણ કે 'એક શબ્દ, બે શબ્દ, ઘણાં શબ્દ' આવી પ્રતીતિથી એકત્વ વગેરે સંખ્યાની સિદ્ધિ શબ્દમાં થાય છે. સંખ્યા ગુણસ્વરૂપ છે અને ગુણ દ્રવ્યમાં જ આશ્રિત હોય છે. આથી સંખ્યાનો આશ્રય હોવાથી શબ્દ દ્રવ્યાત્મક સિદ્ધ થાય છે. આશ્રયની સંખ્યાથી શબ્દમાં સંખ્યાના વ્યવહારની સંગતિ થઈ શકતી નથી, કારણ કે ન્યાયમતમાં શબ્દનો આશ્રય આકાશ એક હોવાથી શબ્દમાં નિયમા એકત્વ સંખ્યાનું જ ભાન થવાની આપત્તિ આવશે, ચાહે શબ્દ એક હોય કે અનેક. શબ્દકારણગત સંખ્યાથી શબ્દમાં સંખ્યાના ઉપરોક્ત વ્યવહારને સ્વીકારવામાં આવે તો શબ્દના કારણો વીણા, ઢોલ વગેરે અનેક હોવાથી શબ્દમાં નિયમા બહુત્વસંખ્યાનું જ ભાન થશે.

અહીં આ કથન કે —> 'સંખ્યાનો ઉપચાર અવિરોધને અનુસારે થાય છે. તેથી જે રીતે વિરોધ ન આવે તે રીતે શબ્દમાં સંખ્યાનો ઉપચાર કરવો. <— બાલપ્રલાપ છે, કારણ કે સ્વયં શબ્દમાં સંખ્યા માનો તો જ વિરોધનો પરિહાર થઈ શકે છે. શબ્દમાં સંખ્યા જ ના હોય તો તેમાં એકત્વ, દ્વિત્વ કે બહુત્વ સંખ્યામાંથી કોઈ પણ સંખ્યા માનો, વિરોધ આવવાનો સવાલ જ નથી. તેથી વિરોધના પરિહાર માટે પણ શબ્દમાં સંખ્યા સ્વીકારવી આવશ્યક છે. આ રીતે શબ્દમાં દ્રવ્યત્વની સિદ્ધિ થવાથી ગુણત્વ અસિદ્ધ જ છે. આથી પૂર્વે (જુઓ પૃઃ ૪૯) નિત્ય હોતે છતે આપણાથી જણાતા ગુણોની આધારતા સ્વરૂપ સાધનથી = હેતુથી આકાશાત્મક દૃષ્ટાંત શૂન્ય છે - એમ સિદ્ધ થાય છે. આથી તે હેતુ દ્વારા બુદ્ધિઅધિકરણ આત્મામાં વિભુત્વની સિદ્ધિ થઈ નહીં શકે.

નૈયાયિક :- ભલે, પૂર્વોક્ત અનુમાનથી આત્મા વિભુ સિદ્ધ ન થાય, પણ અન્ય અનુમાન આત્મામાં પરમ મહત્પરિમાણની સિદ્ધિ કરવામાં તત્પર છે. આ રહ્યું તે અનુમાન —> જ્ઞાન પરમમહત્ત્વયુક્ત દ્રવ્યમાં સમવેત છે, કારણ કે તે વિશેષ ગુણ હોતે છતે અવ્યાપ્યવૃત્તિ છે. જે જે વિશેષગુણ હોતે છતે અવ્યાપ્યવૃત્તિ હોય તે તે વિભુદ્રવ્યસમવેત હોય છે, જેમ કે શબ્દ. અવ્યાપ્યવૃત્તિનો અર્થ છે એકજ અધિકરણમાં પોતે રહે અને પોતાનો અભાવ પણ રહે. શબ્દ સંપૂર્ણ આકાશમાં નથી રહેતો, પણ તેના એક દેશમાં રહે છે. કારણ કે અવકાશ તો વિભુ છે. તે જ રીતે જ્ઞાન નામનો વિશેષ ગુણ પણ સંપૂર્ણ આત્મામાં ઉત્પન્ન થતો નથી, પણ તેના એક ભાગમાં જ ઉત્પન્ન થાય છે. આથી જ્ઞાન પણ વિભુ એવા આત્મદ્રવ્યમાં સમવેત સિદ્ધ થશે. આ રીતે સાધ્યના ઘટકરૂપે જ્ઞાનાશ્રય આત્મામાં વિભુત્વ = પરમ મહત્પરિમાણ સિદ્ધ થશે.

यदपि —> अदृष्टं स्वाश्रयसंयुक्ते आश्रयान्तरे कर्मारभते, एकद्रव्यत्वे सति क्रियाहेतुगुणत्वात् वेगवदित्य-नुमानादात्मविभुत्वसिद्धिरिति <— तदपि न, स्वाश्रयसंयोगघटितसम्बन्धेनाऽदृष्टस्याऽऽत्मवर्तिनो द्वीपान्तरवर्तिमुक्ता-

भानुमती

જે દ્રવ્ય સાવયવ છે તેનો ક્યારેક તો અવશ્ય નાશ થાય જ છે. <— આવા નૈયાયિક આક્ષેપના સમાધાનમાં એમ કહી શકાય છે કે આત્માને સાવયવ હોવાને લીધે વિનશ્વર માનવાની આપત્તિ આવે છે, તે સ્યાદ્વાદીને માન્ય જ છે. મોક્ષદશામાં સંસારિત્વેન આત્મનાશ સ્વીકાર્ય જ છે. જો આત્માનો સર્વથા નાશ માનવાની આપત્તિ આપવામાં આવે અર્થાત્ સાવયવ આત્માનો સંસારિત્વેન આત્મનાશની જેમ આત્મત્વેન, દ્રવ્યત્વેન, સત્ત્વેન પણ નાશ થવાની આપત્તિ આપવામાં આવે તો તે અસંગત છે, કારણ કે સર્વથા નાશ તો ઘટમાં પણ પ્રસિદ્ધ નથી.સાવયવ ઘટનો ઘટત્વેન નાશ થવા છતાં કપાલત્વેન, મૃત્ત્વેન, દ્રવ્યત્વેન નાશ થતો નથી. જે ક્યાંય પ્રસિદ્ધ નથી તેનું તો આપાદન ન જ થઈ શકે.

❀ એકાન્તે અસત્‌ની ઉત્પત્તિ અશક્ય ❀

एका. । વળી, જો પૂર્વે આત્મા એકાંતે અસત્ હોય અને પછી અવયવાદિ સામગ્રી દ્વારા તેની ઉત્પત્તિ માનવામાં આવે તો જન્મ પછી બાળકઆત્માની સ્તનપાન આદિમાં સૌપ્રથમ પ્રવૃત્તિ ઘટી નહિ શકે, કારણ કે બાળકની સ્તનપાનપ્રવૃત્તિ સ્તનપાનમાં ઈષ્ટસાધનતાની સ્મૃતિને અધીન છે. જો સ્તનપાનમાં સ્વેષ્ટસાધનતાનું ભાન ન થાય તો તેની ઈચ્છા ન થઈ શકે, જેની ઈચ્છા ન થાય તેને અનુકૂલ પ્રયત્ન ન થઈ શકે, જો તેને અનુકૂલ પ્રયત્ન ના થાય તો તેમાં પ્રવૃત્તિ થઈ ન શકે. આમ આદ્ય દુગ્ધપાનપ્રવૃત્તિ તેમાં ઈષ્ટસાધનતાની સ્મૃતિને આધીન છે. પરંતુ આ ભવમાં પ્રથમ દુગ્ધપાન પૂર્વે તો સ્તનપાનમાં સ્વેષ્ટસાધનતાનો અનુભવ બાળકે હજુ સુધી કર્યો જ નથી. તેથી માનવું પડશે આ ભાવની સર્વપ્રથમ સ્તનપાનપ્રવૃત્તિની પ્રયોજક ઈષ્ટસાધનતાપ્રકારક સ્મૃતિ પૂર્વજન્મ-ગતજન્મના અનુભવને આધીન છે. આ રીતે ગયા જન્મના સ્તનપાનમાં ઈષ્ટસાધનતાના અનુભવ દ્વારા પડેલા સંસ્કાર આ જન્મમાં ઈષ્ટસાધનતાની સ્મૃતિ કરાવશે. તેથી આ ભવમાં પ્રથમ વાર સ્તનપાનમાં ઈષ્ટસાધનતાનું સ્મરણ પોતાના આશ્રય એવા આત્મામાં ગતજન્મના સ્તનપાનમાં ઈષ્ટસાધનતાના અનુભવથી પડેલા સંસ્કારને સિદ્ધ કરશે. જો ગયા જન્મનો આત્મા સર્વથા નાશ પામી ગયો હોય અને આ જન્મમાં તેનાથી સર્વથા ભિન્ન આત્મા ઉત્પન્ન થયો - એમ માનવામાં આવે તો આ જન્મમાં સ્તનપાનમાં ઈષ્ટસાધનતાની સ્મૃતિ જ ન થઈ શકે. કારણ કે જેને જેનો અનુભવ થયો હોય તેને જ તે વસ્તુની સ્મૃતિ થઈ શકે. આથી ગતજન્મવર્તી આત્માનો સર્વથા નાશ માની શકાય તેમ નથી. પૂર્વ જન્મમાં પશુ વગેરે સ્વરૂપે નાશ પામવા છતાં આત્મત્વેન જે અવિનશ્વર - સત્ છે એવા આત્માનો અહીં મનુષ્યત્વેન જન્મ થાય છે - આમ માનવું ઉચિત છે. તો જ દર્શિત સ્તનપાનપ્રવૃત્તિ વગેરે ઘટી શકશે.

यत्तु प्रागवयवेषु क्रिया, ततो विभागः, ततः पूर्वसंयोगविनाशः, ततो द्रव्यनाश इति प्रक्रिययाऽऽत्मनाशः स्यादिति परस्याकूतं, तत्र, तथाविनाशे पूर्वजन्मनि स्मरणाद्यभावप्रसङ्गात् । न चायमेकान्तः, अवयवक्रियादिकं विनैव सुवर्णकारव्यापारात्कटकस्य केयूरीभावे कटकध्वंसप्रतीतेः ।

भानुमती

- जो बालधाणाभेलासो, पढमो ग्रहेलासपुव्वगो सोऽवते । ग्रहेलासत्ता जूणो जह विलयाहारःग्रहेलासो ॥१५४॥

यत्तु ग्रात्मनः सावयवत्वे **प्राक्** = तन्नाशात्पूर्वं **अवयवेषु** = ग्रात्मप्रदेशेषु **क्रिया** = ग्रात्मारम्भकात्मप्रदेश-विभागोपधायकं कर्म स्यात्, **ततः** = क्रियोत्पादाव्यवहितोत्तरक्षणे **विभागः** = ग्रात्मारम्भकावयवविभागः स्यात्, **ततः** = तदनन्तरक्षणे **पूर्वसंयोगनाशः** = ग्रात्मद्रव्याऽसमवायिकारणीभूतस्यावयवसंयोगस्य ध्वंसः स्यात्, **ततः** = तदव्यवहितोत्तरक्षणावच्छेदेन च **द्रव्यनाशः** = ग्रात्मद्रव्यनाश इति **प्रक्रिययाऽऽत्मनाशः स्यात्**, न त्वात्मत्वेन ध्वंसाऽप्रतियोगिना ग्रात्मनः पूर्वतनसंसार्यात्मकस्थानाशेन तद्रूपतया नाश **इति परस्याकूतम्** = नैयायिकतात्पर्यम् ।

स्याद्वादी तन्निराकरोति **तन्नेति** । **तथाविनाशे पूर्वजन्मनि** = गतभवेऽवयवक्रिया-तद्विभागादिक्रमेणाऽऽत्मनो नाशे स्वीक्रियमाणे सति उत्तरजन्मनि **स्मरणाद्यभावप्रसङ्गात्** = स्तन्यपानादौ स्वेष्टसाधनतास्मृत्याद्यभावापत्तेः, लोकवदाऽऽत्मनोऽपि ग्रात्मद्रव्यस्थानाभ्युपगमात्, गतजन्मन्यनुभवितृग्रात्मन ग्रात्मत्वेन नष्टत्वात् । न च संस्काराश्रयस्याऽऽत्मनस्तत्ते स्मृतिर्भवितुमर्हति । **न च अयं** = ग्रवयवक्रिया - तद्विभागारम्भकसंयोगनाशादिक्रमेणाऽऽत्मनोऽनाशलक्षणः **एकान्तः** कान्तः इति **वाच्यम्, अवयवक्रियादिकं विनैव सुवर्णकारव्यापारात् कटकस्य केयूरीभावे कटकध्वंसप्रतीतेः** । तदुक्तं **सम्मतितर्कटीकायां** —> न चायमेकान्तः कटकस्य केयूरभावे कृतश्चित् भागेषु क्रिया, विभागः, संयोगविनाशः, द्रव्यनाशः, पुनस्तदवयवाः केवलाः, तदनन्तरं कर्म-संयोगक्रमेण केयूरभावः प्रमाणगोचरचारी । केवलं सुवर्णकारव्यापारात् कटकस्य केयूरीभावं पश्यामः, ग्रन्यथाकल्पनो प्रत्यक्षविरोधः (सं.त.कां.१.गा.१.पृ.५९३) इति । युक्तश्चैतत्, न हि कटकावयवक्रिया-तद्विभाग-कटकारम्भकसंयोगनाशानन्तरं कटकध्वंसे सति केयूरावयवसंयोगेन केयूरोदयो दृश्यते, केयूरोदयस्यैव कटकध्वंसत्वात्, यदुत्पत्तौ कार्यस्यावश्यं विपत्तेस्तस्यैव प्रध्वंसत्वाभ्युपगमात् । तदुक्तं **प्रमाणनयतत्त्वालोकालङ्कारे** —> यदुत्पत्तौ कार्यस्यावश्यं विपत्तेः सोऽस्य प्रध्वंसाभाव इति यथा कपालकदम्बकोत्पत्तौ नियमतो विपद्यमानस्य कलशस्य कपालकदम्बकमिति (३/५७-५८) ।

❀ नैयायिकसंमत द्रव्यनाशप्रक्रिया विचारणा ❀

नैयायिक :- यत्तु. । आत्माने सावयव मानवाथी तेना विनाशनी आपत्ति आवशे–एवुं जे अमे कहेल छे तेनो स्वीकार 'संसारीरूपे आत्मानो नाश थाय ज छे' एवुं कहीने स्याद्वादी करे छे ते उचित नथी. अमारो तो आशय ए छे के जे रीते जे प्रक्रियाथी अन्य सावयव घटादि द्रव्यनो नाश थाय छे ते रीते सावयव आत्मद्रव्यनो नाश थवानी आपत्ति आवशे. द्रव्यनाशनी प्रक्रिया सामान्यथी एवी छे के द्रव्यनाशपूर्वे सौप्रथम अवयवविभागजनक क्रिया उत्पन्न थाय छे. बीजी क्षणे विनाशी अवयवीना अवयवोमां विभाग उत्पन्न थाय छे. तृतीय क्षणे द्रव्यारंभक अवयवसंयोगनो नाश थाय छे अने चतुर्थ क्षणे अवयवी द्रव्यनो नाश थाय छे. आ प्रक्रियाथी सावयव आत्मानो नाश स्याद्वादीने मानवो पडशे, जे स्याद्वादीने अनिष्टापत्तिस्वरूप छे.

स्याद्वादी :- तन्न. । ना, आ रीते अवयवक्रिया, अवयवविभाग, आरंभकअवयवसंयोगनाश थवाथी सावयव आत्मद्रव्यनो पूर्वजन्ममां नाश मानवामां आवे तो तो आ जन्ममां स्तनपानमां ईष्टसाधनतानुं स्मरण वगेरेनो विलोप थवाथी आपत्ति आवशे, कारण के गतजन्ममां अनुभव करनार आत्मानो तो उपरोक्त प्रक्रियाथी नाश थई गयो होवाथी ते संस्कारनुं आधारभूत आत्मद्रव्य आ जन्ममां गेरहाजर छे. अनुभव करनार अने ते अनुभवथी उत्पन्न संस्कारनो आधार तथा ते विषयनी स्मृति करनार व्यक्ति एक ज होय छे. आ आपत्तिना लीधे उपरोक्त रीते आत्मद्रव्यनो नाश न मानी शकाय. वळी, आवो कोई नियम नथी के नैयायिक मान्य प्रक्रियाथी ज दरेक सावयव द्रव्यनो विनाश थाय, नहीं के बीजी रीते. आनुं कारण ए छे के अन्य स्थळे उपरोक्त नैयायिक संमत प्रक्रिया विना पण द्रव्यनाश उपलब्ध थाय छे. दा.त. सोनीना व्यापारथी कटकनामना अलंकारना अवयवोमां प्रथम क्रिया थाय पछी तेना अवयवोमां विभाग थाय पछी एना अवयवोना संयोगनो नाश थाय पछी कटक (=वींटी) आभूषणनो नाश थाय पछी अवयवसंयोग द्वारा सुवर्णकार केयूर (= बाजुबंध) नामनुं आभूषण बनावे-आवुं कांई देखातुं नथी. उपरोक्त प्रक्रिया विना ज सोनीना व्यापारथी = प्रवृत्तिथी कटक नामनुं अलंकार केयूरनामक आभूषणरूपे बने छे त्यारे ज कटकध्वंसनुं भान थाय छे. वच्चे अवयवक्रिया, विभाग वगेरेनुं भान थतुं नथी. आथी आत्माने सावयव मानवा छतां पण अवयवक्रिया- अवयवविभाग वगेरे क्रमथी आत्मद्रव्यनो नाश थवानी आपत्ति अमारा पक्षमां नहीं आवे.

एवञ्च मूर्तशरीरानुप्रवेशेनात्मनो मूर्तत्वापत्तिरपि परास्ता, यतः किमिदं मूर्त्तत्वं ? इयत्तावच्छिन्नपरिमाणयोगो रूपादिसन्निवेशो वा ? आद्ये इष्टापत्तिः । न ह्यविभुद्रव्यस्य मूर्तत्वं न मन्यते कश्चिद्विपश्चित् । नान्त्यः, मूर्तानुप्रवेशिनो रूपादिमत्त्वव्याप्तिविरहात्, मनस्येव व्यभिचारात् । न च मूर्तमहत्त्वेनापि तद्व्याप्तिरस्ति, अप्रयोजकत्वात् । एवमात्मनो मूर्तद्रव्यत्वेऽचेतनत्वापत्तिरपि परास्ता, सहचारदर्शनमात्रेण व्याप्त्यग्रहात्, अन्यथा विभुत्वेऽप्याकाशवत्तथात्वं स्यात् । शरीरखण्डने शरीरव्यापिनो जन्तोरपि खण्डनप्रसङ्ग' इत्यप्यसमीक्षिताभिधानम्, शरीरखण्डने कथञ्चित् तत्खण्डनस्येष्टत्वात्। शरीरसम्बद्धात्मप्रदेशेभ्यो हि कतिपयात्मप्रदेशानां खण्डितशरीरानुप्रवेश एव आत्मनः खण्डनम् । तच्चात्र

भानुमती

एवञ्चेति स्पष्टम् । **मनस्येव व्यभिचारात्,** मनः मूर्तशरीरमनुप्रविशदपि न रूपादिमद्भवति । **एतेन** सक्रियत्वेनात्मनो मूर्तत्वापत्तिरपि **पराकृता, तदुक्तं स्याद्वादरत्नाकरे** —> 'तत्र केयं मूर्तिः नाम ? असर्वगतद्रव्यपरिमाणं रूपादिमत्त्वं वा ? तत्राद्यः पक्षः कक्षीकृतत्वान्न दोषावहः । द्वितीये तु नास्ति व्याप्तिः । न खलु सक्रियेण तथाविधमूर्तिमतैव भाव्यम्, मनसानैकान्तिकत्वात्, तस्य रूपादिरहितस्यैव परैः स्वीकारात्'<— (स्या.र.१-८ पृ.९०२) इति । **न च मूर्तमहत्त्वेनापि तद्व्याप्तिः** = रूपादिसाङ्गतेशव्याप्तिः **अस्ति; अप्रयोजकत्वात्** = विपक्षबाधकतर्काविरहात् । मूर्तमहत्त्वे सत्यप्यात्मनि रूपादिमत्त्वाविरहोपगमे बाधकाभावान्न मूर्तशरीरप्रवेशेऽप्यात्मनि रूपादिमत्त्वापादनमुचितमिति स्याद्वादिनोऽभिप्रायः ।

एवं आत्मनो मूर्तद्रव्यत्वे = सावच्छिन्नपरिमाणसंसर्गात्मकद्रव्यत्वस्वीकारे घटादिवत् **अचेतनत्वापत्तिः,** मूर्तत्वस्याचेतनत्वव्याप्यत्वादिति दुरुक्तिः **परास्ता, सहचारदर्शनमात्रेण** = साध्य-साधनसामानाधिकरण्योपलब्धिमात्रेण **व्याप्त्यग्रहात्** = व्याप्तेर्निश्चयायोगात्, **अन्यथा** = विपक्षबाधकतर्कमृते केवलसहचारदर्शनेन व्याप्तिग्रहोपगमे आत्मनो **विभुत्वेऽपि आकाशादिवत् तथात्वं** = अचेतनत्वं **स्यात्,** पर्यनुयोगप्रत्युत्तरयोस्समत्वात् ।

'शरीरखण्डने शरीरव्यापिनो जन्तोः = आत्मनः **अपि खण्डनप्रसङ्गः** । शरीरक्षये आत्मक्षयः स्यात्, आत्मनः शरीरव्यापित्वात्' **इत्यप्यसमीक्षिताभिधानम्, शरीरखण्डने** सति **कथञ्चित् तत्खण्डनस्य** = आत्मखण्डनस्य **इष्टत्वात्,** देहात्मनोः स्याद्भेदस्य पूर्वमेव साधितत्वात् (दृश्यतां १७२तमे पृष्ठे) । नन्वेवं पूर्वोक्तनैयायिकप्रक्रियया कर्मविपाकविभागादेकमेणात्मनाशापत्तेरित्याशङ्क्यायमात्मखण्डनास्वरूपमेवावेदयति —> **शरीरसम्बद्धात्मप्रदेशेभ्यो हि कतिपयात्मप्रदेशानां खण्डितशरीरानुप्रवेश एव आत्मनः खण्डनम्** । खण्डितशरीरावयवपर्यन्तमात्मप्रदेशानां मूलशरीरसम्बद्धानां तन्त्रायमाणावस्थास्वीकारेण नैतदनुपपत्तेरित्याशयेनाह —> **तच्च** = निरुक्तखण्डनञ्च **अत्र** = शरीरखण्डनास्थले **विद्यत एव । अन्यथा** = खण्डितशरीरे साक्षादात्मसम्बन्धास्वीकारे

આત્માનાં મૂર્તત્વપ્રસંગ મીમાંસા

એવઞ્ચ. । આ રીતે મૂર્ત્ત એવા શરીરમાં આત્માનો પ્રવેશ માન્ય કરવાથી આત્માને મૂર્ત માનવાની આપત્તિ આવવાનો પણ સવાલ નથી, કારણ કે દેહપ્રવેશનિમિત્તક જે મૂર્તત્વનું આત્મામાં આપાદાન કરાય છે તે મૂર્તત્વ કિંસ્વરૂપ છે ? એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. ઈયત્તાવચ્છિન્ન = અમુક મર્યાદિત = અપકૃષ્ટ એવા પરિમાણનો સંબંધ થવો તે મૂર્તત્વ છે કે રૂપાદિસન્નિવેશ એ મૂર્તત્વ છે ? પ્રથમ વિકલ્પને સ્વીકારી સાવચ્છિન્નપરિમાણસંસર્ગાત્મક મૂર્ત્તત્વની આપત્તિ આત્મામાં આપવામાં આવે તો તો આ ભાવતું હતું ને વૈદ્યે કહ્યું એના જેવું થશે. પરમેશ્વર અવિભુ દ્રવ્યમાં નિયંત્રિત પરિમાણ = અપકૃષ્ટ પરિમાણ ન માને એવો કોઈ પંડિત દુનિયામાં પેદા નથી થયો. અવિભુ આત્મામાં શરીરાવચ્છિન્નપરિમાણનો યોગ સ્યાદ્વાદી સ્વીકારે જ છે. જો દ્વિતીય વિકલ્પને સ્વીકારી રૂપાદિસન્નિવેશાત્મક મૂર્તત્વની મૂર્તશરીરપ્રવિષ્ટ આત્મામાં આપત્તિ આપવામાં આવે તો તે બરાબર નથી, કારણ કે જે જે મૂર્તદ્રવ્યમાં પ્રવેશ કરે તે તે રૂપાદિવિશિષ્ટ જ હોય - આવી વ્યાપ્તિ મૂર્ત એવા મનમાં વ્યભિચરિત છે. મૂર્ત એવા શરીરમાં પ્રવેશ કરવા છતાં મન રૂપાદિનો આશ્રય બનતું નથી. આથી મૂર્ત એવા દેહમાં પ્રવેશ કરવાને લીધે આત્મામાં રૂપાદિસન્નિવેશની આપત્તિ નિરાધાર છે. જો એમ કહેવામાં આવે કે —> મૂર્તમહત્ત્વ એ રૂપાદિમત્ત્વનું વ્યાપ્ય છે. <— તો આ વાત પણ બરાબર નથી, કારણ કે 'મૂર્ત્તસમવેત મહત્ત્વ આત્મામાં હોવા છતાં આત્મામાં રૂપાદિ ના હોય તો શું વાંધો ?' આવી શંકાનો સચોટ જવાબ નૈયાયિક પાસે ન હોવાથી વિપક્ષબાધકતર્કરાહિત્યસ્વરૂપ અપ્રયોજકત્વ દોષ પ્રાપ્ત થાય છે. આથી આત્માને અપકૃષ્ટ મહત્પરિમાણવાળો માનવાથી રૂપી માનવાની આપત્તિને અવકાશ રહેતો નથી. અપકૃષ્ટપરિમાણસ્વરૂપ મૂર્તત્વ તો અમને આત્મામાં માન્ય જ છે.

એવમા. । આ જ રીતે આત્મા મૂર્ત દ્રવ્ય હોવા છતાં તે ઘટાદિની જેમ અચેતન થઈ જવાની આપત્તિ પણ નહીં આવે, કારણ કે સહચારદર્શનમાત્રથી વ્યાપ્તિનું ભાન થતું નથી. ઘટ વગેરે મૂર્ત દ્રવ્ય હોવાની સાથે સાથે જડ ભલે હોય, પણ એટલા માત્રથી દરેક મૂર્ત દ્રવ્યને જડ કહી ના શકાય. વિપક્ષબાધક તર્ક વિના સહચારદર્શનમાત્રથી વ્યાપ્તિનિશ્ચય થઈ ના જ શકે. બાકી તો આત્માને વિભુ માનો તો પણ તેને જડ માનવાની આપત્તિ આવશે, કારણ કે આકાશ, કાલ વગેરે દ્રવ્ય સર્વગત હોવાની સાથે સાથે અચેતન હોવાથી

विद्यत एव, अन्यथा खण्डितशरीरप्रदेशस्य कम्पोपलब्धिर्न स्यात् । आत्मविभुत्ववादेऽपि खण्डितशरीरे मनोऽन्तरप्रवेशनिर्गमयोरुपगमात्राधिककल्पनमिति दिक् ।

आत्मविभुत्ववादे ज्ञानादीनामव्याप्यवृत्तित्वात् घटादावच्छेदकतासम्बन्धेन ज्ञानाद्यभावस्याऽऽपादकस्य सत्त्वात्

भानुमती

साक्षादात्मप्रदेशप्रवेशास्वीकारे वा **खण्डितशरीरप्रदेशस्य** = छिन्नदेहावयवे **कम्पोपलब्धिर्न स्यात् । न च** खण्डितशरीरे आत्मप्रदेशानां प्रवेश-निर्गमयोः कल्पनागौरवाद्यात्मनो देहपरिमाणत्वपक्षो न्याय्यानीति **वक्तव्यम्, आत्मविभुत्ववादेऽपि खण्डितशरीरे मनोऽन्तरप्रवेश-निर्गमयोरुपगमात् नाधिककल्पनं** स्यादित्यादिमते । न चैवं छिन्नावयवानुप्रविष्टस्य पृथगात्मत्वप्रसक्तेः स्यादीति वाच्यम्, तत्रैव पश्चादनुप्रवेशेनादोषात् । न चैकत्वादात्मनो विभागाभावाच्छेदाभाव इति शङ्कनीयम्, शरीरद्वारेण तस्यांशे सति विभागत्वात्, अन्यथा सावयवशरीरव्यापितया तस्य न स्यात्, तथा च तच्छेदनानन्तरीयकश्छेदो न स्यात् । **न च** छिन्नाच्छिन्नयोः कथं पश्चात् सङ्गतिर्मीलिते **वाच्यम्,** एकान्तेनाऽच्छिन्नत्वात्, पन्नगालतन्तुच्छेद-संघटनावत् तथाविधाऽदृष्टवशादविरुद्धमेव तत्सङ्घटनम् । तदुक्तं **स्याद्वादरहस्ये** —> खण्डनं न पृथग्भावो बहिर्निर्गम एव तु । सङ्कोचितप्रदेशस्य तत्र तत्रोपपत्तिमत्ता ।। एकसन्तानगामित्वं स्मृतं पुनरखण्डनम् । तेन नानात्मतापत्तिर्न तन्तुदृष्टान्तमित्रतः ।। (म.स्या.र.का. ११ वृ. गा. ४१-४६) इति । **एतेन** —> शरीरमात्रपरिमाणत्वमप्यपास्तम्, देहस्य वृद्धिक्षयाभ्यामात्मनोऽपि वृद्धि-क्षयधर्मित्वप्रसङ्गात् । ततश्चानित्यत्वं स्यादीति <— (न्या.या.भू.पृ. ५४४) **न्यायभूषणकार**वचनमपि **परास्तम्,** देहवृद्धिक्षयानुमेयकवृद्धिक्षययोरात्मनि स्वीकारेऽपि **सर्वथा** तदुच्छेदाद्यनभ्युपगमात्, अनलायस्पिण्डयोरिव शरीरात्मनोरेकावगाहनाभावेनैवाभेदाभ्युपगमात्, अनलायस्पिण्डस्येव शरीरोच्छेदेऽप्यात्मनः सत्त्वात्, कथंचिन्नाशस्य त्वितिपक्षत्वमुक्तमेव पूर्वमित्यादिसूचनार्थं **दिगि**त्युक्तम् ।

आत्मविभुत्ववादे बहिर्ज्ञानादेरननुभवात् **ज्ञानादीनामव्याप्यवृत्तित्वात्** समवायेन देहावच्छेदेनात्मनि ज्ञानोत्पादे घटाद्यवच्छेदेन ज्ञानाभावोऽपि यौगैरस्वीकृत एव । युगपज्ज्ञानवद्व्यानभ्युपगमात् अवच्छेदकतासम्बन्धेन ज्ञानं प्रति अवच्छेदकतासम्बन्धेन ज्ञानस्य प्रतिबन्धकत्वमङ्गीकृत्यावच्छेदकतासम्बन्धेन ज्ञानाभावस्य तत्कारणत्वमभ्युपगम्यते । किन्त्वेवं सति देहावच्छेदेन समवायेन चैत्रात्मनि ज्ञानसत्त्वेऽवच्छेदकतासम्बन्धेन चैत्रीयदेहे चैत्रीयज्ञानसत्त्वेऽपि **घटादावच्छेदकतासम्बन्धेन ज्ञानाद्यभावस्य आपादकस्य** = प्रतिबन्धकाभावविधया ज्ञानादिसम्पादकस्य **सत्त्वात्** चैत्रीयज्ञानादिकमवच्छेदकतासंसर्गेण घटादावुत्पद्येत । **न च** तद्वारणायावच्छेदकतया

જે જે વિભુ દ્રવ્ય હોય તે તે આકાશની જેમ જડ જ હોય તેવો વ્યાપ્તિગ્રહ સહચારદર્શનથી થઈ જશે.

❀ आत्मखंडन मान्य - स्याद्वादी ❀

शरी. । અમુક વિદ્વાનોનો સ્યાદ્વાદી પ્રત્યે એવો આક્ષેપ છે કે —> જો આત્માને શરીરપરિમાણવાળો માનવામાં આવે તો શસ્ત્રાદિથી શરીર ખંડિત થતાં શરીરવ્યાપી જંતુ પણ ખંડિત થઈ જવાની આપત્તિ આવશે. <— પરંતુ આ અવિચારિત આક્ષેપ છે, કારણ કે શરીરનું ખંડન-છેદન-ભેદન થયે છતે શરીરથી કથંચિત્ અભિન્ન અને શરીરવ્યાપી એવા આત્માનું પણ ખંડન-છેદન-ભેદન સ્યાદ્વાદીને માન્ય છે. આત્માનું ખંડન થવું એનો અર્થ એવો છે કે જે શરીરમાં આત્મા રહેલો છે તે આત્મા પોતાના શરીરનો કોઈ અવયવ શરીરથી છૂટો પડતાં મૂળ શરીર સાથે આત્મા પોતાના પ્રદેશો = અવયવો જોડી રાખી તેમાંથી કેટલાક આત્મપ્રદેશોને ખંડિત શરીરાવયવ સુધી લંબાવીને તે ખંડિત અવયવમાં અમુક આત્મપ્રદેશોનો પ્રવેશ કરાવે છે. તે જ આત્માનું ખંડન-છેદન-ભેદન કહેવાય છે. આવું ખંડન તો શરીરખંડન સ્થલમાં હોય જ છે. જો આત્મપ્રદેશોનો ખંડિત શરીરાવયવમાં પ્રવેશ માનવામાં ન આવે તો ખંડિત શરીરાવયવમાં કંપન વગેરે ઘટી ના શકે. ગિરોળીની પૂંછડી કપાયા પછી પણ તે પૂંછડી તરફડે છે, ધ્રૂજે છે. આની સંગતિ કરવા અમારું કથન એવું છે કે ગિરોળીના આત્મપ્રદેશો તે કપાયેલી પૂંછડીમાં રહેલા છે. આની સંગતિ કરવા આત્માને વિભુ માનનાર નૈયાયિક ખંડિત અવયવમાં અન્ય મનનો પ્રવેશ અને નિર્ગમન માન્ય કરે છે જ. તેથી ખંડિત શરીરઅવયવમાં આત્મપ્રદેશોના ગમન-આગમનનો અમે સ્યાદ્વાદી સ્વીકાર કરીએ છીએ તેમાં અધિક ગૌરવની આપત્તિ નથી આવતી. આ જે કાંઈ કહેવાયેલ છે તે તો એક દિગ્દર્શનમાત્ર છે, બાકી આની આગળ ઘણું વિચારી શકાય તેમ છે. આ વાતની સૂચના કરવા ગ્રન્થકારે 'दिक्' શબ્દનો પ્રયોગ કરેલ છે.

❀ ज्ञानादि व्याप्यवृत्ति - स्याद्वादी ❀

आत्म. । વળી, બીજી વાત એ છે કે આત્માને વિભુ = સર્વવ્યાપી માનનાર નૈયાયિકના મતે જ્ઞાનાદિ અવ્યાપ્યવૃત્તિ હોવાથી શરીરની બહાર પણ ઘટાદિમાં = ઘટાદિઅવચ્છેદેન જ્ઞાનાદિ ઉત્પન્ન થવાની આપત્તિ આવશે, કારણ કે જ્ઞાનાદિઅભાવસ્વરૂપ આપાદક ત્યાં રહેલ છે. આશય એ છે કે આત્માને વિભુ માનનાર નૈયાયિક આત્માના અમુક ભાગમાં જ્ઞાનની ઉત્પત્તિ માને છે અને અમુક ભાગમાં

तत्रावच्छेदकतया ज्ञानव्युत्पत्तिवारणायावच्छेदकतया तदात्मविशेषगुणत्वावच्छिन्नं प्रति तादात्म्येन तच्छरीरत्वादिनाऽनन्तकार्यकारणभावकल्पने गौरवम् । देहव्यापित्ववादे तु तेषां व्याप्यवृत्तित्वान्नोक्तगौरवम् । न च देशवृत्तेरेव ज्ञानादेः क्रमेण सर्वदेहसम्बन्धात् सर्वत्रोपलब्धिरित्यपि सम्यक्, युगपत्तत्र सर्वत्र ज्ञान-सुखाद्युपलम्भात् । न चाशुवृत्तेर्यौगपद्याभिमानः, अन्यत्रापि तथाप्रसक्तेः । शक्यं हि वक्तुं घटादिरप्येकावयववृत्तिराशुवृत्तेर्युगपत्सर्वेष्ववयवेषु प्रतीयत इति ।

भानुमती

ज्ञानादिकं प्रति तादात्म्येन शरीरस्य कारणत्वाङ्गीकाराज्ञानं दोषः, घटादावापादकरूपाऽसत्त्वादिति चेत् **वाच्यम्,** एवं सति चैत्रीयशरीरेऽवच्छेदकतया मैत्रात्मसमवेताज्ञानोत्पत्तिरस्त्वात् । **न च** तदात्मविशेषगुणं प्रति तादात्म्येन तत्तच्छरीरस्य कारणत्वाज्ज्ञानं दोषः, अवच्छेदकतया मैत्रीयज्ञानं प्रति तादात्म्येन मैत्रीयशरीरस्यैव हेतुत्वात्, चैत्रीयशरीरस्य मैत्रीयशरीरभेदाज्ज्ञत्वादिति चेत् **वाच्यम्, तत्र** = घटादौ **अवच्छेदकतया** = स्वावृत्तिधर्मावच्छेदकतानिरूपितावच्छेदकत्वसम्बन्धेन **ज्ञानाद्युत्पत्तिवारणाय अवच्छेदकतया** = स्वावृत्तिधर्मावच्छेदकतासंसर्गेण **तदात्मविशेषगुणत्वावच्छिन्नं प्रति तादात्म्येन तच्छरीरत्वादिना** हेतुत्वे पुरुषभेदेन हेतु-हेतुमद्भावभेदात् **अनन्तकार्यकारणभावकल्पने** नैयायिकमते **गौरवम्** । न चास्य फलमुखत्वाददोषः प्रमाणप्रवृत्तिसमये सिद्ध्यसिद्धिभ्यां व्याघातात् इति वाच्यम्, लघुगत्यन्तरस्य सत्त्वात् । तदेवावेदयति - **देहव्यापित्ववादे** = आत्मशरीरपरिमाणपक्षे **तु तेषां** = ज्ञानादीनामात्मविशेषगुणानां **व्याप्यवृत्तित्वात्** = स्वाश्रयाऽसमानाधिकरणत्वात् **नोक्तगौरवं** = नावच्छेदकतया ज्ञानादिकं प्रति कारणत्वकल्पनागौरवम्, अवच्छेदकतया ज्ञानाद्युत्पत्तेरेवानभ्युपगमात्, अव्याप्यवृत्तीनामेव गुणादीनामवच्छेदकतयोत्पादसम्भवात् । समवायेनाऽपृथग्भावसम्बन्धेन वा ज्ञानादौ तादात्म्येनाऽऽत्मन एव कारणत्वेनावश्यवक्तव्येनोपपत्तौ देहादिकारणत्वकल्पनो मानाभावात्, अन्यशरीरस्यापि स्वसंयुक्तत्वेन स्वीयत्वात्तत्र ज्ञानापत्तेर्दुर्वारित्वात् । **न च** स्वात्मप्रत्यक्षोपगृहीतशरीराभावाज्ज्ञानं दोष इति **वाच्यम्,** उपजीव्यत्वादहष्टस्यैव तज्ज्ञानाहिहेतुत्वौचित्यात्, स्वमते ज्ञानावरणादीनामेवानुपपत्तेरेव देहादीनामकथंसिद्धत्वात्, देहाद्युत्कर्षे ज्ञानाद्युत्कर्षाऽदर्शनात्, बाह्येन्द्रियज्ञानसङ्कोचोत्तरस्य बलादिकत्वात् । वस्तुतस्त्वात्मनः प्रकाशस्वभावत्वेन निरावरणज्ञानं प्रति देहादीनां प्रतिबन्धकत्वमेव । सावरणज्ञानं प्रत्यपेक्षामात्रेण देहादीनां हेतुत्वेऽप्यालम्बनतयाऽहेतुत्वात् । अत एव मुक्तावपि ज्ञानमव्याहतमिति दिक् ।

न च देशवृत्तेः = अव्याप्यवृत्तेः = सावच्छेदवृत्तेः = शरीरावयवमात्रवृत्तेः **एव ज्ञानादेः क्रमेण सर्वदेहसम्बन्धात् सर्वत्रोपलब्धिः** = कृत्स्नशरीरव्याप्यत्वोपलब्धेरिति हेतोः देहव्यापित्ववादेऽप्यवच्छेदकतासम्बन्धेन तत्तदात्मविशेषगुणं प्रति तादात्म्येन तत्तच्छरीरावयवस्य हेतुत्वावश्यकत्वाज्ज्ञानात्मवैभवावादेऽनन्तकार्यकारणभावकल्पनागौरवदोषः, तस्य प्रमाणासिद्धत्वेन फलमुखत्वादित्यपि **सम्यक्** । तदसम्यक्त्वे हेतुमावेदयति प्रकरणकारः --> **युगपत् तत्र** = शरीरे **सर्वत्र ज्ञानसुखाद्युपलम्भात्** 'सर्वत्र मम शरीरे सुखमि'त्यादिप्रतीतेः प्रासिद्धत्वात् सर्वात्मीयसुखादिकमभ्युपेयमेव । **न चाशुवृत्तेः** सहस्रदलशतपत्रवेधवत् **यौगपद्याभिमानः,** तस्तुतः क्रमिकमेव ज्ञानादिकमिति **वाच्यम्, अन्यत्रापि** = घटादावपि **तथाप्रसक्तेः** = दैशिकक्रमिकतापत्तेः । तदेवाह **शक्यमिति** । स्पष्टम् । **एतेन** शास्त्रा - चन्द्रमसोर्युगपद्ग्रहणस्थले --> 'तुल्यकालग्रहणत्वासिद्धमेव तदाभिमानस्य कालसान्निकर्षे'णोपपत्तेः । अचिन्त्यो हि तेजसो लाघवातिशयेन वेगातिशयो यत्प्राचीनाचलचूडावलम्बेनैव भगवति मयूखमालिनि 'भवनोदरेष्वालोक'' इत्याभिमानो लोकानाम्' (का.४२. दिन.) इति **मुक्तावलीदिनकरीयकारवचनं प्रत्याख्यातम्,** तथा सति 'साक्षात्करोमी'त्यनुव्यवसायस्य तयोरनुपपत्तेः तदनुव्यवसायसमये शास्त्राज्ञानस्य

તેનો અભાવ પણ માને છે. આથી નૈયાયિકમતે જ્ઞાનાદિ અવ્યાપ્યવૃત્તિ કહેવાય છે. એક જ્ઞાન જે આત્મામાં ઉત્પન્ન થાય ત્યાં એ જ સમયે બીજું જ્ઞાન ઉત્પન્ન થઈ શકતું નથી, કારણ કે જ્ઞાનદ્વયની યુગપત્ ઉત્પત્તિ અમાન્ય છે. આની સંગતિ કરવા માટે નૈયાયિક પૂર્વોત્પન્ન જ્ઞાનને નૂતન જ્ઞાનનું પ્રતિબંધક માને છે. તેથી જ્ઞાનાભાવ એ પ્રતિબંધકાભાવસ્વરૂપે જ્ઞાનનું કારણ બને છે. આ નૈયાયિકમાન્યતા અનુસારે જ્યારે આત્મામાં શરીરાવચ્છેદેન જ્ઞાનાદિ ઉત્પન્ન થાય છે અને ઘટાદિઅવચ્છેદેન આત્મામાં જ્ઞાનનો અભાવ હોય છે ત્યારે ઘટાદિઅવચ્છેદેન આત્મામાં જ્ઞાનાદિ ઉત્પન્ન થવાની આપત્તિ આવશે, કારણ કે ઘટાદિઅવચ્છેદેન આત્મામાં જ્ઞાનાદિનો અભાવ રહેલો છે, જે જ્ઞાનાદિનો આપાદક = આક્ષેપક = સંપાદક છે. અને તાદાત્મ્ય સંબંધથી આત્મા પણ હાજર છે. તેનું વારણ કરવા માટે નૈયાયિક એમ કહે છે કે —> અવચ્છેદકતાસંબંધથી તે તે આત્માના વિશેષગુણ પ્રત્યે તાદાત્મ્યસંબંધથી = અભેદસંસર્ગથી તે તે શરીર કારણ છે. ચૈત્રાત્માનું શરીર તાદાત્મ્યસંબંધથી = અભેદસંસર્ગથી ચૈત્રીયશરીરમાં જ છે. તેથી તેમાં જ અવચ્છેદકતા સંબંધથી ચૈત્રીયજ્ઞાનાદિ ઉત્પન્ન થઈ શકે. ઘટાદિમાં ચૈત્રીય શરીર તાદાત્મ્યસંબંધથી ન હોવાના લીધે ઘટાદિઅવચ્છેદેન ચૈત્રીય જ્ઞાન આદિ ઉત્પન્ન થવાની આપત્તિ નહીં આવે. પરંતુ આ રીતે કાર્યકારણભાવની કલ્પના કરવામાં ચૈત્ર, મૈત્ર વગેરે આત્મા બદલી જતાં કાર્યકારણભાવ બદલી જવાથી અનંત કાર્યકારણભાવ માનવાની આપત્તિ આવશે, જે મહાગૌરવસ્વરૂપ છે. જ્યારે આત્મા શરીરવ્યાપી છે- એમ માનવામાં આવે તો જ્ઞાનાદિ

अत एव **सौगतोऽपि तत्रैकं निरन्तरं ज्ञानं कल्पयन्** निरस्तः, **प्रत्यवयवमनेकसुखकल्पने सन्तानान्तरवत् परस्परमसङ्क्रमात्, 'सर्वत्र शरीरे मम सुखमि'त्यनुस्यूतैकप्रत्ययविलोपात्** ।

'युगपद्भाविभिरेकशरीरवर्तिभिरनेकनिरंशक्षणिकसुखसंवेदनैरेकपरामर्शविकल्पजननादयमदोष' इति चेत् ? तर्हि

भानुमती

लघुत्वादित्यर्थेकं **बृहत्स्याद्वादरहस्ये** ।

अत एव = सार्वज्ञतीनाशरीरव्यापेसुखज्ञानादिप्रतीतेः स्वार्थसिकत्वादेव, ***सौगतोऽपि तत्र*** = शरीरावयवे ***एकं निरन्तरं*** = दैशिकव्यवहारज्ञानशून्यं, तदाकारज्ञानशून्यसमीपवर्तिशरीरावयवाऽसम्बद्धमिति यावत् ***ज्ञानं कल्पयन् निरस्तः***, एतं ***प्रत्यवयवमनेकसुखकल्पने*** गौरवात्, ***सन्तानान्तरवत् परस्परमसङ्क्रमात्*** चैत्रीय-सुखादिसन्तानस्य देवदत्तीयसुखादिसन्तानेऽसङ्क्रमवत् तदवयवगतसुखादिसन्तानस्याऽन्यावयवसन्ताने सङ्क्रमाऽसम्भवात् । किञ्च प्रत्यवयवं भिन्न-भिन्नसुखादिकल्पनो तस्याऽव्याप्यवृत्तित्वात् ***'सर्वत्र शरीरे मम सुखमि'त्यनुस्यूतैकप्रत्ययविलोपात्*** ।

अथ युगपद्भाविभिः = समकालोत्पन्नैः ***एकशरीरवर्तिभिः अनेकनिरंशक्षणिकसुखसंवेदनैः*** निरुक्तैकपरामर्शविकल्पकर्तृत्वापत्त्याऽऽलोढैस्तैः समूहस्य ***एकपरामर्शविकल्पजननात्*** = 'सर्वत्र मम शरीरे सुखमि'त्यखण्डज्ञानापकप्रत्ययोत्पादात् ***अयं*** = प्रत्यवयवमनेकसुखस्वीकारः ***अदोषः*** जलप्रवाहादौ तथादर्शनादिति चेत् ?

व्याप्यवृत्ति = स्वाभावाऽसमानाधिकरण होवाथी अवच्छेदकतासंबंधथी कार्यकारणभाव मानवानी आवश्यकता नहीं रहे. तेथी दर्शित गौरव दोषने अवकाश ज नहीं रहे. समवायसंबंधथी के अपृथग्भावसंबंधथी ज्ञानादि प्रत्ये तादात्म्य संबंधथी आत्माने कारण मानवाथी घटादिअवच्छेदेन चैत्रीय ज्ञानादिनी आपत्तिनो अवकाश रहेतो नथी, कारण के त्यां आपादकनो ज अभाव छे. आ कार्यकारणभाव तो नैयायिके पण स्वीकारवानो छे ज. तेथी स्याद्वादीमते अधिक कल्पनागौरव पण नथी.

❋ ज्ञानादि अव्याप्यवृत्ति नथी ❋

न च दे. । अहीं एवी दलिल थाय के —> ज्ञान आदि आत्मगुणो देशवृत्ति = अव्याप्यवृत्ति ज छे. देहना अमुक ज भागमां रहेवा छतां क्रमिक रीते शरीरना दरेक अवयवमां अवच्छेदकतासंबंधथी रहेवाने लीधे सर्वत्र = संपूर्ण शरीरमां ज्ञानादिनुं भान थाय छे. ज्ञानादि अव्याप्यवृत्ति होवाथी अवच्छेदकतासंबंधथी तत् तत् ज्ञानादि प्रत्ये तत्तत् शरीरावयवने तादात्म्यसंबंधथी कारण मानवा ज पडशे. आम आत्माने शरीरमात्रव्यापी मानवा छतां अवच्छेदकताने कार्यतावच्छेदक संबंध बनावीने नैयायिकमान्य पूर्वोक्त कार्यकारणभाव स्वीकारवो ज पडशे. तेथी नैयायिकमतमां अनंत कार्यकारणभाव गौरव नडि आवे. <— तो आ दलिल पण वाहियात छे. आनुं कारण ए छे के एक ज समये ज्ञानादिनो संपूर्ण शरीरमां अनुभव थतो होवाथी क्रमे करीने अलग अलग देहावयवोमां ज्ञानादिनी उपस्थिति मान्य थई न शके. —> 'क्रमिक ज्ञानोत्पत्ति अलग अलग शरीरावयोमां अत्यंत झडपथी थवाने लीधे लोकोने एवुं अभिमान = भ्रम थाय छे के 'मने एक ज समये संपूर्ण शरीरमां सुखनो अनुभव थाय छे', जेम १०० पांदडा एक बीजा उपर गोठवीने तेने भेदवामां आवे तो क्रमे करीने भेदावा छतां अत्यंत झडपी भेदनक्रियाने कारणे त्यारे 'में आ सो पण एकीसाथे भेदी नांख्या' एवो भ्रम थाय छे तेम क्रमे करीने अलग अलग देहावयवोमां अलग अलग ज्ञान उत्पन्न थवा छतां ते प्रक्रिया एकदम झडपी होवाने लीधे संपूर्ण शरीरमां एकीसाथे ज्ञाननुं भान थाय छे.' <— आ कथन पण असंगत छे, कारण के एक समये सर्वत्र देहमां ज्ञानादिनुं भान थवा छतां तेने क्रमिक मानवुं होय तो बीजे बधे ठेकाणे पण तेवुं मानवानी आपत्ति आवशे. तमे जेम ज्ञानादिमां दैशिक क्रम कहो छो तेम एम पण कही शकाय छे के - घटादि पण फक्त एक अवयवमां ज रहेलो छे पण ते अलग अलग अवयवोमां क्रमे करीने एटलो झडपथी रहे छे/फरे छे के सर्व अवयवोमां एकी साथे तेनुं भान थाय छे - आ वातने जेम तमे भोगस कहो छो तेम - ज्ञानादि मात्र शरीरना एक अवयवमां ज रहे छे अने झडपथी अलग अवयवोमां उत्पन्न थाय छे - आ वातने अमे भोगस कहीए छीए. तर्क अने समाधान तो अत्रे पक्षे समान ज छे. तेथी अनुभवानुसारे संपूर्ण शरीरमां ज ज्ञानादि मानवा योग्य छे.

अत एव. । बौद्धनी मान्यता एवी छे के <—> संपूर्ण शरीरमां नहीं, पण शरीरना अवयवमां एक ज्ञान उत्पन्न थाय छे. ते निरंतर=दैशिक अंतरथी शून्य होय छे, अर्थात् ते जे अवयवमां उत्पन्न थाय छे, तेना समीपवर्ती अलग अलग अवयवो पण तेवा ज्ञानथी शून्य नथी होता. आथी संपूर्ण शरीरमां सुख, ज्ञान वगेरे उत्पन्न थाय छे - तेवुं भान थाय छे. <— परंतु आ वात व्याजबी नथी. कारण के प्रत्येक अवयवमां आ रीते अनेक ज्ञान-सुख आदिनी कल्पना करवामां आवे तो जेम बौद्धमते अन्य संतनिवर्ती ज्ञानादि तेनाथी अलग सन्तानमां संक्रमता नथी/उत्पन्न थता नथी तेम अन्य देहावयवमां रहेल ज्ञान-सुख वगेरे पण समीपवर्ती अन्य अवयवमां संक्रमी ना शके-उत्पन्न थई ना शके. तेथी 'मारा शरीरमां सर्वत्र सुख छे' आवो जे एकाकारअनुविद्ध बोध थाय छे तेनो उच्छेद थवानी आपत्ति आवशे. जेम चैत्र आत्मामां रहेल ज्ञानादि समीपवर्ती मैत्रमां उत्पन्न थई शकता नथी, तेम शरीरना एक अवयवमां जे ज्ञानधारा = ज्ञानसंतान चाले छे ते पासे रहेल अन्य अवयवमां उत्पन्न थई ना शके. आथी संपूर्ण शरीरमां एक अखंड व्यापक विज्ञान, सुख वगेरे मानवा ज योग्य छे.

बौद्ध :- युग. । एक ज शरीरना अलग अलग अवयवोमां रहेनार अने एक साथे उत्पन्न थनार अनेक निरंश क्षणिक

अनेकोपादानस्य परामर्शविकल्पस्यैकत्वसम्भवे चार्वाकाभिमतैकशरीरव्यपदेशभागनेकपरमाणूपादानानेकविज्ञानभावेऽपि तद्विकल्पसम्भवात् —> 'अनेकपरमाणूपादानमनेकं विज्ञानं सन्तानान्तरवदेकपरामर्शाभावः' <— इति धर्मकीर्तेः भाषितं न सुभाषितं स्यात् ।

एवञ्च ज्ञानादीनां ज्ञानाद्यभावविरोधस्याऽप्यवच्छेदकाऽगर्भस्यैव कल्पनाल्लाघवम् ।

'अद्य योजनमात्रमहं गत' इति प्रतीतेरात्मनः क्रियावत्त्वेन मूर्तत्वसिद्धेर्न विभुत्वम् । न च मनः शरीरं वा तद्व्यवहारविषयः, तस्याहंप्रत्ययावेद्यत्वादित्याहुः ।

भानुमती

तर्हि दर्शितरीत्या **अनेकोपादानस्य** = *नानोपादानकारणौरारभ्यस्य* **परामर्शविकल्पस्य** = *अनुस्यूतप्रत्ययस्य* **एकत्वसम्भवे** = *अखण्डत्वाभ्युपगमे तु* **चार्वाकाभिमतैकशरीरव्यपदेशभागनेकपरमाणूपादानानेकविज्ञानभावेऽपि** = *स्वतन्त्रावयवीप्रतिक्षेपक-नव्यनास्तिकमतानुसारेणैकदेहव्यवहारभाजो येऽनेकपरमाणवः तदुपादानकानां विज्ञानानां नानात्वसद्भावेऽपि* **तद्विकल्पसम्भवात्** = *एकपरामर्शविकल्पस्योपपत्तेः* —>**'अनेकपरमाणूपादानं** = *एकशरीरव्यवहारविषयानानापरमाणूलक्षणोपादानकारणोपादेयं* **अनेकं चेत् विज्ञानं, सन्तानान्तरवत्** = *अन्यसन्ततिवत्* **एकपरामर्शाभावः' <— इति धर्मकीर्तेः भाषितं न सुभाषितं स्यात् ।**

एवञ्च *आत्मनो विभुत्वे ज्ञानादीनां ज्ञानाद्यभावविरोधोऽवच्छेदकगर्भ एव कल्पनीयः, अन्यथा स्वात्मनि यदाद्यावच्छेदेन ज्ञानाभावनिश्चयस्य शरीरावच्छेदेनाऽपि ज्ञानानिश्चयं प्रति प्रतिबन्धकत्वं स्यात् । अतो यदवच्छेदेन समवायेन यज्ज्ञानादि तदवच्छेदेन तज्ज्ञानादिमत्त्वनिश्चयं प्रति तदवच्छेदेनैव समवायसम्बन्धावच्छिन्न - तज्ज्ञानाभावनिश्चयरूप प्रतिबन्धकत्वस्य कल्पनीयत्वेन नैयायिकमते गौरवम् । आत्मनो देहव्यापित्वपक्षे तु* **ज्ञानादीनां** *व्याप्यवृत्तित्वात्* **ज्ञानाद्यभावविरोधस्यापि अवच्छेदकागर्भस्यैव कल्पनात् लाघवम्** = *प्रतिबन्धकताशरीरलाघवम् ।*

प्रकरणकारोऽत्र **वादिदेवसूरिप्रभृतिमतमावेदयति** —> **अद्येति** । **तद्व्यवहारविषयः** = *मानसप्रतीति-प्रयोगविषयः ।* **तस्य** = *मनसः शरीरस्य वा* **अहंप्रत्ययाऽवेद्यत्वात्** = *'अहं' इत्याकारकप्रतीतेरगोचरत्वान्न मनसः शरीरस्य वा*

સુખસંવેદનો ભેગા થઈને 'મારા શરીરમાં સર્વત્ર સુખ છે' એવો એક પરામર્શ ઉત્પન્ન કરશે. આથી સંતાનાંતરમાં અસંક્રમ થવાનો કે 'મારા શરીરમાં સર્વત્ર સુખ છે' એવા અનુવિદ્ધ એકાકાર જ્ઞાનની અનુપપત્તિનો દોષ નહીં આવે. તેથી પ્રત્યેક અવયવમાં અલગ અલગ સુખ, જ્ઞાન આદિનો સ્વીકાર નિર્દોષ છે.

ॐ धर्मकीर्तिवचन अनुपपत्ति ॐ

જૈન :- તર્હિ. । જો આ રીતે અનેક અવયવાત્મક અલગ અલગ ઉપાદાનકારણથી એક પરામર્શવિકલ્પ ઉત્પન્ન થઈ શકે તો તો સ્વતંત્ર અવયવીને નહીં માનનાર નાસ્તિકની જીત થશે અને ધર્મકીર્તિ બૌદ્ધાચાર્યની હાર થશે. તે આ રીતે - નાસ્તિકની માન્યતા એવી છે કે 'પરમાણુપુંજ કરતાં ભિન્ન સ્વતંત્ર અવયવી નથી. પરમાણુના ઢગલામાં જ એક અવયવીનો/એક શરીરનો વ્યવહાર થાય છે. એક શરીરનો જેના વિશે વ્યવહાર થાય છે તેવા અનેક પરમાણુઓ સ્વરૂપ ઉપાદાનકારણ દ્વારા જે વિજ્ઞાન ઉત્પન્ન થાય છે તે અનેક હોવા છતાં એક પરામર્શ વિકલ્પ થઈ શકે છે. - આ નાસ્તિકમતનું ખંડન કરતાં ધર્મકીર્તિ નામના બૌદ્ધભિક્ષુનું એવું કહેવું છે કે —> અનેક પરમાણુઓ સ્વરૂપ ઉપાદાન કારણથી ઉત્પન્ન થનાર વિજ્ઞાન અનેક હોય તો એકસંતાનગત જ્ઞાનાદિનું ભાન અન્ય જ્ઞાનસંતાનમાં જેમ સંક્રમતું નથી તેમ અનેક વિજ્ઞાન દ્વારા 'મારા સંપૂર્ણ શરીરમાં સુખ છે' એવો એક પરામર્શવિકલ્પ ઉત્પન્ન થઈ ના શકે. <— આ ધર્મકીર્તિનું ભાષણ સુભાષણ નહીં બની શકે, કારણ કે હમણાં જ બૌદ્ધમતાનુસારે અલગ અલગ નિરંશ સુખના સંવેદનો વડે એક પરામર્શ વિકલ્પનો અંગીકાર થઈ ગયો છે. તેથી કાં તો ધર્મકીર્તિનું વચન અસંગત બનશે કાં તો એક શરીરમાં અનેક સમકાલીન સુખસંવેદનો દ્વારા એક પરામર્શનો સ્વીકાર અમાન્ય થશે.

ॐ आत्माने शरीरव्यापी मानवामां लाघव ॐ

એવઞ્ચ જ્ઞા. । આત્માને વિભુ માનનાર નૈયાયિકના મતે જ્ઞાનાદિ ગુણ અવ્યાપ્યવૃત્તિ હોવાથી જે આત્મામાં સમવાય સંબંધથી જ્ઞાન છે તે જ આત્મામાં જ્ઞાનાભાવ પણ છે જ. તેથી જ્ઞાન અને જ્ઞાનાભાવનો વિરોધ ઉચ્છેદ પામશે. પરંતુ આમ માનવા જતાં જ્ઞાન અને જ્ઞાનાભાવ વચ્ચે પ્રસિદ્ધ વિરોધવ્યવહારના અપલાપનું કલંક નૈયાયિકના માથે આવશે. આનું વારણ કરવા નૈયાયિકે જ્ઞાન અને જ્ઞાનાભાવ વગેરેમાં અવચ્છેદકગર્ભિત વિરોધ માનવો પડશે. અર્થાત્ સમવાયસંબંધથી તે શરીરાવચ્છેદેન જ્ઞાનાદિ પ્રત્યે તે શરીરાવચ્છેદેન સમવાયસંબંધાવચ્છિન્ન જ્ઞાનાભાવને વિરોધી માનવો પડશે. આથી સમવાયસંબંધથી તત્શરીરાવચ્છેદેન જ્ઞાનાદિમત્તાનિશ્ચય પ્રત્યે સમવાયસંબંધથી તત્શરીરાવચ્છેદેન જ્ઞાનાભાવાદિનિશ્ચયને પ્રતિબંધક માનવો પડશે. જ્યારે આત્માને શરીરમાત્રવ્યાપી માનવામાં આવે તો જ્ઞાનાદિ વ્યાપ્યવૃત્તિ હોવાથી જ્ઞાનાદિ પ્રત્યે જ્ઞાનાદિઅભાવમાં સાક્ષાત્ વિરોધ માની શકાશે. વિરોધને અવચ્છેદક ગર્ભિત માનવો નહીં પડે, કારણ કે વ્યાપ્યવૃત્તિ ધર્મનો કોઈ અવચ્છેદક જ હોતો નથી. આમ જૈનમતે જ્ઞાનાદિના વિરોધને અવચ્છેદકગર્ભિત માનવાનો

आत्मनः शरीरव्यापित्वे चेदं मानम् - आत्मा शरीरमानः, शरीरव्यापित्वेनोपलभ्यमानगुणवत्त्वादिति । न च

भानुमती

प्रतीयमानक्रियाश्रयत्वमपि त्वात्मन एवेति भावः । तदुक्तं **स्याद्वादरत्नाकरे** —> आत्मा सर्वगतः, क्रियावत्त्वात् । यदेवं तदेवम् । यथा वायुः । तथा चायं, तस्मात्तथेति । न चास्य क्रियावत्त्वमसिद्धम्, प्रत्यक्षेणैव तत्प्रतीतेः । तथाहि प्रत्यक्षेण सर्वो देशान्तरमायान्तमात्मानं प्रतिपद्यते । तथा च वदंति 'अहमद्य योजनमेकमागत' इति । 'मनः शरीरं वा समागतमि'ति **चेत्** ? किं पुनस्तदहंप्रत्ययवेद्यम् ? तथा चेच्चार्वाकमतानुषङ्गः । **अथ** यथा 'स्थूलोऽहमि'ति शरीरमात्रनिमित्तः प्रत्ययस्तथा 'आगतोऽहमि'त्यादिरपीति चेत् ? ननु 'अहं सुखी'त्यादिरपि किं न तथा स्यात् ? सुखस्यात्मनि सम्भवादात्मगोचर एवायमिति चेत् ? गतिरप्यात्मनि सम्भवत्येवेति सोऽपि तन्निमित्तः किं न स्यात्? **अथ** नात्मा क्रियावान् सर्वगतत्वात् गगनवदित्यनुमानबाधितत्वात्तत्र गतेरसम्भव एव, **नैवम्,** इतरेतराश्रयापत्त्या हेतोरसिद्धत्वात् । सिद्धे हि तस्य क्रियावत्त्वाऽभावे सर्वगतत्वसिद्धिः तत्सिद्धौ च क्रियावत्त्वाभावसिद्धिरिति सिद्धं प्रत्यक्षेणैव तत्र क्रियावत्त्वम् । अनुमानतोऽपि तत्सिद्ध्यति । तथाहि क्रियावान् आत्मा, अन्यत्र द्रव्ये क्रियाहेतुत्वात्, समीरणवदिति । 'कालेन व्यभिचाराच्च हेतुर्गमकोऽयमिति'चेत् ? न, कालस्य क्रियाऽहेतुत्वात् । क्रियानिर्वर्तकत्वं हि क्रियाहेतुत्वमिह साधनम्, न पुनः क्रियानिमित्तमात्रत्वम् । तस्य कालेऽसद्भावाच्च व्यभिचारः । कालो हि परिणामिनां निमित्तमात्रम्, स्थावरगतौ यष्टिवत्, न पुनः क्रियानिर्वर्तकः पर्णादौ पवनवत्' <— (स्या. रत्ना. १-८ पृ.९००) इति ।

यत्तु —> 'विभुश्च नित्यद्रव्यत्वे सत्यमूर्तत्वात्, अमूर्तश्च निष्क्रियत्वात् । निष्क्रियश्च नित्यद्रव्यत्वे सत्यस्मदादिप्रत्यक्षत्वात् प्रत्यक्षधर्माश्रयत्वाद् वेति (पृ.३६९) **आत्मतत्त्वविवेके उदयनेनोक्तं, तदसत्,** संसारित्वेनात्मनो ध्वंसप्रतियोगित्वान्नित्यद्रव्यत्वस्यासिद्धेः, संसारदशायां देहात् कथञ्चिदभिन्नत्वेनात्मनो मूर्तत्वस्येष्टत्वात्, अमूर्तत्वसाधकस्य निष्क्रियत्वस्य संसारदशायां बाधकस्य पूर्वमुक्तत्वात् । अत एवान्त्ये बाधात्, विशेषणाभावप्रयुक्तविशेष्यहेत्वभावाच्चेति **दिक्** ।

स्वदेहमात्रव्यापकत्वेन हर्षविषादाद्यनेकविवर्तात्मकस्याहमिति स्वसंवेदनस्य प्रत्यक्षसिद्धत्वादात्मनो विभुत्वसाधकत्वेनोपन्यस्यमानः सर्वोऽपि हेतुः कालात्ययापदिष्टः (सं.त.कां.१/गा.१ - पृ.१८२) इति **संमतिटीकाकारः** । तथा चात्मनो मध्यमपरिमाणे तद्व्यतिरिक्तपरिमाणे च प्रत्यक्षमेव मानमित्युक्तं भवति । तदुक्तञ्चैतत्, तत्परिमाणतद्व्यतिरिक्तपरिमाणयोरयोग्यत्वकल्पनो गौरवादित्यधिकं **आत्मख्यातौ** बोध्यम् (आ.ख्या.पृ.१) ।

आत्मनः शरीरव्यापित्वे चेदं मानं = अनुमानाभिधानं प्रमाणम् । तथाहि **आत्मा शरीरमानः** = देहपरिमाणतुल्यपरिमाणः, **शरीरव्यापित्वेनोपलभ्यमानगुणवत्त्वादिति** । यो यत्रैव दृश्यगुणः स तावत्परिमाण एव,

ના હોવાથી પ્રતિબંધકતા શરીરમાં લાઘવ સ્પષ્ટ છે.

ॐ આત્મગત ક્રિયા અવિભુત્વસાધક - પ્રાચીન જૈનાચાર્ય ॐ

અથ. । શ્રીવાદિદેવસૂરીશ્વરજી મહારાજ વગેરે પ્રાચીન જૈનાચાર્યોનું કથન એવું છે કે 'આજે હું માત્ર એક યોજન ગયો હતો' આવી પ્રતીતિ આત્મામાં સક્રિયતાની સિદ્ધિ કરે છે. સર્વવ્યાપી દ્રવ્યમાં આકાશાદિની જેમ ક્રિયા સંભવી ન શકે. આથી આત્મગત ક્રિયા જ આત્મામાં મૂર્તત્વ=અપકૃષ્ટ પરિમાણ સિદ્ધ કરે છે. આથી આત્માને સર્વવ્યાપક = વિભુ માની ન શકાય. અહીં એવી શંકા થાય કે —> 'હું યોજન દૂર ગયો' આવી પ્રતીતિ ગતિ ક્રિયાના આશ્રયરૂપે આત્માને વિષય નથી કરતી પણ મન કે શરીરને વિષય બનાવે છે. આથી 'હું એક યોજન દૂર ગયો' એનો અર્થ એવો થશે કે ' મારું મન અથવા મારું શરીર એક યોજન દૂર ગયેલ.' આથી આત્માને વિભુ માનવામાં કોઈ વાંધો નથી <— તો તે અયોગ્ય છે, કારણ કે ઉપદર્શિત પ્રતીતિમાં 'હું' તરીકે જેનો ઉલ્લેખ થાય છે તેને મન કે શરીર માની ના શકાય, કેમ કે શરીર, આત્મા અને મન ત્રણેય પરસ્પર ભિન્ન છે. આથી 'હું' એવી પ્રતીતિનો વિષય મન કે શરીર બની ના શકે. માત્ર આત્મા જ તેનો વિષય બની શકે. આથી આત્માને જ સક્રિય માનવો પડશે, જેના ફલસ્વરૂપે આત્મામાં વિભુત્વ બાધિત થશે.

❀ આત્મા શરીરવ્યાપી જ છે ❀

આ. । આત્મા માત્ર શરીરવ્યાપી છે, નહીં કે સર્વવ્યાપી - આ બાબતની સિદ્ધિ અનુમાન પ્રયોગથી પણ થઈ શકે છે. તે આ રીતે —> આત્મા શરીરપ્રમાણ છે, કારણ કે શરીરવ્યાપિત્વસ્વરૂપે તેના ગુણો ઉપલબ્ધ = પ્રાપ્ત = જ્ઞાત થાય છે. જેના ગુણો જેટલા ભાગમાં ઉપલબ્ધ થાય તે વસ્તુ તેટલા પરિમાણવાળી હોય છે. આ નિયમને અનુસરીને આત્મા શરીરવ્યાપી છે. શરીરની બહાર ક્યારેય આત્માના ગુણો ઉપલબ્ધ થતા નથી. આથી શરીરની બહાર આત્માનું અસ્તિત્વ અપ્રામાણિક છે. અહીં એવી શંકા થાય કે —> વૃક્ષમાં મૂલાવચ્છેદેન પ્રતીયમાન સંયોગનું અસ્તિત્વ સંપૂર્ણ વૃક્ષમાં નથી, પરંતુ માત્ર વૃક્ષના મૂળમાં જ છે. મૂળભાગમાં કપિસંયોગ ઉપલબ્ધ થવા છતાં કપિસંયોગાશ્રય વૃક્ષનું પરિમાણ = કદ માત્ર મૂળપ્રમાણ નથી. આથી વ્યભિચાર દોષ આવશે. આ વ્યભિચાર દોષના લીધે આત્માને શરીરપ્રમાણ સિદ્ધ કરનાર હેતુ સ્વકાર્યસિદ્ધિ માટે અસમર્થ છે <— તો તે અનુચિત છે, કારણ કે મૂલાવચ્છિન્ન કપિસંયોગનું વૃક્ષમાં ભાન થાય છે, તે હકીકતમાં તો સાક્ષાત્ સંબંધથી મૂલમાં જ રહેલ છે અને સંયોગાશ્રય મૂળ તો તેટલા પરિમાણવાળું જ છે.

मूलावच्छेदेन प्रतीयमानकपिसंयोगादिमतो महीरुहस्य मूलमात्रप्रमाणकत्वाभावेन व्यभिचारः, कपिसंयोगस्य मूल एव वृत्तेः, वृक्षे तु परम्परयैव प्रतीतेः, संयोगगुणत्वनिषेधाच्चेत्यधिकं मत्कृतज्ञानार्णव-स्याद्वादरहस्ययोरनुसन्धेयम् ।

नन्वात्मैव नास्ति तद्ग्राहकप्रमाणाभावात्, प्रत्यक्षस्य तत्राऽप्रसरादनुमानागमयोश्चाप्रमाणत्वादिति कस्य मोक्षः ?

भानुमती

यथा घटादेः । तथा चात्मा तस्मात्तथेति भावः । तथोक्तं **धर्मसङ्ग्रहणौ** - ण य सव्वगतो जीतो तणुमेतो तिलंगदारिसणाओ तु (३६४) । तदुक्तं **सम्मतितर्कटीकायां** - देवदत्तात्मा देवदत्तशरीरमात्रव्यापकः, तत्रैव व्याप्त्योपलभ्यमानगुणत्वात् । यो यत्रैव व्याप्त्योपलभ्यमानगुणः स तन्मात्रव्यापकः यथा देवदत्तस्य गृह एव व्याप्त्योपलभ्यमानाभास्वरत्वादिगुणः प्रदीपः । देवदत्तशरीर एव व्याप्त्योपलभ्यमानगुणस्तदात्मा इति । तदात्मनो हि ज्ञानादयो गुणाः । ते च तद्देहे एव व्याप्त्योपलभ्यन्ते, न परदेहे, नाप्यन्तराले (सं. त. कां. ३. गा. १. पृ. ५८२) इति । तदुक्तं **श्रीहेमचन्द्रसूरिभिरपि अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिकायां** —> यत्रैव यो दृष्टगुणः स तत्र कुम्भादेर्व्याभिचारिप्रतिपक्षमेतत् । तथापि देहाद् बहिरात्मतत्त्वमतत्त्ववादोपहताः पठन्ति ।। (अन्य. व्य. द्वा. श्लो.९) इति । **न च मूलावच्छेदेन प्रतीयमानकपिसंयोगादिमतो महीरुहस्य मूलमात्रप्रमाणकत्वाभावेन** यो यत्रा-वयवीत्वेन प्रतीयमानगुणः स तत्र तन्मात्रमात्रवर्तीति व्याप्तौ **व्यभिचारः** कपिसंयोगस्य मूलावच्छेदवृक्षवृत्तित्वेन प्रतीयमानत्वेऽपि तदाश्रयस्य वृक्षस्य मूलमात्रपरिमाणकत्वानिरहादिति **वाच्यम्**, मूलमात्रवृत्तित्वेन प्रतीयमानस्य **कपिसंयोगस्य** साक्षात् **मूल एव वृत्तेः** । न चैवं सति 'वृक्षः कपिसंयोगी'ति प्रतीत्युच्छेदप्रसङ्ग इति वाच्यम्, **वृक्षे परम्परयैव** = स्वासमवायिसमवेतत्वलक्षणेन स्वाश्रयाश्रयत्वलक्षणेन वा परम्परासम्बन्धेनैव प्रतीतेः । यो हि साक्षात्सम्बन्धेन यत्रमात्रव्यापेक्षयोपलभ्यमानगुणः स तन्मात्रमात्र इत्येतं व्याप्य-व्यापकभावाभ्युपगमाऽत्र दोषः, वृक्षे हेतोरेतासत्त्वात् । वृक्षे हेतोरस्वरूपासिद्धत्वदर्शनार्थं प्रक्रमतेऽत्र प्रकरणकारः —> **संयोगगुणत्वनिषेधात्** = संयोगपदप्रतिपाद्यस्य स्याद्वादीभिः गुणत्वानङ्गीकारात् हेतोः वृक्षे स्वरूपासिद्धत्वम् । तदुक्तं **स्याद्वादरत्नाकरे** 'यदा प्राग्भावितासान्तरत्वस्वरूपपरिणामपरित्यागेन निरन्तरस्वरूपतया यः कथञ्चित्तादात्म्यपरिणामः स संयोगः सम्मतः तदा न कश्चित्पदार्थो । नैरन्तर्येण परिणतानि हि तन्तूनि संयुक्तव्यवहारगोचरतां प्रतिपद्यन्ते, निरन्तरावस्थितदेवदत्तयज्ञदत्तगृहवदि'ति (स्या.र.१-८ पृ.९३१) । **अधिकं मत्कृतज्ञानार्णव-स्याद्वादरहस्ययोरनुसन्धेयमिति** । ज्ञानार्णवग्रन्थः सम्प्रति न सम्पूर्ण उपलभ्यते । **मध्यमस्याद्वादरहस्ये** तु "एवं प्रयुञ्जतेऽस्मेज्ञात्मा भवति स्वदेहपरिमाणः । तन्मात्रवृत्तिगुणयोगाद्विवेयमानुरोधेन ।। ५४ ।। नन्वत्र मूलमीलदग्रसमवृत्तेस्तत्तन्नदत्तनदनतरौ व्यभिचारचारः । शरवासु चारुपतनाभ्यवहारलक्षव्यासङ्गजङ्गमभृजङ्गमसङ्गभाजि ।।५६।। अत्रोच्यते नन्वु तत्रास्ते किलेत्यमेव देवाहिदेवसमयाज्ञ ! यदाग्रहोऽसौ । लोकं प्रयोगरचनातत्तनातवतीर्णा स्याद्व्याप्यवृत्तिरिमे तु प्रथमं प्रसाद्य ।। ५७ ।। तत्सद्गरुहतिने दुरुहतिने जातपातः किं कालेकाकुपेतलोचनगोचरोऽसे । सख्यं भजस्व भगवन्मतमाद्रियस्व, स्वीयं हितं रचय ते हितदेशकोऽस्मे" ।।५८।। इत्याद्युक्तम् । एतद्व्याख्या चास्मत्कृत**जयलतायां** द्रष्टव्या ।

नास्तिकमतमपाकर्तुमुपक्षिपति —> **नन्वि**ति । **तद्ग्राहकप्रमाणाभावात्** = आत्मनोऽप्यग्राहकप्रमाणाभावेन । चाक्षुष-श्रावण-रासनाघ्राणजत्वमस्य **प्रत्यक्षस्य तत्र** = शरीरातिरिक्तात्मपदार्थे **अप्रसरात्** = स्वाभोचरत्वेनाऽप्रवृत्तेः । न चानुमानादेव तत्सौहृदसिद्धिरिति वाच्यम्, लोकोपाधीनां लोक्यानुपलब्धेऽप्यालोक्योपाधीक्षणेन व्यभिचारसंशयात्, शतशः सहचारितयोरपि व्याभिचारोपलब्धेश्च तस्याऽप्रमाणत्वात् । नाप्यागमात्तत्सौहृदसिद्धिः, परस्परविरुद्धार्थाभिधायकानामागमानां विरोधेनैकत्वमशक्यत्वात्, शब्दस्य वासनामात्रप्रभवत्वात्, तन्मात्रजन्यकत्वाच्च, अन्यथाऽसदर्थाभिधायकशब्दप्रयोगस्य दुर्घटत्वापत्तेरित्याशयेन नास्तिक आह —> **अनुमानागमयोश्चाप्रमाणत्वादिति कस्य मोक्षः** ? न हि शरीरस्य मोक्षः सम्भवति ? तस्यैवैव भस्मीभवनात् ।

વૃક્ષમાં તો મૂલવૃત્તિ સંયોગ સ્વાશ્રયાશ્રયત્વસંબંધરૂપ પરંપરાસંબંધથી જ ભાસે છે. આથી વ્યભિચાર દોષને અવકાશ નથી. જે સાક્ષાત્સંબંધથી જેટલા દેશમાં જણાતા ગુણવાળો હોય તે તેટલા પરિમાણવાળો જ હોય - આવો વ્યાપ્ય-વ્યાપકભાવ માનવામાં કોઈ દોષ નથી. વળી, બીજી વાત એ છે કે સંયોગ એ ગુણ જ નથી. સાન્તરત્વપરિણતિનો ત્યાગ કરી નિરંતરરૂપે પરિણમવું તે જ સંયોગપદાર્થ છે. જ્યારે બે ઘટ વચ્ચે અંતર હોય છે ત્યારે તે બે વચ્ચે સાન્તર પરિણામ હોય છે, જેના લીધે તે બે ઘટ ત્યારે પરસ્પર વિભક્ત છે એમ જાણાય છે. જ્યારે આ સાન્તર પરિણામ દૂર થાય છે અને નૈરન્તર્ય પરિણામ ઉત્પન્ન થાય છે ત્યારે તે ઘટ પરસ્પર સંયુક્ત કહેવાય છે. આમ સંયોગ એ દ્રવ્યથી સર્વથા ભિન્ન ગુણસ્વરૂપ છે જ નહીં. તેથી મૂલમાત્રમાં પ્રતીયમાન ગુણની આશ્રયતા વૃક્ષમાં અસિદ્ધ જ છે. આમ વૃક્ષાત્મક દૃષ્ટાંતમાં સાધન ન હોવાથી વ્યભિચાર દોષને કોઈ અવકાશ નથી. આ વિષયમાં હજુ ઘણું વિચારી શકાય તેમ છે. વિશેષ જિજ્ઞાસુને આ વિષયના વિસ્તાર માટે સ્યાદ્વાદરહસ્ય અને જ્ઞાનાર્ણવ બે ગ્રંથ જોવા, જે પ્રસ્તુત ગ્રંથના કર્તા મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે જ બનાવેલ છે. આમ, આત્મા શરીરપરિમાણ છે. મુક્તિનું નિરૂપણ કરતાં પ્રાસંગિક આ વિષય વિશે ગ્રંથકાર

न चैतद्वाक्यप्रामाण्याऽप्रामाण्ययोर्व्याघातः, एतस्य प्रमाकरणत्वरूपप्रामाण्याऽभावेऽपि भ्रमजनकत्वाभावेन विषयाबाधात्। न च भवतोऽपि तत्प्रतिक्षेपकप्रमाणाभावात्तूष्णीम्भावः श्रेयानिति वाच्यम्, तद्विपर्ययसाधकमानाभावेऽपि पराभ्युपगते पर्यनुयोगस्य सुकरत्वात्, तस्य सन्देह-जिज्ञासादिमूलत्वात्, तदनुत्तरे परस्य निग्रहात्। अत एव सर्वत्र पर्यनुयोगपराण्येव सूत्राणि बृहस्पतेरिति चार्वाकैरभिहितमिति चेत् ?

भानुमती

ननु 'आत्मा नास्ते' इति वाक्यं प्रमाणमप्रमाणं वा ? इति कस्यानुयोगस्यावसरमभिप्रेत्य पक्षद्वयमुपतिष्ठते। तत्र नाद्योऽनवद्यः, आगमस्य प्रामाण्यप्रसङ्गात्। नापि द्वितीयः सम्यक्, आत्मनः सिद्ध्यापत्तेरित्याह इत-स्तदिति व्याघात इत्यास्तेकशङ्कामपाकर्तुं नास्तिक उपक्रमते **न चेति**। *तत्समाधानमाह* **एतस्य** = 'आत्मा नास्ती'ति वाक्यस्य **प्रमाकरणत्वरूपप्रामाण्याभावेऽपि भ्रमजनकत्वाभावेन** = तदभावज्ञाने तत्प्रकारक-निश्चयाऽजनकत्वेन **विषयाऽबाधात्** = शरीरातिरिक्तात्मपदार्थप्रतियोगिकाभावस्याऽबाधितत्वात्। **एतेन** 'अनुमानं न प्रमाणं' इति वाक्यस्य प्रामाण्ये शब्दप्रामाण्यापातः, अप्रामाण्ये चानुमानप्रामाण्यापात इति **परास्तम्**, एतद्वाक्यस्य प्रमाकरणत्वाभावरूपाऽप्रामाण्यातिप्रसक्तत्वात्, असत्ख्यातिसत्ते विशिष्टज्ञानमात्रस्यैव भ्रमत्वेन भ्रमजनकत्वेऽ-प्यतिप्रसङ्गाभावात्वेति **दिक्**।

न च भवतः = नास्तिकस्य **अपि तत्प्रतिक्षेपकप्रमाणाभावात्** = अतिरिक्तात्मनिषेधकप्रमाणाभावात् **तूष्णीम्भावः** = मौनभाव एव **श्रेयानिति वाच्यम्, तद्विपर्ययसाधकमानाभावेऽपि** = आत्मप्रतियोगि-काभावसाधकप्रमाणाभावेऽपि **पराभ्युपगते** = प्रतिवादिस्वीकृते आत्मादिपदार्थसार्थे **पर्यनुयोगस्य** = प्रश्नस्य **सुकरत्वात्, तस्य** = पर्यनुयोगस्य **सन्देह - जिज्ञासादिमूलत्वात्** = विषयप्रामाण्यसन्देह-जिज्ञासा - सम्य-ग्ज्ञानबोधादिजनकत्वात् **तदनुत्तरे परस्य निग्रहात्**। *इत्थमेव वितण्डावादप्रवृत्तेः।* **अत एव** = प्रमाणं विनाऽपि प्रामाण्यसन्देहादितोऽपि दूषणपर्यनुयोगसम्भवादेव, *तदनुत्तरमाश्रेण निग्रहे च तत्सार्थक्यात्* **सर्वत्र पर्यनुयोग - पराण्येव सूत्राणि बृहस्पतेः** = सुरगुरोः इति **चार्वाकैरभिहितम्**।

પોતાનું વક્તવ્ય પૂર્ણ કરે છે. હવે નાસ્તિકમતનું ખંડન કરવા નાસ્તિકમત પ્રકરણકાર બતાવી રહ્યા છે.

❀ स्वतंत्र आत्मा नथी - नास्तिक ❀

पूर्वपक्ष :- नन्वा.। તમે મોક્ષની વાત કરો છો, તેની સિદ્ધિ માટે તો હજુ ઘણી વાર છે. પણ સૌથી પ્રથમ વાત એ છે કે આત્મા જ નથી, કારણ કે તેનું સાધક કોઈ પ્રમાણ જ નથી. પ્રમાણશૂન્ય અર્થનો સ્વીકાર કેવી રીતે થઈ શકે ? પ્રત્યક્ષથી આત્મા દેખાતો નથી, સંભળાતો નથી, સુંઘાતો નથી, ચાખી શકાતો નથી કે અડી શકાતો નથી. પાંચમાંથી એક પણ ઈન્દ્રિય દ્વારા આત્મા ઉપલબ્ધ ન થવાથી આત્મા સ્વીકાર્ય નથી. અનુમાન કે શબ્દ = આગમ દ્વારા તો આત્માની સિદ્ધિ અશક્ય છે, કારણ કે તે બન્ને સ્વયં જ અપ્રમાણ છે. અપ્રામાણિક ચીજ દ્વારા પ્રામાણિક વસ્તુની સિદ્ધિ કેવી રીતે થઈ શકે ? આમ, આત્મા જ ન હોવાથી કોનો મોક્ષ થશે ? કોઈનો નહીં. માટે મોક્ષની ચર્ચા નિરર્થક છે.

शंका :- न. चै.। શબ્દને = આગમને પ્રમાણ ન માનનાર નાસ્તિક સામે એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે 'આત્મા નથી' આવું નાસ્તિકનું વાક્ય પ્રમાણ છે કે અપ્રમાણ છે ? આ વાક્યને જો પ્રમાણ માનવામાં આવે તો 'શબ્દ પ્રમાણ છે' એવું સિદ્ધ થઈ જશે. જો તેને અપ્રમાણ માનવામાં આવે તો એનો અર્થ એવો થયો કે 'આત્મા નથી' આ વાક્ય ખોટું છે. તેના ફલસ્વરૂપે 'આત્મા છે' એવું સિદ્ધ થઈ જશે. આમ બન્ને પ્રકારના જવાબમાં નાસ્તિક ફસાઈ જશે.

समाधान :- एत.। ભાગ્યશાળી ! તમારી આ શંકા અનુચિત હોવાનું કારણ એ છે કે 'આત્મા નથી' એ વાક્યમાં પ્રમાકરણત્વસ્વરૂપ પ્રામાણ્ય ન હોવાથી તેને અપ્રમાણ કહેવાય છે પરંતુ તેમાં ભ્રમજનકતા તો ન જ હોવાથી તેનો વિષય અબાધિત છે. જે વાક્ય ભ્રમોત્પાદક ના હોય તેનો વિષય બાધિત = વિપર્યસ્ત હોય તે કેવી રીતે માની શકાય ?

અહીં એવી શંકા થાય કે --> આ રીતે આત્માનું સાધક કોઈ પ્રમાણ ભલે ના હોય પરંતુ આત્માના સ્વીકારમાં બાધક પ્રમાણ ન હોવાથી નાસ્તિકને પણ મૌન જ રાખવું હિતકર છે. પ્રમાણ વિના પ્રમેયની સિદ્ધિ કેવી રીતે થઈ શકે ? <-- તો તે અનુચિત હોવાનું કારણ એ છે કે આત્માનું બાધક પ્રમાણ = વિપર્યયસાધક ભલે ઉપલબ્ધ ન હોય છતાં પ્રતિવાદીએ સ્વીકારેલ પદાર્થને વિશે પ્રશ્ન તો થઈ જ શકે છે. પ્રશ્ન કાંઈ પ્રમાણમુખ્યદર્શી નથી. જ્ઞાનમાં પ્રામાણ્યનો સંદેહ પડે કે પદાર્થનો સંશય થાય કે જિજ્ઞાસા વગેરે હોય તો પણ પ્રશ્ન તો થઈ જ શકે છે. તે પ્રશ્નનો જ્યારે પ્રતિવાદી જવાબ ન આપે તો તેનો નિગ્રહ = પરાજય થાય છે. આમ પ્રમાણ વિના પણ પ્રામાણ્યસંશયાદિથી પણ પ્રશ્ન=દૂષણઉદ્ભાવન તો થઈ શકે જ છે. આથી ચાર્વાક = નાસ્તિક તરફથી જે કાંઈ કહેવામાં આવે છે કે પ્રશ્ન કરાય છે તેનો ઉદ્દેશ કોઈ સિદ્ધાંતની સ્થાપના કરવાનો નથી પણ માત્ર અન્ય વાદીની માન્યતામાં - પ્રરૂપણામાં દોષોનું ઉદ્ભાવન જ હોય છે. જો ઉદ્ભાવિત દોષોનો પરિહાર અન્યવાદી ન કરી શકે તો તેટલામાત્રથી જ તેની માન્યતાનું નિરાકરણ થઈ જવાથી ચાર્વાકનો ઉદ્દેશ પૂર્ણ થઈ જવાથી એના દોષકથનની સાર્થકતા થઈ જાય છે. આ અભિપ્રાયથી જ કહેવામાં આવેલ છે કે સર્વત્ર બૃહસ્પતિના = ચાર્વાક ગુરુના સૂત્રો કેવળ પ્રશ્નાત્મક જ હોય છે.

न, अनुमानागमाभ्यामात्मसिद्धेः । न त्वनुमानमप्रमाणं, धूमादिज्ञानेन वह्न्यादिकमप्रमाय प्रवृत्त्यनुपपत्तेः । 'सम्भावनयैव च तत्र प्रवृत्तिः संवादेन च तत्र प्रामाण्याभिमानमि'ति चेत् ? न, अगृहीताऽसंसर्गकवह्न्यादिस्मृतिरूपायां सम्भावनायामसद्विषयिण्यां परमार्थसत्स्वलक्षणविषयाध्यक्षविषयविषयकत्वरूपसंवादायोगात् ।

भानुमती

प्रकरणकारस्तदपाकरोति —> **नेति** । ***अनुमानागमाभ्यामात्मसिद्धेः*** । *तथाहि इदमनुमानप्रमाणं* —> *विप्रतिपन्नः सन्, शुद्धपदवाच्यत्वात्, प्रतिषेधशब्दसद्भावान्यथानुपपत्तेर्वा । तथा शरीरातिरिक्तो ज्ञानाद्याश्रयः, स्तनंधयानां स्तनपानादिप्रवृत्तिजनकेष्टसाधनतास्मृतेः हेतुभूतस्यैहिकशरीरेऽसम्भवेनोऽनुभवस्यान्यथानुपपत्तेः, यन्नैवं तन्नैवं यथा गगनमित्याद्यनुमानादतिरिक्तात्मसिद्धिः । 'आत्मा वाऽरे द्रष्टव्यः', 'एतो आया' इत्याद्यागमादप्यात्मसिद्धेः । ननत्वनुमानमेवाऽप्रमाणं व्यभिचारिसाधारण्यादित्युक्तमेवेति* **चेत् ?** *सत्यमुक्तं,* **न तु** *एतावतैव* ***अनुमानमप्रमाणं*** *भवितुमर्हति, अन्यथा प्रत्यक्षस्यापि कथं प्रामाण्यं सिध्येत् ? 'पीतः शङ्ख' इत्यादेरप्रत्यक्षस्याऽप्युपलम्भात् । न चादुष्टं प्रत्यक्षमेव प्रमाणमिति वक्तव्यम्, अदुष्टानुमानस्यापि तत एव प्रामाण्यसिद्धेः । किञ्चानुमानप्रामाण्यानभ्युपगमे कथं परोक्षार्थे प्रवृत्तिः स्यात् ? **धूमादिज्ञानेन** उत्तुङ्गपर्वतादौ* **वह्न्यादिकमप्रमाय प्रवृत्त्यनुपपत्तेः** । *को हि प्रेक्षावान् कष्टसाध्यमर्थमप्रमाय प्रवर्तेत ?*

अथ वह्निमप्रमायाऽपि धूमज्ञानेनानलस्य ***सम्भावनयैव च तत्र*** *= पर्वतादौ* ***प्रवृत्तिः*** । *सम्भावना = पर्वते वह्न्यसंसर्गाऽग्रहो, वह्नेः पर्वतस्य च ज्ञानम् ।* ***न च*** *लाघवाद् व्यवहारे विशेषणमेव एव हेतुत्वं न तु असंसर्गाग्रहादेः गौरवादिति* ***वाच्यम्,*** *न हि वयमसंसर्गाऽग्रहादेर्व्यवहारकारणत्वं ब्रूमः किन्तु तद्धर्मावच्छेदकवह्न्यादिज्ञानादौ नामैव कुर्वद्रूपत्वेन धर्मीविशेषेण, अनन्तानुमितिकल्पनापेक्षया कुर्वद्रूपत्वकल्पनाया एव लघुत्वादिति भावः । ननु धूमदर्शनानन्तरं वह्न्यादेर्व्यवहारजनिका न सम्भावना, तज्जनकीभूतज्ञानस्य वह्निर्मिते वह्निप्रकारकानुभवत्वेनानुभवादित्याह* —> ***संवादेन*** *= संवादादेर्व्यवहारजनकत्वादिरूपसाधारणधर्मदर्शनेन दोषेण* ***च तत्र*** *= वह्निसम्भावनायां* ***प्रामाण्याभिमानम् ।*** *प्रामाण्यं = वह्निर्मिते वह्निप्रकारकानुभवत्वं, अभिमानं पुनरगृहीतासंसर्गकं ज्ञानद्वयमेकमेव वेत्यन्यदेतत् । यथा मणिप्रभायां मणिबुद्ध्या प्रवृत्तो मणिमासादयति तथैव संवादेभ्रमात् प्रवृत्तावपि तदर्थप्राप्तेः प्रामाण्याभिमानोमिति* **चेत्** *?*

न, अगृहीतासंसर्गकवह्न्यादिस्मृतिरूपायां *'अत्र वह्निर्नास्ती'ति निश्चयाभावसमानाधिकरणायां 'तत्र धूमेन सहानलोऽभूदि'त्यादिस्मरणात्मिकायां* ***सम्भावनायां*** *वह्नेर्विशेषविषयकत्वाभावेन* ***असद्विषयिण्यां*** *असदेकस्वरूपवह्निसामान्यगोचरायां* ***परमार्थसत्स्वलक्षणविषयाध्यक्षविषयकत्वरूपसंवादायोगात्*** *= अतीतादिलक्षणाऽसदेकस्वरूपवह्निसामान्याभिन्नं यत् परमार्थेन सत् स्वलक्षणं तद्विषयकं वह्निर्मितिकल्पप्रत्यक्षं तद्विषयीभूतं यदनलविशेषाद्यात्मकं स्वलक्षणं तद्विषयकत्वस्वरूपस्य संवादस्याऽसम्भवात् । अयं भावः नव्यनास्तिकमते*

☆ आत्मा देहभिन्न द्रव्य छे - स्याद्वादी ☆

उत्तरपक्ष : - न. अनु. । नास्तिकनी उपरोक्त वात बराबर नथी. कारण के देहथी अतिरिक्त आत्मानी सिद्धि अनुमान अने आगम द्वारा थई शके छे. अनुमानने अप्रमाण तो ना ज कही शकाय, कारण के एम कहेवामां आवे तो धूमादिना ज्ञानथी अग्नि वगेरेनो प्रमात्मक निश्चय न थवाथी बुद्धिशाळी व्यक्तिनी अग्नि लाववा वगेरेनी प्रवृत्ति घटी नहीं शके. आशय अे छे के जे हेतुमां साध्यनी व्याप्तिनुं भान थाय छे ते हेतु अनुमानप्रमाण कहेवाय छे. साध्यनी व्याप्तिनो अर्थ छे 'साध्यान्यथानुपपत्ति' = साध्य विना न रहेवुं. जेम के धूमथी ज्यारे आगनी अनुमिति कराय छे त्यारे ते अनुमिति पूर्वे 'धूम अग्निव्याप्य छे' अेवुं ज्ञान अपेक्षित छे. 'अग्निशून्य सरोवर वगेरेमां धूम नथी ज रहेतो' आवुं निश्चयात्मक ज्ञान थाय तो निर्विवादरूपे धूमदर्शनथी अग्निनो प्रमात्मक निश्चय धूमाश्रयमां थई ज जाय. आवो अग्निनो प्रमाणिक निश्चय करीने ज पर्वत वगेरे उपर अग्निना अर्थी पुरुषो चढवा वगेरेनी प्रवृत्ति करे छे. आम अनुमितिस्वरूप स्वतंत्र प्रमा उत्पन्न करवाने लीधे अनुमान पण प्रत्यक्ष करतां भिन्न स्वतंत्र प्रमाण सिद्ध थाय छे. अहीं अेवी शंका थई शके छे के —> 'धूमदर्शन पछी अग्निनो प्रमात्मक निश्चय थवाथी प्रवृत्ति थती नथी, परंतु अग्निनी संभावनाथी ज प्रवृत्ति थाय छे. 'पर्वतमां धूम देखाय छे तेथी अग्नि होवो जोईअे.' अेवी संभावनाथी प्रवृत्ति करतां पर्वतमां अग्निप्राप्तिस्वरूप संवादना लीधे पुरुषने पर्वतमां थयेल पोतानां अग्निज्ञानमां प्रामाण्यनुं अभिमान थाय छे. वास्तवमां ते ज्ञान प्रमा नथी. <—

☆ अनुमान स्वतंत्र प्रमाण छे - स्याद्वादी ☆

न,अगु.। परंतु शंका बराबर नथी, कारण के अग्निनी संभावनाथी धूमयुक्त स्थानमां अग्निकामी पुरुषनी प्रवृत्तिनुं समर्थन त्यारे ज थई शके ज्यारे अग्निनी संभावनाने प्रमाणरूपे जाणवी अग्निकामनावाळा पुरुष माटे शक्य होय, कारण के पुरुषनो स्वभाव छे के ते ज्यारे प्रमाणथी कोई वस्तुने जाणे छे त्यारे तेना संबंधी कोई कार्य करे छे, अन्यथा नहि. विचार करतां अग्निनी संभावनाने प्रमाणरूपे जाणवानुं कोई साधन नथी, कारण के धूमयुक्त नूतन स्थानमां अग्निनी संभावनानो अर्थ छे 'अे स्थानमां अग्नि नथी' आवा निश्चयना अभावनी साथे 'धूमयुक्त स्थानमां अग्नि रहे छे ' आ स्वरूपे त्यारे अग्निनुं स्मरण. स्पष्ट छे के आ स्मरण धूमयुक्त

अथोक्तसंवादाभिमानादध्यक्षमूलकविकल्पविषयविषयकत्वरूपसंवादादेव वा तत्र प्रामाण्याभिमान इति चेत् ? न,

भानुमती

पदार्थो द्विविधः सामान्यलक्षणः स्वलक्षणात्मकश्च । अनेकव्यक्तिकलक्षणः कल्पनीयनानाकालसंबन्धः परिकल्पितव्यवहारार्हनामजातिपरिकलितः सविकल्पकप्रत्यक्षानुमितेति-शाब्दबोध-स्मरणादिगोचरोऽतद्व्यावृत्तिस्वरूपः सामान्यपदार्थः । क्षणिकः नामजातिसंसर्गशून्यः स्वसजातीयविजातीयस्वरूपशून्यः पारमार्थिकः निर्विकल्पाध्यक्षैकगोचरः स्वलक्षणपदार्थः । स्वलक्षणविषयकत्वमेव संवादः तद्गोचरत्वमेव विसंवादः । अग्निभेदादर्शनसहकृतसहचारस्मरणात्मिकायां सम्भावनायां पक्षो वह्निविशेषात्मक-स्वलक्षणविषयकत्वासम्भवेन वह्निसामान्यविषयकत्वादसद्गोचरायां नैव स्वलक्षणविषयकत्वलक्षणः संवादः भातीति, येन तत्र प्रामाण्याभिमानं सावकाशं स्यादिति स्याद्वादिनोऽभिप्रायः ।

*नव्यनास्तिकः शङ्कते --> **अथेति** । चोदितत्वेनास्यानन्वयः । संभावनायां स्वलक्षणगोचरत्वलक्षणस्य संवादस्याऽसम्भवेऽपि **उक्तसंवादाभिमानात्** = स्वलक्षणविषयकत्वात्मकसंवादस्याभिमानात् **तत्र** = सम्भावनायां **प्रामाण्याभिमानम्** । दर्शितसंवादस्यैवाऽसम्भवे कुतः सर्वत्र प्रामाण्याभिमानं सम्भवतीत्याशङ्क्याह नूतनचार्वाकः कल्पान्तरमावेदयति --> **अध्यक्षमूलकविषयविषयकत्वरूपसंवादादेव वा** = प्रमाणीभूतनिर्विकल्पकप्रत्यक्षजन्यं यत् सविकल्पकप्रत्यक्षं तत्समानविषयकत्वलक्षणात्संवादादेव वा **तत्र** = प्रवर्तकसम्भावनायां **प्रामाण्याभिमानं** = प्रामाण्यप्रकारकाभिमानिकबुद्धिः इति **चेत्** ?*

*स्याद्वादी प्रत्युत्तरयति - **नेति** । **संवादाभिमानोऽपि** = संभावनायां निर्विकल्पकाध्यक्षजन्यसविकल्पकसमानविषयकत्वलक्षणसंवादोऽपि **तल्लिङ्गाभिमानात्** = दर्शितसंवादलिङ्गाभिमानात् **इत्यनवस्थानात्** । अयं भावः प्रवर्तिकायां संभावनायां प्रामाण्याभिमानार्थं संवादाभिमानोऽपेक्षितः संवादाभिमानार्थं तल्लिङ्गाभिमानो गवेषणीयः तदर्थमप्यन्यादपेक्षणीयमित्येवमनवस्था प्रसज्येतेति नैवं सम्भावनायां प्रामाण्याभिमानादिकल्पना युक्ता। ननु तर्कोऽप्यविनाभावमपेक्ष्य प्रवर्तते । ततश्च त्वत्पक्षेऽप्यनवस्थया भीतेतव्यमिति चेत् ? न, शङ्कायां व्याघातावधेः-*

નવા સ્થાનમાં અગ્નિને વિષય કરવા માટે સમર્થ નથી, કારણ કે આ હજુ સુધી અનિર્ણીત છે. નિર્ણીત તો એટલું જ છે કે ધૂમયુક્ત અન્ય પૂર્વદૃષ્ટ સ્થળોમાં જે અગ્નિ હતો તે ધૂમયુક્ત નવા સ્થાનમાં સ્થિત નથી. આથી માનવું પડશે કે આ સ્મરણનો વિષય કોઈ વિશેષ અગ્નિ નથી, પણ સામાન્ય અગ્નિ છે. સકલ વિશેષ અગ્નિથી ભિન્ન સામાન્ય અગ્નિ કાલ્પનિક હોવાથી અસત્ છે. આમ આ અગ્નિસ્મૃતિ અસત્વિષયક હોવાથી દર્શિત અગ્નિસ્મરણ સ્વરૂપ અગ્નિસંભાવનામાં પ્રમાણભૂત અધ્યક્ષ= નિર્વિકલ્પપ્રત્યક્ષના સમાનવિષયકત્વ સ્વરૂપ સંવાદ નથી, કારણ કે અધ્યક્ષ = નિર્વિકલ્પક પ્રત્યક્ષનો વિષય સ્વલક્ષણ = વિશેષ અગ્નિ છે, જે પરમાર્થથી સત્ છે. જ્યારે સ્મરણનો વિષય સામાન્ય અગ્નિ છે, જે કલ્પિત હોવાથી અસત્ છે. આમ પ્રમાણનો સંવાદ ન હોવાથી તેમાં પ્રામાણ્યનું જ્ઞાન સંભવિત નથી સવિકલ્પ જ્ઞાનાત્મક સંભાવનામાં સામાન્ય અગ્નિપદાર્થ જણાય છે. અને પર્વતમાં ઉપર ચઢતાં નિર્વિકલ્પક પ્રત્યક્ષથી વિશેષઅગ્નિ = સ્વલક્ષણ ઉપલબ્ધ થાય છે. માટે બન્નેમાં વિસંવાદ છે. જે જણાય છે તે મળતું નથી અને પર્વતમાં જે મળે છે તે સંભાવનામાં જણાતું નથી.

❀ બૌદ્ધદર્શનાનુસાર પદાર્થનું સ્વરૂપ ❀

सत्तादेः कालिकसम्बन्धेन घटनाशानधिकरणत्वात् तत्र तदापत्त्यभावेन सत्त्वेन नाशहेतुत्वाऽकल्पनात् । न च द्वि-त्रिक्षणस्थायिघटादिसमवेतनाशे स्वप्रतियोगिसमवेतत्वेनैव तथात्वात् तद्धेतुत्वमावश्यकम्, तत्राऽपि स्वप्रतियोगि-

भातृमती

ननु *दर्शितरीत्या जन्यजनकभावोपगमे सत्ताध्वंसापत्तेर्दुर्वारा, नाशप्रतियोगिसत्तायां स्वप्रतियोगिसमवेत-त्वसम्बन्धेन घटादेर्नाशस्य सत्त्वात् ।* ***न च*** *सत्त्वे सति स्वप्रतियोगिसमवेतत्वसम्बन्धेन घटादेर्नाशस्य हेतुत्वोपगमाज्ञानं दोषः सत्तायां घटादिसमवेतत्वेऽपि सत्तातोऽशेषत्वतिरेहादीति नैयायिकेन* ***वक्तव्यम्,*** *एवं सति समवेतत्वस्थाने वृत्तित्वानिवेश एव लाघवादुचितः स्यात्, घटादेर्वृत्तिनाशं प्रति घटादेर्नाशस्य स्वप्र-तियोगिसमवेतत्वतोऽशेषःसत्त्वसम्बन्धेन हेतुत्वस्वीकारेणैव घटादेर्वृत्तिरूपादिध्वंसापत्तेर्वारणसम्भ-वात्, घटादेर्वृत्तिरूपादिध्वंसे सत्तजातेर्तिरहादीति* ***चेत् ? मैवम्,*** *कारणतावच्छेदकसम्बन्धकोटौ कालिकसम्ब-न्धस्यावच्छेदकस्यैवाधिकरणत्वस्यापि निवेशात् ***सत्तादेः*** घटादेर्नाशप्रतियोगिसमवेतत्वेऽपि* ***कालिकसम्बन्धेन घटना-शानधिकरणत्वात् तत्र*** *= सत्तादौ* ***तदापत्त्यभावेन*** *= स्वप्रतियोगितासम्बन्धेन सत्तादेर्नाशोत्पादप्रसङ्गाभावेनैव* ***सत्त्वेन*** *= सत्त्वप्रतियोगितासम्बन्धेन दर्शितरीत्या* ***नाशहेतुत्वाऽकल्पनात्*** *= घटादेर्नाशस्य कारणत्वाऽनभ्युपगमात् ।*

*नैयायिक. समवायप्रतियोगितादेशङ्गमपाकर्तुमुपक्रमस्यांते —> **न चेति** । **द्वि-त्रिक्षणस्थायिघटादिसमवेतनाशे** = द्विक्षणस्थायी त्रिक्षणस्थायी वा यो घटादिसमवेतः तत्प्रतियोगिकनाशं प्रतीत्यर्थः । वस्तुतो द्वि-त्रिक्षणस्थायित्वं ध्वंसप्रतियोगितापरामर्शीति न चतुःपञ्चादिक्षणस्थायिघटीयरूपादिनाशाऽसङ्ग्रहः न वा विनिगमनातिरहः । समवेत-पदमापे वृत्तितात्बोधेच्छयोच्चारितम् । ततश्च घटादेर्वृत्ते-ध्वंसप्रतियोगि-प्रतियोगिकध्वंसं प्रतीत्यर्थ तात्पर्यम् ।*

સ્થાને પ્રસ્તુત કાર્યકારણભાવમાં વૃત્તિ અને વૃત્તિત્વનો પ્રવેશ કરવામાં આવેલ હોવાથી કારણતાઅવચ્છેદકસંબંધપ્રવિષ્ટત્વ વગેરે સ્વરૂપે સમવાયની સિદ્ધિ નહિ થઈ શકે <— તો તે અનુચિત હોવાનું કારણ એ છે કે ઘટાદિનાશ સ્વપ્રતિયોગિવૃત્તિત્વસંબંધથી ઘટાદિવૃત્તિ રૂપાદિધ્વંસમાં રહે છે, કારણ કે સ્વ = ઘટાદિધ્વંસ તેનો પ્રતિયોગી = ઘટાદિ, તેમાં વૃત્તિ છે રૂપાદિધ્વંસ તથા ઘટાદિવૃત્તિરૂપાદિધ્વંસ જન્ય હોવાથી તેમાં કાલિકવિશેષણતાઘટિત સ્વાધિકરણતાસંબંધથી ઘટાદિધ્વંસ રહી જશે. ઉભયસંબંધથી ઘટાદિધ્વંસ ઘટાદિગત રૂપાદિધ્વંસમાં રહેવાના લીધે તેમાં પ્રતિયોગિતાસંબંધથી ઘટાદિગતરૂપાદિનાશપ્રતિયોગિકનાશ ઉત્પન્ન થવાની આપત્તિ નિશ્ચિત છે. માટે વૃત્તિત્વના બદલે સમવેતત્વનો જ કાર્યકારણભાવમાં પ્રવેશ કરવો ઉચિત છે. એના ફલસ્વરૂપે કારણતાઅવચ્છેદકસંબંધ વગેરેના ઘટકરૂપે સમવાયની સિદ્ધિ થઈ જશે.

❀ કારણતાવચ્છેદક સંબંધ ઘટકસ્વરૂપે સત્ત્વનિવેશ અનુચિત - નૈયાયિક ❀

સત્તાદેઃ। અહીં સમવાયવિરોધી દ્વારા એવું કહેવાય કે —> ઉપરોક્ત કાર્યકારણભાવનો સ્વીકાર કરવામાં તો સત્તામાં પણ પ્રતિયોગિતાસંબંધથી નાશ ઉત્પન્ન થવાની આપત્તિ આવશે. અર્થાત સત્તા જાતિનો પણ નાશ થવાની આપત્તિ આવશે. આનું કારણ એ છે કે ઘટાદિધ્વંસ સ્વપ્રતિયોગિસમવેતત્વ સંબંધથી સત્તામાં રહે છે. સ્વ = ઘટાદિધ્વંસ, તેનો પ્રતિયોગી = ઘટાદિ, તેમાં સમવેત અર્થાત્ સમવાયસંબંધથી વૃત્તિ = સત્તા. જો આ આપત્તિના નિવારણ માટે નૈયાયિક તરફથી એવી દલિલ કરવામાં આવે કે * "કારણતાઅવચ્છેદકસંબંધરૂપે સ્વપ્રતિયોગિ-સમવેતત્વના બદલે 'सत्त्वे सति स्वप्रतियोगिसमवेतत्व' ને સ્વીકારવાથી સત્તાધ્વંસ ઉત્પન્ન થવાની આપત્તિ નહિ આવે, કારણ કે સત્તામાં સત્તા ન રહેતી હોવાથી 'सत्त्वे सति' આ અંશ સત્તાનાશની પ્રતિયોગી સત્તામાં બાધિત થાય છે" * તો તે બરાબર નથી, કેમ કે આવું કહીને સત્તાનાશનો પરિહાર કરવામાં આવે તો પછી આ પરિષ્કારથી જ ઘટાદિવૃત્તિરૂપાદિધ્વંસના ધ્વંસની આપત્તિનો પણ પરિહાર થઈ જશે, કારણ કે આપાદ્યમાન નાશના પ્રતિયોગી ઘટાદિવૃત્તિરૂપાદિધ્વંસમાં પણ 'सत्त्वे सति' અંશ બાધિત થાય છે. માટે જો આ રીતે કાર્યતાઅવચ્છેદકકોટિમાં સત્ત્વનો નિવેશ કરવો આવશ્યક જ છે તો પછી કાર્યકારણભાવમાં સમવેતત્વના સ્થાને વૃત્તિત્વનો પ્રવેશ કરવામાં પણ કોઈ વાંધો નહીં આવે. <— તો તે અનુચિત હોવાનું કારણ એ છે કે અમે નૈયાયિક કારણતાઅવચ્છેદકસંબંધસ્વરૂપે માત્ર સ્વપ્રતિયોગિસમવેતત્વ નથી કહેતાં, પરંતુ તેના ઉપરાંત સ્વાધિકરણત્વસંબંધ પણ કહીએ છીએ. સ્વાધિકરણત્વ કાલિકવિશેષણતાસંબંધથી ગ્રાહ્ય છે. તેથી સત્તામાં પ્રતિયોગિતાસંબંધથી સત્તાધ્વંસ ઉત્પન્ન થવાની આપત્તિને અવકાશ જ રહેતો નથી, કારણ કે સત્તા નિત્ય હોવાથી તે કાલિકવિશેષણતાઘટિત સ્વાધિકરણત્વસંબંધથી ઘટાદિનાશનું અધિકરણ બનતી નથી. કારણતાઅવચ્છેદક સંબંધથી કારણની ગેરહાજરી હોવાના લીધે સત્તામાં પ્રતિયોગિતાસંબંધથી સત્તાનાશ ઉત્પન્ન થવાની આપત્તિને અવકાશ જ નથી રહેતો. માટે સત્તાનાશના નિવારણ માટે કારણતાઅવચ્છેદક સંબંધમાં સત્ત્વનો નિવેશ કરવાની જરૂર નથી. માટે અમે 'सत्त्वे सति स्वप्रतियोगिसमवेतत्व' સંબંધથી અવચ્છિન્ન એવી કારણતાની કલ્પના જ નથી કરતા.

❀ જાતિનાશાપત્તિનું વારણ સમવાય વિનાઅશક્ય - નૈયાયિક ❀

न च द्वि.। પ્રસ્તુતમાં સમવાયવિરોધી તરફથી એવી દલિલ કરવામાં આવે છે કે —> પ્રતિયોગિતાસંબંધથી ઘટાદિસમવેત પ્રતિયોગીના નાશ પ્રત્યે સ્વપ્રતિયોગિસમવેતત્વ - સ્વાધિકરણત્વ ઉભયસંબંધથી ઘટાદિનાશને કારણ માનવામાં કારણતાઅવચ્છેદક સંબંધ રૂપે સ્વાધિકરણત્વનો પ્રવેશ ઘટાદિસમવેત જાતિમાં ઉપરોક્ત નાશની ઉત્પત્તિ થવાની આપત્તિના પરિહાર માટે કરવામાં આવે છે. પરંતુ

समवायिकारणत्वेन कालावच्छिन्नस्वप्रतियोगिसमवेतत्वेन वा तथात्वेऽनतिप्रसङ्गादिति चेत् ?

भानुमती

स्वप्रतियोगिसमवेतत्वेनैव घटादेर्नाशस्य **तथात्वात्** = कारणत्वात्, एवकारेण स्वाधिकरणत्वसम्बन्धव्यवच्छेदः कृतः । जातेर्द्वंसाऽप्रतियोगित्वात्तन्नाशस्य दर्शितकार्यताकोटिबहिर्भावान्न तत्र प्रतियोगितासम्बन्धेन जातिनाशोत्पादापत्तिरिति । कार्यतावच्छेदकधर्मकोटौ द्वि-त्रिक्षणस्थायित्वस्य ध्वंसप्रतियोगित्वस्य वा प्रवेशे गौरवमिति घटादेर्वृत्तिनाशं प्रति **तद्धेतुत्वं** = सत्त्वघटितसम्बन्धावच्छेदेनकारणत्वं **आवश्यकम्** । तथा च लाघवात् स्वप्रतियोगितया घटादेर्वृत्तिनाशं प्रति स्वप्रतियोगिवृत्तित्वविशेषसत्तावत्त्वसम्बन्धेनैव घटादेर्ध्वंसस्य हेतुत्वमिति फलितम् । तथा च न घटादेर्वृत्तिरूपादिनाशप्रतियोगिकनाशापत्तिसम्भवः, आपाद्यमाननाशप्रतियोगिनि घटादिवृत्तिरूपादिनाशे घटादिनाशप्रतियोगिवृत्तित्वस्य सत्त्वेऽपि सत्तातिरहादिति न समवायसिद्धिरिति शङ्काकुदाशयः ।

केचित्तु —> द्वित्रिक्षणस्थायिनोस्त्रिक्षणस्थायिनो वा रूपादेर्द्वित्वादिसंख्यायाद्वित्वादेः पृथक्त्वादेः संयोगादेर्वा नाशस्य घटादिनाशमन्तरेणैव घटादिसत्त्वकाले उत्पादेन तादृशरूपादेः द्वित्वादिसंख्या-द्विपृथक्त्वादेः संयोगादेश्च घटनाशाऽसमानकालीनतया कालिकसम्बन्धावच्छेदेन-स्वनिष्ठात्यन्ताभावप्रतियोगितानिरूपकतानिरूपितात्यन्ताधिकरणत्वरूपाद्वितीयसम्बन्धस्याभावेन नोक्तोभयसम्बन्धेन तत्र घटादिनाशस्य सत्त्वमिति प्रथमसम्बन्ध एव कारणतावच्छेदकतयोपादेयः<— इति **व्याख्यानयन्ति तन्न,** एतन्नाशे द्वित्रिक्षणस्थायिरूप-द्वित्वादिसंख्या-पृथक्त्व-संयोगादेर्वा नाशे व्यभिचारवारणाऽसम्भवात् । वस्तुतस्तत्र रूपादौ प्रतियोगितासम्बन्धेन ध्वंस एव नाभ्युपगम्यते किन्तु द्वित्रिक्षणस्थायिरूपादिसमवायिकारणे एवेति न व्यभिचारः । तदुक्तं पूर्वपक्षव्याख्यायां बृहत्परिमाणरहस्ये - घटादिकालीनसंयोगादिध्वंसे व्यभिचारवारणाय 'प्रतियोगितया' इति <— (पृ. VII) ।

तत्रेदमाशङ्क्य नैयायिको हेतुमावेदयति —> **तत्रापि** = द्वि-त्रिक्षणस्थायिघटादिसमवेतनाशेऽपि **स्वप्रतियोगिसमवायिकरणत्वेन** = स्वप्रतियोगिसमवायिकारणकत्वसम्बन्धेन **तथात्वे** = कारणत्वे **अनतिप्रसङ्गात्** = सत्ताजात्यादेर्नाशलक्षणातिप्रसङ्गातिरहात्, सत्तादेर्नित्यत्वेन कस्यापि तत्समवायिकारणत्वासम्भवात् । **एतेन** प्रतियोगितया नाशत्वावच्छेदं प्रति तादात्म्येन सत्त्वेन हेतुत्वान्न ध्वंसध्वंसापत्तिरिति **निरस्तम्** । लाघवादन्यकारणतावच्छेदकसम्बन्धमाह - **कालावच्छिन्नेति** नित्यस्य सत्तादेर्निरवच्छिन्नवृत्तित्वेन कालावच्छिन्नत्वे सति घटादिनाशप्रतियोगिसमवेतत्वस्य तिरहान्न तत्रस्वप्रतियोगितासम्बन्धेन नाशोत्पादप्रसङ्ग इति कारणतावच्छेदकसम्बन्धघटकावेदनया समवायसिद्धिर्निरबाधेति नैयायिकाभिप्रायः ।

તેના બદલે કારણતાઅવચ્છેદક સંબંધ એવો બનાવેવો જોઈએ કે જેથી ઘટાદિસમવેતપ્રતિયોગિક નાશ = ઘટાદિવૃત્તિપ્રતિયોગિકનાશ પ્રતિયોગિતાસંબંધથી દ્વિ-ત્રણ ક્ષણ સ્થાયી = વિનશ્વર = ધ્વંસપ્રતિયોગી પદાર્થમાં જ ઉત્પન્ન થઈ શકે. તેના માટે કાલિકવિશેષણતાઘટિત સ્વાધિકરણત્વસંબંધ નો કારણતાઅવચ્છેદકસંબંધકુક્ષિમાં પ્રવેશ અનાવશ્યક છે. સ્વપ્રતિયોગિસમવેતત્વ સંબંધને જ અર્થાત્ સ્વપ્રતિયોગિવૃત્તિત્વસંબંધને જ હેતુતાઅવચ્છેદક સંબંધ તરીકે માની શકાય છે. પરંતુ માત્ર આ સંબંધથી તો ધ્વંસપ્રતિયોગી જાતિ વગેરેમાં નાશોત્પત્તિની આપત્તિ આવવાની શક્યતા રહેલી છે. જેને નિર્મૂલ કરવા માટે કારણતા-અવચ્છેદકસંબંધશરીરમાં સત્ત્વનો અર્થાત્ સત્તા જાતિનો પ્રવેશ કરીને તેનું નિવારણ કરી શકાય છે. તેથી કાર્યકારણભાવ એવો ફલિત થશે કે-પ્રતિયોગિતાસંબંધથી ઘટાદિવૃત્તિપ્રતિયોગિક નાશ પ્રત્યે સ્વપ્રતિયોગિવૃત્તિત્વવિશિષ્ટ સત્તાવત્ત્વસંબંધથી ઘટાદિનાશ કારણ છે. સત્તા જાતિ વગેરેમાં સત્તા જાતિ ન હોવાથી ઉપરોક્ત સંબંધથી ઘટાદિનાશ રહેશે નહિ. તથા આ પ્રકારના કાર્યકારણભાવનો સ્વીકાર કરવાથી ઘટાદિવૃત્તિરૂપાદિધ્વંસના નાશની ઉત્પત્તિની આપત્તિનો પણ પરિહાર થઈ જાય છે, કારણ કે પ્રતિયોગિતાસંબંધથી કાર્યના અધિકરણરૂપે સંમત ઘટાદિવૃત્તિરૂપાદિનાશમાં સત્તા જાતિ ન રહેવાથી ઘટાદિનાશસ્વરૂપ કારણ ઉપરોક્ત કારણતાઅવચ્છેદક સંબંધથી તેમાં રહેતું નથી. કાર્યતાઅવચ્છેદક સંબંધથી કાર્યાધિકરણવિધયા અભિમત પદાર્થમાં કારણતાઅવચ્છેદકસંબંધથી કારણ ગેરહાજર હોય તો કાર્યની ઉત્પત્તિ ન જ થઈ શકે. આ રીતે દર્શિત કાર્ય-કારણભાવને માનવામાં કોઈ દોષ આવતો નથી.તેથી તેનો સ્વીકાર કરવો ઉચિત છે માટે સમવાયસિદ્ધિની કોઈ શક્યતા રહેતી નથી, કારણ કે સમવાયનો કારણતાઅવચ્છેદક સંબંધ વગેરેના ઘટકરૂપે તેમાં પ્રવેશ કરવામાં આવેલ નથી. <—

તત્રાપિ.। પરંતુ તેના પ્રતિવાદમાં નૈયાયિક તરફથી એમ કહેવામાં આવે છે કે —> સત્તા વગેરે જાતિમાં પ્રતિયોગિતાસંબંધથી ઘટાદિસમવેતપ્રતિયોગિક નાશની ઉત્પત્તિની આપત્તિનું વારણ કરવા માટે સ્વાધિકરણત્વને કારણતાઅવચ્છેદક સંબંધ માનવાના બદલે સ્વપ્રતિયોગિસમવયિકારણકત્વને પણ કારણતાઅવચ્છેદકસંબંધ માનીને ઉક્ત આપત્તિનો પરિહાર કરી શકાય છે. પ્રસ્તુતમાં સંબંધવાચક શબ્દ બહુવ્રીહિસમાસથી ગર્ભિત છે. તેથી તેનો અર્થ થશે સ્વપ્રતિયોગી છે સમવાયિકારણ જેનું તે સ્વપ્રતિયોગિસમવાયિકારણક. તેમાં રહેનાર ધર્મ = સ્વપ્રતિયોગિસમવાયિકારણકત્વ. સ્વપદથી ઘટાદિનાશનું ગ્રહણ અભિપ્રેત છે. તેનો પ્રતિયોગી ઘટાદિ છે.તે ઘટીયરૂપાદિનું કારણ છે.તેથી ઘટાદિનાશ સ્વપ્રતિયોગિસમવાયિકારણકત્વ સંબંધથી ઘટીયરૂપાદિમાં જ રહેશે. ઘટસમવેત સત્તા, ઘટત્વ વગેરે જાતિમાં

न, उक्तहेतुतावच्छेदकेऽक्लृप्तसमवायनिवेशापेक्षया क्लृप्तसत्त्वनिवेशस्यैवोचितत्वात् ।
द्रव्यजात्यन्यचाक्षुषे महदुद्भूतरूपवद्भिन्नसमवेतत्वेन प्रतिबन्धकत्वात् समवायसिद्धिरिति तु

भानुमती

प्रकरणकारस्तदपाकरोति —> **नेति, उक्तहेतुतावच्छेदके** = *नाशहेतुतावच्छेदकसम्बन्धशरीरे* **अक्लृप्तसमवायनिवेशापेक्षया** = *वादि-प्रतिवाद्युभयाऽसम्मतसमवायस्य वृत्तितावच्छेदकसम्बन्धत्वेन निवेशाऽपेक्षया,* **क्लृप्तसत्त्वनिवेशस्य** = *वादि-प्रतिवाद्युभयसम्मतसत्त्वप्रवेशस्य* **एवोचितत्वात्** । *न हि प्रमाणसिद्धेनैव कार्यनिर्वाहेऽप्रसिद्धेन तन्निर्वाहकल्पनौचित्यमर्हति । किञ्च कालावच्छेदकत्वावैशिष्ट्यस्वप्रतियोगिसमवेतत्वसम्बन्धेन कारणता यदुत स्वप्रतियोगिसमवेतत्वावैशिष्ट्यकालावच्छेदकत्वसम्बन्धेन ? इत्यत्र वैनिगमनाविरहोऽपि परस्य दुर्वारः । समवायकल्पने तत्र समवायत्व-क्लृप्तभावभेदादिकल्पनागौरवं प्रागुक्तमनिवारितप्रसरमेव (दृश्यतां २२९ तमे पृष्ठे) ।*

किञ्च, रूपाभाव-महत्त्वाभावान्यद्रव्यवृत्तिचाक्षुषं प्रति चक्षुःसंयुक्तमहदुद्भूतरूपवद्वैशिष्ट्यस्यैव हेतुत्वौचित्यात् । रूपाभाव-महत्त्वाभावचाक्षुषं प्रति चक्षुःसंयुक्तमहद्वैशिष्ट्यस्य तादृशोद्भूतरूपवद्वैशिष्ट्यस्य च पृथक्कारणत्वात् । रूपाभावान्यद्रव्यवृत्त्यभावचाक्षुषे चक्षुःसंयुक्तोद्भूतरूपवद्विशेषणता, महत्त्वाभावान्यद्रव्यवृत्त्यभावचाक्षुषे चक्षुःसंयुक्तमहत्त्ववद्विशेषणता, महत्समवेतचाक्षुषे चक्षुःसंयुक्तमहदुद्भूतरूपवत्समवायश्च हेतुरिति कल्पनापेक्षयोक्तस्यैव युक्तत्वात् (बृहत्स्यादवादरहस्य-पृष्ठ VII) ।

वस्तुतो द्रव्यवृत्तिचाक्षुषं प्रति चक्षुःसंयुक्तचाक्षुषवैशिष्ट्यस्यैव हेतुत्वम्, वैशिष्ट्यानभ्युपगमे तु महत्समवेतचाक्षुषं प्रति चक्षुःसंयुक्तचाक्षुषसमवायस्य द्रव्यवृत्त्यभावचाक्षुषं प्रति चक्षुःसंयुक्तचाक्षुषविशेषणतायाश्च हेतुत्वे गौरवात् ।

घटपटसंयोगादेः चाक्षुषं भवति न तु घटाकाशसंयोगादेरिति तदनुरोधेन पृथक्प्रतिबध्य-प्रतिबन्धकभावकल्पनापेक्षयैकेनानुगतरूपेण प्रतिबन्धकत्वे लाघवमिति लौकिकविषयतया **द्रव्यजात्यन्यचाक्षुषे** *तादात्म्यसम्बन्धेन* **महदुद्भूतरूपवद्भिन्नसमवेतत्वेन** *रूपेणैव* **प्रतिबन्धकत्वात्** । *महदुद्भूतरूपवद्भेदानधिकरणद्व्यणुकसमवेतस्योद्भूतरूपवतः रजसरेणोश्चाक्षुषत्वोपपत्तये प्रतिबध्यतावच्छेदककोटौ द्रव्यान्यत्वनिवेशः । महदुद्भूतरूपवद्भेदानधिकरणपरमाणुसमवेतस्य पार्थिवत्वादेः घटादौ चाक्षुषत्वोपपत्तये प्रतिबध्यतावच्छेदककोटौ जात्यन्यत्वप्रवेशः । चक्षुःपिशाचादिसमवेतरूपादिचाक्षुषपरिहाराय प्रतिबन्धकतावच्छेदककोटौ 'उद्भूते'ति रूपविशेषणं विधया गृहीतम् । उद्भूतरूपवत्परमाण्वादिसमवेतरूपादिचाक्षुषनिवारणकृते महादिति भेदप्रतियोगिविधया दर्शितम् । न च स्पर्शादिचाक्षुषपरिहाराय स्पर्शादीनां तादात्म्येन प्रतिबन्धकत्वे क्लृप्तेऽलमेतादृशप्रतिबध्य-प्रतिबन्धकभावकल्पनया, चक्षुःविशाचरूपादीनामपि तादात्म्येन चाक्षुषप्रतिबन्धकत्वकल्पनयैव तदचाक्षुषोपपत्तेरिति* **वक्तव्यम्,** *दर्शितप्र-*

નહિ, કારણ કે જાતિ નિત્ય હોવાથી તેનું કારણ જ કોઈ હોતું નથી તો સમવાયિકારણની તો શી વાત કરવી ? માટે ઘટાદિસમવેતનાશ પ્રત્યે કાલાવચ્છિન્નસ્વપ્રતિયોગિસમવેતત્વ સંબંધથી ઘટાદિનાશને કારણ માની શકાય છે. તો પણ જાતિમાં નાશ ઉત્પન્ન થવાની આપત્તિની કોઈ શક્યતા નથી રહેતી, કારણ કે જાતિ નિત્ય હોવાના લીધે કાલની અપેક્ષાએ નિરવચ્છિન્ન હોવાથી તેમાં કાલાવચ્છિન્નત્વવિશિષ્ટ સ્વપ્રતિયોગીસમવેત-ત્વ જ નથી રહેતું કાલાવચ્છિન્નસ્વપ્રતિયોગિસમવેતત્વ સંબંધથી ઘટાદિનાશ જાતિમાં રહેતો ન હોવાથી તેમાં સ્વપ્રતિયોગિતાસંબંધથી નાશોત્પત્તિની આપત્તિની કોઈ શક્યતા નથી રહેતી. દર્શિત કાર્યકારણભાવ આ રીતે નિર્દોષ હોવાથી કારણતા અવચ્છેદક સંબંધ વગેરેના ઘટકસ્વરૂપે સમવાયની સિદ્ધિ અનિવાર્ય છે.

❀ सत्त्वनिवेश लाघवथी उचित-स्याद्वादी ❀

ઉત્તરપક્ષ : न, उक्त. । વસ્તુસ્થિતિનો વિચાર કરવામાં આવે તો નૈયાયિકનું ઉપરોક્ત વક્તવ્ય પણ બરાબર નથી. આનું કારણ એ છે કે નાશકારણતાઅવચ્છેદક સંબંધમાં અકલૃપ્ત = અન્ય પ્રમાણથી અસિદ્ધ એવા સમવાયનો પ્રવેશ કરવાની અપેક્ષાએ પ્રમાણાન્તરસિદ્ધ એવા સત્ત્વનો નિવેશ જ ઉચિત છે. કારણ કે અતિરિક્ત સમવાયની કલ્પના પૂર્વોક્ત રીતે (જુઓ પુષ્ઠ ૨૨૯) અત્યંત ગૌરવગ્રસ્ત છે. માટે પ્રતિયોગિતા સંબંધથી ઘટાદિવૃત્તિપ્રતિયોગિક નાશ પ્રત્યે સ્વપ્રતિયોગવૃત્તિત્વવિશિષ્ટસત્તાવત્ત્વસંબંધથી જ ઘટાદિનાશને કારણ માનવો ઉચિત છે. આ કાર્યકારણભાવ પણ પૂર્વોક્ત રીતે નિર્દોષ છે. (જુઓ પૃષ્ઠ ૨૬૩) માટે સમવાયસિદ્ધિ થવી મુશ્કેલ છે.

❀ द्रव्य-जातिभिन्नविषयक चाक्षुषनी प्रतिबंधकताथी समवायसिद्धि-नैयायिक ❀

પૂર્વપક્ષ :- દ્રવ્ય અને જાતિથી ભિન્ન વસ્તુના ચાક્ષુષ પ્રત્યક્ષ પ્રત્યે મહત્ અને ઉદ્ભૂતરૂપાશ્રયથી ભિન્નમાં સમવેત પદાર્થ તાદાત્મ્ય સંબંધથી પ્રતિબંધ બને છે. આ પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ માનવો આવશ્યક છે, કારણ કે આવું માનવામાં ન આવે તો ચક્ષુઈન્દ્રિયગત

मन्दम्, **द्रव्यान्यसच्चाक्षुषत्वावच्छिन्नं प्रति महदुद्भूतरूपवद्भिन्नविशिष्टत्वेन तत्त्वसम्भवादित्यधिकं** स्याद्वादरहस्ये ।

भानुमती

तिबद्ध्य-प्रतिबन्धकभावानभ्युपगमे चक्षुःपिशाचाकाशादिगतानां रूप-सङ्ख्या-परिमाण-पृथक्त्व-संयोग-विभाग-कर्मादीनां यावतां गुणादीनामेवं चाक्षुषप्रतिबन्धकत्वकल्पने महागौरवात् । तदपेक्षयोपदर्शित - प्रतिबद्ध्य-प्रतिबन्धकभावकल्पने एव लाघवमिति प्रतिबन्धकतावच्छेदकधर्मघटकतया समवायसिद्धिरिति नैयायिकवक्तव्यं **तु मन्दं** *= मन्दबुद्धिप्रयुक्तम् । लौकिकविषयतया* **द्रव्यान्यसच्चाक्षुषत्वावच्छिन्नं प्रति** *तादात्म्येन* **महदुद्भूतरूपवद्भिन्नविशिष्टत्वेन तत्त्वसम्भवात्** *= प्रतिबन्धकत्वस्वीकारसम्भवात् । त्रसरेणुचाक्षुषोपपत्तये 'द्रव्यान्ये'ति । वायुवृत्तिरूपाभावचाक्षुषोपपत्तये प्रतिबद्ध्यतावच्छेदककोटौ सत्पदप्रवेशः । अतो न प्रतिबन्धकतावच्छेदककोटौ समवेतत्वनिवेशस्यावश्यकता । शेषन्तु पूर्वोक्तरीत्या भावनीयम् ।*

***अथ** यदि सम्बन्धसामान्येन सत्तावान् सत्पदार्थस्तदा पुनरपि वायुगतरूपाभावाद्यचाक्षुषापत्तेर्दुर्वारा, रूपाभावादेरपि व्यभिचारित्वादिसम्बन्धेन सत्ताविशिष्टत्वादिति समवायसम्बन्धेनैव सत्ताविशिष्टस्य सत्पदप्रतिपाद्यता स्वीकर्तव्येति समवायसिद्धिर्दुर्निगलेति* **चेत् । मैवम्,** *नञ्पदजन्यप्रतीत्यविषयस्यैव यदृच्छा समवायस्थानीयभावादिसाधारणेन वैशिष्ट्यसम्बन्धेन सत्ताविशिष्टस्यैव सत्पदार्थत्वसम्भवात् । **आलोककृतस्तु** समवायत्वं न जातिरिति वैशिष्ट्यात्यन्तनित्यसम्बन्धत्वेनैव तन्निर्वाच्यम् । तथा च सूतरां तथा कारणत्वे गौरवमिति (त.चिं.प्र.ख.आ.पृ. ६६१) वदन्ति ।*

***एतेन** —> प्रतिबन्धकतावच्छेदककोटौ प्रविष्टस्य विशेषत्वस्य येन केनचित्सम्बन्धेनोपादाने कालिकविशेषणतादिसम्बन्धेन महदुद्भूतरूपवद्भेदाङ्गीकारेऽपि त्रसरेण्वचाक्षुषापत्तेरिति स्वसमवायनिरूपितवृत्तित्वसम्बन्धेनैव तस्योपादेयतया समवायसिद्धिरित्यपि <— **प्रत्युक्तम्** स्ववैशिष्ट्य-तत्कालोभयनिरूपितवृत्तित्वसंसर्गेण तदविवक्षायां दोषाभावात् । वस्तुतस्त्वस्माकं न नैयायिकाभिमतः समवायो न वा मीमांसक-*

રૂપાદિવિષયક ચાક્ષુષ પ્રત્યક્ષની આપત્તિ આવશે. કેમ કે તે ચક્ષુસન્નિકૃષ્ટ પણ છે તથા તેમાં પણ ચાક્ષુષ પ્રત્યક્ષની સામગ્રી વિદ્યમાન છે. ઉપરોક્ત પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવને સ્વીકારવામાં આ આપત્તિને અવકાશ રહેતો નથી. કારણ કે ચક્ષુઆદિગત રૂપાદિ ઉદ્ભૂતરૂપવદ્ભિન્ન મહત્પદાર્થમાં સમવેત હોવાથી લૌકિકવિષયતા સંબંધથી ત્યાં ઉત્પન્ન થનાર ચક્ષુષ પ્રત્યક્ષ પ્રત્યે પ્રતિબંધક બનશે. અહીં એવો પ્રશ્ન ઉપસ્થિત થાય કે —> પ્રતિબધ્યતાઅવચ્છેદક ધર્મમાં દ્રવ્યાન્યત્વનો નિવેશ કરવાની શી આવશ્યકતા છે ? <— તો તેનું સમાધાન એ છે કે જો પ્રતિબધ્યતા અવચ્છેદક કોટિમાં દ્રવ્યાન્યત્વનો નિવેશ કરવામાં ન આવે તો ત્રસરેણુનું ચાક્ષુષ પ્રત્યક્ષ પણ પ્રતિબધ્ય બની જશે, કારણ કે ત્રસરેણુ પણ મહદુદ્ભૂતરૂપવદ્ભિન્નમાં સમવેત હોય છે. તથા પ્રતિબંધકતા અવચ્છેદ કોટિમાં સમવેતત્વનો પ્રવેશ કરવાના બદલે વૃત્તિત્વનો પ્રવેશ કરવામાં આવે તો વાયુમાં રૂપાભાવનું પ્રત્યક્ષ થઈ નહિ શકે, કારણ કે તે પણ મહદુદ્ભૂતરૂપવદ્ભિન્નમાં વૃત્તિ છે. જો રૂપના વિશેષણરૂપે ઉદ્ભૂતત્વનો પ્રવેશ કરવામાં ન આવે તો ચક્ષુ વગેરેના રૂપના પ્રત્યક્ષનો પ્રતિબંધ ન થઈ શકે, કારણ કે તે રૂપવદ્ભિન્નમાં સમવેત નથી. આમ આ પ્રતિબધ્ય-પ્રતિબંધકભાવ નિર્દોષ હોવાથી તેનો સ્વીકાર કરવો આવશ્યક છે. એના ફલસ્વરૂપે પ્રતિબન્ધકતાઅવચ્છેદક ધર્મના ઘટક તરીકે સમવાયની સિદ્ધિ થઈ જશે, કારણ કે સમવાયને માનવામાં ન આવે તો પ્રતિબંધકતા-અવચ્છેદક કોટિપ્રવિષ્ટ સમવેતત્વની વ્યાખ્યા જ થઈ નહીં શકે. સમવેતત્વનો અર્થ છે સમવાયસંબંધઅવચ્છિન્ની વૃત્તિત્વ. આમ સમવાય સ્વીકાર પ્રામાણિક છે - એવું સિદ્ધ થાય છે.

॥ प्रतिबंधकतामां समवेत पद अनावश्यक - जैन ॥

ઉત્તરપક્ષ : મન્દં । ભાગ્યશાળી ! આ કથન તો એકદમ મંદ = મંદબુદ્ધિપ્રયુક્ત છે. આનું કારણ એ છે કે દ્રવ્યાન્યસદ્વિષયક ચાક્ષુષ સાક્ષાત્કાર પ્રત્યે મહદુદ્ભૂતરૂપવદ્ભિન્નવિશિષ્ટને જ તાદાત્મ્યસંબંધથી પ્રતિબંધક માની શકાય છે. આ પ્રતિબંધ્ય - પ્રતિબંધકભાવ માનવાથી પણ ચક્ષુગત રૂપાદિના ચાક્ષુષ સાક્ષાત્કારની પ્રતિબધ્યતા સંભવી શકે છે. તથા વાયુમાં રહેલ રૂપાભાવનું ચાક્ષુષ પ્રત્યક્ષ પણ થઈ શકશે, કારણ કે વાયુગત રૂપાભાવ દ્રવ્યાન્ય હોવા છતાં સત્ = સત્તાવાન ન હોવાથી તદ્વિષયક ચાક્ષુષ પ્રતિબધ્યતાવચ્છેદકધર્મથી આક્રાન્ત નથી. માટે પ્રતિબંધકતાઅવચ્છેદક કોટિમાં સમવેતત્વનો નિવેશ કરવાની કોઈ જરૂર નથી. તેના સ્થાને વિશિષ્ટત્વ અથવા વૃત્તિત્વનો પ્રવેશ કરવામાં કોઈ દોષ નથી. માટે સમવાયસિદ્ધિની કોઈ શક્યતા નથી. આ વિષયમાં વધુ જાણકારી મેળવવા માટે વિજ્ઞ વાચકવર્ગને સ્વનિર્મિત સ્યાદ્વાદરહસ્ય (બૃહત્પરિમાણ) ગ્રંથ જોવાની મહોપાધ્યાયજી ભલામણ કરે છે.

ननु **तथापि वैशिष्ट्यमेवास्तु स्वरूपाणामननुगतत्वेनाऽनुगतबुद्ध्यनिर्वाहकत्वादिति** चेत् ? न, **वस्तुन एकानेकस्वभावत्वेन प्रकारांशे संसर्गांशे चानुवृत्ति-व्यावृत्तिक्षमत्वादेकस्य पितृ-पुत्रादिव्यवहारेण तत्त्वसिद्धेः । न च वासनाभेदादेकस्मादप्यनेकव्यवहारोपपत्तिः; तासामपि तन्निमित्तत्त्वात्, अन्यथा नीलात्पीतवासनाप्रसङ्गात् ।**

भानुमती

मात्वं वैशिष्ट्यं, कथंचिदनुगम-व्यावृत्तिमद्भिः स्वरूपैरेव तात्कार्यानिर्वाहादिति (पृ. VIII) व्यक्तं बृहत्परिमाण- ***स्याद्वादरहस्ये*** *।*

समवायः सभायां हि साम्प्रतं नैव राजते । बध्नन्नकक्षाः यतः सन्ति, जिनसमयवेदिनः ॥१॥

मीमांसकः शङ्कते —> ***ननु तथापि*** *निरुक्तरीत्या समवायानिराकरणेऽपि, गुण-गुण्यादीनामभावादिसाधारणं* ***वैशिष्ट्यमेवास्तु*** *सम्बन्धः,* ***स्वरूपाणां हि अननुगतत्वेन अनुगतबुद्ध्यनिर्वाहकत्वादिति चेत् ? न,*** *स्व-रूपाणामनुवृत्तस्वभावत्वस्यापि व्यावृत्तेस्तभावत्वस्यैवानपलपनीयत्वात् ;अनुवृत्तस्वभावमादायानुगतबुद्धिसम्भवात्,* ***वस्तुनः*** *स्वत एव* ***एकानेकस्वभावत्वेन प्रकारांशे*** *= रूपादिविशेषणांशे,* ***संसर्गांशे च*** *= गुण-गुण्यादिस-म्बन्धांशे च* ***अनुवृत्ति-व्यावृत्तिक्षमत्वात्*** *= ;अनुगत-व्यावृत्ताधी-तादृशव्यवहारजननसमर्थत्वात् । तदुक्तं* ***श्रीहेमचन्द्रसूरिवरैः अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिकायां —>*** *स्वतोऽनुवृत्ति-व्यावृत्तिभाजो भावा न भावान्तरनो-यरूपाः । परात्मतत्त्वादतथात्मतत्त्वात् वयं वदन्तोऽकुशलाः स्खलन्ति ।। (अन्ययो. द्वा. ४ कारिका) इति ।* ***न चैकस्यैव*** *वस्तुनः कथमेकानेकस्वभावत्वं, विरोधादिति* ***शङ्कनीयम्, एकस्य*** *;अपि देवदत्तस्य* ***पितृ-पुत्रादिव्यवहारेण तत्त्वसिद्धेः*** *= एकानेकस्वभावत्वसिद्धेः । चैत्रापेक्षातस्तत्पुत्राक्षया पितृव्यवहारविषयीभूतस्यैव देवदत्तस्य मैत्राख्यस्वापेक्षया पुत्रव्यवहारविषयत्वस्यैकदोपलम्भेनानेकस्वभावशालित्वं, ;अस्खलद्वृत्तेः; पर-स्परऽसम्पृक्तव्यवहारविषयत्वस्य तन्मूलस्य प्रतीतेस्वैकतत्तद्धर्मावच्छेद-ज्ञानीयप्रकारतारूपविषयत्वस्य च ना-नाविलक्षणस्वभावमन्तरेणानुपपतेर्देवदत्तस्यानेकस्वभावत्वं तथा बाल्यावस्थातो वार्धक्यदशापर्यन्तं 'देवदत्तो-ऽयमि'त्यनुगतधी-तादृशव्यवहारविषयत्वस्यैकस्वभावमन्तेऽनुपपतेर्देवदत्तस्यैकस्वभावत्वमपि स्वीकर्तव्यमेव ।* ***न च वासनाभेदात्*** *= पितृत्व-पुत्रत्वादिप्रकारकसंस्कारभेदात् एव* ***एकस्मादपि*** *= वस्तुन एकस्वभावत्वादपि* ***अनेकव्यवहारोपपत्तिः*** *= पितृ-पुत्रादिनानाशब्दप्रयोगसङ्गतेरिति नैकस्य वस्तुनोऽनेकस्वभावत्वसिद्धेरिति* ***व-क्तव्यम्, तासामपि*** *= विलक्षणवासनानामपि* ***तन्निमित्तत्वात्*** *= वस्तुगतैकस्वभावजन्यत्वात् 'तद्धेतोरस्तु किं तेन ?' इति न्यायेन वासनाङ्गीकारेऽपि न सङ्गतिमङ्गति । विपक्षबाधमाह —>* ***अन्यथा*** *= वस्तुन एकस्वभावादपि नानावासनाभ्युपगमे,* ***नीलात्*** *= नीलस्वभावात् **पीतवासनाप्रसङ्गात्*** *= पीतत्वप्रकारकवासनोदयापत्तेः ।*

❀ वैशिष्ट्यसंबंध अनावश्यक - स्याद्वादी ❀

ननु त.। અહીં મીમાંસક એવી દલિલ કરે છે કે —> ગુણ-ગુણી વગેરેમાં સમવાય સંબંધ ન સ્વીકારો તો પણ તે બે વચ્ચે વૈશિષ્ટ્યસંબંધ જ માનવો ઉચિત છે. સ્વરૂપસંબંધ માનવો અનુચિત છે, કારણ કે ગુણ-ગુણી વગેરેના સ્વરૂપો અનેક છે અને અનનુગત છે. તેથી અનનુગત એવા અનેક સ્વરૂપ દ્વારા ગુણ - ગુણી વગેરેમાં અનુગત બુદ્ધિનો નિર્વાહ નહિ થઈ શકે. <– પરંતુ આનું સમાધાન સ્યાદ્વાદી તરફથી એવું આપવામાં આવે છે કે સ્વરૂપો અનેક હોવા છતાં તેમાં વ્યાવૃત્તબુદ્ધિજનનસ્વભાવની જેમ અનુગતબુદ્ધિજનન સ્વભાવ પણ રહેલો છે. તેથી અનુગતબુદ્ધિજનનસ્વભાવની અપેક્ષાએ સ્વરૂપસંબંધ દ્વારા ગુણ-ગુણી વગેરેમાં અનુગત બુદ્ધિ ઉત્પન્ન થવામાં કોઈ દોષ નથી. વસ્તુ એક - અનેક સ્વભાવવાળી હોય છે. તેથી ગુણ વગેરે વિશેષણ અંશમાં તથા ગુણ - ગુણી વગેરેના સંબંધ અંશમાં અનુગતબુદ્ધિ અને વ્યાવૃત્તબુદ્ધિ ઉત્પન્ન કરવામાં તે સમર્થ છે. વસ્તુમાં એકસ્વભાવ અનેકસ્વભાવ હોવામાં વિરોધ વગેરે કોઈ દોષ નથી. વ્યવહારમાં પણ જોવા મળે છે કે મૈત્રના પુત્ર દેવદત્તમાં મૈત્રની અપેક્ષાએ પુત્રવ્યવહાર થાય છે. અને ચૈત્ર નામના સ્વ-પુત્રની અપેક્ષાએ તે જ દેવદત્તમાં પિતાનો વ્યવહાર થાય છે. પુત્રત્વપ્રકારકવ્યવહાર અને પિતૃત્વપ્રકારકવ્યવહાર એક જ દેવદત્તમાં થવાના લીધે દેવદત્તમાં પિતૃત્વસ્વભાવ અને પુત્રત્વસ્વભાવ માનવો આવશ્યક છે. બાલ્યદશા, યુવાઅવસ્થા, ઘડપણ વગેરે હાલતમાં પણ ' આ દેવદત્ત છે ' એવી અનુગતબુદ્ધિ દ્વારા દેવદત્તમાં એકસ્વભાવ પણ સિદ્ધ થાય છે. જેમ દેવદત્તમાં એક સ્વભાવ - અનેક સ્વભાવ પરસ્પર અવિરોધી છે. તેમ સર્વ વસ્તુમાં એક - અનેક સ્વભાવ પ્રામાણિક છે.

❀ વસ્તુમાં એક-અનેક સ્વભાવ સ્વીકાર આવશ્યક - જૈન ❀

न च वा.। અહીં એવી શંકા થાય કે —> વસ્તુનો એક જ સ્વભાવ હોવા છતાં વ્યવહાર કરનાર પુરુષોની વાસના = સંસ્કાર અલગ - અલગ હોવાથી વિભિન્ન વ્યવહાર એક જ વ્યક્તિમાં થઈ શકે છે. જેમ કે જે દેવદત્તને ચૈત્રના પિતા તરીકે ઓળખે છે તેમાં

तस्याऽतत्स्वभावत्वान्नैवमिति चेत् ? तर्हि एकस्याऽपरवासनाऽजनकत्वेऽपि तुल्या युक्तिः, अन्यथा तु वाङ्मात्रम्। न चैकस्यैव देवदत्तादेः पितृपुत्रादीनां स्वसन्तानगतमनस्कारलक्षणोपादानभेदनिबन्धना पुत्रादिवासनाप्रवृत्तिः; एकस्यानेकसहकारित्वायोगात्, अन्यथानेकस्वभावत्वप्रसङ्गात् । एकस्वभावत्वे चैकत्र फले परिनिष्ठितस्वभावात्ततः

भानुमती

अथ तस्य = नीलस्य ***अतत्स्वभावत्वात्*** = पीतवासनाऽजनकस्वभावत्वात् ***नैवं*** = न ततः पीतवासनाप्रसङ्ग इति चेत् ? ***तर्हि एकस्य*** एकस्वभावस्य ***अपरवासनाऽजनकत्वेऽपि*** = अनेकवासनाऽजनकत्वेऽपि ***तुल्या युक्तिः*** । यथा नीलस्य पीतत्वप्रकारकवासनाऽजनकत्वस्वभावस्तथैकस्वभावस्य देवदत्तस्य पितृपुत्रादिवासनाऽजनकस्वभाव इति न तत्र देवदत्तस्य पितृ-पुत्रादिव्यवहारभाजनत्वं स्यादित्यत्र युक्तेरपक्षपातः । विपक्षादण्डमाह —> ***अन्यथा*** = युक्तेस्तुल्यत्वेऽप्येकत्र यथा कल्पनं न तथाऽपरत्र कल्पनामिति ***तु वाङ्मात्रम्*** ।

बौद्धाशङ्कामपाकर्तुमावेदयति - ***न चेति*** । ***एकस्यैव*** = एकस्वभाववत एव ***देवदत्तादेः पितृ-पुत्रादीनां*** यथाक्रमं मैत्र-चैत्रादिभेदानां ***स्वसन्तानगत-मनस्कारलक्षणोपादानभेदनिबन्धना*** = स्वीयसन्तानेपतितः 'देवदत्तो मम पुत्रः', 'देवदत्तो मम पिता' इत्यादिज्ञानरूपो यो मनस्कारः तल्लक्षणोपादानवैशेषजन्या ***पुत्रादिवासनाप्रवृत्तिः*** = देवदत्तमुद्दिश्य पुत्रत्व-पितृत्वादिप्रकारकसंस्कारप्रवृत्तिः भवति । तत्र विषयविधया सहकारिकारणीभूतो देवदत्तस्त्वेकस्वभाव एव, मैत्र-चैत्रादिसन्तानभेदात्तं विषयीकृत्योपजायमानानामेतेषां भेदेनाविज्ञानालम्बन-नानाविलक्षणवासनोदयेऽप्यविरोधादिति सौगतानां भेदप्रायः ।

प्रकरणकारस्तमपाकरोति —> ***एकस्य*** = सर्वथैकस्वभावस्य देवदत्तादेः ***अनेकसहकारित्वाऽयोगात्*** = अनेकत्र तिमितत्वाऽसम्भवात्, येनैव स्वभावेन देवदत्तस्य मैत्रसन्तानान्तर्वर्तिपुत्रत्वप्रकारकविज्ञाने सहकारिता तेनैव स्वभावेन तस्य चैत्रीयसन्तानेपतितपितृत्वप्रकारकमनस्कारं प्रति सहकारिकारणत्वे विरोधात् पुत्रत्वप्रकारकविज्ञानसहकारित्व-पितृत्वप्रकारकज्ञानसहकारित्वलक्षणविरुद्धधर्माध्यासादेवदत्तभेदापतेः । एतदेवाह —> ***अन्यथा*** = देवदत्त स्यानेकसहकारित्वोपगमे ***अनेकस्वभावत्वप्रसङ्गात्*** । न चैतादृशमेकान्तवादिमते ।

अथास्तु तर्हि देवदत्तादेरेकस्वभावत्वमेतेति चेत् ? मैवम् ***एकस्वभावत्वे च*** = हि ***एकत्र फले परिनिष्ठितस्वभावात्*** = उपक्षीणस्वभावात् ***ततः*** एकस्वभावशालिनो देवदत्तादेः ***फलान्तरानुदयप्रसङ्गात्*** । ततश्च देवदत्तस्य पुत्रत्वप्रकारकविज्ञानसहकारिस्वभावत्वे पुत्रत्वगोचरमनस्कारोत्पादनो तत्स्वभावस्य चरितार्थत्वात् प्रसिद्धपितृत्वविषयकोपयोगलक्षणफलं प्रत्यप्रत्यलत्वेन तदनुदयापातात् । यदि च तस्य चैत्रसन्तानपतितपितृत्वप्रकारकमनस्कारसहकारिस्वभावत्वं तर्हि तदुत्पादनो तत्स्वभावस्योपक्षयात् मैत्रीयसन्तानेगतपुत्रत्वप्रकारकविज्ञानलक्षणप्रसिद्धफलानुत्पादप्रसक्तेः ततश्च सार्वलौकिकस्वारसिकप्रतीतिव्यवहारविलोपाभेदः देवदत्तादेः सर्व-

---

પિતૃત્વપ્રકારક સંસ્કાર હોવાથી તે ચૈત્રના પિતા તરીકે દેવદત્તનો વ્યવહાર કરે છે. તથા જે વ્યક્તિ દેવદત્તને મૈત્રના પુત્ર તરીકે ઓળખે છે તે વ્યક્તિમાં પુત્રત્વ પ્રકારક સંસ્કાર હોવાના લીધે તે મૈત્રના પુત્ર તરીકે દેવદત્તનો વ્યવહાર કરે છે.આમ વ્યવહર્તા પુરુષના વિભિન્ન સંસ્કારના લીધે એક જ વ્યક્તિમાં વિભિન્ન વ્યવહાર સંભવી શકે છે. માટે વિભિન્ન વ્યવહારના લીધે એક વસ્તુમાં અનેકસ્વભાવનો સ્વીકાર અનાવશ્યક છે. <— તો તે નિરાધાર હોવાનું કારણ એ છે કે વિભિન્નપ્રકારક વાસનાઓ ઉત્પન્ન થવાનું પણ કારણ વસ્તુનો અનેક સ્વભાવ છે. જો દેવદત્તમાં પુત્રત્વ - પિતૃત્વસ્વભાવ ન હોય તો પુત્રત્વપ્રકારક - પિતૃત્વપ્રકારક વાસના પણ ઉત્પન્ન થઈ ન શકે. વસ્તુ એક સ્વભાવવાળી હોવા છતાં જો તેનાથી વિભિન્ન પ્રકારની વાસના = સંસ્કાર ઉત્પન્ન થઈ શકે તો નીલ પદાર્થથી પીતત્વપ્રકારક વાસના પણ ઉત્પન્ન થવાની આપત્તિ આવે. 'નીલપદાર્થ પીતત્વપ્રકારક વાસનાના અજનક સ્વભાવવાળો હોવાથી તેના દ્વારા પીતત્વપ્રકારક વાસના ઉત્પન્ન થતી નથી' એવું માનવામાં આવે તો તુલ્ય યુક્તિથી એવું પણ કહી શકાય છે. એકસ્વભાવવાળી વસ્તુ અપરપ્રકારક વાસનાના અજનક સ્વભાવવાળી હોવાથી તેના દ્વારા અપરપ્રકારક વાસના = સંસ્કાર ઉત્પન્ન ન થઈ શકે. અર્થાત્ માત્ર પિતૃત્વસ્વભાવવાળો દેવદત્ત પુત્રત્વપ્રકારકવાસનાના અજનકસ્વભાવવાળો સિદ્ધ થવાથી તેના દ્વારા પુત્રત્વપ્રકારકવાસના પણ ઉત્પન્ન થઈ ન શકે. યુક્તિ તો બન્ને ઠેકાણે સમાન જ છે. છતાં નીલને પીતવાસનાઅજનકસ્વભાવવાળો માનવામાં આવે અને પિતૃત્વમાત્રસ્વભાવવાળા દેવદત્તને પુત્રત્વપ્રકારક વાસનાના અજનક સ્વભાવવાળો માનવામાં ન આવે- તે યુક્તિશૂન્ય વચન છે કે જે વિદ્વાન દ્વારા ગ્રાહ્ય બની શકતું નથી.

❀ એકાંતવાદમાં પિતા-પુત્રાદિવાસના અસંભવ - જૈન ❀

न चैक.। અહીં એકાંતવાદી દ્વારા એવી દલિલ કરવામાં આવે છે કે —> દેવદત્ત તો એકસ્વભાવવાળો જ છે, પરંતુ દેવદત્તના પિતા મૈત્રને સ્વસંતાનગત મનસ્કાર અર્થાત્ 'દેવદત્ત મારો પુત્ર છે' આવા ઉપયોગ = જ્ઞાનવિશેષના કારણે દેવદત્તમાં પુત્રત્વપ્રકારક વાસના પ્રવર્તે છે. દેવદત્તનેમાં માત્ર વિષયવિધયા સહકારી કારણ બને છે. તથા દેવદત્તના પુત્ર ચૈત્રને સ્વસંતાનગત = ચૈત્રીયજ્ઞાનપ્રવાહપતિત 'દેવદત્ત મારા પિતા છે' આવા જ્ઞાનવિશેષના લીધે દેવદત્તમાં પિતૃત્વપ્રકારક વાસના પ્રવર્તે છે. દેવદત્ત તેમાં

फलान्तरानुदयप्रसङ्गात् । अनेककार्यकरणैकस्वभावस्य च नामान्तरमात्रविवादपर्यवसायित्वात् । न चानेकस्यैकस्वभावत्वे विश्वैकरूप्यप्रसङ्गः, सत्त्वादिना तदिष्टेः, घटत्वादिना त्वनेकस्वभावत्वादेवेति सूक्ष्मधिया पर्यालोचनीयम् । तदेवमतिरिक्तसम्बन्धाभावाद्भेदाभेद एव गुण-गुण्यादिसम्बन्धः ।

एकान्ताभेदेऽन्धस्य घटज्ञाने तद्रूपस्यापि ज्ञानप्रसङ्गः, एकान्तभेदे चावयवगुरुत्वादवयविगुरुत्वोत्कर्षप्रसङ्गः,

भानुमती

र्थैकस्वभावत्वाभ्युपगमस्त्याज्य एव । ततश्च पारिशेषात् देवदत्तादेरेकानेकस्वभावत्वसिद्धिरनाविलेति स्यादवादिनामाकूतम् ।

***ननु** देवदत्तादेर्नानेकस्वभावत्वं किन्त्वनेककार्यकरणैकस्वभाव एवेति न फलान्तरानुदयापत्तेर्न वाऽस्मदाभिमतैकान्तैकस्वभावासिद्धान्तभङ्ग इति **चेत् ? मैवम्, अनेककार्यकरणैकस्वभावस्य** = पितृत्वपुत्रत्वादिनानाधी-व्यवहारजननैकस्वभावाभ्युपगमस्य **च नामान्तरमात्रविवादपर्यवसायित्वात्** न त्वर्थभेदापेक्षप्रतिपत्तिपर्यवसायित्वम्, नानाकार्याणां सर्वथैकस्वभावेनैव करणे एककार्यकरणदशायां सर्वेषामेव तत्कार्याणामुत्पादप्रसङ्गात् अनेकत्वानुविद्धैकस्वभावादेवानेककार्यजननसम्भव इति देवदत्तादेरेकानेकस्वभावोऽनाविलेन एव। **न चानेकस्य** = वस्तुमात्रस्य **एकस्वभावत्वे** = अनेकत्वानुविद्धैकस्वभावत्वस्वीकारे एकानेकस्वभावत्वोपगमे **विश्वैकरूप्यप्रसङ्गः** = वस्तुमात्रसरूप्यापत्तेरित्यारेकणीयम्, **सत्त्वादिना** = पदार्थत्वादिना तत्तद्वस्तुमात्रव्यापकधर्मेण **तदिष्टेः** = विश्वैकरूप्यस्यैषत्वात्, **घटत्वादिना** प्रतीतिस्वेकधर्मेण **तु** घट - पटादीनां **अनेकस्वभावत्वादेव** नानास्वभावाङ्गीकारादेव नैकान्ताद्वैतवादिमतापात **इति सूक्ष्मधिया पर्यालोचनीयम् । तदेवं** निरुक्तरीत्या **अतिरिक्तसम्बन्धाभावात्** = समवायाद्यवान्तरसम्बन्धस्याऽयुक्तिमत्त्वात् **भेदाभेदः** = भेदसंसर्गिताऽभेद **एव गुण-गुण्यादिसम्बन्धः** सिध्यति ।*

*किञ्च गुण-गुण्यादीनां **एकान्ताभेदे** स्वीक्रियमाणे 'घटः कुम्भः' इतिवत् 'नीलो घटः' इति सहप्रयोगो न स्यात्, अन्धस्य **घटज्ञाने** = घटगोचरस्पार्शनादौ सति **तद्रूपस्यापि** = घटीयरूपस्यापि ज्ञानप्रसङ्गः, रूपाऽग्रहवत् घटाग्रहोऽपि वा स्यात्, महारजतस्खते घटगृहतकनीलग्रहः नीलाग्रहवत् घटाग्रहोऽपि वा भवेत्, 'घटमान-*

પણ માત્ર વિષયવિધયા સહકારી કારણ બને છે. પરંતુ આનો અર્થ એવો નથી કે એક જ દેવદત્ત પિતા-પુત્રઉભયસ્વભાવવાળો છે. દેવદત્ત વગેરે વસ્તુતઃ જ્ઞાનપ્રવાહધારાસ્વરૂપ જ છે તેનાથી ભિન્ન નથી. આ વાત અહીં ખ્યાલમાં રાખવી જરૂરી છે. <— પરંતુ આ દલિલ એકાંતવાદ મુજબ નિરાધાર બની જાય છે, કારણ કે એક વસ્તુ અનેકની સહકારી બની શકતી નથી. એક સ્વભાવવાળા દેવદત્તને ચૈત્રીયસંતાન અને મૈત્રીયસંતાન બન્નેના ઉપયોગ પ્રત્યે સહકારીકારણ માની ન શકાય, કારણ કે જે સ્વભાવથી દેવદત્ત ચૈત્રીયસન્તાનગત પિતૃત્વપ્રકારક મનસ્કાર પ્રત્યે સહકારીકારણ બને છે તે જ સ્વભાવથી દેવદત્ત મૈત્રીયસન્તાનવર્તી પુત્રત્વપ્રકારક મનસ્કાર = જ્ઞાનવિશેષ પ્રત્યે સહકારી કારણ બને તો વિરોધ આવે. તેથી જો દેવદત્તને ચૈત્રસંતાનઅન્તર્ગત આભોગવિશેષ અને મૈત્રસંતનિગત ઉપયોગવિશેષ બન્ને પ્રત્યે સહકારીકારણ માનવામાં આવે તો દેવદત્તને સ્વયં અનેકસ્વભાવવાળો માનવાનો પ્રસંગ આવશે કે જેને એકાંતવાદી સ્વીકારી નહિ શકે. છતાં જો ઋતિવાદી તરફથી એમ કહેવામાં આવે કે —> દેવદત્તનો એક જ સ્વભાવ છે. <— તો અમે પૂછીએ છીએ કે દેવદત્તનો પુત્રત્વપ્રકારક જ્ઞાન ઉત્પન્ન કરવાનો સ્વભાવ હશે તો પુત્રત્વપ્રકારક બુદ્ધિને ઉત્પન્ન કરવામાં દેવદત્તનો સ્વભાવ ઉપક્ષીણ = ચરિતાર્થ = પરિનિષ્ઠિત = સમાપ્ત થઈ ગયો હોવાથી તેના દ્વારા પિતૃત્વપ્રકારક બુદ્ધિસ્વરૂપ ફલનો ઉદય નહિ થઈ શકે. જો દેવદત્તનો પિતૃત્વપ્રકારક જ્ઞાન ઉત્પન્ન કરવાનો સ્વભાવ હશે તો પિતૃત્વપ્રકારક બુદ્ધિને ઉત્પન્ન કરવામાં દેવદત્તનો સ્વભાવ ચરિતાર્થ થઈ ગયો હોવાથી તેના દ્વારા પુત્રત્વપ્રકારક જ્ઞાનસ્વરૂપ ફલનો જન્મ નહિ થઈ શકે. માટે દેવદત્તનો સર્વથા એક સ્વભાવ માનવો યોગ્ય નથી. પુત્રત્વપ્રકારક બુદ્ધિ, પિતૃત્વપ્રકારક બુદ્ધિ વગેરે અનેક કાર્ય કરવાનો એક સ્વભાવ માનવામાં આવે તો તો માત્ર નામમાં જ વિવાદ ફલિત થશે. અર્થતઃ કોઈ વિવાદ નહિ રહે. સર્વથા એકસ્વભાવ દ્વારા અનેક કાર્યજન્મ શક્ય જ નથી. તેથી અનેક કાર્ય કરવાનો એક સ્વભાવ સ્વીકૃતમાં વસ્તુના એકાનેકસ્વભાવમાં જ ફલિત થાય છે. જે અમને પણ માન્ય છે. અહીં એવી શંકા થાય કે —> જો આ રીતે અનેકને = સર્વ વસ્તુને એકસ્વભાવવાળી અર્થાત્ અનેકત્વાનુવિદ્ધએકસ્વભાવવાળી = એકાનેક સ્વભાવવાળી માનવામાં આવે તો વિશ્વ એકસ્વરૂપ બની જશે <— તો એનું સમાધાન એ છે કે સત્ત્વ અર્થાત્ પદાર્થત્વ વગેરે વ્યાપક ધર્મની અપેક્ષાએ સર્વવસ્તુમાં એકસ્વરૂપતા = ઐક્ય અમને = સ્યાદ્વાદીને ઈષ્ટ જ છે. ઘટ, પટ વગેરે પણ પદાર્થત્વ, પ્રમેયત્વ વગેરે ધર્મની અપેક્ષાએ એકસ્વરૂપ જ છે. તેમ જ ઘટત્વ, પટત્વાદિરૂપે તેમાં અનેકસ્વભાવતા જ રહેલી છે. માટે એકાંત દ્વૈતમતમાં પ્રવેશ થવાની આપત્તિને અવકાશ નથી રહેતો. આ વાત સૂક્ષ્મ રીતે વિચારવા યોગ્ય છે. એવી શ્રીમદ્જીએ મૂળ ગ્રન્થમાં સૂચના કરેલી છે. આ રીતે સમવાય વગેરે અતિરિક્ત સંબંધ પ્રમાણથી સિદ્ધ ન હોવાથી ગુણ - ગુણી વગેરેમાં ભેદાભેદસંબંધ જ સિદ્ધ થાય છે.

🕉 એકાંત ભેદ અથવા એકાંત અભેદ દોષગ્રસ્ત - જૈન 🕉

એકાંતવાદી બીજી વાત એ પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે જો ગુણ-ગુણી અવયવી - અવયવ વગેરેમાં પરસ્પર ભેદાભેદ

अवयविगुरुत्वात्यन्तापकर्षस्यावयवगुरुत्वात्यन्तापकर्षाधीनत्वेनावयविन्यत्यन्तापकृष्टमेव गुरुत्वमिति नैयायिकप्रवादस्याऽन्याय्यत्वात् । अनन्यगत्या समवायेन तत्तदवयवगुरुत्वात्यन्तापकृष्टगुरुत्वे तत्तदवयवित्वादिना हेतुत्वेऽतिगौरवात् ।

भानुमती

ये'त्युक्ते यत्किञ्चिन्नीलमानयेत् । 'अघट घटः' इतिवत् 'अनीलो घट' इति विरुध्येत, नील-घटयोरेकान्ताभेदात् । अग्निसंयोगादेकत्र श्यामरक्तयोर्विनाशोत्पादे घटस्य तौ स्याताम्, घटसत्त्वे वा तयोरपि न स्याताम् । एवमवयवावयविनोरेकान्ताभेदे शरीराच्छादनादिकार्यं पटादेव प्रत्येकं तन्तुभ्योऽपि जायेत, अवयवबहुत्वादवयविन्यपि बहुत्वं व्यवहियेत अवयविन एकत्वादवयवानामपि वैकत्वं प्रसज्येत । तथा च पटमुद्दिश्य 'एते तन्तवः' इति प्रयोगो यदा वा तन्तून्मुद्दिश्य 'अयमेकः तन्तुः' इति प्रयोगो वा सम्यक् स्यात् । एवं क्रिया-क्रियावतोरेकान्ताभेदे सर्वदैव क्रियाऽऽविष्टमेव द्रव्यमुपलभ्येत क्रियानाशे वा द्रव्यमपि विनश्येत् । एवं जाति-जातिमतोस्सर्वथाऽभेदे जातेरिव व्यक्तेरपि नित्यत्वं स्यात् घटत्वेरिव घटत्वादेरपि वाऽनित्यत्वं प्रसज्येत । गुण-गुण्यादीनां मवयवाऽवयव्यादीनां च **एकान्तभेदे** *= सर्वथाभेदेऽभ्युपगम्यमाने च 'घटः पट' इतिवत् 'नीलः पट' इति सामानाधिकरण्यं न स्यात्,* **अवयवगुरुत्वात्** *= अवयवगतगुरुत्वपेक्ष्य* **अवयविगुरुत्वोत्कर्षप्रसङ्गः** *= अवयविनि विशिष्य गुरुत्वमुत्कृष्येत । तथा चानारब्धपटादीनां तन्त्वादीनां गुरुत्वैः यादृशं तुलोन्नमनादि कार्यं भवति ततो विशिष्टतरं तुलोन्नमनादिकमवयविगुरुत्वं जनयेत्, अवयविनि तुलायामधिरूढेऽवयवानामपि तुलायामधिरूढत्वात् ।* **न चावयविनि** *तुलोन्नमनादिकार्यकरणाऽक्षममेव गुरुत्वमुपजायत इति नायं दोष इति* **वाच्यम्,** *प्रत्येकं महदवयवसमारब्धेऽवयविनि महत्तरत्ववत् प्रत्येकं गुरुत्वशाल्यवयवारब्धेऽवयविनि गुरुतरत्वस्यापि व्याप्यत्वात् ।* **न च** *अवयवगुणानामवयविनि स्वसमानजातीयोत्कृष्टगुणजनकत्वनियमेन प्रत्येक विशिष्टतुलोन्नमनादिकार्यकरणशीलापकृष्टगुरुत्वशाल्यवयवेभ्योऽवयविना आरब्धत्वात्* **अवयविगुरुत्वात्यन्तापकर्षस्य अवयवगुरुत्वात्यन्तापकर्षाधीनत्वेन अवयविनि** *पटादौ* **अत्यन्तापकृष्टमेव** *विशिष्यतुलोन्नमनादिकार्यकरणाऽक्षममेव* **गुरुत्वं** *जायते इति नायं दोष* **इति वाच्यम्,** *एतादृशस्य* **नैयायिकप्रवादस्य अन्याय्यत्वात्** *= युक्तिरिक्तत्वात्, महत्त्वशून्यद्व्यणुकारब्धे त्रसरेणौ महत्त्वानापत्तेः । ततश्चावयविगुणानामवयवगुणसाजात्यमेवेत्येकान्तो न कान्तः ।*

ननु *त्रसरेणुपरिमाणं प्रति नावयवपरिमाणस्य कारणत्वं किन्त्ववयवगतसंख्यायाः एव, एवमेव प्रकृतेऽपि* **अनन्यगत्या** *= प्रकारान्तरविरहेण* **समवायेन तत्तदवयवगुरुत्वात्यन्तापकृष्टगुरुत्वे** *= तत्तदवयवगतगुरुत्वापेक्षयाऽपकृष्टं यद् गुरुत्वं तत्प्रति* **तत्तदवयवित्वादिना** *विशिष्य कारणत्वमिति नायं दोष इति कार्यतावच्छेदकसम्बन्धविधया समवायसिद्धेरिति* **चेत्** *?* **मैवम्,** *तादृशानुगते* **हेतुत्वे** *स्वीक्रियमाणे* **अतिगौरवात्**

= ભેદમિશ્રિતઅભેદ માનવાના બદલે એકાંતે અભેદનો જ સ્વીકાર કરવામાં આવે તો અંધ વ્યક્તિને ઘટનું જ્ઞાન થતાં ઘટના રૂપનું પણ ભાન થઈ જશે, કારણ કે 'ઘટ અને રૂપ સર્વથા અભિન્ન છે' આ પક્ષ સ્વીકારવામાં આવેલ છે. અથવા તો અંધ પુરુષને જેમ રૂપનું ભાન થતું નથી તેમ ઘટનું પણ ભાન નહિ થાય. જો અવયવ - અવયવી વગેરેમાં સર્વથા ભેદ માનવામાં આવે તો જ્યારે તંતુ છૂટા છવાયા હોય અને તેનો જેટલો ભાર (=ગુરુત્વ) હોય તેના કરતાં અવયવીનું ગુરુત્વ ઉત્કૃષ્ટ બનવાની આપત્તિ આવશે. આશય એ છે કે ૧૦૦ તંતુનિર્મિત પટ જ્યારે ત્રાજવામાં મૂકીને તેનું વજન માપવામાં આવે ત્યારે પૂર્વે છૂટા છવાયાં તંતુના વજન = ભાર = ગુરુત્વ કરતાં ત્રાજવામાં વધુ વજન થવું જોઈએ, કારણ કે પટને જ્યારે ત્રાજવામાં મૂકવામાં આવે ત્યારે ૧૦૦ તંતુ પણ તેની સાથે જ રહેલા છે. તેથી પૂર્વે જોખેલા અવયવસ્વરૂપ ૧૦૦ તંતુના વજન કરતાં હવે ભારમાં = ગુરુત્વમાં વધારો થવો જોઈએ. ૧૦૦ તંતુનો ભાર + પટનો ભાર = ૧૦૦ તંતુનો ભાર-આ સમીકરણ તો અનુચિત જ કહેવાય. જો પૂર્વકાલીન ૧૦૦ તંતુના વજન કરતાં ઉત્તરકાલીન ૧૦૦તંતુક પટનો ભાર વધુ (=ઉત્કૃષ્ટ) હોય તો ત્રાજવાનું પલ્લું પહેલાં કરતાં વધારે નમવું જોઈએ. પરંતુ આવું થતું નથી. હકીકત એવી છે કે છૂટાછવાયાં ૧૦૦ તંતુનું વજન અને ૧૦૦ તંતુનિર્મિત પટનું વજન એકસરખું જ જણાય છે. માટે અવયવીને અવયવોથી સર્વથા ભિન્ન માનવો પણ યોગ્ય નથી. અહીં એકાંતવાદી નૈયાયિક તરફથી એવો બચાવ કરવામાં આવે છે કે —> અવયવગત ગુણ સ્વસજાતીય ઉત્કૃષ્ટ ગુણના અવયવીમાં ઉત્પાદક બનતા હોય છે. આ નિયમને અનુસારે અવયવીમાં અપકૃષ્ટ (ત્રાજવના પલ્લાને વિશેષ રીતે નમાવવામાં અસમર્થ એવું) ગુરુત્વ ઉત્પન્ન થાય છે, કારણ કે અવયવીગુરુત્વ પ્રત્યે અવયવગુરુત્વ અસમવાયિકારણ હોય છે અને પ્રત્યેક અવયવમાં અપકૃષ્ટ ગુરુત્વ હોય છે. આમ અવયવીગત અપકૃષ્ટ ગુરુત્વ અવયવગત અપકૃષ્ટ ગુરુત્વને આધીન હોવાના લીધે અવયવીમાં અપકૃષ્ટ ગુરુત્વ ઉત્પન્ન થવાથી જ્યારે ત્રાજવાના પલ્લામાં અવયવીને મૂકવામાં આવે ત્યારે છૂટા-છવાયાં અવયવના સમુદાય દ્વારા થતા તુલાનમન વગેરે કાર્ય કરતાં વિશિષ્ટ તુલાનમનાદિ કાર્ય થતું નથી <— પરંતુ અવયવગત ગુણ અવયવીમાં સ્વસજાતીય ઉત્કૃષ્ટ ગુણના ઉત્પાદક હોય છે- આવો નૈયાયિકપ્રવાદ ન્યાયસંગત નથી. દ્વયણુકમાં મહત્ત્વ ન હોવા છતાં ત્રસરેણુમાં મહત્ત્વ ઉત્પન્ન થાય છે. દ્વયણુકમાં અપકૃષ્ટ પરિમાણ હોવા છતાં ત્રસરેણુમાં ઉત્કૃષ્ટ પરિમાણ = મહત્પરિમાણ ઉત્પન્ન થતું હોવાના લીધે અવયવીગુણ અવયવગુણસજાતીય

किञ्चात्यन्तभिन्नाऽभिन्नाभ्यां व्यावृत्तं सामानाधिकरण्यमपि भेदाभेदे प्रमाणम्, भेदाभेदोभयत्वेन साध्यत्वे साध्याऽप्रसिद्धेरभावात् ।

उभयत्वमपि एकविशिष्टाऽपरत्वमेवेति चेत् ? न, अविशिष्टयोरपि गोत्वाश्वत्वयोरुभयत्वप्रत्ययात् ।

भानुमती

*कथञ्चिद्भेदाभेद एवावयवावयव्यादीनामङ्गीकर्तव्य इति स्याद्वादिनामभिप्रायः । **किञ्च** 'घटस्य शुक्लं रूपं', 'शुक्लो घटः' इति प्रत्यक्षमेव गुणगुण्यादीनां भेदाभेदे प्रमाणम् । अथोभयसिद्धभेदे सामानाधिकरण्यधीरभेदे प्रमाणम् यद्वाऽत्यन्तभेदे भेदे वा न सामानाधिकरण्यं, गुण-गुण्यादीनां एकान्ताभेदे 'घटः कुम्भः' इतिवत् 'नीलो घटः' इति प्रयोगो न स्यात्, एकान्तभेदे च 'घटः पटः' इतिवत् 'नीलो घटः' इति प्रयोगो न स्यादिति **अत्यन्तभिन्नाऽभिन्नाभ्यां** = एकान्तभेदादेकान्ताभेदाच्च **व्यावृत्तं सामानाधिकरण्यं** = समानविभक्तिपदप्रयोगः **अपि** गुणगुण्यादीनां **भेदाभेदे** = भेदान्वितेच्छाभेदे **प्रमाणम्** । प्रयोगस्त्वेवम् - गुण-गुण्यादीनां मिथो भेदाभेदः एकान्ताभेदाभेद-व्यावृत्तसामानाधिकरण्यावैषम्यात्, यद्वा सामानाधिकरण्यान्यथानुपपत्तेरिति । यद्यैवं तद्यैवं यथा घटपटादिकम् । **न च** भेदसंवलितेतराभेदस्य **साध्यत्वेऽप्रसिद्धेः**, तस्य कुत्राऽप्यनुपलब्धेरिति **वाच्यम् भेदाभेदोभयत्वेन** रूपेण **साध्यत्वे साध्याऽप्रसिद्धेरभावात्** भेदस्य घट-पटादौ अभेदस्य च स्तम्भेऽप्रसिद्धेः तदुभयरूपेण साध्यतायां सिद्धायां स्याद्वादिसम्मतस्य भेदसंवलितेतराभेदस्य सिद्धेरित्याकूतम् ।*

***ननु उभयत्वमपि एकविशिष्टापरत्वमेवेति** भेदातिरिक्तविशेषणाभेदत्वस्यैव साध्यतावच्छेदकत्वप्राप्तौ पुनरप्यप्रसिद्धिस्तदवस्थैवेति **चेत् ? न,** सामानाधिकरण्यसम्बन्धेन **अविशिष्टयोरपि गोत्वाश्वत्वयोः अपि** 'अनयोर्गोत्वाश्वत्वोर्भिन्नम्'इत्येवंरूपेण **उभयत्वप्रत्ययात्** = उभयत्वप्रकारकप्रतीत्यनुभवात् तस्मादतिरिक्तत्वमेवास्थेयम् । तदुक्तं **सिद्धान्तलक्षणदीधितौ** अपि --> उभयत्वं हि न तिरोविशेषत्वादतिरिक्तम्, न वा तदतिरिक्तेच्छाभावात्-स्यादवाच्चेच्छाभावात्, तिरोविशेषत्वेऽपि घटत्व-पटत्वयोरुभयत्वस्य, उभयत्वेन तदभावस्य च प्रत्यक्षसिद्धत्वात् <-- (सि.ल. दी.पृ. ८४) इति । अत एव उभयत्वमेकतिरोविशेषापरत्वमिति तिरोविशेषाभावे तिरोनिगमनातिरेक इत्युक्तावपि न क्षतिः, अतिरिक्तस्यैवोभयत्वस्योपगमात् । ततश्च भेदाभेदप्रतीतिरुभयत्वप्रकारेण भवितुमर्हत्येतेनालोकवत्तावयवावयव्यादीनामभिप्रायः ।*

જ હોય તેવો નિયમ બનાવી શકાતો નથી. માટે --> અવયવમાં અપકૃષ્ટ ગુરુત્વ હોવાથી અવયવીમાં અપકૃષ્ટ ગુરુત્વ ઉત્પન્ન થાય છે, કારણ કે અવયવીગત અપકૃષ્ટ ગુરુત્વ અવયવગત અપકૃષ્ટ ગુરુત્વને આધીન છે. <-- આ નૈયાયિક માન્યતા સ્વીકારી શકાય તેમ નથી. જો નૈયાયિક એમ કહે કે --> તે તે અવયવના ગુરુત્વની અપેક્ષાએ અપકૃષ્ટ એવા ગુરુત્વ પ્રત્યે તે તે અવયવી આદિ તત્તદવયવિત્વ આદિરૂપે કારણ છે, કારણ કે બીજો કોઈ ઉપાય નથી. કાર્યતાઅવચ્છેદકસંબંધ સમવાયસંબંધ હોવાથી આ કાર્યકારણભાવથી સમવાયની સિદ્ધિ થશે. <-- તો તે બરાબર ન હોવાનું કારણ એ છે કે આ રીતે તો તે તે અવયવી વગેરેના ભેદથી કાર્યકારણભાવ બદલી જતાં અનંત કાર્યકારણભાવની કલ્પના કરવાનું મહાગૌરવ આવશે. આના કરતાં તો અવયવ-અવયવી વગેરેમાં ભેદાભેદ = ભેદસંવલિતઅભેદ સંબંધ જ માનવો ઉચિત છે.

❋ અવયવ-અવયવી વગેરેમાં ભેદાભેદસિદ્ધિ - જૈન ❋

કિઞ્ચ० । વળી, બીજી વાત એ છે કે જો ગુણ અને ગુણી, અવયવ અને અવયવી વગેરેમાં એકાંતે ભેદ હોય તો જેમ 'घटः पटः' એવો પ્રયોગ થતો નથી તેમ 'नीलो घटः' એવો પ્રયોગ નહિ થઈ શકે. તથા ગુણ-ગુણી વગેરેમાં જો એકાંતે અભેદ હોય તો 'घटः कुम्भः' એવો પ્રયોગ નથી થતો તેમ 'नीलो घटः' એવો પ્રયોગ નહિ થઈ શકે. ગુણ-ગુણીવાચક પદમાં આ રીતે જે સામાનાધિકરણ્ય = સમાનવિભક્તિપ્રયોગ થાય છે તેનાથી પણ સિદ્ધ થાય છે કે ગુણ-ગુણી વગેરેમાં ભેદયુક્તઅભેદ સંબંધ છે, કારણ કે ઉપરોક્ત રીતે એકાંતે ભિન્ન કે એકાંતે અભિન્ન પદાર્થના વાચક શબ્દોમાં સમાન વિભક્તિનો પ્રયોગ થતો નથી. પ્રસ્તુતમાં અનુમાનપ્રયોગ અથવા અર્થાપત્તિ પ્રમાણનો પ્રયોગ એવો થઈ શકે છે કે ગુણી-ગુણી વગેરે પરસ્પર ભિન્નાભિન્ન છે, કારણ કે સામાનાધિકરણ્ય અન્યથા અનુપપન્ન બને છે. ભેદસંવલિતઅભેદત્વરૂપે સાધ્યતા સ્વીકારવામાં આવે તો સાધ્ય અપ્રસિદ્ધ બનવાની આપત્તિ આવે, કારણ કે નૈયાયિકમતે તેવું સાધ્ય પ્રસિદ્ધ નથી. માટે ભેદાભેદોભયત્વરૂપે સાધ્યતા અહીં માન્ય છે.

❋ ઉભયત્વ એકવિશિષ્ટઅપરત્વસ્વરૂપ નથી - જૈન ❋

उभ० । અહીં એવી શંકા થાય કે --> સાધ્યતાઅવચ્છેદક તરીકે ઉભયત્વનો સ્વીકાર કરવા છતાં સાધ્યઅપ્રસિદ્ધિ દોષ તો આવશે જ, કેમ કે ઉભયત્વ એકવિશિષ્ટઅપરત્વરૂપ હોવાથી અહીં ભેદવિશિષ્ટઅભેદત્વને સાધ્યતાઅવચ્છેદક માનવું પડશે. પ્રસ્તુત સાધ્યતાઅવચ્છેદક ધર્મથી વિશિષ્ટ સાધ્ય ક્યાંય પણ પ્રસિદ્ધ નથી. <-- તો તે નિરાધાર હોવાનું કારણ એ છે કે સામાનાધિકરણ્યસંબંધથી વિશિષ્ટ ન હોવા છતાં ગોત્વ-અશ્વત્વમાં ઉભયત્વની પ્રતીતિ થાય છે. ગોત્વ ગાયમાં રહે છે અને અશ્વત્વ જાતિ અશ્વમાં રહે છે. બન્ને એક અધિકરણમાં

एतेन—> **एकान्तभेदाभेदान्यतराभावस्य भेदविशिष्टाभेदस्य वा साध्यतायां साध्याऽप्रसिद्धिः, प्रत्येकं साध्यतायां चासाधारण्यमिति** <— निरस्तम् ।

न च **व्यतिरेकव्याप्तौ व्याप्याऽप्रसिद्धिः प्रतियोगिमति तदभावाभावादिति** वाच्यम्, **तेन रूपेण प्रतियोगिमति**

भानुमती

एतेन = *अतिरिक्तेन भेदाभेदोभयत्वरूपेण साध्यताभ्युपगमेन । अस्य चार्थो निरस्तभेदत्वनेनाऽन्वयः । गुण-गुण्यादीनां* ***एकान्तभेदाभेदान्यतराभावस्य भेदविशिष्टाभेदस्य वा साध्यतायां साध्याऽप्रसिद्धिः*** *व्याख्याने एकान्तभेदाभेदान्यतरस्य केवलान्वयित्वेन तदभावस्य क्वाऽप्यसत्त्वात् भेदविशिष्टाभेदस्य व्याख्याने क्वाप्यनभ्युपगमात्,* ***प्रत्येकं साध्यतायाञ्च*** *सपक्षविपक्षव्यावृत्तत्वेन सामानाधिकरण्यान्यथानुपपत्तिलक्षणस्य हेतोः* ***असाधारण्यम्*** *। तथाहि भेदस्य साध्यत्वे सपक्षे घट-पटादावपि हेतोर्वैरहात् अभेदस्य साध्यत्वे च सपक्षे घट-कलशादावपि हेत्वभावादित्याभिप्रायकं* ***आलोक***कृतमतं *(त.चिं.आ.प्र.ख.पृ.६६७)* ***निरस्तम्*** *। न हि घटपटादौ प्रसिद्धस्य भेदस्य घट-कुम्भादौ प्रसिद्धस्य चाभेदस्य तदुभयत्वेन साध्यत्वे दोषः समस्ति । किञ्च घटादौ गुणत्वादिरूपेण नीलरूपादेर्भेदोऽप्यस्ति, सत्त्वादिना तदभेदोऽपि वर्तते इति सामानाधिकरण्यसम्बन्धेन गुणत्वावच्छेदेननीलरूपादिनिष्ठप्रतियोगितानिरूपकभेदावैशिष्ट्यसत्त्वाद्यावच्छेदेनप्रतियोगितानिरूपकभेदाभावतो घटादौ नाप्यहेतुमर्हति ।*

न च *गुण-गुण्यादयः परस्परं भिन्नाभिन्नाः सामानाधिकरण्यान्यथानुपपत्तेरित्यत्र, यत्र भेदाभेदौ तत्र सामानाधिकरण्यमिति इति* ***व्यतिरेकव्याप्तौ व्याप्याप्रसिद्धिः*** *= भेदाभेदोभयाभावलक्षणस्य व्याप्यस्याऽप्रसिद्धेः, स्याद्वादिनये सर्वत्र भेदाभेदोभयरूपत्वात्* ***प्रतियोगिमति*** *= भेदाभेदोभयवति* ***तदभावाभावात्*** *= भेदाभेदोभयाभावावैरहात्, अत्यन्ताभावस्य स्वप्रतियोगिना सह विरोधस्य प्रमाणसिद्धत्वादिति* ***वाच्यम्, तेन रूपेण***

અવિદ્યમાન હોવાથી સામાનાધિકરણ્ય સંબંધથી ગોત્વવિશિષ્ટઅશ્વત્વ ન હોવા છતાં ગાય અને અશ્વને ઉદ્દેશીને આ બેમાં 'ગોત્વ-અશ્વત્વઉભય છે' એવી ઉભયત્વપ્રકારક અભ્રાન્ત પ્રતીતિ થાય છે. માટે ઉભયત્વને એકવિશિષ્ટ અપરત્વસ્વરૂપ માનવું ઉચિત નથી. તે એક અતિરિક્ત પદાર્થ જ છે. તેથી ભેદાભેદમાં અન્યત્ર પ્રસિદ્ધ ઉભયત્વનો સ્વીકાર કરી શકાય છે. તેથી ઉભયત્વરૂપે ભેદાભેદની પ્રતીતિ = પ્રસિદ્ધિ થવામાં કોઈ વાંધો નથી.

❋ आलोकटीकाकार जयदेवमिश्रमतनिरास ❋

एतेन० । પ્રસ્તુતમાં તત્ત્વચિંતામણિ ગ્રન્થ ઉપર આલોક નામની ટીકાને રચનારા જયદેવમિશ્ર નામના નૈયાયિકનો એવો આક્ષેપ છે કે —> સામાનાધિકરણ્યની અન્યથા અનુપપત્તિ દ્વારા જો એકાંત ભેદ-એકાંત અભેદ અન્યતર પ્રતિયોગિક અભાવને સાધ્ય બનાવવામાં આવે તો સાધ્યઅપ્રસિદ્ધિ દોષ આવશે, કારણ કે વિવક્ષિત અભાવનો પ્રતિયોગી દર્શિતઅન્યતર ન્યાયમતે કેવલાન્વયી હોવાથી તેનો અભાવ ક્યાંય પણ રહેતો નથી. કેવલાન્વયી પદાર્થનો અભાવ ક્યાંય હોતો નથી. જો ભેદવિશિષ્ટઅભેદને સાધ્ય બનાવવામાં આવે તો પણ સાધ્ય અપ્રસિદ્ધિ દોષ દુર્વાર છે, કારણ કે ભેદવિશિષ્ટ અભેદ ક્યાંય રહેતો જ નથી. જો એકાંતભેદ અને એકાંતઅભેદ બન્નેને પ્રત્યેકરૂપે સાધ્ય બનાવવામાં આવે તો હેતુ સપક્ષ-વિપક્ષથી વ્યાવૃત્ત બનવાથી અર્થાત્ નિશ્ચિતસાધ્યવાન્ અને નિશ્ચિત સાધ્યાભાવવાન્માં સામાનાધિકરણ્યઅન્યથાઅનુપપત્તિ = હેતુ ન રહેવાથી અસાધારણ્ય દોષ આવે છે. એકાંત ભેદને સાધ્ય બનાવવામાં આવે ત્યારે સપક્ષ ઘટ, પટ વગેરેમાં પણ સામાનાધિકરણ્ય નથી જ રહેતું. તેથી તેની અન્યથા અનુપપત્તિને અવકાશ નથી રહેતો. તથા એકાંત અભેદને સાધ્ય બનાવવામાં આવે ત્યારે સપક્ષ એવા ઘટ, કુંભ વગેરેમાં પણ સમાનવિભક્તિકપદપ્રયોગવિષયત્વસ્વરૂપ સામાનાધિકરણ્ય નથી જ રહેતું. તેથી તેની અન્યથા અનુપપત્તિનો પ્રશ્ન જ અનુત્થાનપરાહત છે. માટે ગુણ-ગુણી, અવયવ-અવયવી વગેરેમાં ભેદાભેદની સિદ્ધિ થવી મુશ્કેલ છે. <— પરંતુ ઉપરોક્ત કથન દ્વારા જ જયદેવમિશ્રનો આક્ષેપ પણ નિરસ્ત થઈ જાય છે, કારણ કે ઉભયત્વરૂપે ભેદાભેદને સાધ્ય બનાવવામાં કોઈ દોષને અવકાશ રહેતો નથી. જયદેવમિશ્રએ જે વિકલ્પો રજુ કર્યા છે તેમાંથી એક પણ વિકલ્પનો અમે સ્વીકાર કરતા ન હોવાથી તે તે દોષને અવકાશ નથી. માટે સામાનાધિકરણ્યની અન્યથાઅનુપપત્તિ દ્વારા ગુણ-ગુણી વગેરેમાં ઉભયત્વરૂપે ભેદાભેદને સિદ્ધ કરી શકાય છે.

❋ अवच्छेदकभेदथी भेद-भेदाभाव एकत्र मान्य-जैन ❋

न च व्य० । અહીં એવી શંકા થાય કે —> સ્યાદ્વાદી દ્વારા પૂર્વે જે અનુમાન બતાવવામાં આવેલ કે -'ગુણ-ગુણી વગેરે પરસ્પર ભિન્નાભિન્ન છે, કારણ કે અન્યથા સામાનાધિકરણ્ય અનુપપન્ન રહે છે.' - તેમાં અન્વય વ્યાપ્તિ તો નૈયાયિક સામે બતાવી શકાય તેમ નથી. આથી વ્યતિરેક વ્યાપ્તિ બતાવવી પડશે. તે આ મુજબ - જ્યાં જ્યાં ભેદાભેદોભય નથી ત્યાં ત્યાં સામાનાધિકરણ્ય અનુપપત્તિ પણ નથી. - પરંતુ આ વ્યતિરેક વ્યાપ્તિમાં વ્યાપ્ય બનેલ ભેદાભેદોભયાભાવ અપ્રસિદ્ધ છે, કારણ કે સ્યાદ્વાદી મતાનુસાર સર્વ વસ્તુમાં ભેદાભેદોભય રહે છે. તેથી ભેદાભેદોભયાભાવ ક્યાંય રહેશે જ નહિ. પ્રતિયોગીના અધિકરણમાં પ્રતિયોગીનો અત્યંતાભાવ ન હોઈ શકે, કારણ કે અત્યંતાભાવ સ્વપ્રતિયોગીનો વિરોધી છે. <— તો તેનું સમાધાન સ્યાદ્વાદી દ્વારા એવું બતાવવામાં આવે છે કે જે રૂપે પ્રતિયોગી જ્યાં રહે છે ત્યાં તે રૂપે તે પ્રતિયોગીનો અભાવ સ્વીકારવામાં તો ઉપરોક્ત વિરોધને અવકાશ રહે છે. પરંતુ આવું તો અમે સ્વીકારતા

तेन रूपेण तदभावस्यैवानभ्युपगमात् । अन्योन्याभावत्वमेककालावच्छिन्न-स्वात्यन्ताभावसमानाधिकरणवृत्ति अभावविभाजकोपाधित्वात्, अत्यन्ताभावत्ववदित्यपि भेदाभेदे प्रमाणमेव । पृथगवच्छेदकावच्छिन्नमात्रवृत्ति-वृत्तित्वस्यानुपाधित्वात्, शुक्लरूपस्यैव शुक्लाभेदावच्छेदकत्वेन साधनव्यापकत्वात् ।

भातृमती

गुणत्वादिरूपेण **प्रतियोगिमिति** नीलरूपादिभेदवति घटादौ **तेन** गुणत्वादिना **रूपेण तदभावस्य** = नीलरूपादिभेदवतोरहरूप **एवानभ्युपगमात्,** सत्त्वादिनैव नीलरूपाद्यभेदो घटादावङ्गीक्रियत इति न दोषः, अवच्छेदक-भेदेन विरोधपरिहारात्, एकत्र वृक्षे संयोग-तदभावयोरिव ।

प्रकृते भेदाभेदोभयसाधनार्थं मीमांसकप्रदर्शितमनुमानमावेदयति —> **अन्योन्याभावत्वमिति** पक्षनिर्देशः । अव्याप्यवृत्तित्वं चात्रावच्छेदकस्य स्वात्यन्ताभावसमानाधिकरणवृत्तित्वरूपस्य साध्यत्वे घटस्य रक्तत्वादृशानां 'जानं श्याम' इत्यादौ सिद्धसाधनं स्यादित्यतः एककालावच्छेदत्वं स्वकालावच्छेदत्वस्वरूपं स्वात्यन्ताभावविशेषणमुपादानम् । नित्याभावत्वस्याभावत्वसाक्षाद्व्याप्यधर्मत्वादौपाधे हेतुः यद्वा 'नित्ये'ति न विशेषणं, अव्याप्यवृत्तित्वपर्याप्तेरौपाधिक-प्रागभाव-प्रध्वंसयोरप्यव्याप्यवृत्तित्वात् । साक्षादौपाधे **अभावविभाजकोपाधित्वादित्यर्थः** । **न चा**भावत्वेऽभावविभाजकत्वं संसर्गाभावत्वमन्योन्याभावत्वञ्च न त्वात्यन्ताभावत्वं, तस्य संसर्गाभावेऽभावविभाजकत्वादित्यत्यन्ताभावत्वरूपस्याप्य-तस्य साधनत्वैकल्यमीति **शङ्कनीयम्,** चतुर्थेऽभावेऽभावविभाजकत्वादौपाधे **जयदेवमिश्रप्रभृतयः** । यथा शाखायां वृक्षे कपिसंयोगदशायां मूलावच्छेदेन तथैव तदत्यन्ताभावरूपेऽपि सत्त्वेनाभावेऽभावविभाजकोपाधित्वशाल्यत्यन्ताभावत्वमे-ककालावच्छेदेन कपिसंयोगाभावाभावलक्षणो यः स्वात्यन्ताभावः तत्समानाधिकरणो यो मूलावच्छेदेनकपि-संयोगात्यन्ताभावः तादृरूपेतवृत्तित्वमेवोपाधित्वशाल्यन्योन्याभावत्वस्याऽप्येककालावच्छेदेनान्योन्याभावाभावसमानाधिकरणतादृरूपेतवृत्तित्वात्सिद्धेरनायासेन । **न च** प्रकृतहेतौ **पृथगवच्छेदकावच्छिन्नमात्रवृत्तिवृत्तित्वस्य** उपाधित्वम्, एककालावच्छेदेनस्वात्यन्ताभावसमानाधि-करणतादृरूपेतवृत्तित्वलक्षणसाध्यरूपाधिकरणे कपिसंयोगात्य-कपिसंयोगात्यन्ताभावत्वादौ सर्वत्र शाखा-मूलादिभेदेनावच्छेदकावच्छेदमानयोरेककपिसंयोग-तदत्यन्ताभावादिरूपेतवृत्तित्वस्य सत्त्वेन तस्य साधनव्यापकत्वात्, शुक्लघटादौ शुक्लभेदावच्छेदकीभूतघटत्वादितिरिक्तावच्छेदकावच्छेदेन शुक्लाभेदादेरसत्त्वेन अभावत्वेऽभावविभाजकोपाधित्वलक्षणसाधनाधिकरणेऽन्योन्याभावत्वे च तस्यासत्त्वेन साधनाऽव्यापकत्वादौपाधे **जयदेवमिश्रादिभिर्वाच्यम्,** तस्य **अनुपाधित्वात्** । अत्रैव हेतुमावेदयति —> **शुक्लरूपस्यैव शुक्लाभेदावच्छेदकत्वेन साधनव्यापकत्वात्,** शुक्लघटे घटत्वावच्छेदेन शुक्लभेदः शुक्लरूपावच्छेदेन तु शुक्लाभेद इति शुक्लभेदावच्छेदकीभूतघटत्वापेक्षया

જ નથી. ઘટાદિમાં ગુણત્વાદિરૂપે નીલાદિનો ભેદ રહે છે અને સત્ત્વાદિરૂપે નીલાદિનો અભેદ રહે છે. અવચ્છેદકભેદ હોવાથી એક ધર્મમાં ભેદ અને ભેદાભાવ બન્ને રહી શકે છે. એકત્ર ભેદાભેદ પ્રામાણિક છે-આ વાતની સિદ્ધિ અનુમાન પ્રમાણથી પણ થઈ શકે છે. અનુમાનપ્રયોગ આ મુજબ થઈ શકે છે કે - અન્યોન્યાભાવત્વ એકકાલાવચ્છેદેન સ્વઅત્યન્તાભાવના સમાનાધિકરણમાં રહેનાર છે. કારણ કે તે અભાવવિભાજક ઉપાધિ છે, જેમ કે અત્યન્તાભાવત્વ. અભાવના ચાર ભેદ છે પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અત્યંતાભાવ અને અન્યોન્યાભાવ. અત્યંતાભાવત્વ પણ અભાવવિભાજક ઉપાધિ છે. એક કાલમાં વૃક્ષસ્વરૂપ એક અધિકરણમાં રહેનાર કપિસંયોગાત્યન્તાભાવ પોતાના અભાવને = કપિસંયોગાભાવાભાવને સમાનાધિકરણ હોવાથી અત્યંતાભાવત્વ એકકાલાવચ્છેદેન સ્વાભાવસમાનાધિકરણમાં વૃત્તિ = રહેનાર પણ છે. આમ દૃષ્ટાંતમાં હેતુ અને સાધ્ય બન્ને રહે છે. તેથી અન્યોન્યાભાવ પણ એકકાલાવચ્છેદેન પોતાના અત્યંતાભાવનો સમાનાધિકરણ બનવો જોઈએ, કારણ કે અત્યંતઅભાવત્વની જેમ અન્યોન્યાભાવત્વ પણ અભાવવિભાજક ઉપાધિ છે. આથી અન્યોન્યાભાવત્વમાં એકકાલાવચ્છેદેન સ્વઅત્યન્તાભાવસમાનાધિકરણનિરૂપિત વૃત્તિત્વસ્વરૂપ સાધ્યની સિદ્ધિ થવી અનિવાર્ય છે અર્થાત્ ભેદ અને અભેદ બન્ને એક અધિકરણમાં એક કાલમાં સિદ્ધ થશે.

ભેદમાં અવ્યાપ્યવૃત્તિત્વસાધક અનુમાનમાં ઉપાધિ શંકા - સમાધાન

પૂ. । અહીં આલોકટીકાકાર જયદેવમિશ્રનો એવો આક્ષેપ છે કે —> પ્રસ્તુત અનુમાનમાં પૃથગવચ્છેદકાવચ્છિન્નમાત્રવૃત્તિ-નિરૂપિત વૃત્તિત્વ ઉપાધિ છે. જે સાધ્યને વ્યાપક હોય અને સાધનને અવ્યાપક હોય તે ઉપાધિ કહેવાય છે. કપિસંયોગના અવચ્છેદક શાખાદેશથી પૃથક્ એવા મૂલભાગસ્વરૂપ અવચ્છેદકથી અવચ્છિન્ન એટલા જ વૃક્ષમાં કપિસંયોગાત્યંતાભાવ રહેતો (=વૃત્તિ) હોવાથી તેમાં રહેનાર સાધ્યવિશિષ્ટ કપિસંયોગઅત્યંતાભાવત્વ ધર્મમાં કપિસંયોગના અવચ્છેદકની અપેક્ષાએ પૃથગવચ્છેદક અવચ્છિન્નમાત્રવૃત્તિનિરૂપિત વૃત્તિતા રહે છે. આ રીતે જ્યાં જ્યાં એકકાલાવચ્છિન્ન સ્વઅત્યંતાભાવસમાનાધિકરણનિરૂપિતવૃત્તિતાસ્વરૂપ સાધ્ય રહે છે, ત્યાં ત્યાં પૃથગવચ્છેદકઅવચ્છિન્નમાત્રવૃત્તિનિરૂપિત વૃત્તિત્વ રહે છે. તેથી તે સાધ્યનો વ્યાપક બને છે. પરંતુ તે સાધનનો વ્યાપક નથી, કારણ કે અભાવવિભાજકઉપાધિત્વ સ્વરૂપ હેતુ અન્યોન્યાભાવત્વમાં રહે છે. પરંતુ ત્યાં પૃથગવચ્છેદકાવચ્છિન્નમાત્રવૃત્તિનિરૂપિતવૃત્તિત્વ ધર્મ રહેતો નથી. શુક્લ ઘટમાં શુક્લઅભેદનો કોઈ અવચ્છેદક જ ન હોવાથી શુક્લઅભેદઅવચ્છેદકથી પૃથક્ અવચ્છેદકથી અવચ્છિન્નમાં રહેનાર

न चैकप्रतियोगितावच्छेदकावच्छिन्नभेद-तदभावयोर्विरुद्धाधिकरणतावच्छेदकावच्छेदेन वृत्तित्वनियमान्नैवमिति वाच्यम्, विरुद्धत्वस्थले विभिन्नत्वस्यैव लाघवेन निवेशौचित्यात्, अत एव गोत्वावच्छेदेन गव्यश्वभेदे ब्रह्मत्वावच्छेदेन तु तदभेद इत्यौपनिषदानां गृहवर्त्म ।

भातृमती

*पृथग्भूतं यच्छुक्लरूपं तदवच्छेद्यमात्रवृत्तिर्यः शुक्लाभेदः तादृशस्वरूपेतरवृत्तित्वरूप हेत्वधिकरणेऽत्यन्ताभावत्वेऽपि सत्त्वेन न तस्य साधनाऽव्यापकत्वोक्ते तस्यानुपाधित्वं सम्यगेव । **अत एव** —> तस्यैव तथाभावोऽवच्छेदकभेदेन वर्तते ज्ञायते च यथा संयोगाद्यभावः, श्यामावच्छेद्यस्य तस्यैवान्योन्याभावस्तथैव रक्तावच्छेद्यो, तदन्योन्याभावाभावश्च श्यामावच्छेदेन । तादृशेऽपि नीलस्यान्योन्याभावो घटत्वावच्छेदेनोक्ते नीलात् घटस्य भेदोऽस्तु, अभेदस्तु नीलान्योन्याभावाभावरूपो न घटे घटत्वावच्छेदेनैव तिरोधात्, एकावच्छेदेन भावाभावयोरेकत्राऽवृत्तेरज्ञानाच्च । नाप्यवच्छेदकावच्छेदेन घटत्वावच्छेद्ये घटे तदभावात्, तदज्ञानेऽपि 'नीलो घट' इत्यनुभवाच्च <— (त.चिं.प्र.खं.पृ.६६०) इति **चिन्तामणिकार**वचनमपि नो न **क्षतिकरम्,** नीलरूपावच्छेद्ये घटे नीलाभेदस्याभ्युपगमात्, तदज्ञाने 'नीलो घट' इत्यनुभवाऽयोगात्, योग्यत्वेन तज्ज्ञानस्यापेक्षणीयत्वात् । **एतेन** हेतोर्व्याप्यत्वासिद्धत्वमपाकृतम् । **न चैकप्रतियोगितावच्छेदकावच्छिन्नभेदतदभावयोः** घटत्वावच्छेद्याभेदतदभावयोः **विरुद्धाधिकरणतावच्छेदकावच्छेदेन** = घटत्वादि-घटत्वादिनैकक्षणावृत्तिविरुद्धाधिकरणतावच्छेदकावच्छेद्ये **वृत्तित्वनियमात् नैवं** = न शुक्लरूपस्य शुक्लाभेदावच्छेदकत्वं, शुक्लभेदावच्छेदकीभूतघटत्व-शुक्लरूपयोरसमानाधिकरणत्वेन मिथोऽवृत्तिविरुद्धत्वादिति नैयायिकेन **वाच्यम्,** प्रदर्शितविरोधे **विरुद्धत्वस्थले** = भेदाभेदवृत्तितावच्छेदकदेहे एकाधिकरणनिरूपितवृत्तित्व-वृत्त्यभावादेस्वरूपतिरुद्धत्वस्थाने अन्योन्याभावस्वरूपस्य **विभिन्नत्वस्यैव लाघवेन** = शरीरकृतलाघवेन **निवेशौचित्यात्** । शुक्लभेदावच्छेदकीभूतघटत्वाभेदात्मकेन शुक्लरूपस्य शुक्लाभेदावच्छेदकत्वमाशयाज्ञम् । न चैतं नैयायिकानामसम्मतम्, तदुक्तं **चिन्तामणिकृताऽपि** —> तस्यैव तथाभावोऽवच्छेदकभेदेन वर्तते ज्ञायते च <— (पृ.६६०) इति, अन्यथा 'अवच्छेदकभेदेन' इत्यत्र 'अवच्छेदकतिरोधेन' इत्युक्तं स्यात् । **अत एव** = एकप्रतियोगितावच्छेदकावच्छेद्याभेद-तदभावयोर्भेदाधिकरणतावच्छेदकावच्छेदेन वृत्तित्वनियमादेव, **गोत्वावच्छेदेन गवि अश्वभेदः ब्रह्मत्वावच्छेदेन तु** तत्रैव **तदभेदः** = अश्वाभेद **इति औपनिषदानां** = वेदान्तिनां **गृहवर्त्म** । न चैतं वेदान्तिमतप्रवेशः, परगृहीतमपि यत्सारभूतं तस्यानुपेक्षणीयत्वात्, गोत्वादीनां पारमार्थिकत्वाभ्युपगमेन ब्रह्माद्वैतानवकाशाच्च ।*

એવો શુક્લભેદ નહીં બનવાથી પૃથક્અવચ્છેદકઅવચ્છિન્નમાત્રવૃત્તિનિરૂપિત વૃત્તિતા શુક્લભેદત્વમાં (અન્યોન્યાભાવત્વમાં) ન રહેવાથી દર્શિત ધર્મ સાધનનો અવ્યાપક પાગ છે. માટે એકકાલાવચ્છિન્ન સ્વઅત્યન્તાભાવસમાનાધિકરણનિરૂપિતવૃત્તિતાસ્વરૂપ સાધ્યને સિદ્ધ કરવા માટે રજુ થયેલ અભાવવિભાજકઉપાધિત્વ સ્વરૂપ હેતુ પૃથક્અવચ્છેદકઅવચ્છિન્નમાત્રવૃત્તિનિરૂપિતવૃત્તિતાસ્વરૂપ ઉપાધિ દ્વારા વ્યાપ્યત્વાસિદ્ધ બને છે. તેથી તે હેતુ દ્વારા ઉપરોક્ત સાધ્યની સિદ્ધ નહિ થઈ શકે. <— પરંતુ આ વાત બરાબર ન હોવાનું કારણ એ છે કે પૃથગવચ્છેદકાવચ્છિન્નમાત્રવૃત્તિનિરૂપિતવૃત્તિત્વ ધર્મ ઉપરોક્ત હેતુનો વ્યાપક હોવાથી ઉપાધિસ્વરૂપ બની શકતો નથી. શુક્લ ઘટમાં શુક્લભેદ ઘટત્વાવચ્છેદેન રહે છે. તથા શુક્લઅભેદ શુક્લરૂપાવચ્છેદેન રહે છે. શુક્લઅભેદના અવચ્છેદકીભૂત શુક્લરૂપથી પૃથક્ એવા ઘટત્વસ્વરૂપ અવચ્છેદકથી અવચ્છિન્ન એવા જ ઘટમાં શુક્લભેદ રહેનો હોવાથી શુક્લભેદમાં રહેનાર અન્યોન્યાભાવત્વ ધર્મમાં ઉપરોક્ત હેતુ પાગ રહે છે અને પૃથગવચ્છેદકાવચ્છિન્નમાત્રવૃત્તિનિરૂપિતવૃત્તિત્વ ધર્મ પાગ રહે છે. તેથી તે સાધનનો પાગ વ્યાપક બને છે. જે ધર્મ સાધ્યનો વ્યાપક હોવા છતાં હેતુનો અવ્યાપક ન હોય તે ધર્મ ઉપાધિ બની ન શકે. તેથી ઉપરોક્ત હેતુમાં વ્યાપ્યત્વાસિદ્ધિને અવકાશ રહેનો નથી. તેથી એકત્ર ભેદાભેદની સિદ્ધિ નિરાબાધ છે-એવું સ્યાદ્વાદીનું કથન છે.

❀ એકત્ર ભેદ-ભેદાભાવ સમાવેશ માટે અવચ્છેદકભેદ જ આવશ્યક - જૈન ❀

ન ચૈ.। અહીં નૈયાયિક તરફથી એવી દલિલ થાય કે —> એક જ પ્રતિયોગિતાઅવચ્છેદક ધર્મથી અવચ્છિન્ન પ્રતિયોગિતાનો નિરૂપક ભેદ અને તેનો અભાવ વિરુદ્ધઅધિકરણતાઅવચ્છેદકઅવચ્છેદેન જ રહી શકે છે-આ નિયમ ઘટભેદ, ઘટભેદાભાવ વગેરે સ્થલમાં પ્રામાણિકપણે નિર્ણીત થયેલ છે. પટત્વાદ્યવચ્છેદેન ઘટભેદ રહે છે અને ઘટત્વાવચ્છેદેન ઘટભેદાભાવ રહે છે. ઘટભેદ અને ઘટભેદાભાવની વૃત્તિતાના અવચ્છેદક પટત્વાદિ અને ઘટત્વ પરસ્પર વિરુદ્ધ છે, એક અધિકરણમાં રહેતા નથી. તે જ રીતે શુક્લભેદ જો ઘટત્વાવચ્છેદેન રહે તો શુક્લભેદાભાવ શુક્લરૂપાવચ્છેદેન ન રહી શકે, કારણ કે ઘટત્વ અને શુક્લરૂપ બન્ને એક જ ઘટમાં રહેવાના લીધે પરસ્પર વિરુદ્ધ નથી. માટે ઘટમાં શુક્લરૂપઅવચ્છેદેન શુક્લભેદાભાવનો સમાવેશ કરી નહિ શકાય. માટે એકત્ર ભેદાભેદનો સમાવેશ અશક્ય છે. <— તો તે નિરાધાર હોવાનું કારણ એ છે કે ઉપરોક્ત નિયમમાં અવચ્છેદકના શરીરમાં વિરુદ્ધત્વ = વિરોધનો પ્રવેશ કરવામાં આવેલ છે. તે સ્થાને વિભિન્નત્વનો = ભેદનો સમાવેશ કરવો ઉચિત છે, કેમ કે વિરુદ્ધત્વ કરતાં વિભિન્નત્વનું શરીર લઘુ છે. વિરુદ્ધત્વ = એક અધિકરણનિરૂપિતવૃત્તિતાનો અભાવ. જ્યારે વિભિન્નત્વનો અર્થ છે ભેદ. સ્પષ્ટ છે કે વિરુદ્ધત્વ કરતાં વિભિન્નત્વનું શરીર નાનું = લઘુ છે. માટે એક જ પ્રતિયોગિતાઅવચ્છેદકથી અવચ્છિન્ન ભેદ અને ભેદાભાવને રહેવા માટે અવચ્છેદકવિરોધની નહિ પાગ

अश्वत्वावच्छिन्नभेदवति गवि ब्रह्मत्वावच्छिन्नप्रतियोगिताकतद्भेदाभाव एव तैरङ्गीक्रियत इति चेत् ? तर्हि अस्माकमपि नीलत्वावच्छिन्नभेदवति घटेऽयुतसिद्धत्वावच्छिन्न-तद्भेदाभावाभ्युपगमे किं बाधकम् ?

वस्तुतो यथा शाखावच्छेदेन संयोगस्तदभावश्च मूलादिनानावच्छेदेन तथा घटे नीलभेदोऽपि घटत्वावच्छेदेन तदभावस्तु तत्तद्व्यक्तित्वादिनानावच्छेदेनैवेति परिभावनीयम् ।

भानुमती

ननु गोत्वावच्छेदेन **अश्वत्वावच्छिन्नभेदवति गवि ब्रह्मत्वावच्छिन्नप्रतियोगिताकतद्भेदाभावः** = ब्रह्मत्वावच्छिन्नप्रतियोगिताकाश्वभेदाभाव **एव** गोत्वावच्छेदेन **तैः** = वेदान्तिभिः **अङ्गीक्रियते,** न तु गोत्वावच्छेदेनाश्वभेदवति गवि ब्रह्मत्वावच्छेदेनाश्वत्वावच्छिन्नप्रतियोगिताकाश्वभेदाभावः इति न घटत्वावच्छेदेन शुक्लभेदवति घटे शुक्लरूपावच्छेदेन शुक्लभेदाभावसमर्थनं वेदान्तिनयानुसारेण सम्यगिति **चेत् ? तर्हि अस्माकं** स्याद्वादिनां **अपि नीलत्वावच्छिन्नभेदवति** = घटत्वावच्छेदेन नीलत्वावच्छिन्नप्रतियोगिताकभेदवतीत्यशेषः **घटे. अयुतसिद्धत्वावच्छिन्न-तद्भेदाभावाभ्युपगमे** = घटत्वावच्छेदेन पृथगसिद्धत्वावच्छिन्नप्रतियोगिताक-नीलभेदाभावाङ्गीकारे **किं बाधकम्** ? न हि नील-घटयोरयुतसिद्धत्वेन मिथो भेदः प्रतीयते । इत्थञ्च वृत्तितावच्छेदकभेदतिरेकेऽपि प्रतियोगितावच्छेदकभेदेनैकत्र नीलभेदाभेदसमावेशोऽप्यनाविलः ।

इदञ्च वेदान्तिनां पुरो वक्तुं शक्यते । नैयायिकं प्रति स्वमतमाह **वस्तुतः यथा** वृक्षे **शाखावच्छेदेन संयोगः** = कपिसंयोगः **तदभावश्च** = कपिसंयोगाभावश्च **मूलादिनानावच्छेदेन** नैयायिकैरङ्गीक्रियते **तथा घटे नीलभेदोऽपि** = नीलत्वावच्छिन्नप्रतियोगिताकभेदोऽपि **घटत्वावच्छेदेन तदभावस्तु** = नीलत्वावच्छिन्नप्रतियोगिताकभेदाभावस्तु घटे **तत्तद्व्यक्तित्वादिनानाऽवच्छेदेनैव** = तत्तन्नीलघटनिष्ठतत्तद्व्यक्तित्वासाधारणधर्मावच्छेदेनैव **इति परिभावनीयम्** । तथाहि अत्र 'घटत्वपदं पर्यायत्वोपलक्षणम् । तत्तद्व्यक्तित्वपदोत्तरमादिपदेन द्रव्यत्व-नीलत्वादेर्ग्रहणमभिप्रेतम् । **न च** तदज्ञानेऽपि 'नीलो घट' इत्यनुभवात्तत्र तदवच्छेदकत्वमिति **वाच्यम्,** घटत्ववतस्तत्र योग्यत्वाज्ञेयमतस्तत्पूर्वं तद्ग्रहात् । इयांस्तु विशेषो यद्धर्मधर्मिभावाद्यपेक्षया द्वयोर्भेदाभेदः, प्रतीतेस्तं प्रतीत्यैक्यरूपेण केवलाभेदो, गोत्वाश्वत्वादेस्तु केवलभेद इति । **न चैवमेकात्मतानुप्रवेश** इति **वाच्यम्,** अभेदस्याभेदाभेदवत्तयैव तदपायात् । इत्थञ्चैतदवश्यमङ्गीकर्तव्यम्, कथमन्यथा 'स्याद्भेदोऽभेदश्चे'त्यत्र स्यात्पदं नानात्वप्रयोजनमिति द्रष्टव्यम् । **अथ** भेदाभेदस्याऽपि कथञ्चिद्भेदरूपत्वात् 'कपाले घट' इत्याधाराधेयभावप्रतीतिर्न स्यादिति **चेत् ? न,** भेदाभेदत्वेन

અવચ્છેદકભેદની જ અપેક્ષા રહે છે-આવો નિયમ પ્રામાણિક સિદ્ધ થાય છે. ઘટત્વ કરતાં શુક્લરૂપ ભિન્ન તો છે જ. માટે ઘટત્વાવચ્છેદેન શુક્લભેદ અને શુક્લરૂપાવચ્છેદેન શુક્લાભેદનો સમાવેશ લાઘવસહકારથી ઉચિત હોવાના લીધે જ વેદાંતી લોકો ગાયમાં ગોત્વાવચ્છેદેન અશ્વભેદ માને છે અને બ્રહ્મત્વાવચ્છેદેન તો ગાયમાં જ અશ્વભેદાભાવ માને છે. ગોત્વ અને બ્રહ્મત્વ પરસ્પર વિભિન્ન છે, વિરુદ્ધ નહિ.

જો કે આ વેદાંતીઓના ઘરનો માર્ગ છે. પરંતુ આપણે તો એમાંથી એટલો જ બોધપાઠ લેવા જેવો છે કે અવચ્છેદકભેદેન એકત્ર ભેદાભેદનો સમાવેશ થઈ શકે છે.

પૂર્વપક્ષ :- અશ્વ.। ઓ અનેકાંતવાદી ! તમે વેદાન્તીના ઓઠા નીચે ભેદાભેદની સિદ્ધિ કરી રહ્યા છો, પરંતુ તમે વાસ્તવિક હકીકતને છૂપાવી રહ્યા છો. વેદાન્તી લોકો શું માને છે ? તે બતાવવાના બદલે તમારે જે કહેવું છે તે વેદાન્તીના નામથી તમે બતાવો છો. વેદાન્તી લોકો તો એવું માને છે કે ગાયમાં અશ્વત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક અશ્વભેદ રહે છે અને ગાયમાં જ બ્રહ્મત્વાવચ્છિન્ન પ્રતિયોગિતાક અશ્વભેદાભાવ રહે છે. મતલબ કે વેદાન્તીમતાનુસાર પ્રતિયોગિતાના અવચ્છેદક ધર્મ એક નથી, પરંતુ અલગ અલગ છે. જ્યારે તમે અનેકાંતવાદીએ ભેદાભેદની વૃત્તિતાના અવચ્છેદક ધર્મમાં ભેદ છે-એવું વેદાંતીમતાનુસાર સિદ્ધ કરવાનો પ્રયાસ કરેલ છે. આ વ્યાજબી નથી. શા માટે તમે અમારી આંખમાં ધૂળ નાંખવાનો પ્રયત્ન કરો છો ?

ઉત્તરપક્ષ :- જો તમે વેદાન્તીની સત્ય માન્યતાને બતાવો છો અને સ્વીકારો છો તો અમે પણ બરાબર તે જ રીતે કહીએ છીએ કે ઘટમાં નીલત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક નીલભેદ રહે છે અને તે જ ઘટમાં અયુતસિદ્ધત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક નીલભેદનો અભાવ રહે છે. નીલરૂપ અને ઘટ યુતસિદ્ધ = પૃથક્ પૃથક્ રહેતા નથી. માટે અયુતસિદ્ધત્વ ધર્મની અપેક્ષાએ ઘટમાં નીલભેદાભાવ રહી શકે છે. પ્રતિયોગિતાઅવચ્છેદક બદલવા છતાં વૃત્તિતાઅવચ્છેદક ધર્મ બન્ને ઠેકાણે ઘટત્વ જ છે. માટે એકત્ર નીલભેદ અને નીલભેદાભાવ અબાધિત રીતે રહી શકે છે. આમાં કોઈ વાંધો નથી. માટે અમારી સાથે સાંધો (=સમાધાન) કરી લેવામાં લાભ છે.

વસ્તુતો.। પરંતુ વસ્તુસ્થિતિનો વિચાર કરવામાં આવે તો ન્યાયમતાનુસાર જે રીતે વૃક્ષની શાખામાં વાંદરો બેઠો હોય ત્યારે વૃક્ષમાં શાખાઅવચ્છેદેન કપિસંયોગ રહે છે અને મૂલ વગેરે અનેક અલગ અલગ ભાગાવચ્છેદેન વૃક્ષમાં કપિસંયોગાભાવ રહે છે અર્થાત્ વૃત્તિતા-અવચ્છેદકભેદેન જેમ એકત્ર કપિસંયોગ અને કપિસંયોગાભાવનો સમાવેશ થાય છે. તેમ ઘટમાં નીલભેદ પણ ઘટત્વાવચ્છેદેન રહે છે અને નીલભેદાભાવ તત્તત્ વ્યક્તિત્વ વગેરે અલગ ધર્મઅવચ્છેદેન જ ઘટમાં જ રહે છે. આ વાતને વિશેષ રીતે વિચારવાની શ્રીમદ્જી ભલામણ કરે છે.

अन्ये तु घटे नीलभेदस्तदन्योन्याभावरूपस्तदभेदस्तु तादात्म्यं, न तु तदभाव इति वदन्ति ।

यत्तु —> अभेदव्यवहारे तस्याऽहेतुत्वात् <— (त.चिं.प्र.खं.पृ.६६२) इति चिन्तामणिकृतोक्तं, तन्न, 'प्रमेयमभिधेयाभिन्नमि'त्यत्राऽभेदव्यवहारार्थं तादात्म्यस्याऽवश्याश्रयणीयत्वात् ।

भानुमती

तस्य वृत्तिनियामकत्वात् । 'घटाभावे घटे नास्ती'त्यादावपि घटाभावत्वेन धर्म-धर्मिभावातिरिक्तसंसर्गस्यैव निस्तारः इति। वस्तुतः तत्तत्प्रतीतिमनुसृत्य तत्तत्प्रतियोगिकत्वावच्छिन्नतत्तत्सम्बन्धस्याऽऽधारतात्वं कल्प्यते । अस्तु वा धर्मान्तरमेव आधारता, तेन 'घटरूपयोर्भेदाभेदातिरेकेऽपि घटे एत रूपस्याऽऽधारता न तु रूपे घटस्य' इत्यत्र न नियामकानुसरणमेवेत्यम्, न वा तन्तु-पटयोरन्योन्याधारत्वप्रतीतिसमाधिर्दुःशका (म.स्या.रह. प्रथमखण्ड.पृ. ८०-८३) इत्यादि व्यक्तं मध्यमपरिमाणस्याद्वादरहस्ये । तत्त्वमत्रत्यं मत्कृत-जयलताया अवगन्तव्यम् ।

अन्ये तु घटे नीलभेदः तदन्योन्याभावरूपः तदभेदस्तु = नीलाभेदस्तु **तादात्म्यं** = नीलतादात्म्यं **न तु तदभावः** = नीलभेदाभावस्वरूप इत्यवच्छेदकभेदं विनापि तयोरेकत्र समावेशेऽतिरोध **इति वदन्ति** ।

यत्तु —> अभेदव्यवहारे = नीलाद्यभेदत्वप्रकारकव्यवहारं प्रति **तस्य** = नीलादितादात्म्यस्य **अहेतुत्वात्** = अनौपाधिकत्वादिति **चिन्तामणिकृता** गङ्गेशोपाध्यायेन प्रत्यक्षखण्डे समवायवादे **उक्तम्, तन्न** चारु **'प्रमेयं अभिधेयाऽभिन्नं' इत्यत्र अभेदव्यवहारार्थं** = अभिधेयाभेदव्यवहाराय मणिकृतापि **तादात्म्यस्य** = अभिधेयता-तादात्म्यस्य **अवश्याश्रयणीयत्वात्,** नैयायिकमते अभिधेयत्वस्य केवलान्वायित्वेन अभिधेयप्रतियोगिकभेदस्याऽप्र-सिद्धत्वान्न अभिधेयभेदाभावाभ्युपगमस्तत्र गङ्गेशमतानुसारेणापि सम्भवति, अप्रसिद्धप्रतियोगिकनिषेधस्य तत्म-तेऽपि विरहात् । अत एव तेन **चिन्तामणौ व्यधिकरणप्रकरणे —>** 'शशशृङ्गं नास्ती'ति च शशे शृङ्गाभाव इत्यर्थः <— (व्याप्ति.पृ.२७३) इत्युक्तम् । एवं 'घटः कम्बुग्रीवादिमदभिन्न' इत्यत्रापि लघुधर्मसमानाधिकरणतद्गुरुधर्मस्य तन्मते प्रतियोगितानवच्छेदकत्वेन कम्बुग्रीवादिमत्त्वावच्छिन्नप्रतियोगिताकभेदाऽप्रसिद्ध्या तदभावस्वरूपाऽभे दान्वयबोधोऽपि न शक्य इति भेदाभावातिरेक एवाभेदस्तेनापि स्वीकर्तव्यः । तत्त्वमत्रत्यमधिकं मत्कृतजयलतायाः समवसेयम्

❀ भेदाभावअतिरिक्त तादात्म्यस्वरूप अभेद- अन्यमत ❀

अन्ये.। अन्य विद्वानोની માન્યતા એવી છે કે ભેદ અન્યોન્યાભાવસ્વરૂપ છે. આથી ઘટમાં રહેનાર નીલભેદ નીલાન્યોન્યાભાવસ્વરૂપ બનશે. તે જ ઘટમાં નીલાભેદ પણ રહી શકે છે, કારણ કે નીલાભેદ એ નીલભેદાભાવસ્વરૂપ નથી, પરંતુ નીલતાદાત્મ્યસ્વરૂપ જ છે. નીલાભેદ જો નીલભેદઅભાવસ્વરૂપ હોય તો નીલભેદવિશિષ્ટ ઘટમાં તેના સમાવેશ માટે અવચ્છેદકભેદની અપેક્ષા રહે. પરંતુ નીલાભેદ નીલતાદાત્મ્યસ્વરૂપ હોવાથી તેનો નીલભેદવિશિષ્ટ ઘટમાં સમાવેશ કરવામાં અવચ્છેદભેદની અપેક્ષા નથી રહેતી. માટે અવચ્છેદભેદ વિના પણ એક જ ઘટમાં નીલભેદ અને નીલાભેદનો સમાવેશ થઈ શકે છે.

❀ चिंतामणिकार मत निरास ❀

यत्तु.। ઉપરોક્ત વિદ્વાનોના મતની સમીક્ષા કરતાં ચિંતામણિકાર ગંગેશ ઉપાધ્યાય એમ કહે છે કે —> અભેદને ભેદાભાવસ્વરૂપ માનવાના બદલે તેનાથી અતિરિક્ત તાદાત્મ્યરૂપે તેનો સ્વીકાર કરવો ઉચિત નથી, કારણ કે તાદાત્મ્યસ્વરૂપ અભેદ અભિન્નત્વપ્રકારક વ્યવહારમાં ઉપાયભૂત નથી. જે અભેદપદાર્થ સ્વવિષયકબોધજનક શબ્દપ્રયોગાત્મક વ્યવહારનો ઉપાય ન બને તેને માનો યા ન માનો કોઈ ફરક પડતો નથી. જેનો સ્વીકાર ન કરવામાં કોઈ અનુપપત્તિ આવે તેનો જ સ્વીકાર પ્રામાણિક બની શકે. જેનો સ્વીકાર ના કરવામાં આવે છતાં કોઈ અનુપપત્તિ = અસંગતિ આવે નહિ તેનો સ્વીકાર અપ્રામાણિક છે. તેનો સ્વીકાર કરવામાં તો ગૌરવ વગેરે દોષ આવે છે. માટે અભેદને ક્લૃપ્ત ભેદાભાવસ્વરૂપ માનવું લાઘવસહકારથી ઉચિત છે, નહિ કે તાદાત્મ્યસ્વરૂપ. <— પરંતુ ચિંતામણિકારની આ વાતનું ખંડન કરતાં પ્રકરણકાર શ્રીમદ્જી એમ કહે છે કે 'પ્રમેય અભિધેયાભિન્ન છે' ઈત્યાદિ સ્થલમાં ગંગેશ ઉપાધ્યાયે પણ અભિધેયઅભેદને અભિધેયતાદાત્મ્ય સ્વરૂપ જ માનવો પડશે, કારણ કે જો અભેદને ભેદાભાવસ્વરૂપ માનવામાં આવે તો અભિધેયાભેદ = અભિધેયભેદાભાવ = અભિધેયપ્રતિયોગિક ભેદનો અભાવ થશે. પરંતુ અભિધેયત્વ = અભિધાવિષયત્વ = શબ્દનિરૂપિતવિષયતા નૈયાયિક મતે કેવલાન્વયી ધર્મ હોવાથી અભિધેયભેદ ક્યાંય રહેતો જ નથી. અભિધેયત્વાવચ્છિન્નપ્રતિયોગિતાક ભેદ અપ્રસિદ્ધ હોવાથી તેનો નિષેધ પણ કરી શકાતો નથી, કારણ કે અપ્રસિદ્ધ પ્રતિયોગિક નિષેધ નૈયાયિક મતે પણ અસ્વીકાર્ય છે. અભિધેયભેદાભાવનું પ્રકારરૂપે ભાન ઉપરોક્ત સ્થલમાં ચિંતામણિકારમતે શક્ય ન હોવાથી તેણે અભિધેયાભેદને અભિધેયતાદાત્મ્ય સ્વરૂપે જ સ્વીકારવો પડશે. માટે નીલાભેદને પણ તેણે નીલતાદાત્મ્યસ્વરૂપ જ માનવો યોગ્ય છે. માટે જેમ એક જ ઘટમાં અવચ્છેદકભેદ વિના સત્તા, દ્રવ્યત્વ વગેરે ધર્મો રહે છે તેમ અવચ્છેદકભેદ વિના જ નીલભેદ અને નીલાભેદ પણ ઘટમાં રહી શકે છે. આવું પ્રકરણકારશ્રીનું તાત્પર્ય જણાય છે.

अपरे तु गुण-गुणिनोरन्यत्वरूपभेदसत्त्वेऽपि पृथक्त्वरूपभेदाभावादभेदः, पृथक्त्वञ्च प्रविभक्तप्रदेशत्वमित्याहुः ।

भानुमती

(स्या.रह.ज.पृ.८२) ।

अपरे = दिगम्बराः तु भेदाभेदौ भेदाविशेषणाभेद एव, सम्बन्धता तु तयोरुभयत्वेन रूपेण । न चोभयत्वमप्येकावेशेषणापरत्वामीति विशेषण-विशेष्यभावे विरोधमनातेरहः इति वाच्यम्, अविशेषणयोरपि गो-त्वाश्वत्वप्रत्ययजातस्यातिरिक्तत्वात् । युक्तञ्चैतत् - अविरिक्तभेदाभेदस्य भेदाविशेषणाऽभेदस्य च तद्व्याश्रितकत्वक-त्वयोगं गौरत्वात् । **न चैकत्र** भेदाभेदयोः समावेशे विरोध इति **शङ्कनीयम्**, यतो न हि यत्र यस्य यो भेद-स्तत्र तस्य तदभावमेव वदामः किन्त्वन्यत्वमेव । तथाहि भेदो विरोधिः अन्यत्वरूपः पृथक्त्वरूपश्च । तत्र अन्यत्वमतद्भावः, तत्तेनाऽप्रतीयमानत्वं, तद्व्यावृत्तिधर्मतत्त्वामीति यावत् । ततश्च **गुण-गुणिनोः अन्यत्वरूपभेद-सत्त्वेऽपि पृथक्त्वरूपभेदाभावात् अभेदः** पृथक्त्वाभावरूपो विरोधाभावः । **पृथक्त्वं** = पृथक्त्वपदप्रतीपार्थं **च प्रविभक्तप्रदेशत्वम्** = विष्वक्प्रदेशत्वस्वरूपं; यथा घट-पटयोः, तयोरभिन्नप्रदेशत्वाभावात् । गुण-गुणिनोस्तु न पृथक्त्वरूपो भेदःसम्भवति, तयोरप्रतिभक्तप्रदेशत्वात् । तदुक्तं **प्रवचनसारे कुन्दकुन्दाचार्येण** पविभत्तपदेसत्तं पुधत्तमिदि सासणं हि वीरस्स । अण्णत्तमतब्भावो ण तब्भवं भवति कथमेगं ।। (प्र.सा. २-७४) इति । अत्र सोपस्कारोक्तत्वात् **अमृतचन्द्रव्याख्या** दर्श्यते —> प्रतिभक्तप्रदेशत्वं हि पृथक्त्वस्य लक्षणम् । तत् सता-द्रव्यस्योर्न सम्भाव्यते, गुण-गुणिनोः प्रतिभक्तप्रदेशत्वाभावात्, शुक्लोत्तरीयवत् । तथाहि यथा य एव गुणस्य प्रदेशाः त एवोत्तरीयस्य गुणिनः इति तयोर्न प्रदेशातिभागः । एतदर्थापि तयोरुभयत्वमास्ते, तल्लक्षणसद्भावात् । अतद्भावो ह्यन्यत्वस्य लक्षणम् । तत् सता-द्रव्यगुणोर्विद्यत एव, गुण-गुणिनोस्तद्भावस्याभावात्, शुक्लोत्तरीयवदेव । तथाहि - यथा यः किलैकश्चक्षुरिन्द्रियेणोपलभ्यमानः समस्तेतरेन्द्रियाणामगोचरमतिक्रान्तः शुक्लो गुणो भवति । न खलु तद-खिलेन्द्रियाणामगोचरीभूतमुत्तरीयं भवति । यच्च किलाऽखिलेन्द्रियाणामगोचरीभूतमुत्तरीयं भवति, न खलु स एक-चक्षुरिन्द्रियेणोपलभ्यमानः समस्तेतरेन्द्रियाणामगोचरमतिक्रान्तः शुक्लो गुणो भवतीति तयोस्तद्भावस्याभावः । तथा या किलाश्रित्य वर्तिनी निर्गुणैकगुणसमुदिता विशेषणं विधायिका वृत्तिस्वरूपा सत्ता भवति न खलु तदाश्रित्य वर्ति गुणतदेकगुणसमुदितं विशेष्यं विधीयमानं वृत्तिमत्स्वरूपञ्च द्रव्यं भवति । यत् किलाश्रित्य वर्ति गुणतदेकगुणसमुदितं विशेष्यं विधीयमानं वृत्तिमत्स्वरूपञ्च द्रव्यं भवति न खलु साऽऽश्रित्य वर्तिनी निर्गुणैकगुणसमुदिता विशेषणं विधायिका वृत्तिस्वरूपा च सत्ता भवतीति तयोस्तद्भावस्याभावः । अत एव च सत्ता-द्रव्ययोः कथञ्चिदनर्थान्तरत्वेऽपि सर्वथैकत्वं न शङ्कनीयम्, तद्भावो ह्येकत्वस्य लक्षणम् । यत् तु तद्भावाभावे-ऽपि तत्ते तत्कथमेकं स्यात् ? अपि तु गुण-गुणिरूपेणालोकमेतीत्यर्थः <— इति (प्र.सा.अ.वृ. २/७४) ।

प्रकरणकृतोऽत्र न निर्भर इत्यालोचनाय **तच्चिन्त्यमिति** गदितम् । तद्बीजञ्चैतत् - 'प्रतिभक्तप्रदेशत्व-मि'त्यत्र बहुव्रीहाश्रयणे परमाणवः कृतोऽपि न पृथग्भवेयुः । एवं कर्मधारयाश्रयणे देश-स्कन्धयोरपि स एव दोषः । स्कन्धाश्रितपरमाणूनामेव च प्रदेशत्वसंज्ञया तदनाश्रितपरमाणूनाञ्च पृथक्त्वं कृतोऽपि न घटेत । किञ्च

(આ વિષયમાં અધિક જાણકારી મેળવવા મધ્યમ સ્યાદ્વાદરહસ્ય પ્રથમ ખંડની રમણીયા નામની હિન્દી વ્યાખ્યાનું (પૃ. ૮૯) અવલોકન વિજ્ઞ વાચકવર્ગ કરી શકે છે.)

❋❋ ભેદના બે પ્રકાર પૃથક્ત્વ અને અન્યત્વ-દિગંબર ❋❋

અપરે.। પ્રસ્તુતમાં દિગંબર વિદ્વાનોનું કથન એવું છે કે —> ભેદના બે પ્રકાર છે (૧) અન્યત્વ (૨) પૃથક્ત્વ. અન્યત્વનો અર્થ છે અતદ્ભાવ. અર્થાત્ તે રૂપે ન હોવું. ગુણ અને ગુણીમાં અન્યત્વસ્વરૂપ ભેદ છે, કારણ કે ગુણાન્યત્વ ગુણીમાં છે અને ગુણીઅન્યત્વ ગુણમાં રહે છે. ઘટમાં સ્પર્શન ઈન્દ્રિય ગ્રાહ્યતા છે, જ્યારે નીલ રૂપમાં સ્પર્શન ગ્રાહ્યતા નથી. માટે અતદ્ભાવ = અસ્પર્શનગ્રાહ્યત્વ = સ્પર્શનગ્રાહ્યત્વાભાવ ઘટની અપેક્ષાએ નીલ રૂપમાં હોવાથી ગુણ અને ગુણીમાં અન્યત્વસ્વરૂપ ભેદ છે. પણ ગુણ-ગુણીમાં પૃથક્ત્વસ્વરૂપ ભેદ નથી હોતો. કારણ કે પૃથક્ત્વનો અર્થ છે પ્રવિભક્તપ્રદેશત્વ અર્થાત્ અલગ અલગ એવા પ્રદેશોમાં રહેવાપણું. જે પ્રદેશોમાં ગુણ રહે છે, તે જ પ્રદેશોમાં ગુણી રહે છે. નીલ રૂપના પ્રદેશ અલગ અને ઘટના પ્રદેશ અલગ-આવું નથી હોતું. આમ પૃથક્ત્વસ્વરૂપ ભેદ ગુણ ગુણીમાં ન હોવાથી તે વચ્ચે પરસ્પર અભેદ પણ કહેવાય છે. આમ અન્યત્વસ્વરૂપ ભેદ અને પૃથક્ત્વસ્વરૂપ ભેદનો અભાવ ગુણ-ગુણીમાં હોવાથી તે બે વચ્ચે પરસ્પર ભેદવિશિષ્ટ અભેદ છે. <— પરંતુ ઉપરોક્ત દિગંબર વક્તવ્ય વિચારણીય છે, નહિ કે આંખ મીંચી ને માનવા યોગ્ય. આ વાતની સૂચના પ્રકરણકારશ્રીએ 'ચિંત્યં' કહીને આપી છે. [મતલબ કે શ્રીમદ્જીને ઉપરોક્ત દિગંબરમત માન્ય નથી. એના સ્વીકારમાં જે દોષ આવે છે તે મહોપાધ્યાયજીએ સ્યાદ્વાદરહસ્ય ગ્રંથમાં બતાવેલ છે. જેનો ઉલ્લેખ અમે ભાનુમતી ટીકામાં ઉપર કરેલ છે. અને તેનો હિન્દી ભાવાનુવાદ (મધ્યમ) સ્યાદ્વાદરહસ્યની રમણીયા વ્યાખ્યામાં અમે કરેલ છે. (જુઓ. મ.સ્યા.રહ. પ્રથમખંડ પૃ. ૯૬) જિજ્ઞાસુ ત્યાં દ્રષ્ટિપાત કરી શકે છે. પ્રસ્તુત મૂળ ગ્રંથમાં તેનો નિર્દેશ ન હોવાથી અહીં ગુજરાતી ભાવાનુવાદમાં તે વિચારોને શબ્દદેહ આપવો અનુચિત જણાય છે. તેથી મૂળ ગ્રંથ અનુસારે જ અહીં આપણે આગળ વધશું. ચાલો આગળ.]

तच्चिन्त्यम् । वस्तुतो वैधर्म्यरूपो भेदः साधर्म्यरूपश्चाऽभेदोऽविरुद्धः एव, अतिरिक्ताभावानभ्युपगमात् ।

अत्र 'अभावत्वं भाववृत्ति न वा ?' इति न विप्रतिपत्तिः, अभावाभावः प्रतियोग्येवेत्यङ्गीकारेण सिद्धसाधनात्,

भातृमती

प्रदेशेषु किं प्रतिभक्तत्वम् ? न तावदव्यत्वम्, एकद्रव्यस्यैव प्रदेशानां तादृशत्वात् । नापि पृथक्त्वं तस्य प्रति-भक्तस्कन्धकत्वरूपतयाऽऽलोक्याश्रयात् । तथाहि प्रदेशानां प्रतिभक्तत्वासिद्धौ प्रतिभक्तप्रदेशत्वरूपं स्कन्धानां पार्थक्यं सिद्ध्यति सिद्धे च स्कन्धानां प्रतिभक्तत्वे प्रतिभक्तस्कन्धकत्वरूपं प्रदेशानां पार्थक्यं सिद्ध्यतीति । **अथ** जात्यन्तररूपमेव पृथक्त्वमिति **चेत् ? तर्हि** भेदाभेद एव तादृशः किमिति नास्थीयते इत्यादि बलकं **स्याद्वाद-रहस्ये** । अधिकञ्चात्र तत्त्वं तत्टीकायां **जयलतायां** अन्वेषणीयमस्ति । स्वमतेन भेदाभेदस्वरूपमावेदयति —> **वस्तुतः** अस्माकं मते तु **भेदः वैधर्म्यरूपो** = वैधर्म्यान्नातिरिच्यते, यथा गुणवत्त्वादेर्लक्षणवैधर्म्यं द्रव्ये गुणादेर्भेदः कल्पनैवोपपन्नातिरिक्तकल्पनाऽऽलोकात् । **साधर्म्यरूपश्चाभेदः**, सधर्मणां भावः साधर्म्यं, ततोऽभेदो नातिरिच्यते । यथा द्रव्य-गुण-कर्मणां सत्तास्वरूपसाधर्म्यमेव द्रव्यादौ गुणाद्यभेदः । निरुक्तो भेदोऽभेदश्च परस्परं **अविरुद्ध एव** दर्शितरीत्या **अतिरिक्ताभावानभ्युपगमात्** । गुणवत् तदभावप्रतिभासोऽप्यतिरिक्तः । तदुक्तं **स्याद्वादरत्नाकरे** —> सदृशपरिणामरूपेव विसदृशपरिणामरूपापि समस्तपदार्थानां गुणवत्प्रतिभासात् । विसदृशपरिणामस्वभाव एव च भेदप्रतिभासः <— (परि. ५. सू.७६ पृ.२०३) इति । युक्तचैतत्, अतिरिक्ततत्कल्पनो गौरवात् । न च पटत्वाद्य-नन्तधर्मेषु घटभेदतत्कल्पनाऽपेक्षयाऽतिरिक्त एव तत्र तत्तत्कल्पनौचित्यम्, तथापि पटत्वादेना प्रत्येकं तिरोभवना-तिरेहात्, अतिरिक्तद्वैदाधिकल्पनो गौरवात्त्व । **इत्थञ्च** भेदत्वमतद्व्यावर्तकत्वम्, तच्चानुवर्तकत्ववत्स्वभावत एवेति प्राक्तां तत्तो **व्याख्यातम्,** स्वभावत इत्यस्य स्वधर्मत इत्यर्थकत्वात् । **न चैवम्**यपि 'स्थाणुः पुरुषो न वा ?' इति संशयानुपपत्तेः, तस्य स्थाणुत्वरूपपुरुषभेदग्रहात्मकत्वादिति **वाच्यम्,** तत्र स्थाणुत्वस्य स्वरूपतो ग्रहेऽपि दोषप्रावल्यात् तद्वृत्तितोभेदत्वेनाऽग्रहात् पुरुषवृत्तितोभेदत्वेन तद्धर्मस्यैव पुरुषतादात्म्यसंशयानिवर्तकत्वात्त्व । तथा च श्यामत्वैधर्म्यं रूपत्वादेकमेव तद्भेदः पर्वतस्येति । तस्य चाऽऽलोक्यवृत्तित्वं = अवच्छेदतादात्म्यगोचरत्वं लाघवात्, न तु स्वसमानाधिकरणात्यन्ताभावाऽप्रतियोगित्वं वैकालिकतादात्म्यपरिणामानुवृत्तेरेवाऽत्यन्ताभावत्वेन तदप्रसिद्धेः तदत्यन्ताभावाऽऽलोकात्त्वेत्यधिकं बृहत्परिमाण-**स्याद्वादरहस्येऽवसेयम्** (बृ.रूपा.रह.पृ. V) ।

तादृक्तात्पर्यमभ्यर्थ्यमुपोद्घातसङ्गतिमावेदयति **अत्रेति** —> भेदादीनेकरूपत्वस्थले । **'अभावत्वं भाववृत्ति न वा? इति** जैन-नैयायिकयोर्न **विप्रतिपत्तिः** सम्भवति । विप्रतिपत्तेर्लक्षणं विरुद्धकोटिद्वयोपस्थापकः शब्दः । संशयजनक-वाक्यं विप्रतिपत्तिरित्येके । विरुद्धार्थप्रतिपादकानेकवचनं विप्रतिपत्तिरित्यपरे । विपरीता बुद्धिर्वा-प्रतिपत्तिरित्यपरे । विरुद्धार्थकवाक्यद्वयजन्यप्रतीतित्वेदं विप्रतिपत्तिरितीतरे । अत्र तिरोधिकोटिः जैनानां निषेध-कोटिश्च नैयायिकानामित्यङ्गीकारे, पक्षतावच्छेदकसामानाधिकरण्येन तिरोधिकोट्यभ्युपगमे **अभावाभावः** = अप्रागभावप्रतियोगिकाभावः **प्रतियोग्येव** = प्रथमाभावप्रतियोगिस्वरूप एव **इति अङ्गीकारेण** = नैयायिकयोरसिद्धान्तेन घटाभावाभावाद्यपेक्षया नैयायिकमते **सिद्धसाधनात्** = अभ्युपगतस्यैव साधयेतुमुपक्रान्तत्वाच्च तादृशतिरोधिपत्तेः

❀ ભેદ વૈધર્મ્યસ્વરૂપ અભેદ સાધર્મ્યરૂપ - શ્વેતાંબર જૈન ❀

વસ્તુ.। શ્રીમદ્જી દિગંબરમતાનુસાર ભેદ-અભેદનું નિરૂપણ કરી હવે પોતાના મત મુજબ વસ્તુસ્થિતિ ઉપર પ્રકાશ પાડતાં એમ કહે છે કે ભેદ વૈધર્મ્યસ્વરૂપ છે અને અભેદ સાધર્મ્યસ્વરૂપ છે. બન્ને પ્રમાણસિદ્ધ દ્રવ્યાદિ પદાર્થસ્વરૂપ હોવાથી પરસ્પર વિરોધી નથી. જેમ કે દ્રવ્ય, ગુણ અને કર્મનું સાધર્મ્ય સત્તા એ જ દ્રવ્યાદિનો ગુણાદિમાં અભેદ. તથા સામાન્ય, વિશેષ, સમવાય વગેરેમાં ન્યાયમતાનુસાર દ્રવ્યાદિનું વૈધર્મ્ય પણ સત્તા હોવાથી સત્તા એ જ દ્રવ્યાદિનો સામાન્યાદિમાં ભેદ છે. અથવા ગુણવત્ત્વ એ દ્રવ્યનું ગુણાદિમાં વૈધર્મ્ય હોવાથી દ્રવ્યમાં ગુણાદિનો ભેદ = ગુણવત્ત્વ વગેરે. આ રીતે સાધર્મ્ય-વૈધર્મ્યરૂપ ભેદ-અભેદ એકત્ર અવિરુદ્ધ છે. આ સ્પષ્ટ જ છે.

❀ અભાવસ્થલે વિપ્રતિપત્તિ પ્રદર્શન ❀

અત્ર. પ્રસ્તુતમાં અભાવના સ્વરૂપ વિશે નૈયાયિક અને જૈન વચ્ચે એવી વિપ્રતિપત્તિ = વિવાદ તો સંભવિત જ નથી કે 'અભાવત્વં ભાવવૃત્તિ ન વા ?' અર્થાત્ 'અભાવત્વ ધર્મ ભાવમાં રહેનાર છે કે નહિ ? આનું કારણ એ છે કે નૈયાયિકમતે પણ ઘટાભાવાભાવ પ્રથમ અભાવના પ્રતિયોગી ઘટસ્વરૂપ હોવાથી અભાવત્વ = ઘટાભાવાભાવત્વ ધર્મ ઘટાત્મક ભાવમાં રહેતો હોવાથી સિદ્ધસાધન દોષ આવશે. નૈયાયિકમતે સિદ્ધને સાધવા માટે પ્રયત્ન કરવો એ કૃતકરણ ન્યાયથી નિરર્થક છે. વળી, નૈયાયિક જો એમ કહે કે —> અભાવત્વ ધર્મ

बाधाच्च ? अत एव 'अभावो भावभिन्नो न वा ?' इत्यपि न, अंशतो बाधात् । किन्तु 'अभावत्वं भावत्वव्याप्यं न वा ?' इति । तत्र नैयायिकाः अभावो भावातिरिक्त एव, अधिकरणस्याऽप्रतियोगिकत्वात् तस्य च सप्रतियोगिकतयाऽनुभूयमानत्वेन तद्रूपत्वाऽयोगात् ।

अथ सप्रतियोगिकत्वं प्रतियोग्यविषयकबुद्ध्यविषयत्वम् । तच्च तवाऽपि नाभावस्य, इदन्त्वादिनाऽप्यभावप्रत्यक्षात्

भानुमती

सम्भवति । पक्षतावच्छेदकावच्छेदेन निषेधकोट्यभ्युपगमे **च** *नैयायिकस्यांशतो* **बाधात्,** *घटाभावाभावत्वादेस्तन्मतेऽपि घटादेर्भावपदार्थत्वात्तेत्वात् । **अत एव** = अंशतो बाधादेव,* **'अभावो भावभिन्नो न वा ?' इत्यपि** *विप्रतिपत्तेः* **न** *सम्भवति, पक्षतावच्छेदकावच्छेदेन नैयायिकेन विधिकोट्यङ्गीकारे* **अंशतो बाधात्,** *नैयायिकमते घटाभावस्य भूतलादेर्भेदेतेताकस्य भावाभिन्नत्वेऽपि घटाभावाभावस्य घटाऽभिन्नत्वात् । ननु विप्रतिपत्त्यसम्भवे कथं कथासम्भवः स्यादित्यादि - नैयायिकयोः ? तदसम्भवे वा कथं परमतोन्मूलनापूर्वं स्वमतसमर्थनं स्यादित्याशङ्क्यायामाह* **—> किन्विति । 'अभावत्वं भावत्वव्याप्यं न वा ?' इति** *विप्रतिपत्तेः । तत्र विधिकोटिः जैनानां निषेधकोटिश्च नैयायिकानाम् । तेन न सिद्धसाधनं बाधो वा ।*

*इत्थं विप्रतिपत्तिमुपदर्श्य कथारम्भे पूर्वपक्षमावेदयति —> **तत्र नैयायिका** इति । 'आहुः' (दृश्यतां २९३ तमे पृष्ठे) इत्यन्तोऽयं पूर्वपक्षः । **अभावः** = अभावपदप्रतिपाद्यो* **भावातिरिक्त एव,** *न त्वधिकरणस्वरूपः* **अधिकरणस्याऽप्रतियोगिकत्वात्** = *प्रतियोगिज्ञानापेक्षत्वात्* **तस्य च** = *अभावस्य च,* **सप्रतियोगिकतयाऽनुभूयमानत्वेन तद्रूपत्वाऽयोगात्** = *अधिकरणीभूतभावात्मकत्वाऽसम्भवात्, विरुद्धधर्माध्यासस्यैव तद्धेतुकत्वात् । 'घटो न', 'पटो न' इत्येवानुभवात्, न तु तत्तमाभम् । अतोऽभावतिरिक्तेतेद्यत्वं प्रतियोगिनः, अभावस्य प्रतियोगिज्ञानधीनज्ञानत्वञ्चानुभवसाक्षिकं, गोसादृश्यवत् । न केवलमधिकरणं तज्ज्ञानं ताऽभावः, प्रतियोगिज्ञानं तिलाऽपि तद्वेतेः, तद्वेतौ प्रतियोगिनोऽतिशयत्वाच्च । सप्रतियोगिकत्वाभावे च कस्य प्रतियोगी घटः ? इति* ***तत्त्वचिन्तामणिकारः*** *(त. चिं.प्र.खं.अभाववाद पृ.१७८) ।*

*अधिकरणस्वरूपाभाववादी शङ्कते —> **अथेति** । मूलग्रन्थे चोदित्यनेनाऽऽख्यातत्वयः । **सप्रतियोगिकत्वं** = सप्रतियोगिकत्वपदप्रतिपाद्यं हि प्रतियोगिसापेक्षत्वम् । तच्च नोत्पत्तौ, अत्यन्ताभावाऽप्योन्याभाव-प्रागभावानामनित्यवर्त्तित्वेन तदसङ्ग्रहापत्तेः । नाशे स्थितौ, अत्यन्ताभावादेः प्रतियोगिविरोधित्वादेव । किन्तु ज्ञप्तौ, तच्चेत् प्रतियोगितावच्छेदकबुद्धिप्रतिबन्धकत्वरूपं, तर्हि प्रतियोगितावच्छेदकादातिप्रसङ्गः इति* **प्रतियोग्यविषयकबुद्ध्यविषयत्वं** *एव तत् स्वीकर्त्तव्यम् । **तच्च** = प्रतियोग्यतिषयकबुद्धिनिरूपितातिषयत्वाभावस्वरूपं सप्रतियोगिकत्वं हि,* **तवापि** = *नैयायिकस्यापि* **न अभावस्य** = *अभावत्वावच्छेदकस्य सम्भवति, 'इदं तम'इत्यादिबुद्धौ* **इदन्त्वादिनाऽपि** = *पुरोवर्तित्वादेरूपेणापि* **अभावप्रत्यक्षात्** = *आलोकाभावादेः साक्षात्कारोदयात् तत्रालोकलक्षणप्रतियोगिज्ञानं तिलौव*

ભાવમાં નથી જ રહેતો' <— તો આવી નિષેધકોટિ સ્વીકારથી નૈયાયિકમતમાં બાધ દોષ આવશે, કારણ કે ઘટાભાવાભાવત્વ ધર્મ ઘટાત્મક ભાવમાં રહે છે જ. માટે જ જો જૈન અને નૈયાયિક વચ્ચે એવી વિપ્રતિપત્તિ = વિરુદ્ધ માન્યતા રજુ થાય કે 'અભાવ ભાવભિન્ન છે કે નહિ ?' તો તે પણ સંભવ નથી, કારણ કે વિધિકોટિને આગળ કરીને 'અભાવ ભાવભિન્ન જ છે' એવું નૈયાયિક કહી શકે તેમ નથી. આનું કારણ એ છે કે ઘટાભાવાભાવ ઘટાત્મક ભાવથી ભિન્ન ન હોવાના લીધે અંશતઃ = પક્ષતાઅવચ્છેદકસામાનાધિકરણ્યેન બાધ દોષ નૈયાયિકમતે આવશે. માટે વિપ્રતિપત્તિનો આકાર એવો માનવો ઉચિત છે કે 'અભાવત્વ ભાવત્વવ્યાપ્ય છે કે નહિ ?' વિધિકોટિ જૈનોની છે ને નિષેધકોટિ નૈયાયિકની છે. જૈન મતે અભાવત્વ ધર્મ જ્યાં રહે ત્યાં ભાવત્વ રહે છે. નૈયાયિકમતે ઘટાભાવ વગેરે અભાવપદાર્થ અતિરિક્ત હોવાથી અભાવત્વ ધર્મ જ્યાં રહે ત્યાં ભાવત્વ ધર્મ રહે જ - એવો નિયમ સ્વીકાર્ય નથી.

❀ અભાવ અતિરિક્ત પદાર્થ છે-નૈયાયિક ❀

દીર્ઘપૂર્વપક્ષ[1] : અભાવપદાર્થ ભાવપદાર્થથી અતિરિક્ત જ છે, અધિકરણસ્વરૂપ નથી. કારણ કે અભાવનું અધિકરણ નિષ્પ્રતિયોગિક છે જ્યારે અભાવનું ભાન સપ્રતિયોગિકત્વરૂપે = પ્રતિયોગિજ્ઞાનસાપેક્ષસ્વરૂપે થાય છે. માટે સપ્રતિયોગિકત્વ અને નિષ્પ્રતિયોગિકત્વ સ્વરૂપ વિરુદ્ધ ધર્મના અધ્યાસના લીધે અભાવને તેના અધિકરણસ્વરૂપ માની શકાય તેમ નથી.

જૈન : અથ સ.। નૈયાયિક અભાવને સપ્રતિયોગિક કહે છે પરંતુ સપ્રતિયોગિકત્વનો અર્થ છે પ્રતિયોગીઅવિષયક એવી બુદ્ધિથી નિરૂપિત વિષયતાનો અભાવ. અર્થાત્ પ્રતિયોગીના ભાન વિના પોતાનું ભાન ન થવાપણું. પરંતુ આવું સપ્રતિયોગિકત્વ અભાવમાં માની શકાય તેમ નથી, કારણ કે ઈદંત્વરૂપે પણ અભાવનું પ્રત્યક્ષ થાય છે. 'इदं तमः' આ બુદ્ધિ નૈયાયિક મતાનુસાર ઈદંત્વરૂપે અભાવનું ભાન કરે છે, કારણ કે તમ = અંધકાર આલોકાભાવસ્વરૂપ હોવાના લીધે અભાવપદાર્થ જ છે. પ્રસ્તુતમાં અન્ધકારપ્રતિયોગી આલોકનું = પ્રકાશનું ભાન થયા વિના જ અભાવનું ભાન થતું હોવાથી સકલ અભાવમાં પ્રતિયોગીના ભાન વિના ભાન ન થવાપણું

---

१. આનો ઉત્તરપક્ષ પૃ. २२४ માં છે.

किन्तु अभावत्वस्य । तस्य च ममापि तथात्वमेव, घटवद्भिन्नत्वरूपस्य तस्य घटधीसाध्यत्वादिति चेत् ? न, तद्भिन्नत्वस्यापि स्वरूपानतिरेकेणाऽप्रतियोगिकत्वात् । वस्तुतः प्रतियोग्यवृत्तिरनुयोगिवृत्तिर्यो धर्मः तज्ज्ञानस्य प्रतियोगिवृत्तित्वे-

भानुमती

ज्ञानविषयत्वस्य सत्त्वात् । तर्हि कस्य तत् स्यात् ? इत्याशङ्क्याहाह- **किन्तु अभावत्वस्य** एव तादृशं सप्रतियोगिकत्वं वाच्यम् । **तस्य** = अभावत्वस्य **च मम** अधिकरणस्वरूपाभाववादिनः **आपे तथात्वमेव** = प्रतियोग्यविषयकज्ञानाविषयत्वस्वरूपसप्रतियोगिकत्वमेव । कथं ? उच्यते, **घटवद्भिन्नत्वरूपस्य तस्य** = घटात्यन्ताभावत्वस्य **घटधीसाध्यत्वात्** = घटात्मकप्रतियोगिविषयकज्ञानाधीनत्वाभ्युपगमात् । तथा चात्यन्ताभाव-तदधिकरणयोर्निष्प्रतियोगिकत्वाऽविशेषाज्ञाभावस्याधिकरणातिरिक्तत्वकल्पना सङ्गतेति **चेत्** ?

अत्र **तत्त्वचिन्तामण्यालोककृतो जयदेवमिश्रा** वदन्ति - **नेति । तद्भिन्नत्वस्यापि** = घटवद्भेदस्यापि, अभावत्वाऽविशेषात् **स्वरूपानतिरेकेण** = स्वाधिकरणीभूतभूतलादिस्वरूपानतिरिक्ततया **अप्रतियोगिकत्वात्** = प्रतियोगिज्ञानाधीनज्ञानविषयत्वातिरेकात् सप्रतियोगिकत्वानुपपत्तेः, अभावज्ञानं विना प्रतियोगिमद्भेदाग्रहाच्च ।

किञ्च घटात्यन्ताभावत्वस्य घटवद्भेदत्वात्मकत्वमभ्युपगम्य सप्रतियोगिकत्वोपपादनं परस्पराश्रयोऽपि स्यादित्याह- **वस्तुत** इति । **प्रतियोग्यवृत्तिरनुयोगिवृत्तिर्यो धर्मः तज्ज्ञानस्य भेदग्रहहेतुत्वेने**ति । स्याद्वादिनये भेदस्य प्राक् वैधर्म्यरूपत्वमुक्तम् । अतः 'पटो घटभिन्नः' इतिज्ञानार्थं प्रतियोगिनि घटेऽवृत्तित्वे सति अनुयोगिनि पटे वृत्तेर्यः पटत्वादिर्धर्मः तज्ज्ञानस्य पटानुयोगिक-घटप्रतियोगिकभेदज्ञानजनकत्वम् । केवलं प्रतियोग्य-वृत्तिर्धर्मज्ञानस्य भेदग्राहकत्वे तु मठत्वज्ञानादापे पटे घटभेदज्ञानापत्तिरिति 'अनुयोगिवृत्तित्वं' भेदग्राहक-ज्ञानविषयीभूतधर्मविशेषणतया वाच्यम् । अनुयोगिवृत्तिर्धर्ममात्रज्ञानस्य तथात्वे च द्रव्यत्वज्ञानादापे पटे घट-भिन्नत्वावबोधप्रसङ्गः इति प्रतियोग्यवृत्तित्वोपादानम् । तथापि पटत्वे घटवृत्तित्वभ्रमदशायां 'पटो घटान्य' इति ज्ञानापत्तेर्दुर्वारत्वात् घटवृत्तित्वप्रकारकज्ञानविषयीभूतस्य पटत्वस्य प्रतियोगिनिरूपितवृत्तित्वशून्यत्वे सत्यनुयो-गिनिरूपितवृत्तित्वाऽऽवश्यकत्वात्, तादृशप्रमातिवेशे च गौरवात्, प्रमात्वस्य तदुक्तौ तत्प्रकारकत्वस्वरूपत्वा-

= સપ્રતિયોગિકત્વ માની શકાય તેમ નથી. માટે આ સપ્રતિયોગિકત્વ અભાવમાં નહિ પરંતુ અભાવત્વમાં જ નૈયાયિકે માનવું પડશે. પરંતુ આ તો અમારા = અધિકરણસ્વરૂપ અભાવવાદીના મતમાં પણ માન્ય છે, કારણ કે ઘટાભાવત્વ = ઘટાત્યન્તાભાવત્વ ઘટવદ્ભિન્નત્વસ્વરૂપ હોવાથી ઘટવત્ પર્વતાદિથી ભિન્નત્વ, કે જે ભૂતલાદિમાં છે, તેનું જ્ઞાન ઘટજ્ઞાન વિના થઈ શકતું નથી. આશય એ છે કે ઘટાત્યન્તાભાવ ભૂતલસ્વરૂપ છે અને ભૂતલમાં રહેનાર ઘટાત્યન્તાભાવત્વ ઘટવદ્ભેદસ્વરૂપ છે કે જેનું જ્ઞાન પ્રતિયોગીના જ્ઞાનને સાપેક્ષ છે જ. આમ અધિકરણની જેમ ઘટાત્યન્તાભાવ તો નિષ્પ્રતિયોગિક = પ્રતિયોગિનિરપેક્ષ = પ્રતિયોગિઅવિષયકજ્ઞાનવિષય હોવાથી સપ્રતિયોગિકત્વ અને નિષ્પ્રતિયોગિકત્વસ્વરૂપ વિરુદ્ધ ધર્મના અધ્યાસથી = સમાવેશથી અભાવને પોતાના અધિકરણથી અનિરિક્ત માનવો વ્યાજબી નથી.

▒ અનતિરિક્તઅભાવવાદીમતે અન્યોન્યાશ્રય - પૂર્વપક્ષ ચાલુ ▒

નૈયાયિક :- ન, ત.ા ના, અધિકરણસ્વરૂપ અભાવવાદીની ઉપરોક્ત વાત બરાબર નથી. આનું કારણ એ છે કે તદ્ભિન્નત્વ અર્થાત્ ઘટવદ્ભેદ પણ અભાવસ્વરૂપ હોવાથી અધિકરણીભૂત ભૂતલના સ્વરૂપથી અનિરિક્ત સંભવી નહિ શકે. તથા અધિકરણ તો નિષ્પ્રતિયોગિક છે. તેથી ઘટવદ્ભેદનું પણ નિષ્પ્રતિયોગિક = પ્રતિયોગીઅવિષયકજ્ઞાનવિષયત્વ બનવું અનિવાર્ય થશે. તેથી દર્શિત અભાવત્વને સપ્રતિયોગિક બનાવવું વ્યાજબી નથી. તેમ જ સત્ય હકીકત તો એ છે કે અભાવ અને અધિકરણમાં અભેદ સિદ્ધ થઈ શકતો નથી. આનું કારણ એ છે કે તેવું માનવામાં અન્યોન્યાશ્રય દોષ આવે છે. તે આ રીતે -સ્યાદ્વાદીમતાનુસાર ભેદ વૈધર્મ્યસ્વરૂપ છે. માટે 'પટઃ ઘટભિન્નઃ' એવું જ્ઞાન કરવું હોય તો પ્રતિયોગી એવા ઘટમાં ન રહેનાર અને અનુયોગી એવા પટમાં રહેનાર પટત્વ ધર્મનું જ્ઞાન આવશ્યક છે. ઘટની અપેક્ષાએ પટમાં વૈધર્મ્ય પટત્વસ્વરૂપ છે. માટે તેનું જ્ઞાન થાય તો પટમાં ઘટભેદનું ભાન થઈ શકે. ફક્ત પ્રતિયોગીમાં અવૃત્તિ ધર્મના જ્ઞાનને ભેદગ્રહજનક ન માની શકાય, કારણ કે ઘટભેદના પ્રતિયોગી ઘટમાં અવૃત્તિ મઠત્વ ધર્મનું ભાન થવા છતાં 'ઘટભેદવાન્ પટ' એવું ભેદજ્ઞાન થતું નથી. માટે અનુયોગીવૃત્તિત્વને ધર્મનું વિશેષણ બનાવવું આવશ્યક છે. મઠત્વ ધર્મ પ્રતિયોગીમાં અવૃત્તિ હોવા છતાં અનુયોગી એવા પટમાં વૃત્તિ ન હોવાથી તેના જ્ઞાનથી ઘટભેદનું પટમાં ભાન ન થઈ શકે. જો ફક્ત અનુયોગીવૃત્તિ ધર્મના જ્ઞાનને ભેદજ્ઞાનજનક માનવામાં આવે તો પટમાં રહેનાર દ્રવ્યત્વ ધર્મના જ્ઞાનથી પણ 'પટો ઘટભિન્નઃ' એવા જ્ઞાનની આપત્તિ આવે. માટે પ્રતિયોગીમાં અવૃત્તિત્વ અને અનુયોગીમાં વૃત્તિત્વ બન્ને ભેદગ્રાહક જ્ઞાનવિષયીભૂત ધર્મના વિશેષણરૂપે આવશ્યક છે. અથવા એમ પણ કહી શકાય છે કે પ્રતિયોગીમાં રહેનાર તરીકે જે ધર્મનું ભાન ન થાય તે ધર્મના જ્ઞાનને ભેદગ્રાહક માની શકાય છે. અર્થાત્ પ્રતિયોગીવૃત્તિસ્વરૂપે અજ્ઞાત ધર્મનું જ્ઞાન પણ ભેદજ્ઞાનજનક બની શકે છે. આ કહેવાની પાછળ આશય એ છે કે જ્યારે કોઈ વ્યક્તિને પટત્વમાં ઘટવૃત્તિત્વનો ભ્રમ થયેલ હોય ત્યારે તે વ્યક્તિ પાસે પ્રતિયોગીમાં અવૃત્તિ અને અનુયોગીમાં વૃત્તિ એવા પટત્વ ધર્મવિષયક

नाऽज्ञातधर्मग्रहस्य वा भेदग्रहहेतुत्वेन तस्य चात्र भेदरूपस्यैव सम्भवेनाऽन्योन्याश्रयाच्च । न चाऽभावव्यवहारार्थमेव प्रतियोगिज्ञानापेक्षा, अभावस्त्वप्रतियोगिक एवेति वाच्यम्, व्यवहर्तव्यज्ञाने सति सत्याश्चेच्छायां व्यवहारोदयेन तत्राधिकस्यानपेक्षणात्,

भानुमती

दित्यरुचेः कल्पान्तरमाह —> **प्रतियोगिवृत्तित्वेन** = *प्रतियोगिनिरूपितवृत्तित्वविशिष्टत्वेन* **अज्ञातधर्मग्रहस्य वेति** । *पटत्वस्य घटवृत्तित्वभ्रमदशायां प्रतियोगिवृत्तित्वेन ज्ञातत्वान्न तदानीं भ्रान्तस्य पटे घटभेदग्रहापत्तिः, न वा द्रव्यत्वस्याऽनुयोगिवृत्तित्वज्ञानमात्रात्पटे घटान्यत्वग्रहप्रसङ्गः, द्रव्यत्वस्य प्रतियोगिनि घटेऽपि वृत्तित्वेन ज्ञानात् तस्य घटवृत्तित्वेनाऽज्ञातत्वे तु तदानीं तादृशभ्रमापत्तेरिष्टत्वात् । ततश्च यद्वृत्तित्वेनाऽज्ञातधर्मग्रहो यत्र जायते तद्भेदग्रहस्तत्र तत्स्वरूपज्ञायत इति फलितार्थः । साम्प्रतं लब्धावकाशो नैयायिक इतरेतराश्रयमापादयति* **तस्य** = *प्रतियोग्यवृत्त्यनुयोगिवृत्तिधर्मस्य प्रतियोगिवृत्तित्वेनाऽज्ञातधर्मस्य* **च अत्र भेदरूपस्य** = *भेदगर्भस्य* **एव सम्भवेन अन्योन्याश्रयाच्चेति** । *उल्लिखितधर्मस्य विशेष्यविधया ज्ञातधर्मस्य किञ्चिद्धर्मप्रकारेणैव भानानियमात् प्रतियोग्यवृत्तित्वादिकं धर्मस्य पटत्वादेः पटत्वत्वाद्युपस्थितिसाध्यम्, तच्चेह पटेतरावृत्तित्वे सति सकलपटवृत्तित्वरूपेमिति पटेतरत्वगर्भतया भेदधीसापेक्षमिति पटे घटभेदज्ञानाय घटादौ पटभेदज्ञानापेक्षा घटादौ पटभेदग्रहार्थं च पटादौ घटान्यत्वज्ञानापेक्षेति स्पष्टमेव ज्ञप्तौ परस्परसापेक्षत्वम् ।*

अपर्यालोचितालोकग्रन्थाः **केचित्तु** —> *यद्यप्यात्माश्रय एव एवं सति स्यात्, तथापि प्रतियोग्यवृत्तेरित्यंशे प्रतियोगिवृत्तिभेदस्य 'प्रतियोगिवृत्तित्वेनाज्ञाते'त्यत्र प्रतियोगिवृत्तित्वेन ज्ञातभेदस्य च प्रविष्टत्वेन तद्ग्रहस्य तद्घटितवैधर्म्यग्रहे वैधर्म्यग्रहस्य तद्ग्रहेऽपेक्षणात्तन्नोन्याश्रयः* —> *इत्येवं* **व्याख्यानयन्ति** ।

न च *अभावव्यवहारस्य प्रतियोगी घटः, घट-तदभावव्यवहारयोर्विरोधादिति* **अभावव्यवहारार्थमेव प्रतियोगिज्ञानापेक्षा** *न तु अभावज्ञानार्थं, यतः केवलाधिकरणस्वरूपत्वेन* **अभावस्तु अप्रतियोगिक एव इति वाच्यम्** *यत 'इह घटो न' इति नञर्थस्य प्रतियोगी घटोऽनुभूयते न त्वभावज्ञानानन्तरभाविनोऽभावव्यवहारस्य, तस्याभावानुभवसमयेऽप्रतीतेः । **न च** व्यर्तहियतेऽसौ न त्वनुभूयत इति* **वाच्यम्,** *तादृशानुभवं विना तथाव्यवहाराभावात् । व्यवहारे एव प्रतियोगिज्ञानापेक्षेत्यपि न युक्तम्,* **व्यवहर्तव्यज्ञाने सति सत्याश्चेच्छायां व्यवहारोदयेन तत्र** = *व्यवहारे* **अधिकस्य अनपेक्षणात्** = *अधिकापेक्षाया अदृष्टचरत्वात् व्यवहर्तव्यस्याऽभावस्य प्रतियोगिग्रहं विनैव ग्रहे तद्व्यवहारोऽपि तमन्तरेणैव तदिच्छया स्यात् । अथ लाघवादेह तथा कल्प्यते न त्वभाव इति* **चेत् ? न,** *व्यवहारमात्रे तथा कारणत्वानवधारणात् । अथ मास्तु व्यवहारसामान्ये तथाकारणत्वं*

જ્ઞાન હોવાથી 'पटः घटान्यः' એવું ભાન થવાની આપત્તિ આવે છે. તેના વારણ માટે પ્રતિયોગિવૃત્તિત્વેન અજ્ઞાત એવા ધર્મનું જ્ઞાન ભેદજ્ઞાપક છે-એવું કહેવું જરૂરી બની જાય છે. આવું કહેવામાં દ્રવ્યત્વનું પટમાં ભાન થવા છતાં તેના દ્વારા 'ઘટભિન્ન પટ' એવું ભાન થવાની આપત્તિને પણ અવકાશ નથી રહેતો, કારણ કે દ્રવ્યત્વ ધર્મ ઘટાત્મક પ્રતિયોગીમાં વૃત્તિત્વેન જ્ઞાત જ છે. જ્યારે ઘટનું દ્રવ્યત્વેન કોઈ વ્યક્તિને ભાન ન જ હોય ત્યારે તો દ્રવ્યત્વપુરસ્કારેણ 'ઘટભિન્ન પટ' આવું જ્ઞાન થવું ઈષ્ટ જ છે. આ રીતે ભેદજ્ઞાન માટે પટત્વાદિ ધર્મમાં પ્રતિયોગ્યવૃત્તિત્વનું જ્ઞાન આવશ્યક બને છે. પરંતુ પટત્વમાં પ્રતિયોગ્યવૃત્તિત્વવિશિષ્ટઅનુયોગિવૃત્તિત્વનું જ્ઞાન અથવા પ્રતિયોગિવૃત્તિત્વેન અજ્ઞાતધર્મત્વનું ભાન પટત્વત્વસ્વરૂપે પટત્વનું ભાન થાય તો જ શક્ય છે, કારણ કે ઉલ્લિખિત ધર્મનું કિંચિત્પ્રકારેણ ભાન થવાનો નિયમ છે તથા પટત્વત્વ સકલપટવૃત્તિત્વ હોતે છતે પટેતરઅવૃત્તિત્વસ્વરૂપ હોવાથી પટત્વત્વ પટેતરત્વાદિગર્ભિત બને છે. આથી પટમાં ઘટભેદના જ્ઞાન માટે ઉપરોક્ત રીતે પટભેદ = પટેતરત્વનું જ્ઞાન અપેક્ષિત બને છે અને પટભેદનું ઘટાદિમાં ભાન કરવા માટે પટમાં ઘટભેદાદિના જ્ઞાનની અપેક્ષા રહેશે જ. માટે જ્ઞપ્તિમાં અન્યોન્યાશ્રય દોષ સ્પષ્ટ છે. એક બીજાના જ્ઞાનમાં એક બીજાના જ્ઞાનની અપેક્ષા રહેતી હોવાથી જ્યાં સુધી પટાદિભેદનું ઘટાદિમાં ભાન નહિ થાય ત્યાં સુધી ઘટાદિભેદનું પટાદિમાં ભાન નહિ થાય તથા જ્યાં સુધી પટાદિમાં ઘટાદિભેદનું જ્ઞાન નહિ થાય ત્યાં સુધી ઘટાદિમાં પટાદિભેદનું ભાન નહિ થાય. ફલતઃ એક પણ ભેદનું જ્ઞાન થઈ નહીં શકે. માટે ઘટાત્યન્તાભાવત્વને ઘટવદ્ભિન્નત્વસ્વરૂપ માનવું ઉચિત નથી. અર્થાત્ અભાવને અધિકરણભિન્ન જ માનવો ઉચિત છે.

❀ અભાવવ્યવહારમાં પણ પ્રતિયોગિજ્ઞાન અપેક્ષિત નથી - પૂર્વપક્ષ ચાલુ ❀

અનતિરિક્તઅભાવવાદી : ન ચા.। પ્રતિયોગીજ્ઞાન અભાવના વ્યવહારમાં જ કારણ બને છે, અભાવના જ્ઞાનમાં નહીં. માટે અભાવ તો અપ્રતિયોગિક = પ્રતિયોગિજ્ઞાનનિરપેક્ષ જ હોય છે. આથી તેને અપ્રતિયોગિક અભાવથી અભિન્ન માનવામાં કોઈ બાધા નથી.

નૈયાયિક :- ન્ય.। ના, આ વાત બરાબર નથી. આનું કારણ એ છે કે વ્યવહર્તવ્યનું જ્ઞાન અને વ્યવહારની ઈચ્છા હોતે છતે વ્યવહારની ઉત્પત્તિ થાય છે. આથી વ્યવહારમાં આ બેથી અતિરિક્ત કોઈ કારણની અપેક્ષા હોતી નથી. સાવધિક પદાર્થના પણ જ્ઞાન

हस्तवितस्त्याद्यवच्छेद्यत्वेन दीर्घत्वग्रहे सजातीयसाक्षात्कारप्रतिबन्धकतावच्छेदकत्वेन तारत्वादिग्रहे एव चावध्यपेक्षणात् ।

तत्प्रकारकज्ञानस्यैव तादृशव्यवहारनिबन्धनत्वात्, जातेश्चोक्तरीत्यैव सावधित्वात्, उक्तधर्मप्रकारेण गृहीतस्य परिमाणस्यैव सावधित्वसम्भवात् अतिरिक्तदीर्घत्वे मानाभाव एवेति स्वतन्त्राः ।

भानुमती

किन्तु व्यवहारविशेषार्थं तथात्वं सम्भवत्येव । दृष्टा हि व्यवहारविशेषेऽधिकापेक्षा, यथा परिमाणस्य दीर्घत्वव्यवहारे । तथाहि अधिकसङ्ख्याव्याप्यावच्छेदकहस्त-वितस्त्याद्यवच्छेदः परिमाणस्य दीर्घत्वं तद्विपरीतत्वं ह्रस्वत्वं । तादृशपरिमाणज्ञानवर्त्यावेगसमकालमेवानुभूतं, दीर्घत्वव्यपदेशस्तु अल्पसङ्ख्याद्यवच्छेद्यपरिमाणज्ञानमपेक्षते इति **चेत्?** ***मैवम्,*** *व्यवहारविशेषस्याऽननुगतत्वात् । ह्रस्वत्व-दीर्घत्वे च परिमाणान्तरे एव । तवाऽपि अल्पाधिकसङ्ख्याऽव्याप्यावच्छेदकहस्ताद्यवच्छेद्यत्वं परिमाणस्य ह्रस्वत्वं दीर्घत्वञ्चाल्पाधिकावधिज्ञानज्ञातम् । अतो द्रव्यसमकालं परिमाणानुभवेऽपि तज्ज्ञानानुभूतमिति न तदानीं तद्व्यवहारः इति व्यक्तं* **चिन्तामणौ** । *तच्चेतसिकृत्याऽऽह —>* ***हस्त-वितस्त्याद्यवच्छेद्यत्वेन दीर्घत्वग्रहे एव अवध्यपेक्षणात्*** *= हस्त-वितस्त्याद्यावच्छेद्यापेक्षणात् दीर्घत्वव्यवहारस्य नावध्यपेक्षणमिति सिद्धम् । एतमेव* ***सजातीयसाक्षात्कारप्रतिबन्धकतावच्छेदकत्वेन*** *= शब्दत्वरूपेण मृदङ्गादिजन्यतारशब्दसजातीयो यो वीणादिजन्यःमन्दःशब्दः तच्छ्रावणप्रत्यक्षस्य प्रतिबन्धकतावच्छेदकत्वप्रकारेण,* ***तारत्वादिग्रहे एव च अवध्यपेक्षणात्*** *= वीणाजन्यमन्दशब्दरूपावधिज्ञानापेक्षणात्, न तु तथात्वेऽव्यवहारे । इत्थं दीर्घत्वादिव्यवहारहस्तान्तबलेनाऽभावव्यवहारे व्यवहर्तव्यातिरिक्तस्य प्रतियोगिनो ज्ञानापेक्षणं न युक्तमिति* **चिन्तामणि**कारशयः । *तदुक्तं* ***आलोककृताऽपि*** *परिमाणग्राहेऽपि व्यञ्जकाभावात्तन्न गृहीतं, स्वरूपत्वेऽपि तस्य तेन रूपेण ज्ञानं तथा व्यवहारे निदानमिति तत्प्रकारकज्ञानार्थमेवाऽवध्यपेक्षेत्यर्थः (त. चिं. आलोक प्र. खं. पृ.७०९) इति ।*

स्वतन्त्रमतमावेदयति —> ***तत्प्रकारकज्ञानस्य*** *= हस्त-वितस्त्याद्यवच्छेद्यत्वादिप्रकारकदीर्घत्वादिज्ञानस्य* ***एव तादृशव्यवहारनिबन्धनत्वात्*** *= हस्त-वितस्त्याद्यावच्छेद्यत्वादिना दीर्घत्वादिव्यवहारस्य कारणत्वात् ।* ***न च*** *दीर्घत्वादिजातेः कथं सावधित्वं स्यात्, घटत्वादौ तथाऽनीक्षणादिति* ***शङ्कनीयम्, जातेः*** *= दीर्घत्व-तारत्वादिजातेः* ***च*** *= हि* ***उक्तरीत्यैव*** *= हस्त-वितस्त्याद्यवच्छेद्यत्वेन दीर्घत्वजातिग्रहे हस्त-वितस्त्यादिव्याप्यावच्छेदकहस्ताद्यवच्छेद्यत्वेन दीर्घत्वजातिग्रहे हस्त-वितस्त्यादिव्याप्यावच्छेदकावच्छेदकतासम्बन्धेन हस्त-वितस्त्यादिव्याप्यावच्छेदकावच्छेदकतासम्बन्धेन दीर्घत्वजातिग्रहे

अथ **अभाववृत्त्यभावस्याधिकरणानतिरेकेण सर्वमिदं प्रतिबन्दिकवलितमिति** चेत् ? न, **अभाव-सिद्ध्युत्तरमुपस्थितायास्तस्याः फलमुखगौरववददोषत्वात्** ।

अथाभावग्रहसामग्र्यैव **तद्व्यवहारोपपत्तेः किमन्तर्गडुनाऽभावेनेति** चेत् ? न, **'इह घटो न' इति प्रतीयमानस्य**

भानुमती

अथ अभाववृत्त्यभावस्य = अभावाधिकरणकाभावस्य ***अधिकरणानतिरेकेण*** = अभावात्मकस्वाधिकरणस्वरूपत्वेन **सर्वमिदं** नैयायिकोक्तं **प्रतिबन्दिकवलितं** = समानप्रश्न-प्रत्युत्तरपरम्पराग्रस्तम् । तथाहि यथा-ऽभावाधिकरणकाभावोऽधिकरणस्वरूपः तथा भावात्मकाधिकरणवृत्त्यभावः किं न स्वाधिकरणस्वरूपः ? 'तस्य सप्रतियोगिकत्वेनानुभवादि'ति चेत् ? तुल्यमिदमभाववृत्त्यभावेऽपि, 'घटाभावे पटो नास्ती'त्यादावभावाधिकरण-काभावस्याऽपि सप्रतियोगिकत्वेनैवानुभवात् । **न चानवस्थाभयेनाऽभावाधिकरणकाभावस्याधिकरणरूपतेति वाच्यम्,** गौरवभयेनाभावमात्रस्यैवाधिकरणस्वरूपत्वमित्यस्याऽपि तुल्यत्वात् । न चानन्ताधिकरणेष्वभावत्व-कल्पनापेक्षया वरमेकातिरिक्ताभावकल्पनमिति वक्तव्यम्, अतिरिक्ताभावमभ्युपगम्याऽपि तत्र सर्वाधिकरणेष्व-भावसम्बन्धत्वकल्पनायास्तवाऽपि समानत्वात्, अतिरिक्ताभावकल्पनलक्षणातिरिच्यते । **न च** भाववृत्त्यभा-वस्थलेऽधिकरणस्य निष्प्रतियोगिकत्वमभाववृत्त्यभावस्थले त्वधिकरणस्य सप्रतियोगिकत्वमिति तत्र विरुद्ध-धर्माध्यासविरहेणाभावाधिकरणानतिरेकः भावाधिकरणकाभावस्थले तु विरुद्धधर्माध्यासात् स्वतन्त्रत्वमेवाभावस्येति **वाच्यम्,** 'तमसि घटो नास्ती'त्यादावखण्डतमस्त्वेनाधिकरणप्रतीतेरपि जागरूकत्वेन तत्राऽपि विरुद्धधर्माध्या-सादभावात्मकाधिकरणातिरेकः स्यात् । **न च** तथापि 'तमसि नास्ति किञ्चन' इत्यत्रोभयोरप्यप्रति-योगिकत्वेनानुभवात्तत्राभावाधिकरणकाभावस्याधिकरणानतिरिक्तत्वे बाधकाभाव इति **साम्प्रतम्,** 'अतिधकार-वद्भूतलमि'त्यत्राप्युभयोरप्रतियोगित्वेनानुभवस्यानपलपनीयत्वादिति **चेत् ? न,** प्रागुक्तरीत्या ***अभावसिद्ध्युत्तरं*** = भावात्मकाधिकरणातिरिक्ताभावस्य प्रमाणतः सिद्धेरुत्तरकाले ***उपस्थितायाः तस्याः*** = दर्शितप्रतिबन्देः ***फलमुखगौरववत्*** = प्रमाणाधीनगौरवस्येव, ***अदोषत्वात्*** सिद्ध्यसिद्धिभ्यां व्याघातात्, 'विषवृक्षोऽपि संवर्द्ध्य स्वयं छेत्तुं न साम्प्रतम्' । तदुक्तं ***आलोककृता*** —> अभावसिद्धिदशायामेतादृशप्रतिबन्धनवतारेणाऽप्रतिब-न्दिनोक्त्युक्तिकादर्थेनाभावसिद्धौ तदुत्तरकालेऽनवस्थाभयादिनाऽभावाऽऽधाराऽभावप्रतियोगिकाभावान्तराऽप्रमितौ तयो-र्भावैकपर्यवसानेऽप्यवतीर्णा सा प्रतिबन्दिर्नाभावग्राहकं प्रमाणं बाधते, उपजीव्यत्वात् फलमुखगौरवादित्या-खण्डलकस्यैव मूलावष्टम्भयुक्तिर्धारणीयेति सर्वतात्पर्यसङ्ग्रहः <— (त.चिं.आ.प्र.खं.पृ.१७२) इति ।

अत्रातिरिक्ताभाववादी शङ्कते —> ***अथ अभावग्रहसामग्र्यैव*** = घटाद्यभावज्ञानजनिकया अधिकरणेन्द्रियस-न्निकर्षाधिकरणज्ञान-प्रतियोगिस्मरणालोकादिसामग्र्यैव ***तद्व्यवहारोपपत्तेः*** = घटाद्यभावगोचरपदप्रयोगसम्भवात् ***किं*** = अलं ***अन्तर्गडुना*** निरर्थकेनातिरिक्तेन ***अभावेन*** । अस्ति तावत् कस्यचित् ज्ञानात् क्वचिदभावपदप्रयोगः सर्वानुभवसिद्धः । तत्र प्रयोगालम्बनं भूतलादेव, घटवदतिरिक्ताऽप्रकाशात् । तत्तश्च यदपेक्षं यस्याभाव-पदप्रयोगविषयत्वं तत्तस्याभाव इत्युपेयते । तदबुद्धिजनिताऽभावपदप्रयोगविषयत्वमेव घटभूतलयोः प्रतियोग्य-

---

અથ.। અહીં એવી શંકા થાય કે —> નૈયાયિક પણ અભાવમાં રહેનારા અભાવને અનવસ્થાના ભયથી તથા કોઈ બાધક ન હોવાથી અધિકરણસ્વરૂપ માને છે. 'ઘટાભાવમાં પટ નથી' આવી અભાવાધિકરણક અભાવબુદ્ધિમાં અભાવનું ભાન સપ્રતિયોગિકત્વસ્વરૂપે થવા છતાં તે જેમ અધિકરણસ્વરૂપ છે તેમ બીજા ભાવાધિકરણક અભાવને પણ અધિકરણસ્વરૂપ માનવામાં કોઈ વિરોધ નૈયાયિકે બતાવવો ન જોઈએ. માટે અભાવમાં ભાવાત્મક અધિકરણથી અભિન્નતાનું ખંડન પ્રતિબંદિથી = સમાન પ્રશ્ન ઉત્તરથી કવલિત = નષ્ટ થઈ જશે. અતિરિક્ત અભાવની કલ્પનાનું ગૌરવ આવશે. <— તો તેના સમાધાનમાં નૈયાયિક એમ કહે છે કે ભાવાધિકરણક અભાવસ્થલે સપ્રતિયોગિકત્વ અને નિષ્પ્રતિયોગિકત્વ સ્વરૂપ વિરુદ્ધ ધર્મના લીધે અધિકરણ અને અભાવમાં ભેદની સિદ્ધિ થઈ ગયા પછી અભાવાધિકરણક અભાવની અભાવાત્મક સ્વાધિકરણથી અભિન્નતાને આગળ કરીને પ્રતિબંદિ ઉપસ્થિત થયેલ છે. માટે તે દોષરૂપ અર્થાત્ ભાવાધિકરણક અભાવને અધિકરણથી ભિન્ન માનવામાં બાધક નહિ બની શકે. આનું દૃષ્ટાંત ફલમુખ ગૌરવ છે. પ્રમાણ દ્વારા કાર્ય-કારણભાવની સિદ્ધિ થઈ ગયા પછી તે કાર્ય-કારણભાવના સ્વીકારમાં કોઈ ગૌરવ બતાવે તો પાછળથી ઉપસ્થિત થયેલ તે ગૌરવ જેમ પ્રમાણાધીન હોવાથી દોષસ્વરૂપ નથી તેમ ઉપરોક્ત રીતે અભાવ અને તેના ભાવાત્મક અધિકરણમાં પ્રમાણ દ્વારા ભેદની સિદ્ધિ થઈ ગયા પછી અભાવાધિકરણવૃત્તિ અભાવના અભેદને આગળ કરીને ઉપસ્થિત થયેલ પ્રતિબંદિ (અર્થાત્ અભાવાધિકરણક અભાવ અધિકરણસ્વરૂપ છે. તો ભાવાધિકરણક અભાવ અધિકરણસ્વરૂપ કેમ ન બને? આવી સમસ્યા અને તેના સમાધાનની પરંપરા) પણ અભાવને ભાવાત્મક અધિકરણથી ભિન્ન માનવામાં બાધક બની ન શકે.

શંકા :- અથા.। જે સામગ્રીથી અભાવનું જ્ઞાન થાય છે તે જ સામગ્રીથી અભાવનો વ્યવહાર પણ સિદ્ધ થઈ શકશે. જેમ કે અધિકરણ અને ઇન્દ્રિયનો સન્નિકર્ષ, અધિકરણજ્ઞાન, પ્રતિયોગીજ્ઞાન, અધિકરણમાં આલોકની હાજરી વગેરે દ્વારા જ અભાવનું જ્ઞાન અને અભાવનો વ્યવહાર થઈ શકે છે.માટે અધિકરણથી અતિરિક્તરૂપે અભાવનો સ્વીકાર કરવો નિરર્થક છે.

तस्यान्तर्गडुत्वाऽयोगात्, अन्यथाऽतिप्रसङ्गात् ।

किञ्च, अभावप्रत्यक्षस्य विशिष्टवैशिष्ट्यप्रत्यक्षरूपत्वेन विशेषणतावच्छेदकप्रकारकनिश्चयमुद्रयैव प्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगिज्ञानस्य हेतुत्वं न तु स्वातन्त्र्येण, तव तु तद्व्यवहारे तस्य स्वातन्त्र्येण हेतुत्वं कल्पनीयमिति

भानुमती

नुयोगिरूपः सम्बन्धः । अत एव भूतलस्य सप्रतियोगिकत्वं तद्बुद्धिजनिताभावपदप्रयोगविषयत्वेन तद्बुद्धिं विना अभावपदप्रयोगाविषयत्वात् । अनेनैवोपाधिना घटाभावादिपदव्युत्पत्तिग्रह **इति चेत्** *?*

अतिरिक्ताभाववादी तन्निराकरोति —> **नेति । 'इह** *भूतले* **घटो न' इति प्रतीयमानस्य तस्य** *= अतिरिक्ताभावस्य* **अन्तर्गडुत्वाऽयोगात् । न च** *तत्र भूतलमेवाभावपदप्रयोगालम्बनमिति* **वाच्यम्,** *यतो न हि 'भूतलं घटाभाव' इति प्रतीति-प्रयोगौ, अपि तु 'भूतले घटाभाव' इति, 'भूतले घट' इतिवत् । 'भूतले घटो नास्ती'ति भूतलात्मकाधिकरणातिरिक्तनञर्थप्रकाशात् । अपि च घटबुद्धिजनिताभावपदप्रयोगविषयत्वं भूतलस्य घटाभावत्वं तथा च घटाभावत्वे तस्यावगते घटाभावपदप्रयोगविषयत्वं, घटाभावपदप्रयोगविषयत्वे च ज्ञाते तस्य घटाभावत्वमित्यन्योन्याश्रयः, पदप्रवृत्तिनिमित्तेऽवगते पदप्रयोगनियमात् । घटाभावत्वञ्च घटाभावपदे प्रवृत्तिनिमित्तम् ।* **अन्यथा** *= भूतलस्यैव सप्रतियोगिकत्वाभ्युपगमे* **अतिप्रसङ्गात्** *प्रतियोगिनं विना केवलं भूतलं न प्रतिभासेत । घटाभावपदप्रयोगदशायां तत् सप्रतियोगिकं नान्यदेति* **चेत्** *? तर्हि घटप्रतियोगिकत्वे तस्य घटबुद्धिजनिताभावपदप्रयोगविषयत्वं सति च तस्मिन् घटप्रतियोगिकत्वमित्यन्योन्याश्रयः इति व्यक्तं* **तत्त्वचिन्तामणौ** *(त.चिं.प्र.खं.पृ.७११-७१२) ।*

अतिरिक्ताभाववादिमते नैयायिका गौरवमाविष्कर्तुमुपक्रमन्ते —> **किञ्चेति । अभावप्रत्यक्षस्य** *= प्रतियोगिविशेषिताभावविषयकसाक्षात्कारस्य* **विशिष्टवैशिष्ट्यप्रत्यक्षरूपत्वेन** *= प्रतियोगितावच्छेदकावैशिष्ट्यप्रतियोगिनिरूपिताभावनिष्ठवैशिष्ट्यावगाहिसाक्षात्कारात्मकत्वेन* **विशेषणतावच्छेदकप्रकारकनिश्चयमुद्रयैव** *= विशेषणतावच्छेदकप्रकारकनिश्चयत्वेनैव* **प्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगिज्ञानस्य हेतुत्वं,** *अभावे प्रतियोगितासम्बन्धेन घटादिविशेषणमिति विशेषणतावच्छेदकीभूतं घटत्वमेव प्रतियोगितावच्छेदकं भवति । अतः प्रतियोगितावच्छेदकीभूतघटत्वात्मकविशेषणतावच्छेदकप्रकारकनिश्चयादेव घटाभावसाक्षात्कारसम्भवः* **न तु स्वातन्त्र्येण** *अभावप्रत्यक्षकारणताकल्पनागौरवं यौगनये रक्तत्वाऽज्ञानदशायां 'रक्तदण्डी पुरुष' इति साक्षात्कारानुदयेन विशिष्टवैशिष्ट्यावगाहिप्रत्यक्षे विशेषणतावच्छेदकप्रकारकनिश्चयत्वेन कारणतायाः क्लृप्तत्वादुभयमते,* **तव** *= अधिकरणस्वरूपाभाववादिनः मते* **तु तद्व्यवहारे** *= अभावव्यवहारे* **तस्य** *= प्रतियोगितावच्छेदकावच्छिन्नप्रतियोगिज्ञानस्य* **स्वातन्त्र्येण** *एव* **हेतुत्वं कल्पनीयम्,** *अन्यथा प्रतियोगिज्ञानाविरहदशायां भूतलज्ञाने*

समाधान :- न, 'इह.। આ શંકા નિરાધાર હોવાનું કારણ એ છે કે અનિરિક્ત અભાવને ન માનવામાં આવે તો 'नास्ति' આવી બુદ્ધિ નિર્વિષયક બનવાની આપત્તિ આવશે, કેમ કે ભૂતલસ્વરૂપ અધિકરણને (અથવા ઘટાદિસ્વરૂપ પ્રતિયોગીને) તે બુદ્ધિનો વિષય માની શકાય તેમ નથી. આનું કારણ એ છે કે ભૂતલમાં ઘટ ન દેખાય એ કાલમાં 'भूतलं घटाभावः' એવી બુદ્ધિ થતી નથી જ, પરંતુ 'इह भूतले घटो नास्ति' એવી બુદ્ધિ થાય છે. જેમ 'भूतले घट' એવી પ્રતીતિના આધારે ભૂતલ અને ઘટમાં અભેદ નથી માની શકાતો તેમ ઉપરોક્ત પ્રતીતિથી ભૂતલ અને ઘટાભાવમાં પણ અભેદ માની શકાતો નથી. માટે અતિરિક્ત અભાવનો સ્વીકાર નિરર્થક નથી. છતાં જો ભૂતલાત્મક અધિકરણને જ અભાવસ્વરૂપ માનીને સપ્રતિયોગિક માનવામાં આવે તો ઘટના જ્ઞાન વિના ભૂતલનું જ્ઞાન ન થવાની આપત્તિ આવશે. માટે અભાવને અધિકરણથી ભિન્ન માનવાનો નૈયાયિકસિદ્ધાન્ત ઉચિત છે.

❀ અધિકરણસ્વરૂપ અભાવને સ્વીકારવામાં ગૌરવ - પૂર્વપક્ષ ચાલુ ❀

किञ्च.। વળી, આ વાત પણ ખ્યાલમાં રાખવા જેવી છે કે અભાવ અને અધિકરણમાં અભેદ માનવામાં આવે તો પ્રતિયોગિવિશેષિત અભાવવ્યવહારમાં પ્રતિયોગિતાઅવચ્છેદકવિશિષ્ટ પ્રતિયોગીના જ્ઞાનને સ્વતંત્ર કારણ માનવાની આપત્તિ આવશે, કારણ કે અભાવને અધિકરણથી અભિન્ન માનવામાં આવે તો અભાવપ્રત્યક્ષ પ્રત્યે પ્રતિયોગિતાઅવચ્છેદકવિશિષ્ટ પ્રતિયોગીના જ્ઞાનને કારણ માનવું સંભવ નથી, કેમ કે અધિકરણસ્વરૂપે અભાવનું જ્ઞાન પ્રતિયોગિતાઅવચ્છેદકવિશિષ્ટ પ્રતિયોગિવિષયક જ્ઞાનની ગેરહાજરીમાં પણ ઉત્પન્ન થાય છે. આથી અભાવવ્યવહાર પ્રત્યે પ્રતિયોગિતાવચ્છેદકવિશિષ્ટપ્રતિયોગિવિષયક જ્ઞાનને પૃથક્ કારણ માન્યા વિના પ્રતિયોગી અજ્ઞાત હોતે છતે અભાવવ્યવહારની આપત્તિનો પરિહાર થઈ નહિ શકે. પરંતુ ન્યાયમતમાં આવો સ્વતંત્ર કાર્યકારણભાવ

गौरवम् ।

किञ्चाधिकरणानामननुगतत्वात्कथमनुगतव्यवहारः ? मम तु समवाय-स्वाश्रयसमवायान्यतरसम्बन्धेन सत्तात्यन्ताभाव एवाभावत्वमनुगतम् । तच्च स्ववृत्त्यपीति न किञ्चिदनुपपन्नम् ।

भानुमती

सति सत्याश्चेत्तत्रयामभावव्यवहारापत्तेः स्यात्, अभावस्याधिकरणस्वरूपत्वेऽधिकरणे ज्ञाते सत्यभावस्यापि ज्ञातत्वादिति अधिकरणस्वरूपाभाववादिमते स्वातन्त्र्येणाऽभावव्यवहारकारणताकल्पनाया आवश्यकत्वेन **गौरवं** अपरिहार्यमेव ।

नैयायिका अधिकरणस्वरूपाभावपक्षे दोषान्तरमाविर्भावयन्ति —> **किञ्चेति । अधिकरणानां** = अभावाधिकरणानां भूतल-पर्वत-ह्रदादीनां **अननुगतत्वात्** = साधारणनातिप्रसक्तधर्मशून्यत्वात् अभावमात्रस्याधिकरणस्वरूपत्वे **कथं** 'भूतले घटाभावः, पर्वते घटाभावः, ह्रदे घटाभाव' इत्यादिस्वरूपो वदृवा 'घटाभावोऽभावः, पटाभावोऽभावः' इत्यादिस्वरूपोऽनुगतव्यवहारः स्यात् ? **न** चातिरिक्ताभावपक्षेऽपि तथा, अभावत्वस्यानुगतस्याभावादिति **वाच्यम्, मम** = नैयायिकस्य **तु समवाय-स्वाश्रयसमवायान्यतरसम्बन्धेन सत्ताऽत्यन्ताभाव एव अभावत्वं** अभावसामान्ये **अनुगतं** = साधारणमनातिप्रसक्तम् । द्रव्य-गुण-कर्मसु समवायेन सत्ता वर्तते सामान्य-विशेष-समवायेषु च स्वाश्रयसमवायसंसर्गेण सत्ता वर्तते । अभावे तु न समवायेन नाऽपि स्वाश्रयसमवायेन सत्ता वर्तते इति स्वसमवाय-स्वाश्रयसमवायान्यतरसम्बन्धावच्छिन्नप्रतियोगिताकसत्ताऽत्यन्ताभावस्याऽभावमात्रावृत्तित्वेनाभावत्वसमानाधिकरणत्वात्तयोरैक्यम् । तमादायाभावेष्वनुगतव्यवहारोपपत्तेर्निराबाधा । न चैवं सत्तात्यन्ताभावेऽनुगताभावत्वव्यवहारो न स्यादिति वाच्यम्, यतः **तच्च** = निरुक्ताभावत्वञ्च **स्ववृत्ति अपि** = स्वात्मन्यपि वृत्ति **इति** हेतोः **न किञ्चिदनुपपन्नम्**= सत्ताऽभावेऽभावत्वानुगतव्यवहारादिकमघटमानकम् ।

સ્વીકારવાની જરૂર નથી, કેમ કે ન્યાયમતાનુસાર અભાવ અધિકરણથી ભિન્ન હોય છે. માટે પ્રતિયોગિતાઅવચ્છેદકવિશિષ્ટ પ્રતિયોગી અજ્ઞાત હોતે છતે અભાવજ્ઞાન જ સંભવિત ન હોવાથી ત્યારે અભાવના વ્યવહારની આપત્તિને અવકાશ રહેતો નથી.

